પ્ર કી ર્ણ

કથાસંગ્રહ

પૂ. પરમ શાસનપ્રભાવક, મહારાષ્ટ્રદેશોદ્ધારક
વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્
વિજયરામચન્દ્રસૂરીશ્વરજી
મહારાજાના વિવેચન સાથે

★

શ્રી વીરશાસન કાર્યાલય
ટંકશાળની પોળ–અમદાવાદ

સવિ જીવ કરૂં શાસનરસી

અનન્ત ઉપકારી ભગવાન શ્રી જિનેશ્વરદેવોના પરમ તારક શાસનના પરમ તારક સિદ્ધાન્તોને અનુસરતી રીતિએ જૈન સમાજના પ્રશ્નોને ચર્ચતું અઠવાડિક

શ્રી વીરશાસન

દર શુક્રવારે પ્રગટ થાય છે. પ્રાસંગિક લખાણો ઉપરાન્ત પૂ. આચાર્યદેવો આદિ મુનિવરોના વિહારના, શાસનપ્રભાવક ધર્માનુષ્ઠાનોના અને જૈનોના ધાર્મિક જીવનને ઉપયોગી બીજા પણ સમાચારો અને શુદ્ધ પંચાંગ પ્રગટ કરવામાં આવે છે.

આજે જ ગ્રાહક બનો! વાર્ષિક લવાજમ રૂા. ૪-૮-૦

દરેક વાર્ષિક લવાજમ, શ્રી વીરશાસનના તે વર્ષના ૪૮મા અંકે પૂરૂં થયેલું ગણાય છે, પણ જેઓ આવતા વર્ષનું લવાજમ સાથે ભરે છે, તેમને ચાલુ વર્ષના પ્રગટ થએલા અંકોની કિંમત કાપી આપવામાં આવે છે. આપનું લવાજમ નીચેના ઠેકાણે ભરો—

શ્રી વીરશાસન કાર્યાલય

ઠે. ટંકશાળની પોળ—અમદાવાદ

જામનગરનિવાસી સ્વ. શેઠ શ્રી શાન્તિદાસ ખેતશીભાઈએ
કરેલી ઉદાર ભેટમાંથી છપાયેલું પુસ્તક

પ્રકીર્ણ કથાસંગ્રહ

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વ૦ આચાર્યદેવ **શ્રીમદ્**
વિજયદાનસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાકર, પૂ. સિદ્ધાન્ત-
મહોદધિ, આચાર્યદેવ **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના

— પટ્ટપ્રભાવક —

પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, આચાર્યદેવ

શ્રીમદ્

વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજનાં

પ્રવચનોમાં કહેવાએલી વાતોનો એક સંગ્રહ.

પ્રકાશક: **શાહ પ્રેમચંદ હઠીસીંગ**, તંત્રી–**શ્રી વીરશાસન.**

શ્રી વીરશાસન કાર્યાલય

ઠે. ટંકશાળની પોળ–**અમદાવાદ.**

છૂટક નકલનું મૂલ્ય–ત્રણ રૂપીઆ.

શ્રી વીર સંવત્‌ - ૨૪૭૧

વિ. સં. ૨૦૦૧ • ઈ. સ. ૧૯૪૫

નિવેદન

૨૪૯૬૭

અનેક ગુણગણાલંકૃત પૂ બાલબ્રહ્મચારી, પરમ શાસનપ્રભાવક, પરમારાધ્ય, વ્યાખ્યાન-વાચસ્પતિ આચાર્યવર્ય શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનાં અતિ મનનીય, બોધક ને રસિકતા-ભર્યાં વ્યાખ્યાનોનું સારભૂત અવતરણ પ્રગટ કરવાનો અમારો પ્રયાસ ચાલુ છે. તેમાં પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીના વાસ્તવિક આશયથી વિરૂદ્ધ આશયને પેદા કરનારી જે કાંઈ પણ ઉક્તિ અમારા પ્રમાદાદિથી મૂકાઈ જતી હોય, તદર્થે અમે તે પરમ તારકની ક્ષમાના પ્રાર્થી છીએ. તેમજ વાંચકો પ્રત્યે પણ નિવેદન છે કે-તેમને જે કાંઈ શંકાસ્પદ ભાસે, તેનો અમારી પાસેથી ખૂલાસો મેળવે: અમારા પ્રમાદને કારણે, કૃપા કરીને પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીને ન વગોવે.

સમ્પાદક: "શ્રી જૈન પ્રવચન"
શ્રી જૈન પ્રવચન કાર્યાલય,
ઠે. ટંકશાળની પોળ-અમદાવાદ.

મુદ્રક: શાહ મણિલાલ છગનલાલ, શ્રી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ-અમદાવાદ

પ્રકાશકનું નિવેદન :

'ધર્મકથાઓ–પહેલો ભાગ' પુસ્તક પ્રગટ કરતાં પહેલાં આ પુસ્તક પ્રગટ કરવાની ભાવના હતી અને એથી આ પુસ્તકના મુદ્રણને લગતું કાર્ય પણ હાથ ધર્યું હતું. પરન્તુ આ કાર્યમાં રસ ધરાવતા કેટલાક ભાઇઓ તરફથી એવી સૂચના કરવામાં આવી કે–" પૂ. પરમ શાસનપ્રભાવક, મહારાષ્ટ્રદેશોદ્ધારક, વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ શ્રી ધર્મરત્ન પ્રકરણમ્ નામના ગ્રન્થરત્નને આશ્રયીને આપેલાં પ્રવચનોમાં જે કથાઓનું વર્ણન અને વિવેચન કર્યું છે, તે કથાઓને પુસ્તકાકારે પહેલાં પ્રગટ કરો. એ પુસ્તકો શ્રી જૈન રામાયણના ભાગોની માફક અત્યન્ત લોકપ્રિય થઈ પડશે." અમને એ સૂચના ગમી ગઈ અને એથી આ પુસ્તકના મુદ્રણના કાર્યને પડતું મૂકીને અમે "**ધર્મકથાઓ–પહેલો ભાગ**" એ પુસ્તકનું મુદ્રણકાર્ય હાથ ધર્યું. એ પુસ્તકનું પ્રકાશન થતાં સુધીમાં તો કાગળની કરકસર સંબંધીનો સરકારી ધારો અમલમાં આવ્યો અને એથી "**ધર્મકથાઓ**" પુસ્તકના વધુ ભાગો અમે જે તરતમાં પ્રગટ કરી દેવાને ઇચ્છતા હતા તે કાર્ય ખોરંભે પડયું. સદ્ભાગ્યે અધુરાં રહેલાં પુસ્તકોને પૂરાં કરી દેવાની સરકારી પરવાનગી પ્રાપ્ત થઈ અને એથી પ્રસ્તુત પુસ્તકનું મુદ્રણકાર્ય અમોએ જે સાવ મૂલતવી રાખ્યું હતું તે હાથ ધર્યું. પુસ્તકનાં પહેલાં ૧૬ પાનાંઓમાં કાગળ સંબંધી ફેર શાથી છે, તે આ હકીકતથી સમજાઇ જશે.

આ "**પ્રકીર્ણ કથાસંગ્રહ**" પુસ્તકમાં કુલ ૩૧ કથાપ્રસંગોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, મહારાષ્ટ્રદેશોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ પોતાનાં વિવિધ પ્રવચનો દરમ્યાનમાં પ્રસંગને પામીને જે ઉદાહરણો આપેલાં, તેમાંનાં કેટલાંક ઉદાહરણોનો આ સંગ્રહ છે. આ ઉદાહરણોના સંગ્રહને તૈયાર કરતાં, એ ઉદાહરણો કયા હેતુથી કહેવામાં આવ્યાં છે તેનો વાંચકોને આંશિક પણ ખ્યાલ

આવી શકે એ માટે ઉદાહરણોની આજુબાજુનું પણ પૂ. આચાર્ય-દેવનું થોડુંક કથન સંગ્રહ્યું છે. એથી આ સંગ્રહની ઉપકારકતામાં વધારો થયો છે એમ અમારૂં માનવું છે.

અત્યારની મોંઘવારીના સંયોગોમાં આવું પુસ્તક ભેટ આપવું તે કેટલું મુશ્કેલ છે એ વાતને શ્રી વીરશાસનના ગ્રાહકબન્ધુઓ સમજી શકે તેમ છે. આથી અમો તે વિષે વધુ વિવેચનમાં ઉતરતા નથી.

શ્રી વીરશાસનના તેવીસમા વર્ષનું ભેટપુસ્તક અમે આપવાના નથી એ વાતની અમે શ્રી વીરશાસનમાં જાહેરાત કરી દીધી છે. દરેક ગ્રાહકબન્ધુનું લવાજમ વર્ષના ૪૮મા અંકે પૂરૂં થાય તેવી યોજના ચાલુ ૨૩ મા વર્ષમાં સ્વીકારેલી હોવાથી પણ તેમ કરવું જરૂરી હતું.

આથી આ પુસ્તક શ્રી વીરશાસનના ચોવીસમા વર્ષના ગ્રાહક-બન્ધુઓને ભેટ આપવાનું અમે ઠરાવ્યું છે.

જામનગરનિવાસી સ્વ. શેઠ શ્રી શાન્તિદાસ ખેતશીભાઈએ કરેલી આર્થિક સહાયને જ આ પુસ્તકનું પ્રકાશન આભારી છે. આથી આ તકે અમો એમનો આભાર માનીએ છીએ. ઉપરાન્ત, **શ્રી જૈન પ્રવચન** સાપ્તાહિકના સંપાદકશ્રીનો પણ અમો આભાર માનીએ છીએ, કે જેમણે અમને આ રીતિએ **શ્રી જૈન પ્રવચન**માંથી ઉદ્ધરણ કરવા દીધું છે.

પ્રાન્તે—આ પુસ્તકને છપાવતાં અમારા દૃષ્ટિદોષથી કે મુદ્રણ-દોષથી કોઇ પણ પ્રકારની ભૂલ રહી જવા પામી હોય, તો તે બદલ 'મિચ્છામિ દુક્કડં' દઇએ છીએ; તેમજ જે સુજ્ઞબન્ધુઓને કોઈ પણ પ્રકારની ભૂલ નજરમાં આવે, તેઓને તે ભૂલ અમોને લખી જણાવવાની વિનતિ કરીએ છીએ, કે જેથી પુનર્મુદ્રણના સમયે ઘટતું થઈ શકે. આશા છે કે—સુજ્ઞ વાચકો અમારી આ વિનતિ તરફ પણ લક્ષ્ય આપશે અને અમને આભારી બનાવશે.

પ્રકીર્ણ કથાસંગ્રહ - અનુક્રમણિકા

પ્રકીર્ણ કથાસંગ્રહ

[પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મના વિવેચન સહિત]

મનની ભૂખ :

શ્રમણજીવન, એ એક એવું જીવન છે કે-જ્યાં વાતાવરણ, આચાર-વિચાર, એ બધું મનની ભૂખને કાબૂમાં લાવીને મનની ભૂખને મટાડે છે. છતાં, આવા જીવનને પામ્યા પછીથી પણ મનની ભૂખ ન જ જાગે, એમ તો કહી શકાય નહિ : પણ મોટે ભાગે એવું ખરૂં કે-સાચું શ્રમણજીવન પ્રાપ્ત થાય, તો મનની કારમી ભૂખને જાગવાનો સંભવ ઓછો ! જ્યારે તમારા વાતાવરણમાં તો પ્રાયઃ મનની કારમી પણ ભૂખ ઉત્પન્ન થયા વિના રહે નહિ. દુનિયામાં જેમ જીવાડવાના બધા પ્રયત્નો કરવા છતાંય જન્મેલ ન પણ જીવે, ભણાવવાના શક્ય પ્રયત્નો કરવા છતાંય ન પણ ભણે અને કમાવા માટે પૂરતી મહેનત કરવા છતાંય ન પણ કમાય, તેમ આ જીવનમાં આવ્યા પછીથી પણ જો કોઈનામાં મનની કારમી ભૂખ પ્રગટે, તો એ માટે નિરૂપાય છીએ. વાત તો એ છે કે-આવું જીવન જીવનારાઓ જરૂરી છે કે નહિ ? દુનિયામાં જેમ તમે હૉટેલની જરૂર માની છે, હૉસ્ટેલની જરૂર માની છે, હૉસ્પીટાલની જરૂર માની છે, તેમ આવું જીવન જીવનારાઓની સંસ્થાની જરૂર છે કે નહિ ? હું તો માનું છું કે-આ સંસ્થા સદાને માટે જીવતી ને જાગતી રહેવી જોઇએ. શાથી ? જ્યારે અને ત્યારે, ઉદયમાં અને આફતમાં, દુનિયાના જીવોને શરણું લેવા લાયક કોઈ સંસ્થા હોય તો તે આ જ એક સંસ્થા છે. જગતમાં કોઇ એવું પૂછનાર છે કે-મહીંનું કેમ ચાલે છે ? આત્માના હિત-અહિતને લગતી ખબર પૂછનાર કોઈ છે ? પેઢી તુટે, સંબંધી જાય, શરીરે રોગ થાય, એવા એવા વખતે છાનું રાખનાર, સાચું આશ્વાસન આપનાર, સાચી સ્થિતિનું ભાન કરાવનાર કોઈ જોઈએ

કે નહિ? સાચા શ્રમણો તો દુનિયાના સુખી કે દુ:ખી–સર્વ જીવોને માટે શરણભૂત છે: કારણ કે–તેઓ પૌદ્ગલિક પદાર્થોની નાશવંતતાને અને એની મમતાથી થતી ખાનાખરાબીને સમજાવીને જગતના જીવોને કલ્યાણકારી માર્ગે દોરનારા છે.

તમારે રોઈને રોવડાવનાર જોઈએ છે કે હસીને હસાવનાર જોઈએ છે? તમારે ત્યાં કોઈ મરે અને તેથી કોઈ બેસવા આવે, તો શું કહે? તમને રડાવે કે આશ્વાસન આપે? આજે તો માંદાને જોવા જનારા એવું એવું પણ બોલે છે કે જેથી માંદાને ધ્રાસ્કો પડે. કહેશે–'અરરર, આંખો ઊંડી જતી રહી છે! ચહેરો ફીક્કો પડી ગયો છે!! માત્ર હાડકાં જ દેખાય છે!!!' કેટલાક વળી કહેશે કે–'મુંબઈ લઈ જાવ. અમદાવાદ લઈ જાવ.' એમ મોટાં શહેરોનાં નામ દે. કોઈ વળી મોટા મોટા ડૉક્ટરોનાં જ નામો દેવા માંડે! કહેશે કે–'દેશમુખને બોલાવો!' પણ કોઈ માંદાને સમાધિમાં રાખવાની વાત કરે નહિ અને એમ પણ પૂછે નહિ કે–'પાંચ રૂપીઆ જોઇએ છે?' એ વિચાર ન કરે કે–શહેરમાં લઈ જાય શી રીતિએ અથવા દેશમુખને બોલાવે કયા ગજા ઉપર? એવી વાતોથી મોટે ભાગે દર્દિનું અને દર્દિના સંબંધિઓનું–બંનેનું દુ:ખ વધે. દર્દિને કદાચ એમ પણ થાય કે–'દેશમુખ આવે તો બચું!' અને પછી તો એને એની રઢ લાગે અને એથી એ મનમાં દુ:ખી થયા કરે. વળી માબાપ પણ દેશમુખને ન બોલાવી શકે, એથી એમને પણ દુ:ખ થાય.

આજના કેટલાક ડૉક્ટરો પણ શું કરે છે? કેટલાક ડૉક્ટરો, રોજ, પોતાના હાથમાં જીવનને સોંપી દેનારા દર્દિઓની ચિન્તા કરતા હશે? આજે મનની કારમી ભૂખમાંથી ડૉક્ટરો પણ બાતલ નથી રહ્યા. એમાં કોઈ સારા હશે, પણ કેટલાક તો એવા કે-જેમને મુખ્યત્વે પોતાની આવક સાથે જ સંબંધ! પૂર્વે તો કેટલાય વૈદ્યો એવા હતા, કે જેમના મનની તૃષ્ણા પાંગળી હતી અને એથી તેઓ પોતાનો ધંધો કરવા ઉપરાંત ગરીબો ઉપર ઉપકાર પણ કરી શકતા હતા. એક દાખલો આપું.

એક કુટુંબ હતું. માબાપ કમાવાને અસક્ત હતાં, પણ મોટો છોકરો કમાતો અને સૌનું ગુજરાન ચાલતું.

કોઈ એક વખતે મોટા છોકરાથી કામ ઓછું થયું એટલે પૈસા ઓછા મળ્યા. તેણે બધાંને ખવડાવીને પોતે ભૂખ વેઠવા માંડી. એમાંથી એને તાવ ચઢ્યો.

રળનાર છોકરો પથારીમાં પડ્યો, એટલે માબાપ મુંઝાયાં. એક વૈદ્યને બોલાવ્યો.

વૈદ્યે આવીને જોયું કે-'શરીરમાં રોગ નથી.' તરત બધાંને કહ્યું કે-'તમે બહાર જાવ. મારે દર્દીની સાથે ખાનગી વાત કરવી છે.'

બધાં બહાર ગયાં, એટલે વૈદ્યે પેલાને કહ્યું કે-'જો મને તારા શરીરમાં રોગ હોય એવું લાગતું નથી: છતાં અશક્તિ ઘણી છે: માટે સાચું કહે કે-હકીકત શી છે?'

પેલાએ કહી દીધું કે-'મેં ૭ દિવસથી ખાધું નથી.'

વૈદ્યે કારણ પૂછ્યું એટલે પેલાએ કહ્યું કે-'જેટલું ૭ દિવસથી લાવું છું, તેટલામાંથી મારે માટે ખાવાનું બચતું નથી અને મારાં માતા-પિતાને તથા ભાઈ-બેનને ભૂખ્યાં રાખીને હું ખાઉં એ મને પસંદ નથી. આથી, ૭ દિવસ થયાં મેં કાંઈ પણ ખાધું નથી.'

વૈદ્યે તરત જ પોતાના ગજવામાંથી કોથળી કાઢીને પેલાની પથારીમાં મૂકી અને તેને આશ્વાસન આપ્યું. પછી બીજાં બધાંને અંદર બોલાવીને કહ્યું કે-'દવા આપી છે. ઝટ સાજો થઈ જશે.'

આવા છોકરા પણ કેટલા અને આવા વૈદ્યો પણ કેટલા? એ છોકરાની જેમ અવસરે ભૂખ વેઠાય ક્યારે અને વૈદ્ય આ રીતિએ કોથળી આપી શકે એવું બને ક્યારે? મનની તૃષ્ણા કમ ન હોય, તો આવું બને ખરૂં? મનની તૃષ્ણા ઘટ્યા વિના ગુણો આવે નહિ. મનની તૃષ્ણા, એ એવી ભયંકર છે કે-એ જેમ જેમ વધે, તેમ તેમ ગુણો જાય અને અવગુણો આવ્યા વિના રહે નહિ.

અપકાર ઉપર ઉપકાર

ઉદાર આત્માઓ તો ગૂન્હેગારોને પણ નિષ્પાપ બનાવી શકે છે. એવા પણ આત્માઓને શિક્ષાથી બચાવી, સહાય આપી, ઉન્નતિના માર્ગે દોરી શકે છે. યોગ્ય રીતિએ સહાય કરવાથી દુર્ગુણિઓને ઉત્તેજન મળે છે, એ આજની ભ્રમણા છે. ક્ષુદ્રતામાંથી જ એ જન્મેલી છે.

સંભળાય છે કે-એક શેઠ હતા. એમના હૈયામાં ધર્મ પરિણમેલો. એમણે આત્માને ઓળખેલો. સ્વપરના ભેદનો એમને ખ્યાલ હતો.

એક વાર પર્વતિથિએ એ શેઠ પૌષધ કરવાને ગયા.

પર્વતિથિએ શ્રાવક પૌષધ કરે ને? આજે પર્વતિથિએ પણ આરાધનાની ભાવનાવાળા કેટલા?

પેલા શેઠ પૌષધ કરવાને માટે જે દિવસે ઉપાશ્રયે ગયા, તે જ રાતના તે શેઠના ઘરમાં ચોરો પેઠા. ચોરોએ ચોરી તો કરી, માલમતા તો ઉઠાવી, પરન્તુ રાજ્યના નોકરોએ ચોરોને પકડ્યા.

શેઠ બીજે દિવસે સવારે ઘેર આવ્યા. તેમને ખબર મળી કે-'ઘરમાં ચોરી થઈ છે, પણ ભાગ્યયોગે ચોરો પકડાઈ ગયા છે અને રાજ્યના નોકરો તેમને બાંધીને લઈ ગયા છે.'

એ શેઠ શું ચોરાયું અને શું બાકી રહ્યું, એ તપાસવાનેય થોભતા નથી. એમને તો ચોરોને માથે આવી પડેલી આફતની ચિન્તા થાય છે. ચોરોને બંદીખાનેથી છોડાવવાને એ તત્પર બને છે. શેઠ વિચાર કરે છે કે-'ચોરોને છોડાવ્યા વિના મારાથી જમાય જ કેમ?'

પોતાની તીજોરી ઉઘાડી, એમાંથી હીરા-માણેક વિગેરે કાઢી, એનો થાળ લઈને શેઠ રાજા પાસે જાય છે. રાજાને એ હીરા-માણેકનો થાળ ભેટ ધરીને, શેઠ પેલા ચોરોને છોડી દેવાની વિનતિ કરે છે.

રાજા કહે છે-'એમ ન થાય.'

શેઠ કહે છે-'પણ એ ન છૂટે, ત્યાં સુધી મારાથી ખવાય નહિ.'

આ કયા ગુણથી થતું હશે? આજે તો કહેશે કે-'એમ કરીએ તો ચોરીને ઉત્તેજન મળે. આવી રીતિએ ચોરોને છોડાવીએ, તો

ચોટ્ટાઓ ફાવી જાય !' આજનાઓની તો માન્યતા એ છે કે–સરકાર બે વર્ષની સજા કરતી હોય, તોય તેને બાર વર્ષની સજા કરાવવાની મહેનત કરવી, કે જેથી ચોરી અટકે. વિચારશો તો સમજાશે કે–' આ ભાવના સારી નથી. તજવા જેવી છે.' અપકાર ઉપર ઉપકાર કરી તો જૂઓ. પછી જૂઓ કે–ચોરીને ઉત્તેજન મળે છે કે ચોરી નામશેષ થાય છે ?

શેઠના આગ્રહથી રાજાએ ચોરોને છોડવાની આજ્ઞા ફરમાવી, એટલે રાજનોકરોએ બંદીખાનામાં જઈને ચોરોને છોડયા અને શાથી છોડયા એની વાત કરી.

ચોરો ત્યાંથી સીધા જ શેઠનાં દર્શન કરવાને આવ્યા. હાથ જોડી, માથું નમાવી, પગે પડીને ચોરોએ શેઠને કહ્યું કે–' આપ પરમ ઉપકારી છો. આપ કહો તેમ અમે કરીએ.'

શેઠ કહે છે–' હવે ચોરી ન કરશો. તમારે જે જોઈએ તે મારી પાસેથી લઈ જજો. આ બધું તમારૂં જ છે.'

ત્યારથી ચોરો ચોર મટી ગયા.

' આવી રીતિએ કરવાથી ચોરીને ઉત્તેજન મળે છે '–એ વાત બરાબર નથી. લક્ષ્મીની ગાઢ મૂર્છામાં ફસાવાના યોગે અનેક દુર્વૃત્તિઓને આધીન બનેલા આત્માઓ, દીન આદિને સહાય કરવાને તૈયાર નથી, માટે જ મોટે ભાગે એવું કહેવાય છે. ભૂખે મરતાઓને પણ સાધનસમ્પન્નોએ સહાય ન કરી, એવાં એવાં કારણોથી જ મોટે ભાગે ચોટ્ટાઓ વધ્યા છે.

ચોરીની જવાબદારી

ઉપાશ્રય આદિ ધાર્મિક સ્થળોનાં બારણાંએથી કેટલીક વાર બુટ, છત્રી જેવું ઉપડી જાય છે અને ત્યારે સારા સારા ગણાતા માણસો દ્વારા પણ ધોંધાટ કરી મૂકવામાં આવે છે. એ સ્થિતિ શું ત્રાસ ઉપજાવે એવી નથી ? જ્ઞાની પુરૂષોએ કહેલા ગુણો જો આત્મામાં પ્રગટે તો એ

દશા ટળે, પણ મોટે ભાગે એ નથી થતું. સાધનસંપન્નો પણ આવે છે અને જાય છે કયી રીતિએ? પહેલાં શેઠીયાઓ સુખપાલોમાં અગર પગે ચાલીને નીકળતા. 'શેઠ આવવાના છે'–એ જાણીને યાચકવર્ગ હારબંધ ઉભેલો હોય. એ યાચકવર્ગને શક્તિ મુજબ આપતા આવે. પુણ્યશાલી આત્માઓ એ રીતિએ મંદિરમાં કે વ્યાખ્યાનમાં આવતા હોય, તો એના આંગણે ચોટ્ટા આવે? ચોટ્ટા તો ન આવે, પણ યાચકો રક્ષકની ગરજ સારે. એ દશા તો આવે ત્યારે ખરી, પણ બુટ, છત્રી આદિ ચોરાય તેવા અવસરે, કમથી કમ ધાંધાટ કરવાની અગર તો ધાંધાટ થવા દેવાની વૃત્તિ તો જવી જ જોઈએ. બાકી જો ઉદારતા ગુણ આવે, તો તો એ સ્થિતિ સ્હેજે દૂર થઇ શકે તેમ છે.

એક શેઠની વાત કહેવાય છે. પર્વતિથિ હતી. એ દિવસે શ્રાવકો ઉપાશ્રયે પ્રતિક્રમણ કરવા આવે. એક શ્રાવક દુઃખી છે. એ પણ ધર્મક્રિયા કરવાને માટે જ આવ્યો છે, પણ નિમિત્ત પામીને એનામાં દુર્ભાવના ઉત્પન્ન થાય છે. એનામાં ચોરી કરવાની વૃત્તિ જન્મે છે. ધર્મનાં સ્થળોએ એ વૃત્તિ આવે એ ઘણું જ ખરાબ કહેવાય, પણ પેલા શ્રાવકને એ વખતે ચોરી કરવાની ઇચ્છા થાય છે.

પાસે એક શેઠ હીરાનો હાર કાઢીને બેઠેલા છે. પેલા દુઃખી શ્રાવકને એમ થાય છે કે–'આનું લઇશ તો કોઈ જાણશે નહિ. શેઠ ધર્મી છે માટે હો–હા કરશે નહિ અને મારૂં પણ કામ થઈ જશે.'

એણે શેઠનો હીરાનો હાર લઈ લીધો.

વાસ્તવિક રીતિએ તો ધર્મને પામેલા કોઈએ ગૂન્હો નહિ કરવો જોઇએ. તેમાંય આવે સ્થળે એમ કરવું, એ તો ભયંકર ગૂન્હો છે. છતાં પેલાએ હાર લઈ લીધો અને ત્યાંથી ચાલ્યો ગયો.

ક્રિયા પૂરી થયા બાદ શેઠે જોયું કે–'હાર નથી.'

ઝટ વિચાર આવ્યો કે–'એ લેનાર બીજું કોઈ નહિ હોય, પણ સાધર્મિક હશે. જો હું કાંઈ પણ બોલીશ, તો ધર્મની ફજેતી થશે!'

'ચોરી થઈ'–જાણે, એટલે બધા પૂછે કે–'કોણે ચોર્યો?' એમ જ થાય ને કે–'શ્રાવકે ચોર્યો!' એમાં આબરૂ કોની જાય?

તમને આ વિચાર આવે ?

શેઠને થયું કે–' હું બોલું તો ધર્મની આબરૂ જાય.' માટે બોલ્યા વિના શેઠ ઘેર ચાલ્યા ગયા.

પેલો હાર ચોરનાર વિચાર કરે છે કે–' એ ખરો ધર્માત્મા છે, નહિતર આટલી ગંભીરતા રાખી શકે જ નહિ : માટે એ શેઠને ઘેર જ હાર મૂકવા જવું અને જોઈતાં નાણાં ઉછીનાં લઈ આવવાં.'

ચોરી કરનારો, શેઠનો હાર લઈને શેઠને ઘેર જ મૂકવા આવે છે. શેઠ પોતાના હારને ઓળખે કે નહિ ?

સ૦ ઓળખે જ.

સાચું બોલો, આજે શું થાય ? તમારી ચોરાએલી વસ્તુ લઈને કોઈ તમારે ત્યાં મૂકવા આવે તો તમે શું કરો ?

સ૦ આજે તો તરત પોલીસને બોલાવે અને ચોરીનો મુદ્દો બતાવીને પોલીસને સોંપી દે.

ઉદારતા ગુણ બહુ ખીલ્યો હશે માટે ! પેલો શેઠ સમજી ગયો કે-' આણે આફતના માર્યા ચોરી કરી છે, નહિતર શ્રાવક ધર્મસ્થાનમાંથી ચોરી ન કરે. જરૂર એ મહા આફતમાં મૂકાયો હશે.'

પેલાએ હાર આપીને રૂપીઆ માગ્યા, એટલે શેઠે કહ્યું કે–' તમે મારા સાધર્મિક છો, મારા ધર્મબંધુ છો, માટે મારું તે તમારું જ છે. આ આપ લાવ્યા છો તે આપની પાસે રાખો અને જોઇએ તે લઈ જાવ !'

પેલો કહે છે–' ના, હાર તો આપ જ રાખો.'

એ વખતે એની આંખમાં પાણી આવી જાય છે, પણ સાચી વાત કહી શકાતી નથી.

પેલાએ બહુ આગ્રહ કર્યો, એટલે શેઠે એક ડબ્બીમાં હાર મૂકી, એના ઉપર પેલાનું નામ લખી, તે ડબ્બી તીજોરીમાં મૂકી અને પેલાને જોઈતાં નાણાં આપ્યાં.

શેઠ નાણાં આપીને ઘરમાં ગયા, એટલે બાઈ પણ ઘરમાંથી કહે છે કે–' સાધર્મિકને વળી હાર રાખીને નાણાં આપવાનાં હોય ? આપણાથી હાર કેમ રખાય ?'

ખૂબી તો એ છે કે-શેઠે પોતાનો હાર ચોરાયાની વાત ઘરમાં પણ કરી નહોતી. પુરૂષોના જેટલું ગાંભીર્ય પ્રાયઃ સ્ત્રીઓમાં હોતું નથી અને એથી જ સ્ત્રીઓથી પણ અમુક અમુક વાતો ગુપ્ત રાખવાનું શાસ્ત્ર ફરમાવે છે.

એમ કરતાં ચતુર્દશી આવી. શ્રાવકને પખ્ખી કરવી. કરેલા પાપની આલોચના કર્યા વિના પખ્ખી કેમ થાય? પેલો હાર ચોરનાર ભરસભામાં ઉભો થઈ જાય છે. કહે છે કે-' મેં ભયંકર ગૂન્હો કર્યો છે.'

એ વધુ બોલે, એ પહેલાં તો પેલા શેઠ ઉભા થઈ જાય છે. એ કહે છે કે-' પહેલું પ્રાયશ્ચિત્ત મને આપો: કારણ કે-મારી ફરજ હતી કે-મારા સાધર્મિકની સ્થિતિ તપાસવી. હું મારી ફરજ ચૂક્યો ત્યારે આણે પાપ કર્યું ને? રોજ ધર્મક્રિયા કરનારા પણ આને ચોરી કરવાની બુદ્ધિ સુઝી, એ પાપ મારૂં છે. મેં જો મારી ફરજ સમજીને સાધર્મિકની મારે લેવી જોઈતી ખબર લીધી હોત, તો આ પરિણામ નહિ આવત.'

આનું નામ પણ અપકાર ઉપર ઉપકાર.

કરકસર

દુનિયામાં કહેવાય છે કે-' આદમી કૃપણ નહિ હોવો જોઈએ, પણ કરકસરવાળો જરૂર હોવો જોઈએ.' કરકસરમાં વિવેક છે અને કૃપણતામાં અજ્ઞાનતાદિ દોષોનો પ્રભાવ છે.

એક કથા એ માટે સમજવા જેવી છે. સસરાની અને વહુની એ કથા છે. ઘરમાં તેલનું ટીંપું જમીન ઉપર પડી ગયું, એટલે સસરાએ તે લઈને જુતે લગાવી દીધું.

વહુએ એ જોયું. વહુને એમ થયું કે-' મારા સસરા કૃપણ છે કે કરકસરવાળા છે? તેલના ટીંપાની કશી વિસાત નહોતી, છતાં એય હાથે લઈને જુતે લગાવ્યું, તો જોવું જોઈએ કે-તેઓ કરકસરીયા છે કે કૃપણ છે? 'કરકસરીયા હોય તો સારૂં, પણ જો કૃપણ હોય તો

તો બહુ જ ભૂંડું. '

આથી બાઈએ પરીક્ષા કરવાનો અને સસરાનો દુર્ગુણ જણાય તો સસરાને દુર્ગુણથી બચાવી લેવાનો નિશ્ચય કર્યો.

એક દિવસ અવસર જોઈને પોતાને મૂર્ચ્છા આવી હોય એવો બાઈએ દેખાવ કર્યો. પછીથી–' માથું ભમી જાય છે '–એમ કહેવા માંડયું. ઘરમાં હો–હા મચી ગઈ, કારણ કે–બાઈ ઘણી શાણી અને વિવેકવતી ગણાતી હતી.

ઘણા ઘણા ઉપાયો કર્યા, પણ બાઈ તો એમ જ કહેતી રહી કે–' મારું દર્દ જરાય ઘટતું નથી, પણ વધતું જ જાય છે. ' બધા મુંઝાયા કે–' હવે શું થાય ? '

પછી, બાઈએ તો એક જ કહેવા માંડયું કે–' ગમે તેમ કરીને મને મારા બાપને ઘેર મોકલી આપો. '

બાઈનો સસરો એ વખતે પૂછે છે કે–' આવું દર્દ પૂર્વે કદી તને થયું હતું કે આજે જ થયું છે ? '

બાઈએ કહ્યું કે–' મારા બાપને ઘેર પણ કોઈ કોઈ વખતે આવું દર્દ મને થઈ આવતું. '

તરત જ બાઈના સસરાએ પૂછ્યું કે–' તો પછી કહેતો કેમ નથી ? તને એ દર્દ કયી દવાથી મટતું હતું, એ કહે ને ? '

બાઈ કહે છે કે–' એ તમને કેમ કહેવાય ? એવી કિંમતી દવાને માટે તમને કહેવું એ ઠીક નથી. એ તો મારાં માબાપ હતાં. મારે માટે જેટલું એમના હૈયામાં બળે, તેટલું તમારા હૈયામાં કયાંથી બળે ? કારણ કે–ત્યાં હું દીકરી છું અને અહીં હું વહુ છું. માટે મને મારા પિતાને ઘેર મોકલી આપો. એવી કિંમતી દવા તો એ જ કરશે. '

સસરાએ કહ્યું કે–' હવે તારે આવું માનવાનું હોય નહિ. તું ઉપાય તો કહે. દવા ગમે તેટલી કિંમતી હોય, તોય તેની ફીકર શી છે ?'

એટલે પછી બાઈ કહે છે કે–' મારાં માબાપ સાચાં મોતીને લસોટીને તેનો મારા માથે લેપ કરતાં એટલે દર્દ મટી જતું. '

બાઈને સસરો કહે છે કે–' ઓહો, એટલું જ ને ? એમાં કયારની

મુંઝાય છે શા માટે ?' આમ કહીને તે ઉઠ્યો અને સાચાં મોતી લઈને લસોટાવવાની તૈયારી કરી.

એ જ વખતે બાઈ ઝટ બેઠી થઈ ગઈ અને કહ્યું કે–' મારૂં દર્દ મટી ગયું.'

પછી બાઈએ સસરાને કહ્યું કે–' આ તો કેવળ આપની પરીક્ષાને માટે જ મેં કર્યું હતું. તે દિ' મને શંકા પડી હતી કે–મારા સસરા કૃપણ છે કે કરકસરીઆ છે ? કૃપણ હોય તો બહુ ખરાબ : પણ મેં જોયું કે–આપ કૃપણ નથી, પણ કરકસરીયા છો.'

એ જ રીતિએ ઉડાઉપણું નહિ જોઈએ, પણ ઉદારતા જોઈએ. બાઇના હૈયે કયી ચિન્તા હતી ? એ જ કે–' મારા સસરામાં જો કૃપણતાનો દોષ હોય તો ઘર લાજે.' આજે આવી વહુ આવે તો ? આજે તમારી આવી કોઈ તપાસ રાખે તેવું ઘરમાં છે ? અને કદાચ ઘરમાં કોઈ આ જાતિની તપાસ રાખનાર આવે, તો તમે એને સાંભળો પણ ખરા કે ? કરકસર હોય એથી ઉદારતા ન હોય એમ નહિ.

પહેલો પ્રહાર

ઇષ્ટપ્રાપ્તિનો પહેલો ઉપાય એ કે–કોઇને દુઃખ દેવું નહિ. બીજાને દુઃખી કરવાની ઇચ્છા, એ જ પોતાને દુઃખી બનાવવાની ઇચ્છા છે : અને બીજાને સુખી બનાવવાની ઇચ્છા એ જ પોતાને સુખી કરવાની ઇચ્છા છે : માટે કોઈ પણ જીવને દુઃખ ન ઉપજે તેવી રીતિએ વર્તવું, એ ઇષ્ટપ્રાપ્તિનો સાચો અને પહેલો ઉપાય. સંસારમાં રહેલાઓને માટે, ત્યાગી નહિ બનેલાઓને માટે, આનો સર્વથા અમલ શક્ય નથી : પણ તેઓય હાલતા–ચાલતા જીવજંતુને તે અપરાધ ન કરે ત્યાં સુધી તો દુઃખ દેવું જ નહિ અને ભલું તો સૌનું જ ચિન્તવવું, એવો નિયમ કરી શકે છે ! આગળ રાજ્યના મંત્રિઓ એવા પણ હતા, કે જેઓ સામો આદમી જ્યાં સુધી પ્રહાર ન કરે, ત્યાં સુધી તેના ઉપર પ્રહાર નહિ કરવાનો નિયમ રાખતા !

શત્રુને એ કહેતા કે-'પહેલો પ્રહાર તું કર!'

એક વાણીયો કમાઈને ચાલ્યો આવતો હતો. તેને નિયમ હતો કે-'અપરાધી સિવાય બીજાને તો મારવા જ નહિ.' એ વાણીયાને રસ્તામાં લૂંટારાઓ મળ્યા.

પોતાને લૂંટવાને માટે લૂંટારાઓને આવેલા જોઈને એ વાણીયો ઉંટ ઉપરથી નીચે ઉતરી પડ્યો, કારણ કે-અપરાધ કરવા આવેલાઓ નીચે ઉભા હતા.

ઉંટ ઉપરથી નીચે ઉતર્યા પછીથી પણ તે વાણીયાએ, પોતાની પાસે જે પાંચ બાણો હતાં, તેમાંનાં બે બાણોને ભાગી નાખ્યાં.

વાણીયાના આવા વર્તનથી ચકિત બનેલા લૂંટારાઓ તેને પૂછે છે કે-'આમ કેમ કર્યું?'

વાણીયો કહે છે કે-'મારે એકને એક જ બાણ મારવાનો નિયમ છે. તમે ત્રણ જણા છો એટલે મારે ત્રણ જ બાણો જોઈએ. મારા નિયમ મુજબ મારાથી એક પણ વધારે બાણનો ઉપયોગ થઈ શકે નહિ: પણ તમારી સાથે લડતાં વધારે બાણનો ઉપયોગ કરવાની મને ઇચ્છા થઈ જાય તો? એવી કોઈ ઇચ્છા થાય નહિ અને મારો નિયમ ભાગે નહિ, એ માટે તમારા ત્રણ પૂરતાં ત્રણ બાણો રાખીને, બાકીનાં બે બાણો મેં ભાગી નાખ્યાં.

વાણીયાના આવા જવાબથી પેલા લૂંટારાઓ સમજી ગયા કે-'અહીં આપણું ચાલે તેમ નથી.' તેઓએ કહ્યું કે-'અમારે તને લૂંટવો નથી, પરન્તુ તું અમને તારી કુશળતા બતાવ. પેલા ઉડતા પક્ષિને બાણથી માર!'

વાણીયો કહે છે કે-'નહિ, અપરાધિને પણ હું ન છૂટકે જ મારૂં, તો એ નિરપરાધી પક્ષિને તો મારાથી મરાય જ કેમ?'

પછીથી તે વાણીયાએ લૂંટારાઓ પૈકીના એક જણને તેના માથા ઉપર મોતીની માળા મૂકાવીને ઉભો રાખ્યો અને માત્ર એક જ બાણથી, પેલાને જરા પણ આંચ ન આવે એવી રીતિએ, મોતીની તે માળાને ઉડાવી દીધી.

આથી લૂંટારાઓ ખૂશ થયા. પછીથી વાત કરતાં કરતાં વાણીયાને ખબર પડી ગઈ કે–'આમાંનો એક તો રાજા છે, પણ દુઃખદ અવસ્થામાં આવી પડવાથી જ તે આવો ધંધો કરે છે.' આથી એ વાણીયાએ પોતાની પાસેનું સઘળું જ દ્રવ્ય એ રાજાને આપી દીધું અને પોતે ત્યાંથી ખાલી હાથે જ ચાલ્યો ગયો.

કહેવાનું તાત્પર્ય એ છે કે–છેવટમાં છેવટ તમારે એવો નિયમ તો રાખવો જ જોઈએ કે–'હાલતા–ચાલતા નિરપરાધી જીવોને તો દુઃખ નહિ જ દેવું !' પરન્તુ આ નિયમ કર્યા પછીથી જોઈને ચાલવું પડશે, સમજીને ખાવું પડશે, જે–તે નહિ ખવાય–પીવાય અને જેમ–તેમ નહિ વર્તાય.

વિષયવિરાગની મહત્તા

આત્મકલ્યાણના અર્થિઓએ શબ્દાદિ વિષયોના રાગને કાઢવાનો, અર્થાત્–વિષયોથી વિરક્ત મનવાળા બનવાનો પ્રયત્ન પણ જરૂર કરવો જોઇએ. જેઓ વિષયવિરાગી બને છે, તેઓ પોતાનું અને પરનું પણ સુધારી શકે છે. વિષયવિરાગી આત્મા, સંસારમાં રહ્યો હોય તો પણ–ત્યાગી ન થયો હોય તો પણ, ઘણાં ખરાં પાપોથી પોતે બચી જાય છે અને બીજાં પણ ઘણાંઓને અનેકવિધ પાપોથી બચાવી શકે છે.

એક રાજાને એક મોદી હતો. નાના રાજાઓ પોતાનો ખાસ મોદી રાખે છે. એ મોદીને ત્યાં એક સ્ત્રીરત્ન હતું. કોઈનું કોઈ પ્રકારનું પુણ્ય હોય, તો કોઈનું કોઈ પ્રકારનું પુણ્ય હોય. કાંઇ રાજાને જ બધું સારૂં મળે, એવો તો નિયમ નથી ને ? રાજાને ત્યાં હોય એ પ્રજાને ત્યાં ન હોય અને પ્રજાને ત્યાં હોય એ રાજાને ત્યાં પણ ન હોય, એમ બનવું એ કોઇ અસંભવિત વસ્તુ નથી. પુણ્યના ભેદને અંગે આવું આવું પણ બને. એ મુજબ મોદીને ત્યાં એવું સ્ત્રીરત્ન હતું, કે જેવું રાજાના અંતેઉરમાં પણ નહિ હતું.

મોદીના ઉપર રાજાને સારી પ્રીતિ હતી. મોદીના વિરોધિઓથી

એ ન ખમાયું. દુનિયામાં કેટલાય માણસો એવા હોય છે, કે જેઓ કોઈનું ભલું કરવામાં તો સમજ્યા જ નથી હોતા અને પારકું ભૂંડું કરવામાં જ રાજી હોય છે. કેટલાક તો એવા પણ હોય છે કે–બીજાનું ભૂંડું કરે ત્યારે જ એમને સંતોષ થાય અને એમાં જ એ પોતાની બહાદૂરી સમજે. આવા આદમીઓ દુનિયાના જીવોના અકારણ દુશ્મન છે.

અસ્તુ. કેટલાક વિઘ્નસંતોષિઓએ રાજાના કાન ભંભેર્યા: કહ્યું કે–"આપ ભલે રાજા હો, પણ જે વસ્તુ આપના મોદીની પાસે છે, તે આપને ત્યાં પણ નથી. આપના અંતેઉરમાં સ્ત્રીરત્ન નહિ અને આપના મોદીને ત્યાં સ્ત્રીરત્ન, એ ગજબની જ વાત છે ને? રત્ન તો રાજાને ત્યાં શોભે! આપ રાજા અને રમણીરત્નને મોદી ભોગવે, એ બને જ કેમ?"

ધર્મકળાથી વિહીન અણસમજુ રાજાઓ વિષયસુખના અતિ અભિલાષી હોય, એમાં નવાઇ પામવા જેવું કાંઈ નથી. એ રાજા પણ વિષયનો અતિ અભિલાષી હતો. એણે વિચાર કર્યો કે–' મારે તપાસ કરવી જોઈએ અને મોદીને ત્યાં જો સ્ત્રીરત્ન હોય, તો તેને મારે મેળવવું અગર ભોગવવું જોઇએ.'

આવી વાત સીધી રીતિએ તો મોદીને પૂછાય નહિ, એટલે રાજાએ એક વાર તક સાધીને મોદીને કહ્યું કે-' આજે મારૂં ભોજન તારે ત્યાં છે!'

રાજા પોતાને ઘેર ભોજન કરવા આવે એથી મોદીને તો ખૂશી થાય, પણ મનમાં કદાચ નાખૂશી હોય તોય રાજાને કાંઇ ના પડાય! મોદી ઘેર આવ્યો અને સ્ત્રીને વાત કરી.

સ્ત્રી ચકોર હતી. કાંઈક ભેદ છે, એમ એને લાગ્યું. એણે મધુર રસવતી તૈયાર કરી. રાજા જમવા બેઠો. એ કાંઈ જમવા થોડો જ આવ્યો હતો? એને તો મોદીની સ્ત્રીનું મોંઢું જોવું હતું. પેલીએ લાજ એવી કાઢેલી કે–મોંઢું દેખાય નહિ. રાજા થોડું ખાય ને આડું-અવળું જૂએ. પેલી પીરસવા આવે તોય ભાણા સામું ન જૂએ, પણ એની સામે જોયા કરે. એમ કરતાં કરતાં મોઢું દેખાઇ ગયું. રાજાને

ખાત્રી થઈ ગઇ કે-' મારા હજૂરીયાઓએ કહ્યું છે તે સાચું!' વળી રાજા વિચારે છે કે-' શું મારા કરતાં મારો મોદી વધારે ભાગ્યશાળી, કે જેથી એને ઘેર આવું રમણીરત્ન હોય? પછી વાત.'

આવો વિચાર કરીને રાજા જમીને ઉઠ્યો અને પોતના આવાસે ગયો. બીજે દિવસે મોદીને બોલાવીને રાજાએ હુકમ કર્યો કે-' તમારે અમુક કામને માટે પંદર દિવસ બહારગામ જવાનું છે!'

મોદીએ જઇને પોતાની સ્ત્રીને કહ્યું કે-' રાજાએ પંદર દિવસને માટે બહારગામ જવાનો હુકમ ફરમાવ્યો છે.'

મોદીની સ્ત્રી એવો હુકમ કરવાનું કારણ સમજી ગઈ. એણે કહ્યું કે-' આપ ખૂશીથી પધારો: મારી ચિન્તા કરશો નહિ: આપ નિર્ભયતાથી જાવ! હું કુળવાન છું અને જે કાંઈ બનશે તેને સંભાળી લઇશ.'

જૂઓ કે-એક તરફ મોદી છે કે જેને રાજાની કૃપા ઉપર જ નભવાનું છે અને બીજી તરફ રાજા છે: સુખ વધારે કોને ત્યાં? રાજાને ત્યાં કે મોદીને ત્યાં? આવી સ્થિતિમાં પણ શીલધર્મના પાલનમાં ટકી રહેવાય, એ પ્રતાપ કોનો? વિષયવિરાગનો! પાપના ડરનો! આત્મહિતના ખ્યાલનો! કુલટા હોય તો મોદીને છોડીને રાજાને ત્યાં ગયા વિના રહે?

મોદી બહારગામ ગયો, એટલે તે જ દિવસે મધ્ય રાત્રિએ રાજા પોતે જ મોદીને ત્યાં આવ્યો. મોદીની સ્ત્રીએ એમ થવાનું ધાર્યું જ હતું, કારણ કે-કામીની દશા કેવી હોય છે તે એ જાણતી હતી. કામીની દશા કેવી હોય, એ તમે પણ જાણો છો ને? એ એવો અન્ધ બને કે-એને બીજું પ્રાયઃ સુઝે જ નહિ. રાજાએ સાંકળ ઠોકી, એટલે બાઈએ બારણું ઉઘાડયું.

રાજાને અંદર લઇ જઈને, હીંડોળા ઉપર બેસાડીને, મોદીની સ્ત્રી પોતે જાણતી હતી તે છતાં પણ પૂછે છે કે-" આપ અત્યારે કેમ પધાર્યા છો?"

રાજા નફ્ફટ થઈને કહે છે કે-" તારી ખાતર!"

મોદીની સ્ત્રી કાંઈ જ બોલતી નથી. રાજા આવશે એમ એણે માનેલું અને યુક્તિ યોગ્ય જ રાખેલી. એ મુજબ પોતાની દાસીને હુકમ કરીને મોદીની સ્ત્રીએ રાજાને માટે પીણું મંગાવ્યું.

એક સુંદર થાળમાં એક એકથી સુંદર પાંચ પ્યાલાઓ ગોઠવેલા હતા. દરેકમાં કઢેલું કેસર–બદામ-ઇલાયચીવાળું દૂધ ભરેલું હતું. રાજાએ માન્યું કે–'ક્રમસર ઉંચા અને એક એકથી ચઢીયાતા પ્યાલામાં વસ્તુ પણ એક એકથી ચઢીયાતી હશે!' પણ પીતાં પીતાં એને જણાયું કે–'બધા પ્યાલાઓમાં વસ્તુ તો એક જ સરખી છે!' આથી એણે મોદીની સ્ત્રીને પૂછ્યું કે–" જો બધા પ્યાલાઓમાં એક સરખી વસ્તુ જ ભરવી હતી, તો આટલા બધા પ્યાલા બગાડયા શું કરવાને ?"

આ અવસરને પામીને મોદીની સ્ત્રીએ કહ્યું કે–"રાજન્! આપને અંધાપો આવ્યો હતો, તે દેખતા કરવાને માટે આમ કરવું પડયું!"

આ શબ્દો કોણ બોલાવે? વિષયનો ગાઢ રાગ હોય અથવા તો અંશે પણ વિષયવિરાગ ન હોય, તો રાજા સામે મોદીની સ્ત્રી આવું બોલી શકે એ શક્ય જ નથી.

મોદીની સ્ત્રીએ અંધાપાનું કહ્યું છતાં રાજા ખીજાતો નથી, કારણ કે-તે કામાતુર બનેલો છે. એ તો મશ્કરી માનતો હોય તેમ પૂછે છે કે–" એ શું?"

મોદીની સ્ત્રી કહે છે કે–"રાજન્! જેમ તમે પ્યાલાના રૂપ ઉપરથી અંદરની વસ્તુની વિશેષતા કલ્પી હતી, પણ અંદર વિશેષતા કશી જ નહિ હતી; તેમ જે ચામડી ઉપર મોહ પામીને આપ અહીં પધાર્યા છો તેમાં, આપના અંતઃપુરમાં જે સ્ત્રીઓ છે તેમાં કે ચંડાલની સ્ત્રીમાં અંદર બધે જ સરખી દશા છે: બધી કાયાઓ માંસ અને રૂધિર આદિથી ભરેલી છે: ફેર માત્ર ચામડીનો છે! વળી, આપ રાજા છો એટલે પ્રજાના પિતાતુલ્ય કહેવાઓ: આપ જેવા પિતા, દીકરી ઉપર બળાત્કાર કરવાને માટે પોતાના વિશ્વાસુ મોદીનો વિશ્વાસઘાત કરીને અહીં આવે, એ શું કહેવાય? આપને એ છાજતું નથી."

મોદીની સ્ત્રીના આ કથનથી રાજાનો અન્ધાપો ટળી ગયો: તે સમજ્યો : મોદીની સ્ત્રીની માફી માગીને તે કહે છે કે-" આજે તેં મને દેખતો કર્યો છે, પણ આ વાત કોઈને કહીશ નહિ !"

મોદીની સ્ત્રીએ કહ્યું-" સારૂં."

વિચાર કરો કે-મોદીની સ્ત્રી પોતાના શીલને બચાવી શકી અને રાજાને પણ ઉન્માર્ગમાંથી ઉગારી લેવામાં સફલ નિવડી, એ શાથી ? વિષયથી જે વિરક્ત ન હોય, તેને આવા પ્રસંગોએ પતિત થતાં વાર લાગતી નથી અને વિષયવિરાગી આત્માઓને બુદ્ધિ પ્રાય: દગો દઈ શકતી નથી. ઉલ્ટું, વિષયવિરાગી આત્માઓ જ પોતાની બુદ્ધિનો સદુપયોગ કરી શકે છે.

સફળતાના સાધક :

જેઓ કરવા યોગ્યને કરવામાં સંપૂર્ણપણે રક્ત બને છે અને તજવા યોગ્ય સઘળી વસ્તુઓનો ત્યાગ કરે છે, તેઓ જલદી સફળતા સાધી શકે છે: અને જેઓ એવો વિવેક કેળવીને એમ કરવામાં જ આત્માનું કલ્યાણ છે એમ માને છે તેમજ રફતે રફતે જેમ જેમ શકયતા વધે તેમ તેમ આરાધનામાં વધતા જાય છે, તેઓ પણ ક્રમે કરીને સફળતા સાધી શકે છે. જેને સન્માર્ગ રૂચી જાય છે, તેના જીવનમાં વિવેક આવી જાય છે. તેઓ સંસારમાં રહેવા છતાં, દુનિયાદારીમાં રહેવા છતાં, બીજાઓના કરતાં જીવનને ઘણા જ ઉત્તમ પ્રકારે જીવનારા બની જાય છે.

અહીં હું એક ત્રણ રાજકુમારોનું દષ્ટાંત આપું છું. સાંભળેલા દષ્ટાન્તમાં હકીકતો સંબંધી હેરફેર સંભવિત છે, પણ આપણે તો મૂળ વસ્તુ, કે જે તેના ઉપરથી લેવાનો સાર છે, તે તરફ જોવાનું છે. ત્રણ રાજકુમારોના આ દષ્ટાન્ત ઉપરથી સમજાશે કે-' સન્માર્ગ જેને રૂચ્યો હોય તેની દુનિયામાં રહેવા છતાં પણ કેવી ઉત્તમ દશા હોય છે !' આ કરવા યોગ્ય અને આ તજવા યોગ્ય, એટલો પણ વિવેક

જે આત્માઓમાં આવી જાય છે, તેઓ પોતાનું રફતે રફતે પણ કલ્યાણ સાધી શકે છે : પરન્તુ જે આત્માઓ દોષને દોષ રૂપે સમજતા નથી તેમજ દોષને પણ ગુણ રૂપ માનીને દોષને ટાળવાનો ઉપદેશ સાંભળવાને પણ ઉત્સુક બનતા નથી, તે આત્માઓ આ ઉત્તમ માનવજીવનને પામીને પણ જોઈતો લાભ ઉઠાવી શકતા નથી.

એક રાજાને ચાર દીકરા હતા. પોતાની પાછળ રાજ્યને માટે પોતાના પુત્રો વચ્ચે વિખવાદ ઉત્પન્ન ન થાય, એ માટે રાજા યોજના કરવાનો વિચાર કરતો હતો : પણ ચંચળ આયુષ્યને ધરનારાઓની કેટલીય ધારણાઓ મનની મનમાં રહી જાય અને આ દેહ છૂટી જાય, એ તદ્દન સુસંભવિત છે. તે રાજા માટે પણ એમ જ બન્યું.

રાજાએ પોતાના ચારે ય દીકરાઓને સર્વ કળાઓમાં કુશળ બનાવ્યા છે : સૌએ ધર્મકળા પણ લીધી છે : પરન્તુ સૌથી મોટા દીકરામાં ધર્મકળા બરાબર પરિણમી નથી.

ધર્મકળા પરિણમ્યા વિના અન્ય કળાઓ અનર્થને કરનારી નિવડે, એમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

રાજા તો યોજના કરવાના વિચારમાં ને વિચારમાં મરી ગયો, એટલે રાજકુમારોએ પરસ્પર સમજાવટપૂર્વક રાજ્યની વહેંચણી કરવાની બાકી રહી. ત્રણે નાના રાજકુમારોએ વિચાર કર્યો કે–' પિતાની ગાદી ઉપર પાટવી આવે.' આથી તેઓએ મોટા ભાઈને ભેગા થઈને, મંત્રિઓને અને સામંતોને બોલાવ્યા, રાજ્યાભિષેકની તૈયારીઓ કરવાનું કહ્યું અને મોટા ઉત્સવપૂર્વક મોટા ભાઈનો રાજ્યાભિષેક કર્યો.

રાજ્યાભિષેક થઈ ગયો. મોટા ભાઇને રાજા તરીકે જાહેર કરી દીધો. આ પછીથી, મોટા ભાઇની પાસે ત્રણ નાના રાજકુમારોએ માગણી કરી કે–" તમને અમે રાજા બનાવ્યા. હવે તમે અમને, અમે સુખપૂર્વક આપના ભાઈ તરીકે જીવી શકીએ એટલો રાજ્યમાંથી ભાગ આપો. અમને એટલી જ માત્ર સામગ્રી આપો, કે જેથી આપના ભાઈ તરીકે અમે અમારૂં જીવન સુખ અને ગૌરવપૂર્વક વ્યતીત કરી શકીએ ! '

આ માગણી કાંઇ ગેરવ્યાજબી હતી ? પહેલાં તો પોતે જ એને રાજ્ય ઉપર સ્થાપન કર્યો અને પછી પણ સરખો ભાગ નહિ માગતાં માત્ર અમુક જ ભાગ માગ્યો, એટલે આ માગણીને કોઇથી પણ ગેરવ્યાજબી કેમ કહેવાય ?

દુનિયાનો ન્યાય આવી માગણીને ગેરવ્યાજબી ઠરાવી શકે નહિ : છતાં સદ્‌વિચારથી પરાઙ્‌મુખ બનેલો મોટો ભાઇ તેમની એ માગણીને સ્વીકારતો નથી અને પોતાના તે ત્રણેય ભાઇઓનું અપમાન જ ગણાય એવું આપવાનું કહે છે.

આ ત્રણે ય કહે છે કે–" અમે આપના સગા ભાઇ હોવા છતાં અને પિતાના રાજ્યમાં અમારો પણ હક્ક હોવા છતાં, અમે તમો કહો છો તે રીતિએ જીવીએ–એમાં નથી તો આપની શોભા કે નથી તો અમારી શોભા ! "

છતાં ધર્મકળાના પરિણમનથી બેનશિબ રહેલો અને એથી રાજ્યનો અતિ લોભી બનેલો મોટો ભાઈ કહે છે કે–" એક તસુભર પણ વધુ જગ્યા નહિ મળે. "

આવા પ્રસંગે જો પેલા ત્રણમાં ધર્મકળાનો અંશ ન હોત, તો પરિણામ કેવું આવત ? મોટો ગાદી ઉપર સુખે જીવી શકત ખરો ? આ ત્રણ રાજકુમારો કાંઈ કાયર નહોતા અથવા તો આવડત વિનાના પણ નહોતા. તેઓ જો ધારે તો રાજ્યમાં ઉપદ્રવ મચાવી શકે તેમ હતા અને બળજબરીથી પોતાની ઇચ્છા પાર પાડી શકે તેવા પણ હતા. પણ–' રાજ્ય ખાતર ભાઈ સાથે ભાઈ લડયા. ' અથવા તો ' રાજ્ય ખાતર ભાઇની સામે જ ભાઈઓએ બહારવટું ખેડયું. '–એવું કહેવ-ડાવવાને તેઓ ઇચ્છતા ન હતા. આથી ત્રણે જણા ત્યાંથી મૂંગા મૂંગા ચાલી નીકળ્યા.

ફરતાં ફરતાં, ત્રણે ય રાજકુમારો એક રાજાની રાજધાનીમાં જઈ પહોંચ્યા અને સીધા રાજ્યના મંત્રિઓને ત્યાં ગયા.

મંત્રિઓ કુશળ હતા. તેઓ પામી ગયા કે–" આ કોઇ સાધારણ માણસો નથી, પણ રાજકુમારો છે. ' તેમનું યોગ્ય સન્માન કર્યા બાદ

મંત્રિઓએ તેમને આદરપૂર્વક પૂછ્યું કે–' આપ કોણ છો ?"

પેલાઓએ પોતાની કથનીમાંનો અમુક ભાગ કહ્યો, પણ પોતાના ભાઇની સાથે થએલા વિગ્રહને લગતી કોઈ વાત જણાવી નહિ. એ પ્રતાપ પણ ધર્મકળાનો ખરો ને ?

છેવટે કહ્યું કે–" અમે આપના રાજ્યની સેવા સ્વીકારવાને ઇચ્છીએ છીએ. આપને યોગ્ય લાગે તો રાખો."

કુશળ મંત્રિઓએ કહ્યું કે–" આપ આવતી કાલે સમયસર રાજસભામાં પધારજો અને અમે રાજાને વાત કરીશું." આમ કહીને તેમને સન્માનભેર વિદાય કર્યા.

બીજે દિવસે ત્રણે રાજકુમારો વખતસર રાજસભામાં આવી પહોંચ્યા. મંત્રિઓએ તેમને યોગ્ય આસનો ઉપર બેસાડયા. આ પછી, મંત્રિઓએ રાજાને તે ત્રણેયની ઓળખાણ કરાવી અને કહ્યું કે–" તેઓ આપણા રાજ્યની સેવા કરવાને ઇચ્છે છે."

રાજાએ તેઓનો પાનબીડાથી સત્કાર કરાવીને, મંત્રિઓને પૂછ્યું કે–" તેઓને કેટલા પગારની ઇચ્છા છે ?"

રાજકુમારોએ કહ્યું કે–" એક વર્ષની ત્રણ લાખ સોનામહોરો : વર્ષ દહાડે એક એકની એક એક લાખ સોનામહોરો જોઇએ."

રાજા કહે છે–" ત્રણ લાખ સોનામહોરો ? માત્ર ત્રણ જણને ત્રણ લાખ સોનામહોરો કેમ અપાય ? ત્રણ લાખ સોનામહોરોમાં તો મોટા સૈન્યને નિભાવી શકાય."

મંત્રિઓએ રાજાને સમજાવવાનો પ્રયત્ન કર્યો : તેમને રાખી લેવાને માટે સૂચવાય એટલું સૂચવ્યું : પણ રાજાએ માન્યું નહિ : આથી મંત્રિઓએ પેલા ત્રણ રાજકુમારોને ઉદ્દેશીને કહ્યું કે–" આપની યોગ્યતા માટે અમને માન છે, પણ રાજા આપના જેવા મોટા પગારદાર લાયક માણસોને રાખી શકતા નથી, એ માટે દીલગીર છીએ. આપ ખરેખર એવા મોટા પગારને લાયક છો, એમ અમે માનીએ છીએ."

આ પ્રમાણે કહીને તેઓને સન્માનપૂર્વક વિદાય આપી. ફરતાં ફરતાં તે ત્રણે રાજકુમારો, આ રાજાના દુશ્મન રાજ્યમાં જઇ ચડયા.

ત્યાં પણ આ જ પ્રમાણે માગણી કરી. રાજાએ વિચાર કર્યો કે–"ત્રણ લાખ સોનામહોરો જેટલો પગાર માગનારા સામાન્ય કોટિના માણુસો હોય નહિ." આવો વિચાર કરીને, તે રાજાએ તે ત્રણેયને ત્રણ લાખને બદલે છ લાખ સોનામહોરે પોતાના રાજ્યમાં રાખી લીધા.

રાજા કશું કામ બતાવતા નથી અને પગાર આપ્યે જાય છે. રાજ્યમાં એમનું પૂરેપૂરૂં માન જળવાય છે. આ રીતિએ છ મહિના વીતી ગયા, પણ કોઈ કામ બતાવાયું નહિઃ એટલે રાજકુમારોએ રાજાને કહ્યું કે–"આપ અમને કાંઇક કામ બતાવો!"

રાજાએ કહ્યું : "જ્યારે તમારે લાયક કામ આવશે ત્યારે કહીશું."

રાજકુમારોએ કહ્યું : "એમ નહિ, એમ ને એમ આપનો પગાર ખાવો એ ઉચિત નથી : માટે જે કાંઈ કાર્ય હોય તે ફરમાવો!"

રાજાએ કહ્યું : "બીજું તો ખાસ કાર્ય નથી, પણ અમુક રાજાની સાથે અમારે ઘણા વખતની દુશ્મનાવટ છે, તેને હરાવવો છે!"

રાજકુમારોએ કહ્યું : "ઓહો, એમાં શું? આપ દૂત મોકલો અને યુદ્ધનું આહ્વાન કરો!"

રાજકુમારોમાં રાજાને વિશ્વાસ હતો, એટલે રાજાએ તરત જ દૂતને મોકલ્યો. દૂત ત્યાં પહોંચ્યો. મંત્રિઓ સહજમાં સમજી ગયા કે–"પેલા ત્રણ ત્યાં પહોંચ્યા." રાજાને કહ્યું કે–"પેલા ત્રણને પાછા કાઢ્યા એનું આ પરિણામ!" પણ હવે શું થાય? યુદ્ધનું આહ્વાન સ્વીકારવું પડ્યું.

યુદ્ધભૂમિમાં બન્ને સૈન્યો એકત્રિત થયાં. વચ્ચે રાજા અને આજુબાજુ મંત્રિઓ ઘોડેસ્વાર થઇને ઉભા છે. ત્યાં પેલા ત્રણ રાજકુમારોએ ત્રણ બાણ મૂક્યાં. બાણો સાથે ચીઠ્ઠી મોકલી હતી. તેમાં લખ્યું હતું કે–"ત્રણ લાખ સોનામહોરોથી જેટલા સૈનિકો રાખી શક્યા હો, તે સર્વની સાથે તૈયાર રહો : અમે આવીએ છીએ."

આખા સૈન્યને ભેદતા તેઓ આવે છે.

ચેતવણી આપવાનું કોણે શીખવ્યું? ધર્મનીતિએ. ધર્મનીતિ એ જ શીખવે છે કે–"રાજ્ય કરવું નહિ અને કરવું પડે તો પણ તેમાં અનીતી કરવી નહિ." પૌદ્ગલિક પદાર્થોને જ મેળવવા, ભોગવવા અને સાચવવામાં

જીવનની સાર્થકતા સમજનારાઓ, વાસ્તવિક પ્રકારની નીતિનું પાલન કરી શકે, એ શું શક્ય છે? નહિ જ!

ત્રણેય રાજકુમારો ઘોડેસ્વાર થઈને સેનાને ચીરતા, જ્યાં રાજા અને બે મંત્રિઓ છે ત્યાં આવી પહોંચ્યા. ત્રણેએ રાજા અને બે મન્ત્રિઓ–એ ત્રણેના કપાળની સામે વાળપૂર છેટા ભાલા ધર્યા. પછી કહ્યું–' બોલો, શું કરવું છે?'

આખું સૈન્ય જાણે કે–સ્થંભી ગયું.

છેવટે એ ત્રણ રાજકુમારોમાંથી એક કહે છે કે–" અમે એ રાજાનો પગાર ખાઈએ છીએ, એટલે તમને હરાવવા તો પડશે જ: પણ અમે આપનું બીડું ખાધું છે. જે મોંઢે પાન ચાવ્યું, તે મોંઢે કોલસા ચાવવા નથી, માટે અમે આપને મારીશું નહિ."

પછીથી રાજાને તેના કપાળમાં ભાલાની સ્હેજ અણી મારીને ગબડાવી દીધો અને એનું વાહન લઈને તે ત્રણેય રાજકુમારો ચાલતા થઇ ગયા. પૂર્વકાળમાં રાજાનું વાહન લઈ જાય, એને તે રાજાનો પરાજય ગણાતો.

જોઈ સજ્જનતા? આવા વખતે રાજાનું ખૂન ન કર્યું, એ પ્રતાપ ધર્મકળાના પરિણમનનો છે. એક ધર્મકળા આવા વખતે પણ સજ્જનતાને ભૂલવા દેતી નથી: નહિતર, આવા બળવાન હતા, એટલે તેઓ અનર્થ મચાવ્યા સિવાય રહેત ખરા?

આ બધું કહેવાનું તાત્પર્ય એ છે કે–મનુષ્યજીવનને સાર્થક કરવા ઇચ્છનારે કરવા યોગ્યને કરવામાં પ્રમાદ નહિ કરવો જોઇએ અને તજવા યોગ્યને તજવામાં શિથિલતા નહિ સેવવી જોઈએ. સુદેવ અને સુગરૂને પામેલો આત્મા, બની શકે તો આત્મકલ્યાણની સાધના માટે અવશ્ય તજવા યોગ્ય એવા સઘળા પણ પૌદ્‌ગલિક સંયોગોનો ત્યાગ કરે અને કદાચ તેમ કરવાનું ન બની શકે, તો પણ આ રીતિએ પોતાની એક મનુષ્યને છાજતી સજ્જનતાને તો ચૂકે જ નહિ. ધર્મ-કળાને પામેલો ઘરમાં અને બહાર–બધે વફાદાર રહે. માબાપ પ્રત્યે ઘરમાં અને શેઠ વિગેરે પ્રત્યે બહાર એ વફાદારી જાળવે.

નીતિ અને દયા

સંસારથી છૂટવાની ભાવના જો ખરેખર જ હોય, તો સંસારમાં રહેવા છતાં પણ નિર્લેપપણે જ રહેવાનો પ્રયત્ન થાય. તમે સંસારમાં નિર્લેપપણે રહેવાની તકેદારીવાળા છો ખરા? એમ હોય તો તો એની છાયા જૂદી જ પડે. સંસારને બૂરો જાણવા અને માનવા છતાં પણ જેને સંસારમાં રહેવું પડતું હોય, એના હૈયામાં તો સંસારવાસની બળતરા હોય : એટલું જ નહિ, પણ તેની સાંસારિક પ્રવૃત્તિઓ પણ લુખ્ખી હોય. પછી તમારી જેમ વ્યાપાર એ ધ્યેય ન હોય, પણ વ્યાપાર કરવો પડે તોય વ્યાપારમાં નીતિને નહિ જ ચૂકવી એ ધ્યેય હોય અને એથી વ્યાપાર ખાતર નીતિને તજાય નહિ, પણ અવસરે નીતિ ખાતર વ્યાપારને તજવાની તૈયારી હોય. એવા આદમીઓની નીતિ પણ દયાહીન ન હોય, પણ દયામય હોય.

એક વ્યાપારી હતો. નીતિમાન વ્યાપારી તરીકેની નામના એણે પ્રાપ્ત કરી હતી. એણે નક્કી કરેલું કે-કોઈ પણ ભોગે અનીતિ કરવી નહિ અને નિશ્ચિત કરેલી નીતિનો અંશે પણ ત્યાગ કરવો નહિ : પણ એવું નક્કી કરવામાં એનું ધ્યેય એ હતું કે—વ્યાપાર સારો ચાલે. વ્યાપાર સારો ચાલે એ જ એક ધ્યેય હોવાથી, એ વ્યાપારી નીતિ-સંપન્ન બની શક્યો, પણ નીતિનું પાલન કરવાની સાથે દયાનું પાલન પણ કરવું જોઈએ અને નીતિનું પાલન પણ વસ્તુતઃ દયાના હેતુથી કરવાનું છે—એ વાતને જાણનારો તથા આચરનારો બની શક્યો નહિ!

પરમ દયાળુ તે કહેવાય, કે જેનામાં આત્મદયા હોય. પરદયા પણ વસ્તુતઃ આત્મદયાને અનુસરનારી છે. આત્મદયા વિનાનાની પરદયા ઘણી વાર સામાન્ય દયાની કક્ષામાં પણ રહેતી નથી. આત્મદયાથી જે પ્રવૃત્તિ થાય તે અનુકૂળ પ્રવૃત્તિ કહેવાય અને આત્મહિતઘાતક જે કોઇ પ્રવૃત્તિ હોય તે ઉંધી પ્રવૃત્તિ કહેવાય.

એ વ્યાપારિએ નક્કી કર્યા મુજબ—'કોઈ પણ સંજોગોમાં નીતિનો ત્યાગ કરવો નહિ, અનીતિ કરવી નહિ.'—એવી આજ્ઞા,

પોતાના નોકર-ચાકરોને પણ આપી દીધી હતી.

એની દુકાને બૉર્ડ એક જ ભાવનું હતું, પણ એ બૉર્ડ આજના ઘણા ખરા વ્યાપારિઓની દુકાને હોય છે તેવું નહિ હતું. આજે તો, એક જ ભાવનાં બૉર્ડો પણ, મોટે ભાગે ભોળાને ભટકાવનારાં સાધનો પૈકીના એક સાધન રૂપ જ બની ગયાં છે.

પેલાની દુકાને તો માલ લેવા નાનો જાય કે મોટો જાય, તવંગર જાય કે ગરીબ જાય, સંબંધી જાય કે દુશ્મન જાય, ઓળખીતો જાય કે અજાણ્યો જાય, પણ બધાને માટે ભાવ એક જ રહેતો. એથી લોકોને પણ વિશ્વાસ થઈ ગયો હતો કે-' માગીશું તેવો જ માલ આપશે અને કિંમત પણ જે વ્યાજબી હશે તે જ લેશે.'

એ વ્યાપારી પોતાના છોકરાને પણ શીખવાડવાને માટે દુકાને બેસાડતો. છોકરો સંસ્કારી હતો. એ જાણતો હતો કે-' નીતિ દયામય હોવી જોઈએ. નીતિ જળવાય અને દયા ન જળવાય, તે કામનું નહિ.' છોકરો જોતો કે-' આમ એક જ ભાવ રખાય અને આ રીતિએ ગ્રાહક જે અને જેટલો માલ માગ્યો હોય તે અને તેટલો જ માલ દગોફટકો કર્યા વિના અપાય.'

આજના તો 'એક જ ભાવ'ની વાત જ જૂદી છે. આજે તો વ્યાપારી ખોટું ભરતીયું પણ બતાવે અને ખોટા સોગંદ પણ ખાઈ લે. કહેશે કે-' એક જ ભાવ છે, લેવું હોય તો લો નહિ તો જાવ.' છતાં જ્યાં ગ્રાહક ઉઠવા માંડે એટલે ભાવ બદલે. અલ્યા, હમણાં જ એક જ ભાવ કહેતો હતો ને ? પણ ગ્રાહકે ય મનમાં સમજે કે-એક જ ભાવ એ તો કહેવા પૂરતું જ, એટલે વ્યાપારી એક જ ભાવ એમ કહે, છતાં ગ્રાહક ઓછે માગે જ. બેયની મનોવૃત્તિ એ બાબતમાં એક, એટલે એક જ ભાવ એમ કહેનારો વ્યાપારી ભાવ બદલે, એથી આજના ગ્રાહકોને પણ આશ્ચર્ય થતું નથી.

આજના મોટા ભાગની મનોવૃત્તિ એવી હોવાથી, આજની સમાધાનવૃત્તિ પણ એવી જ બની ગઈ છે. મોટે ભાગે બધા એમ કહે કે-' એકનો દોઢ વાંક હશે તો બીજાનો અડધો પણ વાંક હશે ને ?'

કારણ કે–વ્યાપારી અને ગ્રાહક બન્ને જણા ભાવ જુઠ્ઠા બોલે છે. આવી માન્યતા હોવાથી, સમાધાન પણ આજે મોટે ભાગે એવી રીતિએ થાય છે : માટે સાચી વાતવાળાએ તો આજના એવા સમાધાનમાં પણ પડવા જેવું નથી.

એક કકડો હોય અને બે જણ તે પોતાનો છે એમ કહેતા હોય, ત્યારે બેમાંથી એક સાચો અને એક જુઠ્ઠો હોય : છતાં પણ આજનું સમાધાન કરનારા વસ્તુતઃ બન્નેને જુઠ્ઠા ઠરાવે છે. આજના તકરારનો તોડ કાઢવાનો દાવો કરનારાઓ, મોટે ભાગે એમ જ કહેશે કે–'કકડો પોતાની માલિકીનો છે એમ બન્ને જણા કહે છે, માટે એની કિંમત ઠેરવો અને બન્નેને વહેંચી દો.' એટલે બેય ચોર ને? એવું તો ઉંધાને ફાવે, પણ સાચાને શી રીતિએ ફાવે? એવા વખતે કકડો જતો કરવો પડે તો જતો કરવો તે હા, પણ સાચાએ આજના એવા પ્રકારના સમાધાનમાં પડવું નહિ, એમ આજે ઘણા ડાહ્યા ગણાતાઓને પણ કહેવું પડે છે.

અહીં તો, છોકરા ઉપર એક જ ભાવ કહેવાની અને ગ્રાહકે જે માલ માગ્યો હોય તે જ માલ આપવાની નીતિની છાપ પડતી જાય છે.

એક વાર એવું બન્યું કે–એક બાઈએ પોતાની ઓરમાન દીકરીને એ વ્યાપારિની દુકાને લાલ કપડું લેવાને માટે મોકલી. છોકરી ભૂલી ગઈ. એણે આવીને વ્યાપારિની પાસે ભૂલથી સફેદ કપડું માગ્યું અને વ્યાપારિએ વ્યાજબી કિંમત લઈને તે આપ્યું.

છોકરી કપડું લઈને ઘેર ગઈ, એટલે એની ઓરમાન મા લાલ–પીળી થઈ ગઈ. એણે પૂછ્યું કે–'લાલ કપડું મંગાવ્યું હતું ને સફેદ કેમ લાવી?'

આથી ઓરમાન માએ છોકરીને બેફાટ ગાળો દેવા માંડી અને કહ્યું કે–'જા, સફેદ કપડું પાછું આપીને લાલ કપડું લઈ આવ! જો લાલ કપડું લીધા વિના જ પાછી આવી, તો ટીપી નાખીશ. ઘરમાં પણ નહિ પેસવા દઉં અને ખાવાનું પણ નહિ આપુ!!'

છોકરી રડતી રડતી દુકાને પાછી આવી. પેલા વ્યાપારિને

છોકરીએ આજીજીપૂર્વક કહ્યું કે-"મેં લાલને બદલે ભૂલથી સફેદ કપડું માગ્યું અને તમે આપ્યું, પણ મારી મા મને ઘરમાં પેસવા દેતી નથી, તો મહેરબાની કરીને આ કપડું બદલી આપો."

વ્યાપારિએ કહ્યું કે-'એમાં મારી ભૂલ નથી. તેં જેવું કપડું માગ્યું તેવું આપ્યું, માટે હવે તે પાછું લઇને બદલી નહિ આપું.'

છોકરી કરગરવા લાગી, ખૂબ ખૂબ રડવા લાગી, કારણ કે-એના હૈયામાં એની ઓરમાન માની બીક હતી.

એણે કહ્યું કે-'તમે દયા કરીને કપડું બદલી આપો, નહિતર હું ટાઢે ઠુંઠવાઈ જઈશ, ભૂખી મરીશ, છતાં મારી મા મને ઘરમાં નહિ પેસવા દે અને માર મારશે.'

છતાં વ્યાપારિએ કહ્યું કે-'જો મેં કપડું આપવામાં ભૂલ કરી હોત, તો જરૂર બદલી આપત. મારી એ નીતિ છે. બાકી આમ જો હું કાપેલા ટુકડા પાછા લઉં, તો મારે બદલો પડે અને જો એમ બદલો જ પડયા કરે તો પછી મારો વ્યાપાર શી રીતિએ ચાલે?'

છોકરીએ ઘણી ઘણી આજીજી કરી, બહુ બહુ કહ્યું, પણ વ્યાપારિએ માન્યું નહિ. છેવટ એ છોકરી થાકીને લથડતે પગે રડતી રડતી પાછા પગે દુકાન આગળથી દૂર ખસવા લાગી.

વ્યાપારી આ રીતિએ વર્તવામાં પોતે નક્કી કરેલી નીતિથી ભ્રષ્ટ થતો નહોતો, પણ દયાનો ભોગ અપાતો હતો, એટલે એ નીતિની વસ્તુતઃ કિંમત રહી નહિ. એ વ્યાપારી જો નીતિના વાસ્તવિક ધ્યેયને પામેલો હોત, તો એની આવી નિર્દય મનોદશા ન હોત. છોકરીની હદથી વધુ કાકલુદી છતાં, એ આમ ના નહિ પાડતો.

આ બધું છોકરો જોઈ રહ્યો હતો. એને એમ થયું કે-'આ કયા પ્રકારની નીતિ?'

છોકરાએ કલ્પના કરી કે-'જો આ છોકરીની જગ્યાએ હું હોઉં, તો અત્યારે મારી કયી હાલત થાય?'

આથી છોકરાએ એના બાપાને કહ્યું કે-'કોઈ કલ્પાંત કરે અને મરે છતાં આ રીતિએ નીતિને વળગી રહેવું, એનો શો અર્થ?

છોકરીને ટુકડો બદલી આપવાથી નીતિ ચાલી જતી નથી અને દયા જળવાય છે.'

વ્યાપારિએ જે કર્યું એમાં નીતિ તો ખરી, પણ એ વ્યાપારી નીતિ. વ્યાપારી નીતિમાં દયા હોય ? ન પણ હોય, જ્યારે ધર્મ રૂપ નીતિમાં તો જરૂર દયા હોય.

છોકરો પોતાના બાપને એમ પણ કહે છે કે–'આ તે નીતિ કહેવાય કે ક્રૂરતા કહેવાય ?'

બાપ બુદ્ધિશાળી તો હતો જ. છોકરાની ટકોરમાં તે સમજી ગયો. એને છોકરાની વાત વ્યાજબી લાગી. એમ થયું કે–'મારા કરતાં મારો છોકરો સવાયો પાકચો.'

આવી અસર થવાનું કારણ ? એનું કારણ એ જ કે–બાપની એવી પણ નીતિ લૂચ્ચાઈના ઘરની નહિ હતી. જો લૂચ્ચાઇથી નીતિ રાખી હોત અને અનીતિ ગમતી જ હોત, તો બાપને છોકરાનું કહેવું ગમત નહિ.

આજે છોકરાએ આવું કહ્યું હોય, તો વ્યાપારી શું કરે ? ધોલ જ મરે ને ? એમ કહે ને કે–'બેસ, બેસ, તું શું સમજે ? એમ કરશો તો ભીખ માગશો, ભીખ !'

વ્યાપારિએ છોકરીને પાછી બોલાવી અને કપડું બદલી આપ્યું. વ્યાપારિને પણ લાગ્યું કે–વ્યાપાર કરવો પડે તોય વ્યાપારમાં અનીતિ નહિ કરવી એ ઉચ્ચતા છે અને એમાં પણ દયાને નહિ ચૂકવી એ તો એનાથી પણ વિશેષ ઉચ્ચતા છે.

સદાચારનો આદર્શ

સદાચારની વિચારણા કરવામાં પુણ્યાત્મા શ્રી સુદર્શનનો પ્રસંગ, ઘણો જ ઉપયોગી તેમજ બોધદાયક નિવડે તેમ છે. શ્રી સુદર્શનનું નામ આજે પણ 'સદાચારી પુરૂષસિંહ' તરીકે લેવાય છે. શ્રી સુદર્શનની સદાચારી તરીકેની જબરજસ્ત ખ્યાતિ છે. શ્રી સુદર્શન

એટલે સદાચારને સેવનારાઓને માટેનો એક આદર્શ. શ્રી સુદર્શનની આ નામના, આ ખ્યાતિ, આ પ્રતિષ્ઠા પાછળ કયી ઉમદા વસ્તુ હતી? વિચારી જૂઓ કે–શ્રી સુદર્શને જે સદાચાર સાચવ્યો છે, તે સદાચારને શ્રી સુદર્શન જો પૌદ્ગલિક અનુકૂળતાઓના અર્થી હોત તો સાચવી શકત ખરા? સ્પષ્ટપણે એ વાત કહેવી જોઈએ કે–શ્રી સુદર્શન જો પૌદ્ગલિક અનુકૂળતાઓના અર્થી હોત, તો તેમણે જે સદાચાર સાચવ્યો છે, તે સાચવી શકત નહિ. અનુકૂળતાના અર્થિથી, નથી તો સાધુપણું વાસ્તવિક રીતિએ પાળી શકાતું, નથી તો શ્રાવકપણું વસ્તુતઃ પાળી શકાતું કે નથી તો તેનાથી સમ્યગ્દૃષ્ટિ માટે વિહિત આચારાદિનું પણ યોગ્ય રીતિએ પાલન કરી શકાતું! અનુકૂળતાનું અર્થિપણું સાધુને સાધુપણામાં ટકવા દે નહિ અને શ્રાવકને શ્રાવકપણામાં ટકવા દે નહિ: કારણ કે-ધીરે ધીરે તે આત્મા નીચે પડતો જાય છે અને જો સુયોગ્ય આલંબન ન મળી જાય, તો પરિણામે સાધુ સાધુ ન રહે અને શ્રાવક શ્રાવક ન રહે!

સ૦ અનુકૂળતા મેળવવી જ નહિ?

અનુકૂળતાનું અર્થિપણું ન જોઈએ, એ વાત તો નિશ્ચિત જ છે: પણ સૌ કોઈ બધા જ પ્રકારની પ્રતિકૂળતાઓને વેઠી શકે એવું ન બને. પ્રતિકૂળતા વેઠવાની તાકાતના અભાવે અનુકૂળતાની ઇચ્છા થવી એ સહજ છે, પણ પૌદ્ગલિક અનુકૂળતા ધ્યેય રૂપ બની ન જાય, તેની ખાસ કાળજી રાખવી જોઈએ. મોક્ષધ્યેયને સિદ્ધ કરવાને માટે જરૂરી અનુકૂળતાની ઇચ્છા, એ વસ્તુતઃ અનુકૂળતાનું અર્થિપણું નથી. અનુકૂળતાનું અર્થિપણું તે છે, કે જેના યોગે આત્માની દિશા જ પલટાઈ જાય. અર્થિપણું તો ધર્મનું અને મોક્ષનું જ હોવું જોઇએ. ધર્મનું અર્થિપણું પણ મોક્ષના અર્થિપણામાંથી જન્મેલું હોવું જોઈએ. પૌદ્ગલિક અનુકૂળતાનું અર્થિપણું આત્માને ધર્મમાર્ગથી ભ્રષ્ટ કરનારૂં છે. અનુકૂળતા મળી જાય અને ભોગવાઈ જાય, એ વસ્તુ જૂદી છે: જ્યારે એનું અર્થિપણું જાગે, કોઈ પણ રીતિએ એ મેળવવી જ એમ થાય, એ એક ન્યારી વસ્તુ છે. મોક્ષના અર્થિએ તો

પૌદ્ગલિક અનુકૂળતાના અર્થી નહિ, પરન્તુ એના વૈરી બની જવું જોઇએ. પૌદ્ગલિક વસ્તુ માત્રની ઇચ્છા અયોગ્ય છે, માટે એ ઇચ્છાને કાઢવી જ જોઈએ, એમ લાગી જવું જોઇએ.

સદાચારના પાલનને માટે શ્રી સુદર્શનની નામના જબ્બર છે. શ્રી સુદર્શન પક્કા શીલસંપન્ન તરીકે પંકાયા છે. શીલનો આદર્શ રજૂ કરવાને માટે, મુખ્યત્વે આ પુણ્યાત્માનું નામ પણ લેવાય છે. જે પ્રસંગના યોગે શ્રી સુદર્શન આવી ઉત્તમમાં ઉત્તમ કોટિની નામનાને પામી શક્યા છે, તે પ્રસંગ સામાન્ય કોટિનો નથી. આપણને જરૂર લાગે કે–'અનુકૂળતાનો અર્થી આવા સંયોગોમાંથી આ રીતિએ અણીશુદ્ધ બહાર નીકળી શકે નહિ.' પહેલેથી છેલ્લે સુધી શ્રી સુદર્શને જેવી મક્કમતા દર્શાવી છે અને સદાચારના આસેવનમાં જે લેશ પણ સ્ખલના થવા દીધી નથી, તે જો બરાબર વિચારાય તો સમજાય કે–પૌદ્ગલિક અનુકૂળતાનું અર્થિપણું ગયા વિના એમ બનવું એ શક્ય જ નથી.

એક બાઈની પ્રપંચજાળથી શ્રી સુદર્શનના સદાચારની કસોટી થવા પામી છે. શ્રી સુદર્શનની સાથે તે નગરીના પુરોહિતને ગાઢ મૈત્રી હતી. શ્રી સુદર્શન સાથે પુરોહિતને એવી મિત્રાચારી થઈ ગઈ હતી કે–મોટે ભાગે પુરોહિત શ્રી સુદર્શનની પાસે જ રહેતો. આના યોગે, પોતાનાં નિત્યકર્મોને પણ તે પુરોહિત ઘણી વાર ભૂલી જતો.

પુરોહિતની આ હાલતને જોઇને, તેની પત્ની કપિલાએ એક વાર પુરોહિતને પૂછ્યું કે–'નિત્યકર્મોને પણ ભૂલી જઈને તમે આટલો બધો વખત ક્યાં ગુમાવો છો?

પુરોહિતે કહ્યું કે–'હું બીજે ક્યાંય નથી જતો, પણ મારા પરમ મિત્ર સુદર્શનની પાસે જ હું હોઉં છું.'

સુદર્શનનું આટલું બધું આકર્ષણ છે–એમ જાણ્યા બાદ, સુદર્શન કોણ છે, એ જાણવાની ઇચ્છા થવી એ સહજ છે. આથી કપિલાએ પૂછ્યું કે–'એ સુદર્શન કોણ છે?'

કપિલા–'એ સુદર્શન કોણ છે?'–એમ પૂછે છે, એથી પુરોહિતને

આશ્ચર્ય થાય છે. પુરોહિત કહે છે કે–'સજ્જનોમાં અગ્રેસર એવા મારા મિત્ર સુદર્શનને જો તું ન જાણતી હો, તો તું કાંઈજ જાણતી નથી. ખેર, હવે જાણી લે. ઋષભદાસ શ્રેષ્ઠિનો તે પુત્ર છે. મહા બુદ્ધિશાલી એવો તે રૂપમાં કામદેવના જેવો છે અને તેની કાન્તિ ચન્દ્ર જેવી છે. સૂર્યસમો તે તેજસ્વી છે, મહાસાગરની માફક તે ગંભીર છે અને ક્ષમામાં તે મુનિશ્રેષ્ઠ જેવો છે. એનામાં દાનગુણ એવો છે કે-ચિન્તામણિ રત્ન યાદ આવે : માણિક્યનું ઉત્પત્તિસ્થાન જેમ રોહણાચલ છે, તેમ સુદર્શન ગુણોની ઉત્પત્તિના સ્થાન રૂપ છે : વળી એ એવો પ્રિયાલાપી છે કે–જાણે અમૃતનો કુંડ જોઈ લો. ખરેખર, તે આ વસુધાના મુખ માટે ભૂષણ રૂપ છે! એના બીજા સઘળા ગુણો તો દૂર રહ્યા, પણ એનામાં શીલગુણ અદ્ભુત છે! એ ગુણચૂડામણિ સુદર્શનનું શીલ તો, કદી પણ, લેશ પણ સ્ખલનાને પામતું નથી!'

વિચાર કરતાં આવડે તો આ પ્રસંગ પણ બોધદાયક છે. શ્રી સુદર્શનની મૈત્રીનું પરિણામ એ આવ્યું કે–પુરોહિત શ્રી સુદર્શનના ગુણોથી મુગ્ધ બની ગયો. પરિચય વધે તેમ પૂજ્યબુદ્ધિ વધે, બહુમાન વધે, ગુણરાગ વધે, તો એ પણ એક ઉત્તમતાની પ્રતીતિ છે. તમારી સાથે કોઈને સામાન્યપણે મિત્રાચારી થાય, તો એ તમારે માટે કેવા વિચારો ધરાવનારો બને? એને એમ લાગે ખરૂં કે–'જૈનો સદાચાર-પરાયણ હોય છે?' તમારા પરિચયથી સામાના હૃદયમાં તમારે માટે બહુમાન જાગે કે બહુમાન જાગ્યું હોય તેય ઘટવા માંડે? શ્રી સુદર્શનનું જીવન કેવા ઉંચા પ્રકારનું હશે, કે જેથી પુરોહિતને એમ લાગ્યું કે–'સુદર્શન ગુણચૂડામણિ છે?' તમારો મિત્ર તમારી પ્રમાણિકતા માટે, તમારા સદાચાર માટે, તમારી ઉદારતા માટે, તમારી સદ્ભાવના માટે સાચા હૃદયથી પ્રશંસા કરી શકે, એવું જીવન તમે કેળવ્યું છે? એવું જીવન નથી કેળવ્યું, પણ એવું જીવન કેળવવાનો વિચાર સરખો ય કદી કર્યો છે? શ્રી સુદર્શનની કથા ઘણી વાર સાંભળી હશે, પણ કોને એમ થયું કે–'શ્રી સુદર્શનની આવી છાપ પુરોહિત ઉપર શાથી પડી? મારા પરિચયમાં આવનાર ઉપર મારી છાપ કેવી પડે છે? ઉત્તમ

છાપ આપોઆપ પડે, એવું જીવન જીવવાને મારે શું કરવું જોઇએ?' આ જાતિનો વિચાર કરવાની ફુરસદ જ કોને છે, એમ ને? જે કાંઈ વાંચો અગર સાંભળો, તે માત્ર જાણવા ખાતર જ નહિ, પણ એનો જીવનમાં અમલ કરવાના હેતુથી વાંચો અગર સાંભળો. એ માટે વિવેકી બનવું પડશે. ઉત્તમ આત્માઓનાં જીવનોને જાણીને એ નક્કી કરો કે– 'આપણે આપણા જીવનને કયી રીતિએ આવું ઉત્તમ કોટિનું બનાવી શકીએ!' નક્કી કરો એટલું જ નહિ, પણ જીવનને ઉત્તમ કોટિનું બનાવવાને માટે પ્રયત્નશીલ પણ બનો.

પુરોહિતની એ પ્રશંસાથી અહીં તો પરિણામ વિપરીત આવે છે! 'ગુણમાં અને રૂપમાં જેનો જોટો ન મળે એવો શ્રી સુદર્શન છે.'– આવું સાંભળીને, કપિલા કામવિહ્વલ બની જાય છે. કામાતુર બનીને કપિલા શ્રી સુદર્શનને પોતાની પાસે લાવવાને ઇચ્છે છે અને શ્રી સુદર્શનની સાથે ભોગ ભોગવવાને ઇચ્છે છે: પણ એ ઇચ્છાને સફળ કરવી, એ કાંઈ સહેલું કામ નથી.

કપિલા શ્રી સુદર્શનને ફસાવવાને માટેની યુક્તિ શોધે છે. તે દરમ્યાનમાં જ, રાજાના હુકમથી પુરોહિતને અચાનક બહારગામ જવાનું થાય છે.

કપિલા આ તકનો લાભ લેવાનું નક્કી કરીને, સીધી જ શ્રી સુદર્શનને ઘેર પહોંચે છે.

શ્રી સુદર્શન આમ તો માને નહિ, એટલે કપિલા કહે છે કે– 'આપના મિત્ર અત્યન્ત બીમાર થઇ ગયા છે, માટે જ આજે અહીં આવ્યા નથી. આપના વિરહના યોગે તેમની બીમારી બેવડાઇ રહી છે અને એથી જ આપના મિત્રે આપને બોલાવી લાવવાને માટે મને મોકલી છે! આપના મિત્ર આપને યાદ કરી રહ્યા છે!'

કપિલાએ આ વાત એવી રીતિએ કહી કે–શ્રી સુદર્શને એ વાતને સાચી માની લીધી. 'આમાં કાંઇક કપટ હશે તો?'–એવો વિચાર સરખોય શ્રી સુદર્શનને આવ્યો નહિ.

'પુરોહિત બીમાર છે, એની તો મને ખબર જ નથી.'–એમ

બોલતા શ્રી સુદર્શન તરત જ પુરોહિતને ઘેર ગયા.

પુરોહિતના મકાનમાં પેસતાં પેસતાં જ શ્રી સુદર્શન કપિલાને પૂછે છે કે–'મારો મિત્ર ક્યાં છે?'

કપિલા કહે છે કે–'આગળ જાવ. આપના મિત્ર સુઈ ગયા છે.'

થોડે આગળ ગયા પછી, ફરીથી શ્રી સુદર્શને પૂછ્યું કે–'અહીં પણ પુરોહિત નથી; તો શું તે ક્યાંક બીજે ગયા છે?'

કપિલા કહે છે કે–'તેઓ બીમારીને લીધે પવન વિનાની જગ્યામાં સુઈ ગયા છે, માટે તમે અંદરના મૂલ ઓરડામાં જાવ. તમારા મિત્ર ત્યાં છે.'

શ્રી સુદર્શનને હજુ પણ કશી શંકા પડતી નથી. સજ્જન આત્માઓ સ્વયં અમાયી હોય છે, એટલે સામાન્ય રીતિએ તેઓ સામામાં માયા હોવાની શંકા કરતા નથી.

શ્રી સુદર્શન છેક અંદરના ઓરડામાં જાય છે. ત્યાં પણ પુરોહિતને નહિ જોવાથી, શ્રી સુદર્શન હજુય સરલ આશયથી કપિલાને પૂછે છે કે–'પુરોહિત ક્યાં છે?'

આ તરફ કપિલા મકાનનાં બારણાં બંધ કરી દે છે, કામને ઉદ્દીપ્ત કરનારા ચેનચાળા કરવાનું શરૂ કરી દે છે અને તદ્દન નિર્લજ્જપણે ક્રીડાની માગણી પણ કરે છે.

શ્રી સુદર્શન સઘળી સ્થિતિને કળી જાય છે.

શ્રી સુદર્શને જોયું કે–'આ તો મહા પ્રપંચ છે. હવે આમાંથી બચવાને માટે બુદ્ધિનો વિશેષ ઉપયોગ કરવો પડશે.'

સીધી રીતિએ સમજાવવાથી કપિલા માની જાય તેમ હતી નહિ, એટલે શ્રી સુદર્શન હસીને કહે છે કે–'અરે મૂર્ખી! તેં મોટી ભૂલ કરી છે. જે કામને માટે તું મને અહીં લઈ આવી છો, તે કામને માટે તો હું સાવ નકામો છું. હું નપુંસક છું. મારા પુરૂષવેષથી તું છેતરાઈ છો!'

શ્રી સુદર્શનનો આવો જવાબ સાંભળતાંની સાથે જ, કપિલાનો કામાવેગ એકદમ ગળી જાય છે! એ તો ઠંડી જ થઈ જાય છે!

કેટલી મહેનત અને કેવું પરિણામ?

આટલા પછી પણ પોતાની મૂર્ખાઈ ઉપર નહિ ચીઢાતાં, તે શ્રી સુદર્શન ઉપર ચીઢાય છે. જેને કપટ કેળવીને લાવી હતી, તે જ શ્રી સુદર્શનને કપિલા કહે છે કે– "અહીંથી ચાલ્યો જા!" અને એમ કહીને ઘરનાં બારણાં ઉઘાડી દે છે.

તમને લાગે છે ખરૂં કે–શ્રી સુદર્શને કપિલાને આવો ઉત્તર આપવામાં ભૂલ કરી હતી? આજના કહેવાતા નગ્ન સત્યવાદિઓ શ્રી સુદર્શનને જુઠ્ઠા કહે તો તેમાં નવાઈ પામવા જેવું કાંઈ જ નથી. નગ્ન સત્યવાદિઓ શ્રી જૈનશાસનને પામેલા જ નથી. શ્રી જૈનશાસનમાં નગ્ન સત્યવાદિઓને સ્થાન છે જ નહિ. શ્રી જૈનશાસનમાં –'બોલવું તે સાચું બોલવું'–એ નિયમ જરૂર છે, પણ–'જે સાચું હોય તે બધું બોલવું જ'–એવો નિયમ નથી. નિયમ તો એ છે કે– 'મુસાવાયાઓ વેરમણં.' મૃષાવાદ બોલવું નહિ. બોલવું જરૂરી હોય તો અસત્ય બોલવું નહિ, પણ જેટલું સત્ય તેટલું બધું જ બોલવું એ નિયમ નહિ. વગર અગ્નિએ હોળી સળગાવવી હોય, તો જેટલું સાચું હોય તેટલું બધું બોલવું. નગ્ન સત્ય એટલે દિવાસળી વિના સળગે તેવો અગ્નિ. નગ્ન સત્યવાદિઓ કજીયાના શમાવનારા તો નથી જ, પણ ભયંકર કજીયાઓને સળગાવનારા છે. જ્યાં નગ્ન સત્યવાદિતા હોય, ત્યાં ગંભીરતા આદિ ગુણો ટકે શાના? જો નગ્ન સત્યવાદિતાને સ્વીકારવામાં આવે, તો તો કેઈકનાં જીવનો પાયમાલ થઇ જાય. ઘરમાં નગ્ન સત્યવાદી બનો, તો ઘરમાં હોળી સળગે. પેઢીમાં નગ્ન સત્યવાદી બનો, તો ખબર જ પડી જાય. આજે તો નગ્ન સત્યના નામે દંભ ખેલાય છે. બીજાઓને માટે જે નિયમ લાગુ પાડો છો, તે જો ઘરમાં મા–બ્હેન–વહુ–બેટી વિગેરેને માટે લાગુ પાડો તો એની ભયંકરતા ઝટ માલૂમ પડે. ત્યારે–'જેટલું સાચું તે બધું બોલવું જ'–એ નિયમ નહિ, પણ 'જે બોલવું તે સાચું બોલવું' અથવા તો કહો કે–'જે બોલવું તે અસત્ય નહિ જ બોલવું'–એ નિયમ! એ માટે તો સાચું કોને કહેવાય અને ખોટું કોને કહેવાય, એનું પણ તત્ત્વજ્ઞાનિઓએ પૃથક્કરણ કર્યું છે. હકીકતમાં

તદ્દન સાચું હોય, તે છતાં પણ કેટલુંક એવું એવું ય હોય છે, કે જે બોલીએ તો મૃષાવાદનો દોષ લાગે અને દેખાવમાં ખોટું લાગે તેવું પણ કોઇક વાર એવું ય હોય છે, કે જેને બોલનાર અસત્યવાદી ન ગણાય. તત્ત્વજ્ઞાન મેળવ્યા વિના, તત્ત્વજ્ઞાનિઓનો પરિચય કર્યા વિના, માત્ર દુન્યવી દોડધામોમાં અને દેવ-ગુરૂ-ધર્મને ભાંડવામાં કામેલ બનવાથી આ નહિ સમજાય. એમ ને એમ તો અજ્ઞાનમાં સડી જવાશે : સદાચાર આવશે નહિ અને દુરાચાર ટળશે નહિ.

શ્રી સુદર્શને કપિલાને કહ્યું કે–' હું નપુંસક છું. ' અને ખરેખર, શ્રી સુદર્શન પરસ્ત્રીના યોગને માટે નપુંસક જ હતા! કપિલાએ ખીજાઇને બારણાં ઉઘાડયાં, એટલે ઝટ શ્રી સુદર્શન બહાર નીકળી ગયા. ' નરકદ્વારમાંથી બહુ થોડે મૂકાયો '–એમ વિચારતા શ્રી સુદર્શન, ઉતાવળે પગે પોતાને મકાને આવી પહોંચે છે. વધુમાં શ્રી સુદર્શન, આવી આફતથી ભવિષ્યમાં બચી શકાય એ માટે, પ્રતિજ્ઞા પણ કરે છે કે—

" नातः परं परगृहे, यास्यामि क्वचिदेककः । "

' હવેથી કયારેય પણ પારકાના ઘરમાં એકલા જવું નહિ. '– આવો નિયમ શ્રી સુદર્શન કરે છે!

અનાચારના આગમનનો સંભવ દેખાયો, એટલે તરત જ એનો ઉપાય કરી લીધો. પોતાના સદાચારને જાળવવાની કેટલી કાળજી હશે? આજે તો ' નૈષ્ઠિક બ્રહ્મચર્ય, બ્રહ્મચર્યની દઢતા, આત્મા ઉપર કાબૂ હોય તો સંયોગ શું કરે?'–આવી આવી વાતો કરીને, અનાચારોને આમંત્રણ અપાય છે! એ રીતિએ, સદાચારોને સાચવવાની સાવચેતી રાખનારાઓને હલકા પડાય છે અને દુરાચારોનો બચાવ કરાય છે! શ્રી સુદર્શન ઓછા મક્કમ છે કે ઓછા સત્ત્વશીલ છે એવું નથી, પણ જ્યાંથી અનાચાર આવવાનો સંભવ દેખાય, ત્યાંથી ખસી જવું એ વાત છે. હવે એ વિચારી જૂઓ કે-શ્રી સુદર્શન જો પૌદ્ગલિક અનુકૂળતાના અર્થી હોત, અનુકૂળતાના અનર્થી બનેલા ન હોત, તો તેઓ આ સંયોગમાં સદાચારને જાળવી શકત ખરા? અનુકૂળતાના

અર્થિને તો આવા પ્રસંગે સદાચારને નેવે મૂકતાં વાર ન લાગે.

હજુ આગળ જૂઓ. શ્રી સુદર્શન નપુંસક છે, પણ તે પરસ્ત્રી માટે. વસ્તુતઃ નપુંસક છે એમ નથી. શ્રી સુદર્શન તો અનેક દીકરાઓના બાપ છે. પણ કપિલાને એ વાતની કશી જ ખબર ન હતી અને એથી જ કપિલાની આફતમાંથી શ્રી સુદર્શન ઝટ છૂટી શક્યા. હવે એક નવી અને મહા કારમી આફત ઉભી થાય છે.

એક વાર એવું બને છે કે–રાજાએ ઇન્દ્રમહોત્સવ યોજ્યો છે. જે ઉદ્યાનમાં ઇન્દ્રમહોત્સવ છે, તે ઉદ્યાનમાં મહારાણી અભયાની સાથે પુરોહિતપત્ની કપિલા પણ જઈ રહી છે. બીજી તરફ શ્રી સુદર્શનની પત્ની મનોરમા પણ પોતાના છ પુત્રોની સાથે તે ઉદ્યાનમાં આવે છે.

રૂપલાવણ્યના ભંડાર સમી મનોરમાને જોઈને, કપિલા મહારાણી અભયાને પૂછે છે કે–' હે સ્વામિનિ ! આ કોણ છે ?'

અભયા કહે છે–' શું તું આને ય ઓળખતી નથી ? સુદર્શનની એ ગૃહિણી છે. '

આ સાંભળીને કપિલાને આશ્ચર્ય થાય છે. એ કહે છે કે– ' દેવિ ! જો આ સુદર્શનની ગૃહિણી હોય, તો તો આનામાં ઘણી જ કુશળતા છે એમ કહેવું પડે !'

રાણીએ કહ્યું કે–' કયી કુશળતા છે ?'

કપિલાએ કહ્યું કે–' એ જ કે–એણે આટલા બધા પુત્રોને જણ્યા છે !'

રાણી કાંઈ જાણતી નથી, એટલે સમજી શકતી નથી : એથી તે કહે છે કે–' જે સ્ત્રી સ્વાધીનપતિકા છે, તે યદિ પુત્રોને જણે તો તેમાં કુશળતા શી છે ?'

કપિલા કહે છે કે–' દેવિ ! તમારી વાત સાચી છે, પણ એ તો ત્યારે બને કે જ્યારે પતિ પુરૂષ હોય ! સુદર્શન તો પુરૂષના વેષમાં રહેલો પણ્ડક છે !'

રાણી પૂછે છે કે–' એ તેં કેમ જાણ્યું ?'

રાણીએ પૂછ્યું અને કપિલાએ બધી હકીકત કહી. આ વસ્તુ જો અહીં જ અટકી હોત, તો તો વાંધો નહોતો, પણ અહીં તો વાત આગળ વધી.

રાણી કહે છે કે–'જો તું કહે છે તેમ હોય, તો તો તું છેતરાઈ ગઈ છો ! મૂઢ ! સુદર્શન પણ્ડક છે એ વાત સાચી છે, પણ તે પરસ્ત્રીઓ માટે ! સ્વસ્ત્રી માટે નહિ !!'

કપિલાને આ સાંભળીને અત્યન્ત ખેદ થાય છે. એના હયામાં ઈર્ષ્યા જન્મે છે. એ કહે છે કે–'હું મૂઢ છું તે છેતરાઈ, પણ તમે બુદ્ધિવાળાં છો ને ? તો બુદ્ધિશાલિની એવાં તમારામાં પણ શું વધારે છે ?'

કપિલા ઈર્ષ્યાથી બોલી, પણ કપિલાનાં એ વચનોએ, અભયામાં ગર્વ પેદા કરી દીધો.

અભયાએ કહ્યું કે–' મુગ્ધે ! રાગથી જો મેં હાથ પકડ્યો હોય, તો જડ પત્થર પણ પીગળી જાય : તો પછી સંજ્ઞાવાળા પુરૂષને માટે તો કહેવાનું જ શું હોય ?'

કહો, આવો ગર્વ કરવાની કશી જ જરૂર હતી ? એક સદાચારી આત્મા ન ફસાય, તેમાં ગભરામણ શી ? પણ નહિ, વિષય અને કષાય–એ બેને આધીન બનેલાંઓને એવો ખ્યાલ જ હોતો નથી. કપિલા શ્રી સુદર્શનને ફસાવી ન શકી તેમાં અભયા કપિલાને મૂર્ખ કહે એમાં અને કપિલા ઈર્ષ્યાવાળી બને એમાં પણ, મોહના ચાળા સિવાય કાંઈ નથી. સદાચારનો સાચો પ્રેમ જાગ્યો ન હોય, એથી આવું બને તેમાં નવાઈ નથી.

અભયાનાં ગર્વભર્યાં વચનોને સાંભળીને, ઈર્ષ્યાથી કપિલાએ કહ્યું કે–'દેવિ ! એવો ગર્વ ન કરો ! જો એવો ફાંકો જ હોય, તો સુદર્શન સાથે રમો !'

કપિલાના કથનથી અભયાનો ગર્વ ઉલ્ટો વધી પડ્યો. એણે કહ્યું કે–'એમ છે ? તો તું સમજી લે કે–હું સુદર્શનની સાથે રમી જ ચૂકી. વિદગ્ધ રમણીઓએ તો, કઠોર વનવાસિઓને અને તપસ્વિ-

ઓને પણ ફસાવ્યા છે, જ્યારે આ તો મૃદુ મનવાળો ગૃહસ્થ છે!'

આટલું કહીને અહંકારના આવેશમાં ભાન ભૂલેલી અભયાએ પ્રતિજ્ઞા કરી કે—

'रमयामि न यद्येनं, प्रविशामि तदाऽनलम् ।'

'શ્રી સુદર્શનને જો હું ફસાવી શકું નહિ, તો હું અગ્નિમાં પ્રવેશ કરૂં!'—એવી અભયા પ્રતિજ્ઞા કરે છે.

આ બનાવ કેટલો વિચિત્ર છે? એક સામાન્ય વાતમાંથી કેવું વિષમ પરિણામ આવે છે, એ વિચારવા જેવું છે. વળી એ પણ વિચારવા જેવું છે કે—અહંકાર અભયાના પ્રતિવ્રતાપણાના ખ્યાલને પણ ભૂલાવી દે છે! એને એ વિચાર નથી આવતો કે—'આ રીતિએ હું મારી કુશલતા બતાવવા જતાં, દુરાચાર તરફ ઘસડાઇ રહી છું.' જેણે પોતાના જીવનમાં સદાચારને અખંડિત રાખવો હોય, તેણે કષાયોની આધીનતાથી પણ બચવાની જરૂર છે. વિષયવાસના અને કષાયવૃત્તિ–એને ઉત્તેજન મળે તેવી સામગ્રીથી સદાચારના અર્થિએ બચતા રહેવું, એ પણ જરૂરી છે. અભયાને ખરૂં જોતાં તો કપિલા તરફ તિરસ્કાર પેદા થવો જોઇતો હતો. અભયાને એમ થવું જોઇતું હતું કે—'આ કેવી દુરાચારિણી છે કે એક સદાચારિને ફસાવવા તેણે આવું કપટ કર્યું! તેમજ કેવી નફફટ પણ છે કે—એ પાપને આ રીતિએ પ્રકાશતાં પણ શરમાતી નથી!!' પણ અભયાને એમ થતું નથી અને કપિલા પણ એવી રીતિએ બોલ્યે જાય છે કે—અભયા ઉન્માર્ગમાં આગળ ધપ્યે જ જાય! ખરેખર, જે સ્ત્રીઓ પોતાના શીલની કિંમત પોતાના જીવન કરતાં પણ વધારે આંકતી હોય, તે સ્ત્રીઓએ કપિલા જેવી સ્ત્રીઓના સંસર્ગ માત્રથી પણ દૂર રહેવું જોઈએ. એ પણ સમજી લેવું જોઇએ કે—પુરૂષને ફસાવવામાં કુશલતા નથી. ગમે તેવા સંયોગોમાં પણ પોતાના શીલને સાચવી લેવું, એમાં જ સાચી કુશલતા છે.

આ બન્નેએ આ રીતિએ શ્રી સુદર્શનને માટે તો આપત્તિનો પ્રસંગ જ ઉભો કરી દીધો હતો: કારણ કે—તેવા પુણ્યાત્માને ફસાવવાની પ્રતિજ્ઞા થઈ હતી! ચઢેલાને કે ચઢતાને પાડવાની પ્રતિજ્ઞા

કરનારા શ્રાપ રૂપ જ છે, છતાં આજે પડનારા ઓછા નથી. ચઢતાને પાડે અને પડતાનાં ઢોલ પીટે, એવો આજે કેટલાકો ધંધો લઈ બેઠા છે. એમને સદાચારની કિંમત નથી. એમના જીવનમાં સદાચારને સ્થાન નથી. એવાઓથી દોરવાયા વિના, કલ્યાણ ચાહતા હો તો, સદાચારને સેવનારા અને વખાણનારા બનો, પણ દુરાચારને માર્ગે કોઈ દોરાય એવી એક પણ પ્રવૃત્તિ ન કરો! સદાચારના દુશ્મન, એ દુનિયાના દુશ્મન જ છે. એવાઓથી દૂર રહો અને સદાચારને સાચવવાની દરેક સામગ્રી એવી મજબૂત બનાવો કે–સદાચારની ભાવના જરા પણ સ્ખલિત થવા પામે નહિ.

પોતાના સ્થાને આવી ગયા પછીથી, અભયાએ પોતાની એ પ્રતિજ્ઞાની વાત, પોતાની પાસે રહેતી 'પણ્ડિતા' નામની ધાત્રિકાને કરી. રાણીઓની પાસે જે ધાત્રિઓ હોય છે, તે બહુ ચતુર હોય છે. રાણીઓ ઘણી ખરી બાબતોમાં એતની મદદ અને સલાહ લે છે. અભયાએ જ્યાં પ્રતિજ્ઞાની વાત કરી, એટલે ધાત્રિએ કહ્યું કે–'તેં ઠીક કર્યું નહિ. તને મહાન આત્માઓની ધૈર્યશક્તિની ખબર નથી. તારી આ પ્રતિજ્ઞાને ધિક્કાર હો! જ્યાં અન્ય પણ શ્રાવક નિત્ય પરનારીસહોદર હોય છે, ત્યાં આ મહાસત્ત્વશિરોમણિ એવા શ્રી સુદર્શનને માટે તો કહેવું જ શું? બ્રહ્મચર્ય રૂપ મહા ધનવાળા સાધુઓ જેના ગુરૂઓ છે અને ગુરૂ શીલાદિનો જે ઉપાસક છે, તે અબ્રહ્મ કેમ જ કરે? સદા ગુરૂકુલમાં રહેનાર અને ધ્યાન તથા મૌનનો આશ્રય કરનાર તેને લાવવો કે ખસેડવો, એ કેમ જ બને? ફણિધરના મસ્તક ઉપરનું રત્ન લેવાની પ્રતિજ્ઞા કરવી હજુ સારી છે, પણ સુદર્શનને શીલથી ભ્રષ્ટ કરવાની પ્રતિજ્ઞા ભૂંડી છે!'

ધાત્રિએ જે કહ્યું તે ઠીક કહ્યું છે ને? શ્રાવકો પરનારીસહોદર હોય, એ છાપ શ્રાવકો જ્યાં જ્યાં વસે ત્યાં ત્યાં હોય કે નહિ? શ્રાવકો એટલે કોના સેવક? શ્રી વીતરાગ જેના દેવ અને નિર્ગ્રન્થ જેના ગુરૂ! આવા દેવ–ગુરૂને સેવવાનો દાવો કરનારા શ્રાવકો, શું એવા પામર હોય કે–પરનારીસહોદરપણાની છાપ પણ ન પાડી શકે?

ધાત્રિએ કહ્યું, પણ અભયાએ તો એક જ વાત કરી કે–'એક વાર તું સુદર્શનને અહીં લઇ આવ : પછી બાકીનું હું પતાવી લઈશ.'

ધાત્રી આખર તો નોકર જ હતી. તેણે કહ્યું કે–'એક ઉપાય છે. પર્વદિવસે સુદર્શન શૂન્ય ઘર આદિમાં કાયોત્સર્ગ કરે છે. એ વખતે તેને લાવવો જોઇએ. બાકી બીજો ઉપાય નથી.'

રાણીએ કહ્યું કે–'એ ઠીક ઉપાય છે. તેમ કરજે.'

આ વાતને કેટલાક દિવસો થઈ ગયા. એમ કરતાં કરતાં કૌમુદીમહોત્સવનો સમય આવી લાગ્યો. કૌમુદીમહોત્સવ જોવાને પ્રત્યેક નગરજને આવવું, એવું રાજ્ય તરફથી ફરમાન નીકળ્યું. તે દિવસ ધાર્મિક પર્વનો હોવાથી, શ્રી સુદર્શને રાજાની પાસે જઇને, ધર્મ-પર્વની આરાધના કરવાને માટે નગરમાં રોકાવાની આજ્ઞા માગી. રાજાએ પણ અનુમતિ આપી. આથી શ્રી સુદર્શન તે રાત્રે નગરમાં એક સ્થળે પૌષધવ્રત લઈને કાયોત્સર્ગમાં સ્થિર રહ્યા.

અભયા રાણીની ધાત્રી પણ્ડિતા આવા જ કોઈ અવસરની રાહ જોઈ રહી હતી. એને ખબર પડી ગઈ કે–'શ્રી સુદર્શન કૌમુદીમહોત્સવ જોવા જનાર નથી, નગરમાં રોકાનાર છે અને કાયોત્સર્ગમાં રાત ગાળનાર છે!'–એટલે આ તકનો એણે પૂરેપૂરો ઉપયોગ કરી લેવાનો નિર્ણય કર્યો.

અભયા પાસે આવીને ધાત્રિએ કહ્યું કે–'તારા મનોરથો આજે કદાચ પૂરાશે, માટે તુંય ઉદ્યાનમાં જઈશ નહિ.'

અભયાએ એ વાત કબૂલ રાખી. કૌમુદીમહોત્સવમાં ન જવું પડે એ માટે તેણે રાજાને કહ્યું કે–'મારા માથામાં પીડા ઉપડી છે, માટે હું નહિ આવું. આપ પધારો.'

રાજાએ ધાર્યું કે–'એમ હશે.'

હવે શ્રી સુદર્શનને અંતઃપુરમાં લાવવા તો ખરા ને? રાજ-મહેલ ચોકીદારોથી તો ખાલી હોય નહિ! પણ રાજધાત્રિઓ કપટ-નિપુણ હોય છે. પહેલાં બીજી મૂર્તિઓ લાવવા દ્વારા રક્ષકોને વિશ્વાસમાં લઇને, શ્રી સુદર્શનને મૂર્તિની જેમ ઢાંકીને ત્યાં લાવવામાં આવ્યા.

શ્રી સુદર્શન કાયોત્સર્ગમાં સ્થિત છે, હાલતા–ચાલતા નથી, એથી ઉપાડી લાવનારને અનુકૂળતા મળી ગઈ !

શ્રી સુદર્શનને લાવ્યા બાદ પણ્ડિતા ધાત્રી ચાલી ગઈ અને અભયાએ પોતાની નિર્લજ્જતા પ્રકાશવા માંડી. પહેલાં તો વિનંતિ કરી, પછી સમજાવવાનો પ્રયત્ન કર્યો અને છેવટ અંગસ્પર્શ કરવો, ભેટવું વિગેરે પણ કરી જોયું. અભયાએ આમ ઘણી ઘણી રીતિએ શ્રી સુદર્શનને પોતાનો બનાવવાના કારમા પ્રયત્નો કર્યા, પરન્તુ શ્રી સુદર્શનના એક રોમમાં પણ તેની અસર ન થઇ. પર્વતની જેમ શ્રી સુદર્શન નિશ્ચલ જ રહ્યા. જડ પુતળાને જેમ કશી અસર ન થાય, તેમ શ્રી સુદર્શનના મન ઉપર અભયાની ચેષ્ટાઓની કશી જ અસર થઈ નહિ.

શ્રી સુદર્શનની આ નિશ્ચલતા સામાન્ય કોટિની નથી. આત્માને પોતાના સ્વરૂપનું વાસ્તવિક ભાન થયું હોય, જીવનમાં સંયમસત્ત્વને ખીલવ્યું હોય અને ઈન્દ્રિયો તેમજ મન ઉપર કાબૂ કેળવ્યો હોય, તો જ આવા ઉપસર્ગોમાં પણ જરાય ચલાયમાન થયા વિના વ્રતમાં સ્થિર રહી શકાય. આ નિશ્ચલતા ઘણી ઉંચી કક્ષાની છે, પણ આપણે તેનો બીજી દૃષ્ટિથી વિચાર કરીએ. આજે તો કોઈ પણ પુણ્યપુરૂષનું દૃષ્ટાન્ત આવે, એટલે મોટો ભાગ કહી દે છે કે–' એ મહાપુરૂષ. એમનાથી એ બને. આપણે તો હાથ જોડીએ. આપણાથી એમાંનું કાંઈ બને કરે નહિ.' આ રીતિએ સારામાં સારી, કરવા જેવી અને ધારે તો કરી શકાય એવી પણ વાતોમાંથી આજના ઘણાઓ હાથ ખંખેરી નાખે છે. એવાઓની સામે આપણે એ વસ્તુ લાવવી છે કે–મહાપુરૂષોએ જે કર્યું તે કરવું સહેલું જ છે એમ નથી, મહા દુષ્કર છે, પરન્તુ જો આપણો આત્મા યોગ્ય માર્ગે કેળવાઈ જાય અને મન મજબૂત બની જાય, તો એવી ઘણી વસ્તુઓ છે, કે જે આપણે પણ ધારીએ તો અમુક પ્રમાણમાં જરૂર કરી શકીએ. ' આપણે તો એમાંનું કાંઈ કરી શકીએ જ નહિ '–આવી નિર્બળતા જ્યારે મનમાં ઘર કરી જાય છે, ત્યારે કૌવતવાળો આદમી પણ પોતે જ પોતાની

મેળે પામર બની જાય છે : પણ ધર્મના માર્ગે આવેલાઓની એવી સ્થિતિ નહિ હોવી જોઈએ.

શ્રી સુદર્શન જેવા સમર્થ સત્ત્વશીલ આદમીએ જે નિશ્ચલતા બતાવી, જે દૃઢતા દેખાડી, તે એવા પરમ પુણ્યાત્માઓને માટે બહુ મોટી વાત ન ગણાય. જે આત્માઓના રોમ રોમમાં શ્રી જિનેશ્વર-દેવનું શાસન પરિણમ્યું છે, જેમનાં હૈયાંઓમાં વિષયો વિષ જેવા જ છે–એમ બરાબર લાગી ગયું છે અને જે આત્માઓએ પોતાની ઇન્દ્રિયો તથા મનને વશીભૂત બનાવી દીધેલ છે, તે આત્માઓની સામે વિષયોની ગમે તેવી સામગ્રી આવી પડે, તો પણ તે આત્માઓ મુંઝાય નહિ તે સ્વાભાવિક છે. 'વિષયો વિષ જેવા છે, હું જૂઠો છું, આ જૂઠું છે, આમાં ડૂબ્યો તો મારું ધાર્યું નહિ ફળે.'–આ વિગેરે જેના રોમરોમમાં વ્યાપી જાય, તે કારમા ઉપસર્ગોના પ્રસંગે પણ સ્થિર રહી શકે છે. કોઈ કહે કે–'ફલાણા મુનિએ બહુ ઉપસર્ગ સહ્યા.' તો આપણે કહેવું કે–'બરાબર છે. મુનિ કહેવાય અને શક્તિ છતાં ઉપદ્રવ ન વેઠે, તો નવાઈ કહેવાય! શ્રી જૈનશાસનના મુનિઓ જો ઉપસર્ગોને નહિ વેઠે, તો વેઠશે પણ કોણ?'

અનન્તજ્ઞાનિની આજ્ઞાનું જીવનમાં વધુમાં વધુ પાલન કરવાને માટે, પોતાનાં પરમ ઉપકારી એવાં માબાપને પણ જે મુનિ તજે, તે બીજી પર વસ્તુઓથી કેમ જ મુંઝાય? પર વસ્તુ ઉપરની આફતને જે આત્માની આફત બનાવી લે, તે મુનિ નહિ. માબાપને તજી દેવાં એ મોટી આફત કે બીજી આફતો એ મોટી આફત? જો કે–આજે તો ઘણાઓને માબાપ પાસે રહેવું પડે, એય મોટી આફત રૂપ લાગે છે. માતાપિતાની હયાતિ આજના કેટલાકોને આફત રૂપ લાગે છે. એવાઓ બીજાનું શું ઉકાળવાના હતા? માબાપને ઠેબે મારનારા, સમાજની કે દેશની સેવા કરશે–એમ? એનો સ્વાર્થ સરે છે, કીર્તિ મળે છે, એટલે ભાઈ કૂદે–નાચે છે, પણ વસ્તુતઃ તેનામાં અહિંસા, સત્ય કે સંયમના જેવું કાંઈ હોતું જ નથી.

શ્રી સુદર્શન અભયા રાણી આગળ પણ ન મુંઝાયા, એ એમના

જોવાને માટે નવાઇની વાત નથી. પર વસ્તુઓ, કે જેનો પોતે ત્યાગ કરેલો છે, એમાં શાસનને પામેલો મુંઝાય, તો એ નવાઈ કહેવાય. 'હું શ્રી વીતરાગનો અનુયાયી છું.'-એમ કહે અને વિષયની તુચ્છ સામગ્રી દેખતાં દાઢ ગળે, એમાં જ રસ આવે, તો કહેવું પડે કે- 'શાસન હજુ છેટે છે.' અમુક મહાપુરૂષે બહુ મોટું સંકટ વેઠયું, એમાં બહુ આશ્ચર્ય પામવા જેવું નથી. એ તો વેઠવા જ નીકળ્યા હતા. એથી તો મહાપુરૂષ કહેવાયા. એમણે એમને છાજતું કાર્ય કર્યું છે, પરન્તુ આપણે કરવાનું શું? આપણે શું કરી શકીએ તેમ છીએ, તેનો જ વિચાર કરવાનો હોય. એ વખતે એમ થવું જોઈએ કે- 'આપણે પણ ધારીએ તો છેવટ એવા બની શકીએ તેમ છીએ.' એ નિર્ણય કરવો જોઇએ કે-'પ્રયત્ન કરીએ તો આપણે પણ મહાપુરૂષોની જેમ સમભાવે મોટી પણ આફતોને વેઠનારા બનીએ, માટે એવા બનવાને આપણે પણ પ્રયત્ન કરીએ.'

વાત એ છે કે-'દુનિયાના વિષયો વિષ જેવા છે' એમ બરાબર લાગી જવું જોઇએ. દુનિયાના વિષયો જો બરાબર વિષ જેવા લાગી જાય, તો-'અમુક આફત ન વેઠાય: આમ કેમ બને? આ કેમ સહાય?'-એવી એવી આજે જે માયકાંગલી વૃત્તિ આવી ગઈ છે, તે નીકળી જાય અને કાંઇક ઉત્સાહ જાગે. તમે એ વિચારી જૂઓ કે- 'દુનિયાના વિષયો વિષ જેવા છે, એમ મને લાગે છે?' દુનિયાના વિષયો વિષ જેવા ન લાગતા હોય, મીઠા લાગતા હોય, એમાં આનંદ છે- એમ લાગતું હોય, તો પછી તમે કોઈ સામાન્ય વ્રતથી પણ ગભરાવ, સામાન્ય નિયમને પણ અખંડિત ન રાખી શકો કે ધર્મ ઉપર આફત આવે ત્યારે-'એ આપણું કામ નહિ'-એમ કહીને ખસી જાવ, તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી, પણ સ્વાભાવિક છે. બાકી વિષયો વિષ જેવા લાગ્યા પછી તો દશા જ ફરી જાય. દૂધના કડાયામાં વિષનો એક નાનો પણ કણીયો પડી જાય, તો એને છોડી દેવાની સામે કોઈ દલીલ નહિ કરે. સો રૂપીઆ નહિ પણ કદાચ કોઈ સો સોનૈયા આપવાને તૈયાર થઈ જાય, તો પણ તમે વિષવાળો કટોરો પીવાને

તૈયાર થાવ ખરા ? ' દૂધ કઢેલું છે, મસાલેદાર છે અને ઉપરથી પૈસા પણ મળે તેમ છે, તો શા માટે એ દૂધ નહિ પીવું '–એમ મન લલચાય ખરૂં ?

સ૦ પણ એમાં વિષનો કણીઓ પડ્યો છે, એ ખ્યાલ જ મનને લલચાવા દે નહિ ને ?

અરે, માનો કે–મન ન લલચાય, પણ કોઈ છાતી ઉપર પગ મૂકીને પાવા આવે તો ?

સ૦ સામા થઈએ અને બને ત્યાં સુધી તો ન પીઈએ.

ત્યારે ગમે તેવી કિંમતી, સુન્દર અને મહા મુશીબતે મેળવેલી પણ વસ્તુ, જીન્દગીમાં ફરી ન મળે એવી પણ વસ્તુ, ઝેર રૂપ લાગી ગયા પછીથી ન વપરાય તેમાં નવાઈ છે ?

સ૦ નાજી.

કોઇ એમ કહે કે–' ઓહો, તમે તો ઘણું મહાભારત કામ કર્યું : આવી અમૂલ્ય પણ વસ્તુને છોડી દીધી ! '–તો તમે એને શું કહો ?

સ૦ નવાઈ શી કરી ? ઝેર પડ્યું હતું માટે છોડી છે. પીઉં તો જીવું નહિ ને ?

હવે આ વસ્તુને આપણી ચાલુ વાતમાં વિચારી જૂઓ. વિષયો જેને વિષ કરતાં પણ ભૂંડા લાગ્યા છે, એવા પુણ્યાત્માઓ કારમી પણ આફતોને આનંદથી સહી લે, તો એમાં એમના જેવાને માટે બહુ નવાઈ પામવા જેવું નથી. આમ છતાં પણ, આપણામાં એવું સત્ત્વ પ્રગટ થાય, એ વિગેરે હેતુઓથી એવા સત્ત્વશાલી પુણ્યાત્માઓએ સામાની ઘણી બળજબરી છતાં સત્ત્વ બતાવ્યું, તેની પ્રશંસા જરૂર કરવી જોઈએ.

ખરી વાત તો એ છે કે–વિષયો વિષ જેવા લાગવા, એ જ બહુ મુશ્કેલ છે.

સ૦ વિષયો વિષ જેવા કેમ ન લાગે ?

આત્મા એટલો વધારે મલિન છે, એમ માનવું પડે.

સ૦ ઉપદેશની અસર કેમ ન થાય ?

ઉપદેશની અસર પણ યોગ્ય આત્માઓ ઉપર જ થાય છે. અનન્તા શ્રી તીર્થંકરદેવો ઉપદેશ દે, પણ જે આત્માઓ દુર્ભવ્ય હોય, અભવ્ય હોય, તેમને વિષયો વિષ જેવા ન લાગે તે સ્વાભાવિક છે. એ તો એવું કે-સો તારી વાત, પણ મારૂં એક ઉંહું. એને ગળે જ એ વાત ઉતરે નહિ. અભવ્ય કે દુર્ભવ્ય આત્માઓને પ્રબોધવાની તાકાત અનન્તજ્ઞાનિઓમાં પણ નથી. તાકાત ઘણી, પણ કરે શું? પેલામાં યોગ્યતા જોઈએ ને? હિતકર ઉપદેશનું સુન્દર પરિણામ ક્યારે આવે? શ્રોતામાં લાયકાત હોય તો! શ્રોતા નાલાયક હોય, તો ગમે તેવો સમર્થ ઉપદેશક પણ તેને માટે નકામો નિવડે. તથાપ્રકારની કર્મલઘુતા થયા વિના વિષયો વિષ જેવા લાગતા નથી. ગુરૂકર્મી આત્માઓને તો વિષયોમાં જ આનન્દ આવે છે. આથી જ પહેલી વાત એ કહેવાય છે કે-વિષયો વિષ જેવા હોવા છતાં પણ, દુનિયાના જીવોને વિષયો વિષ જેવા લાગવા, એ જ મુશ્કેલ છે. વિષયો વિષ જેવા લાગ્યા પછીથી, તેને છોડવા એ એટલું મુશ્કેલ કામ નથી. સત્ત્વશીલ આત્માઓને માટે સંયમ પાળવું એ મુશ્કેલ નથી, પણ સંયમ પાળવા જેવું છે એમ લાગવું એ મુશ્કેલ છે. શું તમે મુશ્કેલી વેઠી શકતા નથી? તમને જેની જેની જરૂર લાગી છે, તે તે મેળવવાને માટે શું તમે ઓછી મુશ્કેલી વેઠો છો? પછી તો મુશ્કેલી મુશ્કેલી લાગતી નથી. અર્થિપણાની તીવ્રતાનો વેગ જેમ વધારે, તેમ મુશ્કેલી મુશ્કેલી ન લાગે. સહેવું એ બહુ મુશ્કેલ નથી. સહવામાં કલ્યાણ છે-એમ લાગવું તે વધારે મુશ્કેલ છે. વિષયો વિષ જેવા છે-એમ બરાબર લાગી જાય, તો વિષયોનો ત્યાગ એ બહુ મુશ્કેલ નથી. જો કે-વિષયો વિષ જેવા છે એમ લાગવા છતાં પણ, સત્ત્વની અલ્પતા આદિના યોગે આત્મા વિષયોને તજી ન શકે એ શકય છે, પણ એનું ધ્યેય તો એ જ હોય. એનો વિષયવિરાગ તો જીવંત જ હોય. માટે તો આપણે કહી આવ્યા કે-"આત્માનું કલ્યાણ સાધવાને માટે સૌથી પહેલાં પૌદ્ગલિક અનુકૂળતાનું અર્થિપણું જવું જોઈએ અને મોક્ષનું અર્થિપણું પ્રગટવું જોઈએ." પૌદ્ગલિક અનુકૂળતાનું અર્થિપણું

નીકળી જાય અને મોક્ષનું વાસ્તવિક અર્થિપણું પ્રગટે, એટલે મોક્ષ-પ્રાપ્તિને માટે શક્ય પ્રયત્નો કરવાની વૃત્તિ આવ્યા વિના રહે જ નહિ.

ચેતનનું અને જડનું વાસ્તવિક સ્વરૂપ જેના હૃદયમાં પરિણમી જાય, તે ઉપસર્ગોમાં અડગ રહે એમાં બહુ નવાઈ પામવા જેવું નથી. જો એવા આત્માઓ પણ ચલિત થઈ જાય, તો પછી અચલ રહે કોણ? એ મહાપુરૂષોની મહત્તા ઘટાડવાને માટે આ ચર્ચા નથી. આ ચર્ચાનો હેતુ જૂદો છે. આપણને એ બધામાં કેમ બહુ નવાઈ લાગે છે, એ જ ખાસ વિચારવું છે. આપણને એમ થવું જોઈએ કે-'આપણે પણ એમના જેવું કેમ ન કરી શકીએ?' અભયાએ ઘણા ઘણા પ્રયત્નો કર્યા, પણ શ્રી સુદર્શનનું એક રૂંવાડુંય ન ફરક્યું. અંગથી અંગ લગાડે, અંગસ્પર્શ દ્વારા પણ નિર્લજ્જ કામચેષ્ટાઓ કરે, છતાં શ્રી સુદર્શન કાયોત્સર્ગમાં સ્થિર રહે, એ ઓછી વાત છે? એવા સંયોગોમાં શ્રી સુદર્શન જેવા જ ટંક! પણ એથી-'આપણાથી કાંઈ ન બને'-એવો નિર્ણય નહિ કરતા. આવી વાતો આવે, ત્યારે 'ડુંગર દૂરથી રળીયામણા'ની જેમ એની અસરથી દૂર ન રહો.

શ્રી શાલિભદ્રજી ઓછા કોમળ હતા? શ્રી શ્રેણિકના ખોળામાં જરા બેઠા, ત્યાં તો પરસેવાથી રેબઝેબ થઈ ગયા. સાહ્યબીનો પાર જ નહિ. આજ્ઞા ઉઠાવવાને અનેકો હાજર. ભોગની સામગ્રીમાં ખામી નહિ. એ જ શ્રી શાલિભદ્રજી જ્યારે ભોગને લાત મારે છે, પછી કેવા બની જાય છે? ભોગના ત્યાગ માટે તત્પર બન્યા પછી જીવન કેટલું ફરી જાય છે? સાતમી મેડીએ રહેનાર કોમળ કાયાવાળા શ્રી શાલિ-ભદ્રજી ઉઘાડે પગે વિહાર કરે, ટાઢ-તડકો સહે, અનેક પ્રકારની પ્રતિકૂળતાઓને વેઠે અને તે છતાં પણ પહેલાં કરતાં વધારે આનન્દમાં રહે! આ બળ આવ્યું ક્યાંથી? શું કાયા ફરી ગઈ? નહિ જ. કહો કે-વિષયો વિષ જેવા લાગ્યા અને આજ્ઞાની આરાધનાનો અપૂર્વ ઉલ્લાસ જાગ્યો, માટે એ કોમળ પણ શ્રી શાલિભદ્રજી, સંયમની સાધનામાં કઠોર બની શક્યા. આપણામાં પણ જો એ દશા આવી જાય, તો આપણે પણ સામગ્રી મુજબ ઘણું ઘણું કરી શકીએ.

તમે શું સંયમનું કષ્ટ વેઠી શકો તેમ નથી ? વિચારી જૂઓ કે-તમે અહીં નથી આવતા, તે વેઠી શકો તેમ નથી માટે નથી આવતા કે આવવું ગમતું નથી માટે નથી આવતા ? જ્યાં તમે બેઠા છો ત્યાં સળગી રહ્યા છો, એમ તમને લાગે છે ? સંસારમાં તમે ન છૂટકે રહ્યા છો, એમ કહેવાને તમે તૈયાર છો ? તમે સંસારની સાધનાને માટે જે સહો છો, તે જો વિચારો તો ઓછું નથી સહતા એમ લાગે : અને એથી જ કહેવું પડે છે કે-તમારો આત્મા જેવો ત્યાં ઢળે છે, તેવો જો આ તરફ ઢળે, આજ્ઞાની આરાધના તરફ ઢળે, તો આજે જેટલું સત્ત્વ છે, એટલામાં પણ કમાલ કરી શકાય. ' અરે રે, સંયમ ? કેમ બને ? '-આવું આજે જે બોલાય છે, તેનું ખરૂં મૂળ આ છે. કરવા જેવું લાગે છતાં કરી ન શકે એમ ન બને એમ નહિ : પરન્તુ તમે વિચારી જૂઓ કે-' તમે કેવળ અશક્ત છો માટે જ સંયમ નથી ગ્રહણ કરતા ? તમારો આત્મા સંયમી જીવન જીવી શકતો નથી, એથી બળ્યા કરે છે ? ' તમે જાતે જ તમારો ન્યાય કરો. એના યોગે તમને જો એમ લાગે કે-શુદ્ધ સંયમની અભિરૂચિ નથી તો તે કેળવો અને અભિરૂચિ હોય તો સત્ત્વને ખીલવવાનો પ્રયત્ન કરો. ડરપોક કે હતાશ જેવા બની જઈને સત્ત્વને દબાવો નહિ, પણ ખીલવો !

શ્રી સુદર્શનને માટે અભયા રાણી નિષ્ફળ નિવડી, એ વસ્તુ કમ કિંમતી નથી : પણ વાત એ છે કે-વિષયો જો વિષ જેવા લાગી જાય અને સત્ત્વ કેળવાય, તો જ એમ બની શકે. શ્રી સુદર્શન જે કરી શક્યા, તે શાથી કરી શક્યા, એ વિચારો ! ઘરમાં દેવાંગના જેવી સ્ત્રી હોય, આગ્રહથી પીરસતી હોય, ભોજન રસવાળું હોય અને ખૂબ મોજથી ખવાતું હોય : પણ બરાબર એ જ વખતે ખબર આવે કે-' પેઢી ઉડી ! '-તો ?

સ૦ રસ ઉડી જાય.

કેમ ? સામગ્રી મૌજૂદ છે, ખાવાની ભૂખ છે, ખાદ્ય પદાર્થો સ્વાદિષ્ટ છે, દેવાંગના જેવી સ્ત્રીનો આગ્રહ છે, છતાં રસ ઉડી ગયો,

એનું કારણ વિચારો. પેઢી ઉડવાની ખબર મળતાંની સાથે જ ક્ષણ પહેલાંનો અપૂર્વ આનન્દ ઉડે અને શોકસાગર રેલે. એ જ રીતિએ, અનન્તજ્ઞાનિઓના કહેવાથી જેઓ વિષયોપભોગના પરિણામ રૂપ શોકની પરંપરાને દેખે, તેને ગમે તેવા વિષયો પણ મુંઝવે? નહિ જ: પણ આજે મોટા વર્ગની એ દશા છે કે-જ્ઞાનિઓના કહેવા મુજબની અનન્તી ભવપરંપરા દેખાતી નથી અને એથી જ વિષયો તરફ ધસ્યા જવાય છે!

એના જ યોગે, ઇન્દ્રિયોની સ્વચ્છન્દતા ટળતી નથી. રસ્તે ચાલતાં પણ કોડા જેવી આંખો આમ-તેમ ભમ્યા કરે છે. જરાક સ્વાદવાળી વસ્તુ દેખી કે-મોંઢામાં પાણી છૂટે છે. આ દશાવાળાને શું વિષયો વિષ જેવા લાગ્યા છે? રસ્તે ચાલતાં આડું-અવળું જોયા કરવું નહિ, નીચી દૃષ્ટિએ ચાલવું, કોઈ પણ ચેતન કે જડ વસ્તુ તરફ કુદૃષ્ટિ કરવી નહિ, આટલું ય સત્ત્વ આજે રૂપાળાં કપડાંવાળાઓમાં પ્રાયઃ દેખાતું નથી. એમાં પણ સત્ત્વ જોઈએ છે. દુનિયાના વિષયો તરફ આંખને લોભાવા ન દેવી, એ પણ આજે મહાસત્ત્વનું કાર્ય ગણાય છે! એ સત્ત્વ તમારામાં નથી જ, એમ હું નથી કહેતો: કારણ કે-એમ તમારે માટે મારાથી બોલાય જ કેમ? પણ પ્રતિજ્ઞા લેવા તૈયાર થાવ તો માલૂમ પડે. બાકી દુનિયામાં કહેવાય છે કે-'મીયાની ભેંસને ડોબું ન કહેવાય'-એવી આજે મોટા ભાગે દશા છે. ખરી મુસ્કેલી એ જ છે કે-વિષયો હજુ ભૂંડા લાગતા નથી. વિષયો વિષ જેવા છે-એમ જો બરાબર લાગી જાય, તો પછીનું કાર્ય બહુ સહેલું છે.

સામાન્ય પ્રતિકૂળ પ્રસંગમાં પણ આત્મા જ્યારે ટકી ન શકે, ત્યારે એમ થાય કે-'હજુ માર્ગ ઉપર જેવી જોઈએ તેવી પ્રતીતિ નથી.' જો માર્ગ ઉપર વાસ્તવિક પ્રકારની પ્રતીતિ હોય, તો બની શકે એવી વાતમાં પણ ઢીલાશ કેમ હોય? માર્ગ ઉપર જો વાસ્તવિક પ્રકારની પ્રતીતિ થઈ જાય, તો ગમે તેવા મધુર ભોજન વખતે ય આત્મભાન ભૂલો કેમ બને? જ્ઞાનિઓએ આજ્ઞા કરી કે-'સર્પ જેમ

દરમાં પેસે તેમ આહારને ગળે ઉતારવો.' સર્પનું દર જોયું છે? એના શરીર જેટલું હોય. ત્યાં એ વાંકો-ચૂકો ચાલે નહિ. જરા વાંકો થાય કે અંગ ઘસાય. એમ આહાર ગળે ઉતરી જવો જોઈએ. વાત એ કે-વચ્ચે આ દલાલણને (જીભને) રાજી થવા દેવી નહિ. પેટ ભર્યા વિના ન ચાલે, પણ આને (જીભને) રમાડયા વિના તો ચાલે ને? જીભને રમાડો નહિ તો જીવન ટકે નહિ, એમ કહી શકશો? પણ નહિ, પેટ માટે જે મહેનત થાય છે, તેના કરતાં કેઈ ગુણી વધારે મહેનત જીભને રાજી રાખવાને માટે થાય છે. રસના જ્ઞાનિઓ કહે છે તેવી ભયંકર પ્રતીત નથી થતી, તેનું એ પરિણામ છે. તમે મિષ્ટાન્ન ખાવ કે લુખ્ખો-સુક્કો આહાર ખાવ, પણ પેટને કિંમત સરખી છે. પેટને તો પચે અને પોષણ આપે એટલો ભાર જોઇએ છે. બાકી તો બધા જીભને માટેનાં તોફાનો છે. એ દલાલણને રીઝવ્યા વિના ખાવું એ તમારાથી બને? ધારો તો બને એવું છે!' એવું તો કોઈથી ન બને. ગમે તે હોય, પણ એને રસ આવ્યા વિના રહે નહિ. ખાવું ને રસ ન આવવા દેવો એ થાય નહિ.'-આવું આવું કહેવું, એ તો મીઠા શબ્દોમાં અશ્રદ્ધાને છૂપાવવાનું એક નાટક જ છે.

અનન્તજ્ઞાનિઓએ પ્રરૂપેલા માર્ગ ઉપર જો વાસ્તવિક કોટિની પ્રતિતી થઈ જાય, તો વિષયોથી ન મુંઝાવું એ મુશ્કેલ નથી. વિષયો પ્રત્યે ખીંચાવાથી આવતું અનિષ્ટ, જે જ્ઞાનિઓએ સ્પષ્ટપણે દર્શાવ્યું છે, તે જો બરાબર હૈયે બેસી જાય, તો ગમે તેવા વિષયોની સામગ્રી સામે પણ અક્કડ અને અણુનમ રહેવાની સત્ત્વશીલતા આત્મા કેળવી શકે છે. મહાપુરૂષોએ કારમી આફતો વેઠી અને મનને મલિન થવા દીધું નહિ, એ પ્રતાપ મુખ્યત્વે માર્ગ ઉપરની પ્રતીતિનો છે. શ્રી સુદર્શનમાં માર્ગ ઉપર કેટલી જબ્બર પ્રતીતિ હશે, એ ખૂબ વિચારો. તમને લાગશે કે-એ વિના આવું જીવન જીવી શકાય નહિ. કપિલાથી ન ખીંચાયા એ મોટી વાત નથી, પણ પછી જે પ્રતિજ્ઞા કરી કે-'હવેથી એકલા પરગૃહમાં જવું નહિ.'-એ સામાન્ય વાત નથી. વિષયો કેટલા ભૂંડા લાગ્યા હોય, તો આવી પ્રતિજ્ઞા કરવાનું સુઝે?

માર્ગની પ્રતીતિ અને સાથે સત્ત્વશીલતા, આ બે એવી વસ્તુઓ છે કે–આત્માને ઘણા કારમા પ્રસંગોમાં પણ અચલ રાખી શકે છે અને એ જ મહાપુરૂષોની મોટામાં મોટી લાયકાત છે. જેણે આત્માનું કલ્યાણ સાધવું હોય, તેણે માર્ગની પ્રતીતિ અને સત્ત્વશીલતા,–આ બે બરાબર કેળવવાં જોઇએ : પણ માર્ગની પ્રતીતિ થઈ જાય તો જ સત્ત્વશીલતા કામની છે : બાકી તો તે ભયંકર જ છે !

શ્રી સુદર્શનની સત્ત્વશીલતા તત્ત્વપ્રતીતિ પૂર્વકની છે, માટે જ સદાચારના આદર્શની તેમના જીવનમાંથી ઝાંખી મળી રહે છે. હજુ આગળ જોવા જેવું છે. શ્રી સુદર્શનનો સદાચાર માત્ર શીલ પૂરતો જ છે, એમ પણ નથી.

રાણી અભયાએ જ્યાં અંગસ્પર્શાદિ જેવી ભયંકર કુટિલતા આદરી, એટલે શ્રી સુદર્શને મનમાં પ્રતિજ્ઞા કરી દીધી કે–'જ્યાં સુધી આ ઉપસર્ગ ટળે નહિ, ત્યાં સુધી મારે કાયોત્સર્ગ જ હો ! ઉપસર્ગ ન ટળે તો મારે અનશન હો !'

આ પ્રતિજ્ઞાપૂર્વક શ્રી સુદર્શન ધર્મધ્યાનમાં સુસ્થિર બન્યા. અભયાની કનડગત તો ચાલુ જ હતી.

જ્યારે અનુકૂળ ઉપસર્ગોથી શ્રી સુદર્શન જરાય ચલિત ન થયા, એટલે અભયાએ ધમકી આપવા માંડી. તેણે સાફ સાફ શબ્દોમાં કહી દીધું કે–'કાં તો મને વશ થા, નહિ તો યમને વશ થવું પડશે. મારી અવગણના ન કર ! મારી અવગણના કરીને મને વશ ન થયો, તો સમજ કે–હવે તારૂં મોત જ થવાનું છે !'

પરન્તુ શ્રી સુદર્શન ઉપર તો અભયાની આ ધમકીની પણ અસર ન થઇ. શ્રી સુદર્શન વગર મોતે મરવા નહોતા ઇચ્છતા, પણ પણ શ્રી સુદર્શનમાં જીવનનો લોભેય એવો નહિ હતો, કે જેથી તે જીવતરને વહાલું કરીને સદાચારને મૂકે.

આમ લગભગ આખી રાત્રિ વ્યતીત થઈ ગઈ. અભયાએ જોયું કે–'હવે સમય ખોવા જેવો નથી.' અભયાને મુંઝવણ થઈ. પોતાની ધારણા તો પાર પડી નહિ, પણ પોતાને માથે આફત

આવે તેનું શું થાય? રાજાને જો ખબર પડે કે-'રાણીએ આ રીતિએ સુદર્શનને ઉપાડી મંગાવ્યો અને અત્યાચાર ગુજાર્યો.'-તો રાણીની કારમી દુર્દશા જ થાય ને? અભયા રાણીનું આ કામ એવું હતું કે-જો બીજા જાણી જાય, તો રાણીથી જીવાય નહિ! પણ દુષ્ટ આત્માઓ જ્યારે દુષ્ટતા આદરવા માંડે છે, ત્યારે એ ક્યાં જઈને અટકશે એ કહી શકાતું નથી. સજ્જનો પોતાના ભોગે બીજાને બચાવી લે છે અને દુર્જનો પારકાને ભોગે પોતાને બચાવી લેવાનો પ્રયત્ન કરે છે. સજ્જનનું ગમે તેવું ભૂંડું થાય, એની દુર્જનને ચિન્તા હોતી નથી. સજ્જનને ખરાબ કરવાથી સન્માર્ગ વગોવાશે, એનીય દુર્જનોને દરકાર હોતી નથી. એ તો પોતાનો બચાવ થાય તેમ છે કે નહિ, એટલું જ જૂએ!

અભયાએ નક્કી કર્યું કે-'શ્રી સુદર્શનને કલંકિત ઠરાવવા!' શ્રી સુદર્શન દોષિત ઠરે, તો જ અભયાનો દોષ ઢંકાય ને? પણ એમ ને એમ તો કોઈ માને નહિ; એટલે અભયા જ્યારે બધી રીતિએ નિષ્ફળ નિવડી, ત્યારે તેણે પોતાના જ હાથે, પોતાના જ નખોથી પોતાના શરીર ઉપર વલુરા ભર્યા. આ પછીથી, 'અહીં કોઈ મારા ઉપર બલાત્કાર કરવાને માટે આવ્યો છે'-એવી મોટેથી બૂમો પાડવા માંડી.

આમાં જરાય આશ્ચર્ય પામવા જેવું નથી. બીચારા દુર્જનો સજ્જનોને શિરે તેમનાં કલંકોને ન ઓઢાડે, તો તે જીવે પણ શી રીતિએ? સજ્જનોને ખરાબ કરવાને માટે દુર્જનો જેટલું ન કરે તેટલું ઓછું. દુર્જનો જ્યારે સજ્જનોની સામે ફાવી શકતા નથી, ત્યારે સજ્જનોના માથે કલંક ઓઢાડ્યા વિના તેઓ રહી શકતા નથી. પોતાનું પાપ છૂપાવવાને માટે, દુર્જનો, તે પાપને સજ્જનોના નામે ચઢાવી દેવાનો, બને તેટલો કૂટ પ્રયત્ન કરે છે. આજે પણ એવા ઘણા દુર્જનો છે, કે જે સજ્જનો ઉપર તદ્દન ખોટાં અને કલ્પિત કલંકો ઓઢાડી દેવાનો જાણે ધંધો જ લઈ બેઠા છે: કારણ કે-સજ્જનો પાસેથી તેઓ તેમના પાપનું પોષણ મેળવી શકતા

નથી. અભયા પણ એ જ માર્ગ લે છે. બલાત્કારનો સઘળો પ્રયત્ન પોતે જ કર્યો છે, તે છતાં પણ પોતાનું પાપ છૂપાવવાને માટે અને શ્રી સુદર્શને તેની પાપયાચનાનો સ્વીકાર ન કર્યો એથી તેનું વેર લેવાને માટે, અભયા બૂમો એવા પ્રકારની પાડે છે કે જેથી શ્રી સુદર્શન બલાત્કાર કરનારા ઠરે.

અભયાની બૂમો સાંભળીને નોકરો ત્યાં દોડી આવે છે, પણ આવીને જૂએ તો શ્રી સુદર્શન કાયોત્સર્ગમાં સ્થિત છે! નોકરો શ્રી સુદર્શનને પકડવાની હિંમત કરી શકતા નથી.

રાણી રાડો પાડે છે, છતાં પણ રાજ્યના નોકરોને એમ થાય છે કે–'સુદર્શનમાં આ સંભવે નહિ!'

કેટલી સરસ છાપ હશે?

નોકરો જઇને રાજાને ખબર આપે છે.

હવે ખૂદ રાજા આવે છે. રાજા આવીને રાણીને પૂછે છે કે–"શું છે?"

અભયા કહે છે કે–"હું અહીં બેઠી હતી, એટલામાં પીશાચ જેવા આને અકસ્માત્ અહીં આવેલો મેં જોયો. પાડાની જેમ ઉન્મત્ત બનેલા કામવ્યસની એવા આ પાપિએ, કામક્રીડા માટે, અનેક પ્રકારે નમ્રતાભરી આજીજી કરી, પણ મેં એને ધુતકારી કાઢ્યો. મેં તેને કહ્યું કે–'તું અસતીની જેમ સતીને ઇચ્છ નહિ. ચણાની જેમ કાંઈ મરચાં ચવાય નહિ.' પણ મારૂં કહ્યું એણે માન્યું નહિ અને બલાત્કારથી તેણે મને આમ કર્યું."

આ પ્રમાણે કહીને અભયાએ પેલા પોતાના જ હાથે કરેલા વલુરા રાજાને બતાવ્યા અને છેવટે કહ્યું કે–"એથી મેં બૂમે પાડી, કારણ કે–અબલા બીજું કરે પણ શું?"

કહો, રાણીએ કહેવામાં જરાય બાકી રાખ્યું છે? ખરેખર, દુર્જન આત્માઓ તો સજ્જનોને ન સંતાપે, એ જ આશ્ચર્ય ગણાય!

રાણીએ આ પ્રમાણે કહ્યું તે છતાં પણ, રાજાને વિચાર થાય છે કે–'સુદર્શન માટે આ સંભવે નહિ.'

વિચાર કરો કે-રાજાને આ વિચાર કયી જગ્યાએ આવે છે? કયા સંયોગોમાં આવે છે?

શ્રી સુદર્શનને અન્તઃપુરમાં ઉભેલા જૂએ છે અને ખૂદ પોતાની રાણી આરોપ મૂકે છે. રાણી કહે છે કે-'આણે મારા ઉપર જૂલ્મ ગુજાર્યો.' અને જૂલ્મ ગુજાર્યો હોય તેવાં ચિન્હો પણ રાજા જૂએ છે! અન્તઃપુર જેવું સ્થળ, સુદર્શન ખૂદ હાજર, રાણી આરોપ મૂકે અને દાર્શનિક પૂરાવામાં જરાય ખામી લાગે નહિ તેવાં ચિન્હો! છતાં રાજા વિચારે છે કે-'સુદર્શન માટે આ સંભવિત નથી!'

આ કયી ખ્યાતિ? આ કયા પ્રકારનું જીવન?

રાણી પોતે ચિન્હો દર્શાવીને કહે છે કે-'આણે આ જૂલ્મ ગુજાર્યો છે.'-છતાં એ જ રાણીની હાજરીમાં રાજા શ્રી સુદર્શનને કહે છે કે-'આ શું છે? જે હોય તે સાચું કહે.'

શ્રી સુદર્શન તો કાયોત્સર્ગમાં જ સ્થિત છે. રાજા વારંવાર પૂછે છે, પણ શ્રી સુદર્શન કાંઇ જ બોલતા નથી.

રાણીના દેખતાં રાજા આમ વારંવાર પૂછે-એનો અર્થ શો થાય, એ શું રાણી નહિ સમજતી હોય? સમજે, પણ કરે શું? શ્રી સુદર્શનની ખ્યાતિ સામાન્ય કોટિની નથી. જીવન બનાવટી હોય, તો આવી ખ્યાતિ પ્રાપ્ત થાય, એમ લાગે છે?

હવે તે વખતે શ્રી સુદર્શન, આજના કેટલાકો કહે છે તેમ, જો નગ્ન સત્ય બોલે, તો શું થાય? જે કાંઈ બન્યું છે તે અક્ષરે અક્ષર સાચેસાચું કહી દે, તો શું થાય? આ પણ ખાસ વિચારવા જેવું છે. અહીં ધર્મ કેમ જાળવવો, એ વિચારો! અનુકૂળતાના અર્થિથી સદાચારને જેવો જોઈએ તેવો જાળવી શકાતો નથી, એ આપણો મુદ્દો છે.

શ્રી સુદર્શન સમજે છે કે-'હું બીનગૂન્હેગાર છું, પણ જો હું સાચી હકીકત કહી દઉં તો રાણીનું શું થાય? જે આફત મને ઇષ્ટ નથી, તે આફત રાણી ઉપર આવે. રાણીનો ફીટકાર થાય, એની ફજેતીનો પાર ન રહે અને કદાચ એને શૂળીએ પણ લટકવું પડે!'

શ્રી સુદર્શન જો ન બોલે તો એ આફત શ્રી સુદર્શનને વેઠવી પડે તેમ છે અને બોલે તો એ આફત રાણીને વેઠવી પડે તેમ છે!

શ્રી સુદર્શન વિચાર કરે છે કે–'આ આફત હું વેઠી લઉં, એમાં મારું ધર્મિપણું કે આ આફત રાણીને માથે મારા સાચા પણ બોલવાથી જાય, એમાં મારું ધર્મિપણું?'

અહીં અહિંસાનો વિચાર છે. અહિંસાપાલન, એ સદાચાર ખરો કે નહિ? ખરો, તો હિંસા એ અનાચાર ને? અહિંસાપાલન રૂપ સદાચાર ક્યારે જાળવી શકાય? આ સ્થાને અનુકૂળતાનો અર્થી હોય, તો તે શું કરે?

તમારી જાતને ઘડીભર એ સ્થિતિમાં કલ્પી લો. માની લો કે–તમે આવા પરમ શીલવાળા છો, કસોટીના આવા પ્રસંગમાં મૂકાવા છતાં પણ ચલિત થયા નથી અને તમારે માથે આવો તદ્દન ખોટો આરોપ આવ્યો છે! એવા સમયે તમે શું કરો?

અભયાના ઉપસર્ગો સામે મક્કમ રહેવું–એ જેટલું મુશ્કેલ હતું, એના કરતાં પણ હવે મૌન રહેવું અને આફત ઉભી કરનારી તથા કલંક દેનારીને બચાવી લેવાને તત્પર બનવું, એ વધારે મુશ્કેલ છે!

મૌન રહેવામાં ઓછું જોખમ છે? જીવનભરમાં મેળવેલી સદાચારી તરીકેની આબરૂ ક્ષણમાં રગદોળાઈ જાય! લોક દંભી કહે! અત્યાર સુધી સદાચારી તરીકેનો ઢોંગ કરતો હતો, એમ પણ કહે! ફજેતી અને ફીટકારમાં કમીના રહે નહિ! શ્રી સુદર્શનની ખ્યાતિ એવી છે કે–લોક એકદમ આવું ન માને, પણ શંકામાં તો ગુંચવાય ને? મૌન રહેવામાં માત્ર આબરૂ રગદોળાઈ જવાનો જ સંભવ છે, એમ નથી: મૌન રહેવામાં માત્ર ફજેતીનો જ સંભવ છે, એમ પણ નથી: પણ મૌન રહેવાના પરિણામે શૂળી મળશે, એ વાત પણ નિશ્ચિત છે!

મૌન રહેવામાં આટલું બધું જોખમ છે અને સાચું બોલવામાં? શ્રી સુદર્શન જે કહે તેને સાચું માનવાને રાજા તૈયાર છે! પરિણામે રાજા કદાચ રાણીને મારી પણ નાખે, તોય લોક શ્રી સુદર્શનને દોષ

દે નહિ! ઉલ્ટો બચાવ કરે!! કહે કે-'એમાં શ્રી સુદર્શને શું ખોટું કર્યું છે? વળી એણે તો રાજાએ પૂછ્યું એટલે જ, જે હતું તે કહ્યું છે: કાંઈ એમ ને એમ કહ્યું નથી.' શ્રી સુદર્શનનો લોક તો કાંઈ વાંક ન કાઢત: વધારામાં ફીટકારને બદલે ધન્યવાદ મળત! લોકમાં શ્રી સુદર્શન સાચી વાત કહે તો આટલો બધો લાભ સ્પષ્ટ છે, જ્યારે સાચી વાત કહેવાથી લૌકિક દૃષ્ટિએ નુકશાન નહિ જેવું જ છે ને? સાચી વાત કહેવામાં વધુમાં વધુ નુકશાન કેટલું?

સ૦ રાણી મરી જાય.

એ તો કહી શકાય ને કે-'જે ગૂન્હો કરે તેને સજા થાય! એને એના પાપે મારી. આપણે શું કરીએ?'

આ સ્થાને આજના નગ્ન સત્યવાદિઓ શું કરવાનું કહે? સદાચાર, એ કોઈ સામાન્ય વસ્તુ નથી. સદાચારનું પાલન કરવું અને દુનિયાદારીના અર્થી બન્યા રહેવું, પૌદ્ગલિક અનુકૂળતાના અર્થી બન્યા રહેવું, એ બને નહિ: અનુકૂળતાનું અર્થિપણું તો સદાચારથી પાડે અને દુરાચારમાં જોડે. શ્રી જિનેશ્વરદેવના શાસનને જે પામેલો હોય, એ કારણે પૌદ્ગલિક અનુકૂળતાનો જે અર્થી ન હોય અને ધર્મપાલન એ જ જેને મન સર્વસ્વ હોય, તે જ આવા કટોકટીના પ્રસંગે-'શું કરણીય અને શું અકરણીય'-તેનો વાસ્તવિક કોટિનો નિર્ણય કરી શકે છે અને તેવો જ આત્મા આવા પ્રસંગે ધર્મને ચૂકતો નથી.

શ્રી સુદર્શન અભયા રાણીનું નામ દેવા ધારત, તો દઇ શકે તેમ હતા. પોતે અભયાનું નામ દે, તો એ માટે એમના બચાવની અનેક બારીઓ હતી. અભયા જ પૂરેપૂરી ગૂન્હેગાર હતી અને શ્રી સુદર્શન સાવ નિર્દોષ હતા. આખીય રાત અભયાએ શ્રી સુદર્શનને સંતાપ્યા હતા. શ્રી સુદર્શનને ધ્યાનમાંથી ચળાવવાનો પ્રયત્ન કરવામાં અભયાએ કમીના રાખી નહોતી. શ્રી સુદર્શનને શીલથી ભ્રષ્ટ કરવાને માટે અભયાએ એનાથી શક્ય એટલું બધું જ કર્યું હતું. લાલચ બતાવી, કરગરી, કુટીલતા વાપરી અને ધમકી પણ આપી. આટલો સીતમ ગુજાર્યા પછી પણ અભયાએ શ્રી સુદર્શનને કલંકિત તરીકે

જાહેર કર્યા. શ્રી સુદર્શન પ્રાણદંડની શિક્ષા પામે, એવું કલંક મૂક્યું. આમ છતાં પણ શ્રી સુદર્શન મૌન જ રહે છે. રાજા પૂછે છે, વારંવાર પૂછે છે, છતાં મૌન રહે છે. સદાચાર જીવનમાં કેટલો ઓતપ્રોત થઈ ગયો હશે, એ વિચારી જૂઓ. શ્રી સુદર્શને એવા સંયોગોમાં અભયા ઉપર કૃપા બતાવી છે કે-એ સંયોગોનો જેમ જેમ તમે વિચાર કરશો, તેમ તેમ તમને લાગશે કે-આત્મા જયાં સુધી વાસ્તવિક રીતિએ અનુકૂળતાનો અનર્થી ન બને, ત્યાં સુધી તો તે આ જાતિની સદાચારિતાને સેવી શકે જ નહિ. માર્ગની વાસ્તવિક પ્રતીતિ અને સત્ત્વશીલતા જો ન હોય, તો આવા સંયોગોમાં આત્મા પોતાના સદાચારને સ્હેજે દોષ લગાડયા વિના રહી શકે નહિ.

શ્રી સુદર્શન અભયાની કુટીલતા રાજાને જણાવી દે, તો તો બચી જાય એમ હતું. શ્રી સુદર્શન અભયાનું નામ દઇને, પોતાની જાતને બચાવી લીધા પછીથી, જો ધારે તો એવો પણ બચાવ કરી શકે તેમ હતું કે-"મારે તો અભયાનું નામ દેવું જ નહિ હતું. રાજાએ પૂછ્યું પણ હું ચૂપ રહેત. રાજા બહુ બહુ તો મને શું કરત? શૂલીએ ચઢાવવાની શિક્ષા કરત, એટલું જ ને? એમાં મોટી વાત શી હતી? મરવાનું તો વહેલું કે મોડું છે જ; એમાં ડરવા જેવું કાંઈ હતુંય નહિ અને છેય નહિ. આપણા ભોગે જ જો એક જીવ ઉપર કૃપા થઈ શકે તેમ હોય, આપણું મૃત્યુ જ જો એક જીવને બચાવી શકતું હોય, તો એ મૃત્યુને પણ વધાવી લેવાય: એટલે હું તો મરવા તૈયાર હતો: વળી લોક પાછળ શું બોલશે એની ય ચિન્તા શી? લોકને ફાવે તેમ બોલે. આપણે નિર્દોષ હતા, તો લોકના બોલ્યે પાપી ન ઠરી જાત! પણ મારે તો અભયાનું નામ એટલા જ ખાતર દેવું પડયું કે-મારા યોગે પ્રભુશાસનની નિન્દા થવા પામે નહિ. મને લાગ્યું કે-હું જો અત્યારે એક મહાદોષિત ઉપર કૃપા કરવા રહીશ, તો મારા નામે શાસન નિન્દાશે! અજ્ઞાન લોક શાસન માટે જેમ-તેમ બોલશે. રાજા ફરી આવા ધર્મપર્વના પ્રસંગે કોઈ ધર્માત્માને ધર્મની આરાધના કરવાની અનુકૂળતા જોઈતી હશે તો નહિ આપે.

એમ કહેવાશે કે-જૈનો એવા લુચ્ચા છે કે-ધર્મના બહાને રજા મેળવી, પાછળ એકલા રહી, રાણીવાસમાં પણ ઘૂસી જાય છે! શાસનની આવી બદનામી થાય, તે કેમ સહાય? એક સારામાં સારા ધર્મી તરીકેની મારી છાપ રહી, એટલે જો હું મૂંગો રહીને અભયાને બચાવવા જાઉં, તો હું મરૂં, શાસન નિન્દાય અને બચાવ ત્યારે એક કુલટાનો થાય! આ કારણસર જ મારે અભયાનું નામ દેવું પડયું. બાકી હું જીન્દગીનો લોભી બનીને દયાનો અવસર ચૂકું, એ તો ન ભૂતો ન ભવિષ્યતિ!"

શ્રી સુદર્શન અહિતકર બોલવાની ભૂલ કરીને પણ, ધારત તો શાસનહીલનાને નામે આવો પણ બચાવ કરી શકત કે નહિ?

સ૦ કરી શકત!

અને શ્રી સુદર્શન જો આવો બચાવ કરે, તો લોક શ્રી સુદર્શનના આવા બચાવને માને કે નહિ?

સ૦ માને જ!

આવો બચાવ કરનાર શ્રી સુદર્શન જેવા હોય, તો લોક એમને માટે જરાય ઓછું ધારે એમ લાગે છે?

સ૦ ઓછું ન ધારે, પણ ધન્યવાદ આપે.

એમ? છતાં જૂઓ કે-શ્રી સુદર્શને મૌન તોડયું નહિ. સાચું અહિંસાપાલન આમ થાય.

શાસનના નામ નીચે પાપને છૂપાવી, જાતને બદનામીથી બચાવવાનો પ્રયત્ન કરનારાઓ, વસ્તુતઃ શાસનના સેવકો જ નથી. એવાઓ તો, અવસરે શાસનના શત્રુઓ ન નિવડે તો સારૂં! શાસનને નામે જાતની પ્રભાવના કરનારાઓ અવસરે આજ્ઞાને વેગળી મૂકે, તો તેમાં જરા પણ નવાઈ પામવા જેવું નથી. જેનામાં શાસનની સાચી દરકાર હોય, તેનામાં આજ્ઞાની આરાધનાની દરકાર ન હોય એ બને નહિ. એટલું શીખી જાવ કે-'જાતને લજવાતી બચાવવા, શાસનને વેગળું મૂકવું નહિ.' આજે શાસનને જરા વેગળું મૂકયું, તો કાલ જાત ખાતર શાસનને લજવતાં પણ વાર નહિ લાગે. આજ્ઞાને વેગળી મૂકીને

શાસનને ટકાવવાની વાતો કરનારાઓને કહો કે-' એ દંભને છોડો !' આજે જાતના બચાવ માટે-' શાસનની નિન્દા થાય.'-એવો બચાવ કરનારા નથી એમ નહિ : તેમજ પોતાના બચાવ ખાતર શાસનના સેવકોને ઉભગાવનારા નથી, એમ પણ નહિ ! શાસનની એવી વાત કરે કે-તમે પાણી પાણી થઈ જાવ ! જાણે રૂંવાડે રૂંવાડે શાસનની દાઝ ભરી છે !! પણ સમજો કે-એ તો, " શાસન નિન્દાય એવું નહિ કરવા ખાતર આજ્ઞાદ્રોહમાં આંખ આડા કાન કરીએ છીએ !" -આ જાતિની અસર નિપજાવીને, પોતાની કારમી લોકૈષણાને છૂપાવવાના પ્રયત્નો છે ! તમે જો શાસનને સમર્પિત થાવ, તો જ એ સમજાય. જાતની રક્ષાદિને માટે, જાતે આજ્ઞાવિરૂદ્ધ કર્યું હોય એને છૂપાવવાને માટે, પોતાની નબળાઈને ઢાંકી દેવાને માટે-એવાં એવાં કારણોસર શાસનના નામને આગળ ધરવું, એ તો મહાપાપ છે ! સાફ કહેવું જોઈએ કે-' હું કમતાકાત હતો. મારામાં પામરતા હતી.' સૌ સત્ત્વશીલ જ હોય એમ ન બને. એવા પણ હોય, કે જેમનામાં સત્ત્વ ઓછું હોય. એવાઓએ પોતાની નિર્બળતાને કબૂલ કરવી જોઈએ અને શાસનનું નામ આગળ કરીને ખોટી રીતિએ પોતાની નબળાઇને છૂપાવવાની ભાવનાથી ય અવશ્ય બચવું જોઈએ.

શાસન ન નિન્દાય એની કાળજી અવસ્ય રાખવી, પણ શાસનને નામે જાતની નબળાઈને છૂપાવવાનો પ્રપંચ કદી જ કરવો નહિ. શ્રી સુદર્શન સમર્થ હતા અને સાથે શાસનના સાચા સેવક પણ હતા, માટે મૌન રહ્યા. શ્રી જૈનશાસનનું એવું વિધાન છે જ નહિ કે-' દોષિતને શિક્ષા અપાવવી જ જોઈએ.' દોષિતની દયા ન હોય, એવું શ્રી જૈનશાસન માનતું જ નથી. શાસનરક્ષા ખાતર પ્રત્યનિકોને શિક્ષા કરવી પડે, તો ત્યાં પણ એના પ્રત્યેની દયા જીવતી ને જાગતી હોવી જ જોઈએ. શ્રી સુદર્શન જૂએ છે કે-' અભયાને આફતમાં મૂકયા વિના હું બચી શકું તેમ નથી. મારે બચવું હોય તો અભયાને આફતમાં મૂકવી જ પડે.' એ પસંદ નથી એટલે મૌન રહે છે. શ્રી સુદર્શન અભયાને આફતમાં મૂકીને જીવવાને ઇચ્છતા નથી. શીલરક્ષા

માટે અભયાની કારમી કનડગત સહી અને હવે દયાપાલનને માટે જે કાંઈ આફત આવે તે સહવાને શ્રી સુદર્શન તૈયાર થઈ ગયા છે. શ્રી સુદર્શન ધારત તો પોતાની જાતને બચાવી શકત, નામનાનું રક્ષણ કરી શકત, પોતે મરવા તૈયાર હતા એમ બતાવી શકત અને-'કેવળ શાસનની ખાતર જ અભયાનું સાચી રીતિએ પણ નામ દેવું પડયું.'-આવું કહી શકત ! પણ શ્રી સુદર્શને એવું ન કર્યું, કારણ કે-એમ કરવામાં પોતાનો કૃપાધર્મ રૂપ સદાચાર જળવાતો નહિ હતો. શ્રી સુદર્શને સદાચાર કરતાં જીવનને વહાલું ન કર્યું. સદાચાર પાળતાં, પૂર્વના દુષ્કર્મના યોગે પ્રાપ્ત થતી બદનામીની દરકાર નહિ કરી. તુચ્છ નામનાની લાલસા એમને સ્પર્શી શકી નહિ. દોષિત પ્રત્યે આવી દયા તો પ્રભુશાસનને પામેલા સત્ત્વશીલ આત્માઓ જ કરી શકે. જો જીવનનો તે વખતે થોડો પણ મોહ થઈ જાય, ધર્મ કરતાં જીવનની કિંમત થોડી પણ વધારે મનાઈ જાય, તો શ્રી સુદર્શનને એમેય થઈ જાય કે-" ભાઇ! જીવીશું તો ધર્મ કરીશું. મરી ગયા તો પછી કોણ જાણે કયાંય જઈશું ને ધર્મ રહી જશે. આ તો એક દોષિત સ્ત્રીને શિક્ષા થશે, આપણે બચી જઈશું અને ભવિષ્યમાં વધારે સારી રીતિએ ધર્મ કરી શકીશું ! વળી દોષિત સ્ત્રીને શિક્ષા થાય, તો તેમાં વાંધો ય શો ? રાણી જેવીને શિક્ષા થશે, તો શિક્ષાના ડરે પણ અનેક સ્ત્રીઓ ઉન્માર્ગે જતી અટકશે !" પૌદ્ગલિક અનુકૂળતાનું અર્થિપણું આવી જાય, એટલે આવા આવા અનેક કુતર્કો જન્મે. એ દશામાં આત્માને આવાં અનેક પ્રલોભનોથી ખીંચાઈ જતાં વાર લાગતી નથી. પછી ધર્મ ધર્મને ઠેકાણે રહે અને આત્મા પાપમાં પ્રવૃત્ત થાય.

આજે તો આવો પ્રસંગ પ્રાય: આવે તેમ છે નહિ, પરન્તુ આવા આદર્શ સદાચારિના જીવનનો વિચાર કરીને કયારેય પૌદ્ગલિક અનુકૂળતા ખાતર ધર્મને-સદાચારને છેહ ન દેવાઈ જાય, તેની કાળજી રાખવાનું મન થયું છે? માણસમાં સત્ત્વની કમીના હોય, એટલી ધીરતા અને સ્થિરતા ન હોય, એવા પ્રસંગે બીજા માર્ગનો આશ્રય

લેવો પડે તો તે વાત જૂદી છે: પરન્તુ ધર્મની આરાધના કરતાં ગમે તેવાં કષ્ટો આવે, મરણ પર્યન્તનાં કષ્ટો આવે, તો પણ ધર્મની આરાધનામાંથી શક્તિ હોય તો જરા ય ચલિત થવું જોઈએ નહિ. જેટલો સદાચાર સ્વીકાર્યો, તેટલા સદાચારને તો અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગોના સમયમાં પણ, જરાય ડગ્યા વિના નિભાવવો જોઈએ. સદાચારી જીવન જીવવા માટેનો ઉત્તમમાં ઉત્તમ માર્ગ તો એ જ છે. એ વિના ધર્મિપણું ટકે શી રીતિએ? પણ શ્રી સુદર્શન જે સ્થિતિમાં છે, તે સ્થિતિમાં તેઓ આવા સમયે મૌન રહે, તેમાં જ તેમનું ધર્મિપણું છે.

શાસ્ત્રકાર પરમર્ષિઓએ આલેખેલાં ધર્માત્માઓનાં જીવનચરિત્રોમાં તમે જેમ જેમ ઉંડા ઉતરીને સમ્યક્ રીતિએ વિચાર કરો, તેમ તેમ તમને નવું નવું લાધ્યા વિના રહે નહિ. એક એક પ્રસંગના રહસ્યનો વિચાર કરનારા બનો. એમ કરો તો એ જીવનચરિત્રોનું શ્રવણ કે વાંચન નિષ્ફળ ન નિવડે, પણ સારામાં સારી રીતિએ સફળ નિવડે. આજે તો કેટલાકો આદર્શ ધર્માત્માઓનાં જીવનોના પણ શ્રવણને કે વાંચનને, પોતાને માટે નિષ્ફળ કે નુકશાનકારક બનાવી રહ્યા છે. જો સમ્યક્પણે મહાપુરૂષોના જીવનપ્રસંગોને વિચારાય, તો માલૂમ પડે કે–વાસ્તવિક ધર્મિપણું એ કયી વસ્તુ છે. સાચું ધર્મિપણું પામવાને અને ટકાવવાને માટે, માર્ગપ્રતીતિની કેવી શુદ્ધતા તેમજ કેવી અનુપમ સત્ત્વશીલતા જોઈએ, એ સમજાય. ઉપલકીયા વાંચન–શ્રવણાદિથી કદાચ ઉપલકીયા જાણકાર બનશો, પણ એના દ્વારા આત્માને જે લાભ મળવો જોઈએ, તેનાથી વંચિત રહી જશો. સ્વ–પરને લાભ પમાડવો હોય, તો વિચારક બનો. માત્ર વિચારક જ નહિ, પણ સમ્યક્ વિચારક બનો!

શ્રી સુદર્શને તો જીવનના, નામનાના અથવા તો એમ પણ કહી શકાય કે–સર્વસ્વના ભોગે પણ ધર્મને સાચવવાનો નિરધાર કર્યો છે. પોતાને જે પ્રતિકૂળ છે, તે પ્રતિકૂળ અભયાને પ્રાપ્ત થાય, એમ શ્રી સુદર્શન ઈચ્છતા નથી: કારણ કે–શ્રી સુદર્શન સદાચારી છે. શ્રી

સુદર્શન સાચું કહી દે, તો અભયાની કયી હાલત થાય એ કલ્પો ! ફજેતી, ફીટકાર અને મૃત્યુની શિક્ષા ! શ્રી સુદર્શન પોતાના દયાધર્મ રૂપ સદાચારને ચૂકી, અભયાને એ હાલતમાં મૂકવા તૈયાર થતા નથી !

રાજા વારંવાર પૂછે છે, છતાં શ્રી સુદર્શનનું મૌન અભંગ જ રહે છે. ઘણી ઘણી વાર પૂછવા છતાં પણ જ્યારે શ્રી સુદર્શન બોલતા જ નથી, ત્યારે રાજાને એમ થાય છે કે–' કદાચ સુદર્શન દોષિત હોય ! વ્યભિચારિઓનું અને ચોરોનું, મૌન એય એક લક્ષણ છે !'

રાજાને જ્યાં દોષની સંભાવના લાગી, એટલે ક્રોધ આવતાં વાર લાગે ? ' આવો આદમી ને આવું કામ ? પરદારા અને તેય રાણી ઉપર બલાત્કાર ? ધર્મ કરવા રહ્યો અને કરવા આ આવ્યો ? '– આવા અનેક વિચારો રાજાને આવવા એ સ્વાભાવિક છે : આ કારણે ક્રોધથી ધમધમી ઉઠવું તેય સ્વાભાવિક છે : અને ક્રોધને આધીન થયેલો રાજા શ્રી સુદર્શનનો વધ કરવાની આજ્ઞા કરે, તેમાં પણ આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ.

શ્રી સુદર્શનને વધ કરવાની રાજા આજ્ઞા તો કરે છે, પરન્તુ રાજા સમજે છે કે–શ્રી સુદર્શન જેવા મહા સદાચારી તરીકેની નામનાને પામેલા પુરૂષને આ જાતિની શિક્ષા કરવી, એ સહેલું કામ નથી. પ્રજામાં ઉશ્કેરાટ ફેલાવાનો પૂરેપૂરો સંભવ છે. આથી રાજા આજ્ઞા કરે છે કે–' નગરમાં આ પાપીના દોષની જાહેરાત કર્યા પછીથી જ આનો વધ કરવો.'

શ્રી સુદર્શનને શિક્ષા કરવાને માટે તૈયાર થએલા રાજાને પણ આટલી બધી તકેદારી રાખવી પડે છે, એ સામાન્ય વસ્તુ નથી. જો કે–પૂર્વકાળના રાજાઓ પ્રાયઃ અનાડી નહોતા, પ્રજાનાં સુખ–શાન્તિ આદિની દરકાર કરનારા હતા, પણ પ્રસ્તુત પ્રસંગમાં તો શ્રી સુદર્શને પોતાની સદાચારશીલતાથી પ્રાપ્ત કરેલી લોકપ્રિયતાએ જ રાજાને તેવી આજ્ઞા કરવાને પ્રેર્યો હોય એમ લાગે છે.

રાજાની આજ્ઞા મુજબ રાજનોકરો શ્રી સુદર્શનને પકડીને લઈ જાય છે. શ્રી સુદર્શનના મોંઢા ઉપર મેશનો અને શરીરે લાલ ચન્દ-

નનો લેપ કરે છે. ગળામાં અને માથે પણ વિચિત્ર માલારોપણાદિ કરે છે. એ પછી ગધેડા ઉપર બેસાડે છે, માથે સુપડાનું છત્ર ધરે છે અને ઢોલ પીટતાં પીટતાં શ્રી સુદર્શનને લઈ જાય છે!

આમ છતાં પણ, શ્રી સુદર્શન ધ્યાનમાં અને મૌનમાં પૂર્વવત્ સ્થિર જ રહે છે. શ્રી સુદર્શનની સદાચાર સાથેની ધીરતા અને વીરતાનું માપ કાઢી જૂઓ! પોતે સર્વથા નિષ્કલંક છે, પરમ સદાચારી છે અને રાણી જેવી રાણીએ પ્રલોભનો આપ્યાં, આજીજીઓ કરી, કુટીલતા દર્શાવી તથા ધમકી આપી, તે છતાંય તદ્દન પવિત્ર રહેલ છે. શ્રી સુદર્શન આટલા પવિત્ર હોવા છતાં પણ, માથે કલંક આવે છે: ગધેડે બેસવું પડે છે: અને તેમનો વધ કરવાની આજ્ઞા છૂટી છે! જે નગરમાં શ્રી સુદર્શન પરમ આદરપૂર્વક ફરતા, તે જ નગરમાં પોતે સર્વથા નિર્દોષ હોવા છતાં ય તેમને આવી આફતના ભોગ થવું પડે છે! કારણ?

સ૦ પૂર્વના અશુભ કર્મનો ઉદય.

માનો છો? કર્મના તત્ત્વજ્ઞાનને જો સમજો અને માનો, તો આત્માનો ઉદ્ધાર છેટે નથી. આ ભવમાં માણસે અનાચારનો એક અંશ પણ ન સેવ્યો હોય, માત્ર સદાચારમય જીવન વીતાવ્યું હોય, તે છતાં પણ દુરાચાર સેવ્યાનું કલંક આવે, એ બને ને? નિર્દોષ પણ દોષિત લાગે, એમ બને ને? નિર્દોષ હોવા છતાં ય દોષિત ઠરીને, તે માટેની શિક્ષા ખમવાનો વખત આવી લાગે, એમ બને ને? કહો કે–પૂર્વના તીવ્ર અશુભ કર્મનો ઉદય આવે તો તેય બને અને તેના કરતાં વધુ ભયંકર એવી વસ્તુ પણ બને.

તત્ત્વજ્ઞાનિઓ ફરમાવે છે કે–કર્મની ગતિ વિચિત્ર છે. અશુભ કર્મના ઉદયથી આવું આવું પણ બને, એવું સમજનાર અને માનનાર પોતાના ઉપર ગમે તેવી આફત આવે તોય મુંઝાય નહિ. સત્ત્વહીનતાના યોગે સહાય નહિ એ બને, પણ મુંઝાય નહિ. એ પછી, પોતાની ઉપર આવેલી આફતને ટાળવાને માટે જે આંધળીયાં કરીને અનાચારો સેવાય છે, એ સેવાય નહિ! ગઈ કાલનો કરોડપતિ આજે

ભિખારી બની જાય, તોય એ સમતામાં રહી શકે. ગઈ કાલનો રાજા આજે રંક જેવો બની જાય, તોય પાગલ ન બને. પારકાને માટે- ‘પૂર્વના અશુભ કર્મનો ઉદય ’-એમ કહો છો, તેમ તમારે માટે પણ વિચારતા બનો. પૌદ્ગલિક અનુકૂળતા મળે ત્યારે શુભ કર્મનો ઉદય અને પૌદ્ગલિક પ્રતિકૂળતા પ્રાપ્ત થાય ત્યારે અશુભ કર્મનો ઉદય, આટલું સમજાય અને હૃદયપૂર્વક મનાય, તો અનુકૂળતામાં અહંકાર ન આવે અને પ્રતિકૂળતામાં પામરતા ન આવે. આજે ધર્મકરણીમાં જોઈએ તેવી સ્થિરતા રહેતી નથી, એમાં આ પણ એક મુખ્ય કારણ છે કે-તત્ત્વના યથાર્થ સ્વરૂપ સંબંધી જેવી જોઈએ તેવી પ્રતીતિ નથી જાગી. પ્રતીતિ પૂરી હોય, તો અલ્પ લાગતા સત્ત્વથી પણ ઘણું સાધી શકાય. જ્યાં સુધી માર્ગ ઉપર જેવી જોઈએ તેવી પ્રતીતિ નહિ કેળવાય, ત્યાં સુધી થોડા પણ ધર્મમાંથી આત્માને ખસી જતાં અવસરે વાર નહિ લાગે. આત્મા અને કર્મ સંબંધી તત્ત્વજ્ઞાન હૃદયમાં પરિણમી જાય, તો કોઈ ગુણ એવો નથી, કે જે પ્રગટ્યા વિના રહે. આત્મા અને કર્મ સંબંધી તત્ત્વજ્ઞાન હૃદયમાં પરિણમ્યું, એટલે એનામાં દયા ન આવે એ બને નહિ. સદાચારનો અભાવ જ હોય, એ પણ બને નહિ. જે કાંઈ સારૂં ન થાય તેમ હોય, તેનું તેને દુઃખ હોય. પછી તે નિન્દાખોર રહે? નહિ જ, પણ આજે તો-‘ પારકી વાતો અને તે પણ નિન્દાથી પરિપૂર્ણ હોય એવી વાતો કર્યા વિના ચેન જ પડે નહિ!’-એવી દુર્દશા ઘણાની છે.

ત્યારે શ્રી સુદર્શન પોતે સર્વથા નિર્દોષ જ હતા, તે છતાં પણ એમને માથે જે આફત આવી, તે તેમના પૂર્વના અશુભ કર્મના ઉદયને લીધે આવી, એમ તો તમે માનો છો! જો કે-શ્રી સુદર્શન એવા પુણ્યશાલી છે કે-છેલ્લી વખતે તેમનો બચાવ થઈ ગયો છે અને તેઓ રાજા આદિથી અપૂર્વ સન્માનને પામ્યા છે, પરન્તુ બધા સદાચારી નિર્દોષોને માટે એમ જ બને, એવો કોઈ એકાન્ત નિયમ નથી. તીવ્ર અશુભનો કારમો ઉદય વર્તી રહ્યો હોય, તેવી જ કોઈ ભવિતવ્યતા હોય, તો નિર્દોષમાં નિર્દોષ સદાચારિને પણ કલંકિત

તરીકેની કુનામના પ્રાપ્ત થાય: કદાચ મરણની શિક્ષા પણ ખમવી પડે અને કોઈ જાણેય નહિ કે-'એ નિર્દોષ હતો!' છતાં પણ એને તો એની ઉત્તમ સદાચારિતાનું સુન્દર ફલ મળે જ, એ નિર્વિવાદ વાત છે. આ જીન્દગીમાં ને આ જીન્દગીમાં જ દરેક સદાચારી કલંક આવ્યા પછીથી નિર્દોષ તરીકે જાહેર થઈ જ જાય, એમ એકાન્તે ન માનતા. એવું ય બને કે-લોક એ મરે ત્યાં સુધી એને કલંકિત જ ધારે. આથી સ્પષ્ટ છે કે-જેણે સદાચાર સેવવો હોય, તેણે દરેક પ્રકારની પૌદ્‌ગલિક ઇચ્છાઓ ઉપર કાપ મૂકવો જ જોઈએ: સદાચારના અર્થિએ પૌદ્‌ગલિક અનુકૂળતાના અનર્થી બનવું જ જોઈએ.

શ્રી સુદર્શનને શૂલીએ ચઢાવવાને માટે લઈ જનારા રાજનોકરો શહેરમાં ઉદ્‌ઘોષણા કરતા જાય છે કે-' સુદર્શને રાણીવાસમાં ગુન્હો કર્યો છે, માટે તેનો વધ કરાય છે: રાજાનો આમાં જરાય દોષ નથી!' રાજાને આવી ઉદ્‌ઘોષણા કરાવવાની ફરજ પડે છે! લોક પૂછે તે પહેલાં જ રાજાને પોતાનો બચાવ કરવો પડે છે કે-' આમાં મારો દોષ નથી!' એ વસ્તુસ્થિતિ પણ વિચારવા જેવી છે.

શ્રી સુદર્શનના કાને પણ એ ધ્વનિ વારંવાર અથડાયા જ કરે છે કે-' સુદર્શને રાણીવાસમાં અપરાધ કર્યો છે, માટે તેનો વધ કરાય છે!'-છતાં ય શ્રી સુદર્શન જરાય ચલિત થતા નથી. સદાચારી તરીકે પંકાએલા અને પૂજાએલા આદમીથી આ કેમ સહાય? ' હું નિર્દોષ છું '-એમ કહેવાનું મન ન થઇ જાય? પણ નહિ. એમ કહે તો અભયાને માથે આફત આવ્યા વિના રહે નહિ અને એમ થાય તે સાચા સદાચારશીલ ધર્માત્માથી સહાય નહિ!

લોક આ બધું જૂએ છે અને રાજા દ્વારા કરાવાતી ઉદ્‌ઘોષણાને સાંભળે છે. લોકમાં હાહાકાર વર્તાઈ જાય છે. શહેરમાં તો એ જ બોલાઈ રહ્યું છે કે-' કોઈ પણ રીતિએ આ વ્યાજબી થતું નથી. સુદર્શનમાં આવું સંભવે જ નહિ.'

શ્રી સુદર્શનને આ રીતિએ શહેરમાં ભમાવાય છે. શહેરમાં ભમતાં ભમતાં એ બધા શ્રી સુદર્શનના મકાન આગળ આવી પહોંચે

છે. એ વખતે શ્રી સુદર્શનની ધર્મપત્ની મનોરમા એ જૂએ છે અને રાજાની ઉદ્દઘોષણાને સાંભળે છે.

મનોરમાને એ જ વિચાર આવે છે કે–"કારમા અશુભોદય વિના આ બને નહિ. મારા પતિ સદાચારી છે અને રાજા પણ સદાચારપ્રિય છે! મારા પતિ આવું અકાર્ય કરે જ નહિ અને પ્રબળ નિમિત્ત વિના રાજા પણ તેમને આવી શિક્ષા કરે નહિ! ખરેખર, પૂર્વના અશુભ કર્મનું જ ફલ ઉપસ્થિત થયું છે."

મહાસતી મનોરમા આવો વિચાર કર્યા પછીથી, પૂજા કરીને કાયોત્સર્ગમાં સ્થિર થાય છે. નિશ્ચય કરે છે કે–"જ્યાં સુધી પતિ ઉપર આવેલી આફત ટળે નહિ, ત્યાં સુધી કાયોત્સર્ગમાં રહેવું અને અનશન કરવું."

આ સ્ત્રીને પોતાના પતિ ઉપર કેટલો વિશ્વાસ હશે? આજે કેટલીક સ્ત્રીઓને આવો વિશ્વાસ પોતાના પતિ ઉપર હશે? મનોરમા માને છે કે–'મારા પતિ કદી પણ આવું કૃત્ય કરે જ નહિ!' મનોરમાને પૂરેપૂરી ખાત્રી છે કે–'આ કલંક તદ્દન ખોટું જ છે!' એ વિશ્વાસના બળે જ મનોરમા કાયોત્સર્ગ અને અનશનની આવી કઠોર પણ પ્રતિજ્ઞા કરી શકે છે!

વાત એ છે કે–શ્રી સુદર્શનનું જીવન કેવું સદાચારી હશે? સુદર્શનના જીવનપ્રસંગ ઉપરથી સદાચારના સેવનને માટે પૌદ્ગલિક અનુકૂળતાનું અનર્થિપણું કેટલું બધું આવશ્યક છે, એ વસ્તુ ઘણી જ સુન્દર રીતિએ સ્પષ્ટ થઈ જાય છે. અનુકૂળતાનો અર્થી સદાચારમાં ક્યાં સુધી ટકે? પ્રતિકૂળતાના વૈરી તો સૌ છે. કોઇને ય પ્રતિકૂળતા પ્રિય છે, એમ નથી. પ્રતિકૂળતા મૂળમાંથી જ નામશેષ થઈ જાય, એ માટે તો મહાપુરૂષોએ પણ સમ્યક્ પ્રકારે મહેનત કરી છે. મહાપુરૂષોએ જે પ્રતિકૂળતાઓ વેઠી છે, તે શાથી? પ્રતિકૂળતાઓને મૂળમાંથી નામશેષ કરવાને માટે જ! આત્માને કદી પણ કોઈ પણ જાતિની પ્રતિકૂળતા વેઠવાનો વખત ન આવે, એવી દશા પ્રાપ્ત કરવાને માટે જ મહાપુરૂષોએ આફત આવી તો ઉત્સવ આવ્યો એમ માની

લીધું છે. આથી સ્પષ્ટ છે કે–મહાપુરૂષો પણ પ્રતિકૂળતાના વૈરી છે જ! તમે જો પ્રતિકૂળતાના વૈરી ન હોત તો આજે તમે જે કાંઈ સહો છો, તે સહત ખરા? નહિ જ, ત્યારે તમારો અનુભવ પણ એ જ કહે છે કે–પ્રતિકૂળતાને ટાળવાને માટે પ્રતિકૂળતાને વેઠવી પડે છે! ફેર માત્ર દિશાનો છે.

જ્ઞાનિઓ કહે છે કે–જો સીધી રીતિએ પ્રતિકૂળતાને વેઠી લેવાય, તો પરિણામે આત્મા પ્રતિકૂળ દશાથી સર્વથા મુક્ત થઈ ગયા વિના રહે જ નહિ! જે દશામાં પ્રતિકૂળતા પ્રાપ્ત થવાની લેશ માત્ર પણ સંભાવના નથી, એ દશાને જ્ઞાનિઓ મુક્તદશા કહે છે. જ્યાં સુધી એ દશા પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી આત્મા સંપૂર્ણ, શાશ્વત અને દુઃખરહિત સુખનો ભોક્તા બની શકે નહિ. પણ એવી દશા પ્રાપ્ત થવી, એ કાંઈ સ્હેલું થોડું જ છે? એ માટે પૌદ્‌ગલિક અનુકૂળતાના અનર્થી બનવું, એ પણ બહુ જ જરૂરી છે. આ શાસનને પામેલા આત્માઓ, પૌદ્‌ગલિક અનુકૂળતાના અર્થી મટી જવા જોઇએ. પૌદ્‌ગલિક અનુકૂળતાના ત્યાગી ન હોય, તો પણ અનર્થી તો જોઇએ જ! આ ગુણ જો બરાબર કેળવાઇ જાય, પૌદ્‌ગલિક અનુકૂળતાનું અર્થિપણું જો જાય, તો સદાચાર છૂટે નથી. સદાચારને લાવનાર અને સદાચારમાં ટકાવી રાખનાર આ મુખ્ય વસ્તુ છે. સદાચારની જડ આ છે. આત્માના સુખનું અર્થિપણું આવે અને પૌદ્‌ગલિક અનુકૂળતાનું અર્થિપણું જાય, એટલે સદાચાર હાથવેંતમાં છે. સદાચાર કોને કહેવાય અને સદાચાર કેમ સેવાય, એ વિગેરે જાણવા પહેલાં આ સમજી લેવું જરૂરી છે. પૌદ્‌ગલિક અનુકૂળતાનું અર્થિપણું જાય નહિ અને આત્મસુખનું અર્થિપણું આવે નહિ, ત્યાં સુધી સદાચાર સદાચાર રૂપે જીવનમાં જીવાય નહિ. એ દશા વિના, સામાન્ય કોટિના સદાચાર ઉપર પણ છીણી ફરતાં વાર લાગે નહિ. આપણે સદાચારની વ્યાપક વ્યાખ્યા તરીકે એ વસ્તુને રજૂ કરવાને ઇચ્છીએ છીએ કે–"પોતાને જે પ્રતિકૂળ હોય તે બીજા કોઇ પ્રત્યે પણ આચરવું નહિ!" આ સદાચારમાં વર્તવું, એ બહુ મુશ્કેલ છે. આ સદાચારને

સારામાં સારી રીતિએ કોણ સેવી શકે ? અનુકૂળતાઓનો જે અનર્થી બન્યો હોય અને આત્મસુખનો જે અર્થી બન્યો હોય તે ! આત્મ-સુખનો સાચો અર્થી પૌદ્‌ગલિક અનુકૂળતાઓનો અર્થી હોય નહિ : અર્થી તો આત્મસુખનો જ હોય ! આત્મસુખની સાધનાને માટેની જરૂરી સામગ્રીની ઈચ્છા, એ અનુકૂળતાના અર્થિપણાની કોટિમાં જતી નથી : એટલે એનો નિષેધ નથી. એ સિવાયની ઈચ્છાઓ તજવી જોઈએ. એને તજવાનો પ્રયત્ન ચાલુ હોવો જોઈએ. જીવનમાં જેણે સદાચાર કેળવવો હોય, તેણે સૌથી પહેલાં અનુકૂળતાના અર્થી મટી જવું અને આત્મસુખના અર્થી બની જવું, એ પરમ આવશ્યક છે.

અનુકૂળતાનું અર્થિપણું, એનો અર્થ જ એ છે કે-" સદાચારની અવગણના અને અનાચારને આમંત્રણ ! " અનુકૂળતાના અર્થિઓએ તો સદાચારને દેશવટો દીધો છે અને અનાચારને આમંત્રણ આપ્યું છે. અનુકૂળતાનો અર્થી જો પોતે સદાચારી હોવાનું કહેતો હોય, તો માનવું કે-" એણે કોઈ અનુકૂળતા સિદ્ધ કરવાને માટે ' સદાચારનો કામચલાઉ ઝભ્ભો ' ઓઢી લીધો છે, પણ વસ્તુતઃ તે સદાચારી નથી. " જ્યાં એને અનુકૂળતા મળી, એટલે એનો સદાચાર હાલતો થવાનો. સદાચાર સેવતાં આફત આવે, તો એના 'સદાચારના કામચલાઉ ઝભ્ભા 'ને ઉડી જતાં કશી જ વાર લાગે નહિ. સદાચારના એ કામચલાઉ ઝભ્ભાની નીચે પણ, અનુકૂળતાના અર્થિપણાના યોગે અનાચારો ખદબદતા હોય, તો એમાં પણ નવાઈ પામવા જેવું નથી. આપણે તો મૂળ સુધી પહોંચવું છે. અનાચાર કે દુરાચાર માત્રનું મૂળ કયું ? પૌદ્‌ગલિક અનુકૂળતાનું અર્થિપણું જાય અને એના યોગે પૌદ્‌ગલિક અનુકૂળતાઓ મેળવવાની મહેનત જાય, તો જીવનમાં અનાચારને કે દુરાચારને સ્થાન મળે કયાંથી ? આજે સદાચારનો ઝભ્ભો ઓઢીને ફરનારાઓમાંના કેટલાકો, બ્રહ્મચર્યની રક્ષાને માટે જ્ઞાનિઓએ વિહિત કરેલી વાડોને ચાવી ખાય છે અને કહે છે, કે-' અમે પાકા મનના છીએ. ' આવાઓનું પાકું મન એટલે શું ? એમનું પાકું મન એવું કે-જે અનેક પ્રકારના અનાચારોથી ખસે નહિ અને સદા-

ચારમાં ફસાય નહિ! અન્યથા, જે પાકા મનવાળો હોય, તેને વાડો જાળવવામાં વાંધો શો? વાડોની સામે વિરોધ કેમ? અનાચારના સંયોગોથી બચવું, તેમાં ડહાપણ કે જાણી જોઇને અનાચારને ઘસડી લાવનારા સંયોગોમાં રહેવું, તેમાં ડહાપણ? એટલે તો આજે સદાચારના નામ નીચે પણ અનાચાર ન પોષાય, તેનાથી ય ખાસ ચેતતા રહેવા જેવું છે.

જ્યાં સુધી પૌદ્‌ગલિક અનુકૂળતાનું અર્થિપણું હોય, ત્યાં સુધી સાચો સદાચાર જીવનમાં આવે નહિ, એ નિશ્ચિત વાત છે. પૌદ્‌ગલિક પ્રતિકૂળતામાં પણ સદાચાર જળવાય, તે અનુકૂળતાના અનર્થી બન્યા વિના શું શક્ય છે? સદાચારને લાવવાને માટે અને ટકાવવાને માટે અનુકૂળતાનું અનર્થિપણું જરૂરી છે, એમ તમને લાગે છે? દુનિયામાં જે જે પાપો થઈ રહ્યાં છે, તે અનુકૂળતાના અર્થિપણાથી થઈ રહ્યાં છે કે અનુકૂળતાના અનર્થિપણાથી થઈ રહ્યાં છે? જે આદમી અનુકૂળતાનો અર્થી મટી જાય, તેને કયું પાપ આચરવું પડે તેમ છે અને અનુકૂળતાનો અર્થી કયું પાપ તજી શકે એ શક્ય છે? પૌદ્‌ગલિક અનુકૂળતાનું અર્થિપણું જાય અને આત્મસુખનું અર્થિપણું આવી જાય, એટલે આત્મા ઘણાં ઘણાં પાપોથી સહજમાં બચી જાય. પ્રતિકૂળતાના વૈરીપણાની સાથેના અનુકૂળતાના તીવ્ર અર્થિપણાએ તો, દુનિયાને પાગલ બનાવી મૂકી છે. પ્રતિકૂળતા ગમે નહિ અને અને અનુકૂળતા વિના ચાલે નહિ, એટલે જેનામાં જેટલું પાપ કરવાની તાકાત હોય, તેટલું પાપ તે પ્રતિકૂળતાને ટાળવાને માટે અને અનુકૂળતાને મેળવવાને માટે કરે.

સદાચારની ભૂમિકાની આ વાત છે. અનુકૂળતાનું અર્થિપણું જાય, તો ચોરી કરનાર સામે પણ ફોજદારી કરવાની ઇચ્છા ન થાય. પૌદ્‌ગલિક સંસર્ગ અને પૌદ્‌ગલિક અનુકૂળતાનું અર્થિપણું એ બે ભિન્ન છે. એ માટે આપણે કહ્યું કે–'આત્મસુખનું અર્થિપણું આવવું જોઇએ.' જે પુદ્‌ગલનો મટે અને આત્માનો બને, તે સાચા સદાચારને સેવી શકે. પુદ્‌ગલના યોગમાં જ આનન્દ માનનારમાંથી અનુકૂળતાનું

અર્થિપણું કદી પણ જાય નહિ. 'आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्!' —આ સદાચારનો આદર્શ અને એ આદર્શને જીવનમાં ઉતારવાને માટે, અનુકૂળતાના અર્થિપણાનો ત્યાગ કરવાની સાથે આત્મસુખનું અર્થિપણાને કેળવવું જોઈએ.

શ્રી સુદર્શનના પ્રસંગમાં તો, છેલ્લે છેલ્લે બને છે એવું કે—રાજાની આજ્ઞા મુજબ રાજનોકરો શ્રી સુદર્શનને વધસ્થાને લઈ જાય છે. શ્રી સુદર્શન જેવાને શૂલિએ ચઢાવવાનું રાજનોકરોને ગમતું તો નથી, પણ કરે શું? રાજાની આજ્ઞા છે અને તે આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું સામર્થ્ય નથી. આથી રાજનોકરો શ્રી સુદર્શનને શૂલિકાએ ચઢાવે છે. ગ્રન્થકાર પરમર્ષિ ફરમાવે છે કે—એ મહાત્મા સુદર્શનને માટે, દેવતાના પ્રભાવથી, શૂલિ એ સુવર્ણકમળના આસન સમાન બની ગઈ. આમ છતાં પણ, રાજનોકરોએ શ્રી સુદર્શનનો વધ કરવાનો એક વધુ પ્રયત્ન કર્યો; પરન્તુ શ્રી સુદર્શનના વધને માટે ઉગામાએલી તલવાર જેવી શ્રી સુદર્શનના કણ્ઠની પાસે પહોંચી, કે તરત જ દેવતાના પ્રભાવથી તે પણ શ્રી સુદર્શનના કણ્ઠમાં પુષ્પમાળા રૂપે પરિવર્તન પામી ગઈ. હવે તો રાજનોકરોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેઓ એકદમ રાજાની પાસે પહોંચ્યા અને શૂલીનું સુવર્ણકમલાસન બની ગયાની તથા તલવારની પુષ્પમાળા બની ગયાની વાત રાજાને કહી. પ્રથમથી રાજા શંકિત તો હતા જ અને તેમાં આવા સમાચાર મળ્યા, એટલે તે સુનિશ્ચિત બની ગયા કે—શ્રી સુદર્શન સર્વથા નિર્દોષ છે.

આથી, પોતાની ભૂલ સુધારી લેવાને માટે અને શ્રી સુદર્શનનું સ્વાગત કરવાને માટે, રાજા પોતે તરત જ હસ્તિની ઉપર આરુઢ થઈને, ત્યાં આવી પહોંચ્યા અને શ્રી સુદર્શનને ભેટયા. રાજાએ પશ્ચાત્તાપનાં વચનો પણ ઉચ્ચાર્યાં અને શ્રી સુદર્શને પણ રાજાના અવિચારી કૃત્યને માટે ટકોર કરી.

પછી તો રાજા હસ્તિની ઉપર શ્રી સુદર્શનને બેસાડીને પોતાના મહાલયે લઈ ગયા. ત્યાં તેમને સ્નાન કરાવીને અને ચન્દનનું વિલેપન કરાવીને કિંમતી વસ્ત્રાલંકારોથી સુસજ્જ બનાવ્યા પછીથી, રાજાએ

શ્રી સુદર્શનને રાતના શો બનાવ બન્યો હતો એ પૂછ્યું.

શ્રી સુદર્શનને લાગ્યું કે–હવે રાજાને સાચી હકીકત કહેવામાં વાંધો નથી. આથી શ્રી સુદર્શને રાજાને રાતમાં જે કાંઈ બન્યું હતું, તે કહી સંભળાવ્યું.

એ સાંભળતાંની સાથે જ, રાજા પોતાની રાણી અભયા પ્રતિ એકદમ ક્રોપવાળા બની ગયા અને તેણીનો ઘાત કરાવવાને તત્પર બન્યા.

સદાચારસંપન્ન શ્રી સુદર્શન એવો અનર્થ કેમ જ થવા દે? શ્રી સુદર્શને એ જ વખતે રાજાના ચરણોમાં પોતાનું શિર મૂકીને રાણી અભયાનો નાશ નહિ કરવાની પ્રાર્થના કરી અને રાજાએ શ્રી સુદર્શનના આગ્રહથી તે વાતને સ્વીકારી લીધી.

પણ એ પાપને જીરવવાની તાકાત રાણી અભયામાં ક્યાંથી હોય? એને તો ડર લાગે ને? હવે એ કયા મોંઢે જીવે? રાજાએ તો શ્રી સુદર્શનની વિનતિને કબૂલ રાખી અને તે પછી તેમને મોટા સમારંભપૂર્વક તેમને ઘેર મોકલ્યા; પણ રાણી અભયાએ જ્યારે એ વાત જાણી, એટલે તરત જ તેણીએ આપઘાત કર્યો. પણ્ડિતા ધાત્રી તો ત્યાંથી ભાગી જ ગઈ.

પછી તો, સંસારથી વિરક્ત મનવાળા શ્રી સુદર્શને પણ ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. દીક્ષિત અવસ્થામાં પણ તેમને ધાત્રી પણ્ડિતા દ્વારા તેવા જ પ્રકારનો ઉપસર્ગ સહન કરવો પડ્યો, પણ મુનિવર શ્રી સુદર્શન લેશ પણ ચલાયમાન થયા નહિ. તે પછી વળી રાણી અભયા, કે જે વ્યન્તરી બની હતી, તેણીએ પણ મુનિવર શ્રી સુદર્શનને હેરાન કરવામાં કમીના રાખી નથી, પરન્તુ મહાસત્ત્વ શ્રી સુદર્શન તો એ નિમિત્તને પામીને ક્ષપકશ્રેણિ માંડવા દ્વારા ઉજ્જ્વલ એવા કેવલજ્ઞાનને પામ્યા. તે પછી, આયુષ્યના પર્યન્ત સુધી અનેક ભવ્યાત્માઓને તારતા એ મહાત્મા મોક્ષને પામ્યા.

યહેતુ માતા–પિતા :

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ભૃગુ પુરોહિતની એક કથા આવે છે. ધર્મી માતા–પિતા ક્યી રીતિએ ભય રૂપ છે, તે સમજવાને માટે ઉપયોગી છે. પ્રબળ ભાગ્યોદય હોય, તો જ એવા સંયોગોમાં ાત્માને સન્માર્ગની પ્રાપ્તિ થાય. આવા કારણે જ, અંધર્મી માતા–તા આદિને પણ શાસ્ત્રકારોએ ભયહેતુ તરીકે જણાવ્યા છે.

બે ગોવાળીયાઓ હતા : તેઓને સાધુઓનો યોગ થયો અને ધુપુરૂષોની સેવાના પ્રતાપે તેઓ વ્રતના આરાધક બન્યા : વ્રતની ારાધનાના પ્રતાપે તે બન્ને ય ગોવાળીયાઓ સ્વર્ગમાં ઉત્તમ તાઓ તરીકે ઉત્પન્ન થયા : કારણ કે–ઉત્તમ પ્રકારે આરાધેલા ર્મમાં એ ગુણ હોય જ છે કે–મોક્ષની પ્રાપ્તિ કરાવે અને તેવી ારાધના ન થઈ હોય, એટલે કે–તેટલો કર્મક્ષય ન થયો હોય, તો ર્ગની પ્રાપ્તિ તો જરૂર જ કરાવે.

આયુષ્ય પૂર્ણ થયે સ્વર્ગમાંથી ચ્યવીને તે બન્ને જણા 'ક્ષિતિ-તિષ્ઠિત' નામના નગરમાં એક શ્રેષ્ઠિના પુત્ર તરીકે ઉત્પન્ન થયા : ઓને ત્યાં બીજા ચાર શ્રેષ્ઠિપુત્રોની મિત્રાચારીનો સંબંધ થયો : ક વાર તે છએને કોઈ સદ્‌ગુરૂનો યોગ પ્રાપ્ત થયો : સદ્‌ગુરૂની સે ધર્મનું શ્રવણ કરવાથી છએ મિત્રો પ્રતિબોધ પામ્યા : પ્રતિબોધ મતાંની સાથે જ, એકદમ પોતાની ઇન્દ્રિયો ઉપર વિજય મેળવીને, છએ મિત્રોએ તે જ ગુરૂવર્યની પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી : રકાલ સુધી પ્રવ્રજ્યાનું પાલન કરીને, અન્તે અનશન આદરીને, ળધર્મ પામીને તે છએ મિત્રો પ્રથમ દેવલોકમાં રહેલા 'પન્યગુલ્મ' મના વિમાનમાં શ્રેષ્ઠ દેવો તરીકે ઉત્પન્ન થયા.

ગોવાળના બે જીવો કરતાં, ચાર શ્રેષ્ઠિપુત્રોનું આયુષ્ય કાંઇક કું હતું. આથી તે ચારે ય ત્યાંથી ચ્યવીને પહેલાં મનુષ્ય તરીકે પન્ન થયા. એક કુરૂદેશમાં 'ઇશુકાર' નામના રાજા થયા : બીજા રાજાની 'કમલાવતી' નામની પટ્ટરાણી રૂપે થયા : ત્રીજા ભગુ

નામના તેજ રાજાના પુરોહિત તરીકે ઉત્પન્ન થયા અને ચોથા તે પુરોહિતની 'યશા' નામની ભાર્યા તરીકે ઉત્પન્ન થયા. કર્મની તેવી દશાના યોગે મિત્રો પતિ-પત્ની રૂપે ઉત્પન્ન થયા!

ભૃગુ પુરોહિતને જ્યારે યોગ્ય કાળે પણ પુત્ર ન થયો, એટલે પુત્રની ચિન્તાથી તેમનું હૃદય અત્યન્ત વ્યાકુલ બન્યું અને તે વિચારવા લાગ્યા કે-'વૃક્ષો વિના જેમ વન શૂન્ય દેખાય, તેમ ચિત્તને આનન્દ આપનારા નંદનો વિના મારો મહેલ પણ શૂન્ય લાગે છે.' આથી હંમેશાં તે પુરોહિત અને તેની પત્ની દૈવજ્ઞોને પૂછે છે, દેવોની માન્યતાઓ કરે છે અને દેવાદિની સેવા પણ બહુ બહુ કરે છે.

એ જ અરસામાં, ગોવાળના જીવોએ અવધિજ્ઞાનથી જોયું કે-'અહીંથી ચ્યવીને અમે ભૃગુ પુરોહિતના પુત્રો થવાના છીએ.' આથી ઉત્તમ આશયવાળા તે દેવોએ નિર્ગ્રન્થનું રૂપ ધારણ કર્યું અને ભૃગુ પુરોહિતના મહેલે પહોંચ્યા. પોતાના મહેલે પધારેલા મુનિવરોને જોઇને, આનંદિત થયેલા પુરોહિતે પણ, પોતાની પત્નીની સાથે, તે મુનિવેષને ધરનારા દેવોને પ્રણામ કર્યા. તેમની પાસેથી ધર્મદેશના સાંભળી અને શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો.

આ પછી પુત્રની ઉત્કટ અભિલાષાના યોગે પુરોહિતે પૂછ્યું કે-" હે પૂજ્યો! મને પુત્ર થશે કે નહિ?"

પુરોહિતના આ પ્રશ્નનો ઉત્તર આપતાં, મુનિવેષને ધરનારા તે દેવોએ કહ્યું કે-" હે પુરોહિત! તને બે પુત્રો થશે અને તે સન્મતિવાળા થશે: એ કારણે તે બન્નેય પુત્રો વિશ્વપૂજ્ય પ્રવ્રજ્યાને બાળકાળમાં અંગીકાર કરશે: તો જ્યારે તેઓ પ્રવ્રજ્યા અંગીકાર કરવાને તૈયાર થાય, ત્યારે પ્રવ્રજ્યાને અંગીકાર કરતા એવા તેઓને તારે અંતરાય નહિ કરવો: કારણ કે-દીક્ષિત થયેલા તેઓ ઘણા લોકને પ્રતિબોધ કરશે."

આ પ્રમાણે કહીને તે બન્નેય દેવો ચાલી ગયા: આયુષ્ય પૂર્ણ થયે દેવલોકમાંથી ચ્યવ્યા અને ભૃગુ પુરોહિતની 'યશા' નામની પત્નીના ગર્ભમાં આવ્યા. પોતાની પત્નીને ગર્ભવતી થએલી જાણી,

એટલે તરત જ ભૃગુ પુરોહિતને મુનિ રૂપ ધરીને આવેલા દેવોનું વચન યાદ આવ્યું: એટલે એના મનમાં થયું કે–"પુત્ર જરૂર થવાના, પણ બાલ્યકાળમાં જ દીક્ષા લેવાના: એથી મારે હવે એવું કરવું જોઈએ, કે જેથી મારા પુત્રોને જીંદગીભર મુનિઓનું દર્શન ન થાય." આવો નિશ્ચય કરીને તેણે તે નગરનો ત્યાગ કર્યો અને તે ગામડામાં જઈને રહ્યો.

મોહની આ કેવી વિષમતા છે? અત્યારે એક સામાન્ય વિવેક-બુદ્ધિ પણ પુરોહિતમાં હોય એમ લાગે છે? જો સામાન્ય વિવેક-બુદ્ધિ પણ પુરોહિતમાં હોત, તો એ વિચારત કે–"હું નગરમાં રહું કે ગામડામાં જાઉં, પરન્તુ જેમ બે પુત્રો થવાનું મુનિઓનું વચન સત્ય નિવડયું, તેમ તે બન્ને બાળકાળમાં દીક્ષિત થશે એ વચન પણ સત્ય જ નિવડવાનું છે." અને આ વિચાર આવ્યો હોત, તો શ્રાવક-પણાને નહિ છાજતો એવો કારમો નિશ્ચય કરીને ભૃગુ પુરોહિત ધર્મસામગ્રીથી રહિત ગામડામાં રહેવા જવાનું જરુર માંડી વાળત!

આ કેવી બોધક ઘટનાઓ છે? ગોવાળપુત્રો દેવલોકમાંથી દીક્ષાની તૈયારી કરે છે અને ભૃગુ પુરોહિતને શ્રાવકધર્મનો ધર્મદેશના દઈને સ્વીકાર કરાવે છે, જ્યારે પુરોહિત જીંદગીભર પોતાના પુત્રો મુનિનું દર્શન પણ ન પામી શકે એવા ઇરાદાથી નગરને તજીને ધર્મસામગ્રીથી રહિત ગામડામાં જાય છે. એક તરફ ઉત્તમ ધર્મને પામવા માટેની લાલસા જૂઓ અને બીજી તરફ મોહની ભયંકર ભીષણતા જૂઓ!

આ ગામડામાં ભૃગુ પુરોહિતની પત્ની 'યશા'એ પુત્રયુગલને જન્મ આપ્યો: તે બન્ને ત્યાં વૃદ્ધિ પામવા લાગ્યા: વૃદ્ધિ પામતા પુત્રોને જોઈને મોહથી મુંઝાઈ ગએલ પુરોહિતે અને પુરોહિતપત્નીએ વિચાર કર્યો કે–"જો કે આવા ગામમાં સાધુઓનું આવાગમન થવાનો બીલ્કુલ સંભવ નથી: છતાં પણ દૈવયોગે આવા ગામમાં પણ સાધુઓ આવી જાય, તો તેમની સાથે પણ આપણા પુત્રોનો સંગમ ન થઇ જાય તો સારૂં: કારણ કે–સાધુઓનો સમાગમ થતાંની

સાથે જ આ બન્ને પુત્રો તરત જ ચારિત્રને ગ્રહણ કરશે."

તે પુરોહિત અને પુરોહિત-પત્નીએ આવા વિચારથી પ્રેરાઈને, આવા વિચારથી વ્યગ્ર બની જઇને, તે બન્ને પુત્રોને એવી શિખામણ આપી કે–"મુણ્ડિત મસ્તકવાળા અને દણ્ડ આદિને ધારણ કરનારા જે યતિઓ દંભથી બગલાની માફક નીચી દૃષ્ટિ રાખીને ધીમે ધીમે વિચરે છે, તેઓ બાળકોને પકડી લઈને એકદમ મારી નાખે છે અને નિર્દય એવા તે યતિઓ રાક્ષસોની માફક તે મારી નાખેલા બાળકોના માંસનું ભક્ષણ કરે છે: તેથી તેવા સાધુઓની પાસે તમારે કદી પણ જવું નહિ અને વિશ્વાસિઓનો ઘાત કરનારા તેમનો કદી પણ તમારે વિશ્વાસ કરવો નહિ."

ખરેખર, મોહમાં અન્ધ બનેલા અને કેવળ ઇહલૌકિક સ્વાર્થમાં પોતાના અને પોતાનાં સંતાનોના પારમાર્થિક હિતને ભૂલી ગએલાં તે માતા-પિતાએ, પરમ શુદ્ધ અને આજ્ઞાવિહિત અહિંસાધર્મના ઉપાસક મુનિવરો ઉપર આ જેવું તેવું કારમું કલંક નથી ચઢાવ્યું: પણ એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે? આજે પણ સુવિહિત મુનિવરોના ઉપર તદ્દન જુઠ્ઠાં, કલ્પિત અને કારમાં પણ કલંકો કયાં નથી ઓઢાડવામાં આવતાં? દીક્ષાના વિરોધિઓએ, દીક્ષાની વિરૂદ્ધ પ્રચાર કરવાને માટે તેમજ જૈનસમાજના સુવિહિત સાધુઓ તરફના પૂજ્યભાવને ઘટાડી દેવાને માટે કયાં ઓછાં જુઠ્ઠાં કલંકો ઓઢાડયાં છે! એ લોકોએ નથી તો પૂરી તપાસ કરી કે નથી તો સાચા ખૂલાસાઓ તરફ લક્ષ્ય આપ્યું અને કેવળ એવું જ લખતા ગયા કે–સુવિહિત સાધુઓ જાણે કે–છોકરાઓને ઉપાડી જ જાય છે! જો કે–સુવિહિત મુનિઓ તો એને એક પ્રકારનો ઉપસર્ગ સમજીને પોતાના કર્મક્ષયનું કારણ માને છે અને આત્મતારક પ્રવૃત્તિ તરફ જ લક્ષ્ય આપે છે, પરન્તુ એવા પાપપ્રચારના પરિણામે કેટલાય અજ્ઞાન જૈનો અને જૈનેતરો નિષ્કારણ સુગુરૂના સંસર્ગથી વંચિત રહેવા પામે છે: અને કેટલાકોને પરિચય થાય છે, એટલે ઘણી વાર તો પશ્ચાત્તાપ કરતાં રડીને માફી પણ માગી જાય છે. જ્યાં વિવેકલોચન બીડાઈ જાય, પાપભીરૂતા ચાલી જાય, મોહનું

સામ્રાજ્ય વ્યાપી જાય અને સ્વાર્થપરાયણતાની અધમાધમ કોટિએ પહોંચી જવાય, ત્યાં માણસ શું ન કરે ?, એ કહી શકાય નહિ. એવાઓ જેટલું ન કરી શકે, એમાં માનવું કે–એ બીચારાઓની તેવી શક્તિ નથી: અન્યથા, ગમે તેવી અધમતાને આચરતાં પણ તેમને આંચકો આવે તેમ નથી. પુરોહિત અને પુરોહિતપત્નીએ પોતાના પુત્રોને આપેલી શિખામણથી આ વસ્તુ સારામાં સારી રીતિએ સમજી શકાય તેમ છે. અનંતજ્ઞાનિઓની આજ્ઞા મુજબ અહિંસાધર્મનું ઉત્કૃષ્ટ-પણે પાલન કરતા મુનિવરોને ભયંકર હિંસક અને રાક્ષસ જેવા કહેવા, એ કયી મનોદશાને સૂચવે છે ? એ જ કે–સ્વાર્થ અને મોહમાં અન્ધ બનેલાઓને સત્પુરૂષો ઉપર પણ કારમાં કલ્પિત કલંકો ચઢાવતાં આંચકો આવતો નથી.

માતા–પિતાએ આવી શિખામણ આપવાથી, તે પુરોહિતપુત્રો સાધુના નામમાત્રથી પણ ડરવા લાગ્યા : પણ પુરોહિતપુત્રોની ભવિતવ્યતા સુંદર હતી, એટલે એવા ભયંકર પાપાચરણને આચરવા છતાં પણ પુરોહિતની અને પુરોહિતપત્નીની ધારણા ફળી નહિ. એક વાર તે બન્ને બાળકો ક્રીડા કરતા ગામની બહાર નીકળી ગયા : તે જ માર્ગે આવી રહેલા મુનિઓને તે બાળકોએ જોયા : માતા–પિતાએ તેમના અંતરમાં સ્થાપેલા શલ્યના પ્રતાપે તેઓ એકદમ ગભરાઈ ગયા : અને અતિશય ત્રાસ પામી ગએલા તે બાળકો, નાસીને પક્ષીની માફક એક વડના વૃક્ષ ઉપર ચઢી ગયા : કારણ કે–મનમાં ડર છે કે–' આ સાધુઓ આપણને પકડશે અને મારી નાખીને ખાઈ જશે. '

પોતાની કલ્યાણકારિણી પ્રવૃત્તિમાં રક્ત એ મુનિઓને તો આ વસ્તુનો ખ્યાલ જ નથી. ભાગ્યયોગે તે મુનિઓ પણ તે જ વડવૃક્ષની નીચે પધાર્યા અને પૂર્વે અંગીકાર કરેલ અશન આદિનો આહાર કરવા લાગ્યા. વડ ઉપર રહેલા બાળકોએ મુનિઓને શુદ્ધ આહારનું જ ભોજન કરતા જોયા : પોતાનાં માતા–પિતાએ કહેલ માંસભક્ષણ જેવું કશું જ નહિ જોવાથી, તે શુદ્ધ હૃદયવાળા બાળકો વિચારવા લાગ્યા કે– " આ સાધુઓ તો ભોજનનો જ આહાર કરે છે, પણ માંસનું ભક્ષણ

કરતા નથી! તો માતા-પિતા જે કહે છે, તે વાત કેમ સંગત થઈ શકે? અથવા તો-આ સાધુઓનો અછતો દોષ માતા-પિતાએ આપણી આગળ શા માટે કહ્યો?"

આવા પ્રકારની શંકાથી વ્યાપ્ત થએલા તે શુદ્ધ હૃદયના બાળકો પુનઃ પુનઃ એ મુનિવરોને અને એ મુનિવરોની આચરણાઓને જોવા લાગ્યા: મુનિવરોનાં અને મુનિવરોની ચર્યાનાં પુનઃ પુનઃ દર્શન કરવાના યોગે, તે બાળકોના હૃદયમાં એવો વિચાર ઉદ્ભવ્યો કે-"આપણે આવા શ્રમણોને ક્યારેક પણ પૂર્વે જોયા છે."

આ વિચારણામાં તે બાળકો એકરસ બની ગયા: અને એ એકરસતાના પ્રતાપે, તે બાળકોને પૂર્વની જાતિનું સ્મરણ થયું: અર્થાત્-તેઓને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.

એ જાતિસ્મરણ જ્ઞાનના પ્રતાપે, તે બાળકોને પૂર્વે આરાધેલું શ્રમણપણું યાદ આવ્યું: શ્રમણપણાની શુદ્ધતા, સુંદરતા અને કાર્યશ્રેષ્ઠતા સમજાઈ: અને તેથી તે બન્નેએ વિચારપૂર્વક નિર્ણય કર્યો કે-"મોહની પરવશતાથી માતા-પિતાએ મૃષા બોલીને અવશ્ય આપણને ઠગ્યા છે, એ ભારેમાં ભારે ખેદની વાત છે." જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયા બાદ તેઓને આવું કેમ ન સમજાય? ખોટા પ્રચારથી ભ્રમણામાં પડેલા આજે પણ પરિચયે વિરોધિઓના પ્રપંચોને સમજી જાય છે, તો આ હવે સમજે તે તો તદ્દન સ્વાભાવિક છે.

આવો નિર્ણય કરીને તે બન્ને પુરોહિતપુત્રો વડવૃક્ષ ઉપરથી નીચે ઉતર્યા: શુદ્ધ ભાવનાથી ભરેલા તે બાળકો પવિત્ર મુનિવરોના ચરણોમાં નમી પડ્યા: શુદ્ધ હૃદયે ભક્તિભાવપૂર્વક મુનિવરોને નમસ્કાર કરીને તે બાળકો પોતાના પિતાની પાસે આવ્યા અને વૈરાગ્યને પામેલા તેઓએ સંયમની અનુમતિની યાચના કરતાં, સ્પષ્ટ શબ્દોમાં પોતાના પુરોહિત પિતાની સાથે ધર્મવાદ કર્યો.

પુત્રો૦ "હે પિતાજી! અમે આ પ્રત્યક્ષપણે દેખાતા મનુષ્યભવને રોગ આદિ અનેક ઉપદ્રવોથી ભરેલો તેમજ અનિત્ય જોયો: અને આયુષ્ય પણ દીર્ઘ નથી એમ પણ જોયું: આથી, અમે ઘરમાં

આનંદ પામતા નથી : એ કારણે, અમે આપને પૂછીએ છીએ કે-અમે મૌન એટલે કે સંયમ આચરીએ ? ”

તેમને સંયમની અનુમતિ માગતા જોઇને પુરોહિત સમજ્યો કે-‘ પુત્રો મુનિભાવને પામ્યા. ’

પિતા૦ “ હે પુત્રો ! વેદના જાણનારા એવી વાણી વદે છે કે-“ પુત્ર વિનાના આત્માઓનો પરલોક થઇ શકતો નથી : કારણ કે-પિંડદાન આદિને કરનાર કોઈ ન હોય, તો ગતિ આદિનો અભાવ માનવામાં આવે છે. ” માટે તમે વેદોને જાણીને, બ્રાહ્મણોને જમાડીને, ઘરમાં પુત્રોને સ્થાપન કરીને અને સ્ત્રીઓની સાથે ભોગોને ભોગવીને અરણ્યમાં વસનારા તાપસોના વ્રતને ધારણ કરનારા પ્રશસ્ત મુનિવરો થજો ! ”

આ રીતિએ પુત્રોને ચલિત કરવાનો પુરોહિતે પ્રયત્ન આરંભ્યો, પણ પુત્રો હવે તો એમ માની જાય એવા રહ્યા નહોતા.

પુત્રો૦ “ હે પિતાજી ! ભણેલા વેદો પણ શરણ રૂપ થતા નથી : કારણ કે-વેદોને ભણવા છતાં પણ જીવનમાં ઉત્તમતા ન આણવી અને સદ્‌ગતિની ઇચ્છા રાખવી એ ફોગટ છે : હિંસાદિક કુમાર્ગની પ્રરૂપણા કરનારા અને પશુવધ આદિમાં પ્રવૃત્તિ કરનારા બ્રાહ્મણોને પાત્રબુદ્ધિથી ભોજન કરાવવું, એ તરવાનું સાધન નથી પણ નરકનું કારણ છે : એ હેતુથી જમાડેલા એવા પ્રકારના બ્રાહ્મણો ગાઢ અંધકારથી ભરેલા અતિ રૌદ્ર રૌરવાદિ નરકાવાસમાં લઈ જાય છે : તથા ઉત્પન્ન થયેલા પુત્રો નરક આદિમાં પડતા પિતા આદિને શરણ રૂપ નથી થઇ શકતા. આથી તો, વેદના અનુયાયિઓએ પણ કહ્યું છે કે-“ જો પુત્રથી જ સ્વર્ગ થાય, તો પછી દાનધર્મની હયાતિ જ ન રહે : જો એમ થાય તો દાનધર્મમાં લોકને ઠગ્યો જ ગણાય : કારણ કે-દાનધર્મ નિરર્થક બની જાય છે ! ” વળી પુત્રથી જ સ્વર્ગ માનવામાં આવે, તો ડુક્કર, ગોધા અને તામ્રચૂડ બહુ પુત્રવાળા હોય છે, માટે તેઓને પ્રથમ સ્વર્ગ મળશે અને લોક તેઓની પછી સ્વર્ગમાં જશે. વળી કામભોગો ક્ષણમાત્રને માટે સુખને આપનારા અને બહુ કાળ સુધી દુઃખને

આપનારા છે: કામભોગો અતિશય દુઃખને અને ઘણા અલ્પ સુખને આપનારા છે: કામભોગો સંસારથી મુક્ત થઈને મોક્ષે જવામાં અંતરાયભૂત મહાશત્રુઓ છે: અને કામભોગો અનર્થોની ખાણ સમાન છે: કારણ કે-વિષયસુખની પ્રાપ્તિને માટે આમતેમ ભ્રમણ કરતો આત્મા, પોતાના અભિલાષની તૃપ્તિ નહિ થવાના કારણે, તેની તૃપ્તિ માટે રાત્રિ અને દિવસ સર્વ પ્રકારની ચિન્તા રૂપ અગ્નિથી સળગતો અને સ્વજનોના કાર્યમાં આસક્ત બનેલો, વિવિધ પ્રકારના ઉપાયો દ્વારા ધનની શોધમાં ફરતો ફરતો વૃદ્ધાવસ્થાને તથા મૃત્યુને પામે છે: વળી-'આ ધાન્ય આદિ મારૂં છે અને આ સોનુંરૂપું મારૂં નથી, આ ઘર વિગેરે બંધાવવું એ મારૂં કૃત્ય છે અને આ આરંભેલ વ્યાપારાદિ પણ મારે માટે અકૃત્ય છે.'-આ પ્રમાણે ફોગટ જ ખૂબ ખૂબ બોલ્યા કરનાર વિષયાસક્ત પુરૂષને દિવસ અને રાત્રિઓ ભવાન્તરમાં લઈ જાય છે: એ હેતુથી ધર્મકાર્યમાં પ્રમાદ કરવો, એ કેમ જ યોગ્ય ગણાય?"

આ રીતિએ વિસ્તારથી પોતાના પિતાની સઘળી દલીલોને તે બન્નેએ તોડી નાખી: એટલે પુરોહિત પોતાના પુત્રોને ધનાદિકથી લલચાવવાને મથે છે.

પિતા૦ "હે પુત્રો! સ્ત્રીઓની સાથે તમારા માટે ઘણું ધન વિદ્યમાન છે અને પિતા, કાકા વિગેરે સ્વજનો પણ તમારે ઘણા છે: શબ્દ આદિ કામના ગુણો, એ પણ તમારે માટે અતિશયવાળા છે: તેમજ જે ધનાદિકને માટે લોક તપ તપે છે, તે સઘળું ય તમારા માટે આ ઘરમાં જ સ્વાધીન છે."

પુત્રો૦ "સાત્ત્વિક અને ધુરન્ધર ગણાતા પુરૂષો દ્વારા વહન કરાતી ધર્મધુરાને વહન કરવાના અધિકારમાં, હે પિતાજી! આપ ધન, સ્વજન અને કામગુણોની વાત કરો છો, એ અસ્થાને છે: કારણ કે-ધર્મની આગળ એની કશી જ કિંમત નથી: એ કારણે ઘણું ધન, અનેક સ્વજનો અને કામગુણો પણ અતિશયવંતા હોવા છતાં, અમે તો ક્ષમા આદિ ગુણોના સમૂહને ધરનારા અને ભિક્ષાચર બનીને

અપ્રતિબદ્ધપણે વિહરનારા શ્રમણો થઇશું."

આમ ધનાદિથી પણ તેઓ લલચાયા નહિ : એટલે પુરોહિતે આત્માના અસ્તિત્વનો જ ઈનિકાર કરવાનો પ્રયત્ન કર્યો.

પિતા૦ "હે પુત્રો ! જે આત્માના શ્રેયને માટે, તમે ધર્મ કરવાને તૈયાર થયા છો, તે આત્માનું અસ્તિત્વ જ નથી; કારણ કે-અરણિના કાષ્ટમાં અગ્નિ, દુધમાં ઘી અને તલમાં તેલ પૂર્વે અવિદ્યમાન હોવા છતાં જેમ ઉત્પન્ન થાય છે, તેમ આત્મા પૂર્વે નહિ હોવા છતાં પણ શરીરમાં ઉત્પન્ન થાય છે અને મેઘના પાલની માફક નાશ પામી જાય છે : આથી આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરીને તમોએ આ જે પ્રયત્ન આરંભ્યો છે, તે સર્વથા નકામો છે."

પુત્રો૦" હે પિતાજી ! આત્મા ઈન્દ્રિયોથી ગ્રહણ નથી થતો, એ માટે જ આપ 'આત્મા નથી' એમ કહો છો; પણ તેમ નથી : કારણ કે-ઈન્દ્રિયોથી ગ્રહણ કરી શકાય તેવા રૂપ આદિનો આત્મામાં અભાવ છે : રૂપાદિકના અભાવ રૂપ અમૂર્ત્તભાવ હોવાથી, આત્મા ઈન્દ્રિયોથી ગ્રહણ નથી થઈ શકતો, પણ તેથી આત્મા નથી એવું છે જ નહિ : અમૂર્ત્તભાવ હોવાથી પણ આત્મા નિત્ય છે : કારણ કે-જે દ્રવ્ય હોઈ અમૂર્ત્ત હોય, તે અવશ્ય નિત્ય હોય છે : જેમ કે-આકાશ દ્રવ્ય હોઈ અમૂર્ત્ત હોવાથી નિત્ય છે : તેમ આત્મા પણ અમૂર્ત્ત છતાં નિત્ય છે : આત્મામાં રહેલા મિથ્યાત્વ આદિ બન્ધના હેતુઓ દ્વારા નિશ્ચિતપણે આત્મા સાથે કર્મોનો સંબંધ થઈ શકે છે : અમૂર્ત્ત એવા આકાશને જેમ મૂર્ત્ત એવા ઘટાદિની સાથે સંબંધ થઈ શકે છે, તેમ અમૂર્ત્ત એવા આત્માનો મૂર્ત્ત કર્મોની સાથે સંબંધ થવામાં કશો જ વિરોધ આવી શકે તેમ નથી : વળી, આત્મા સાથેના કર્મોના બંધને અનન્તજ્ઞાનિઓ સંસારના હેતુ તરીકે જણાવે છે : તે કારણથી મોહના પ્રતાપે ઘરથી બહાર નીકળવાને નહિ પામતા અને અનુજીવીઓ દ્વારા અનુપાલન કરાતા તથા સમ્યગ્દર્શન આદિ ધર્મને નહિ જાણનારા અમોએ પ્રથમ જે પાપકર્મને કર્યું, તે પાપકર્મને અમે હવે ફરીથી નહિ જ આચરીએ : વળી બીજી વાત એ પણ

છે કે–પીડિત અને સર્વ બાજુથી પરિવારિત એવા લોકમાં અવન્ધ્ય પ્રહરણની ઉપમાને પામી શકે તેવી પડતી વસ્તુઓના પ્રતાપે અમે ઘરવાસમાં કોઈ પણ રીતિએ રતિ પામી શકતા નથી : એટલે કે–વાગુ-રાથી વીંટાયેલો અને અમોઘ પ્રહરણો દ્વારા શિકારિથી મરાતો હરણીયો જેમ રતિને ન પામે, તેવી દશા અમારી પણ આ ઘરવાસમાં છે : એ કારણથી, હે પિતાજી ! અમે આ ઘરવાસમાં કોઈ પણ રીતિએ આનંદ પામી શકીએ એવું છે જ નહિ."

આવી રીતિએ પુત્રોએ આત્માનું મંડન કરીને, પીડિત લોક ઉપર પડતી વસ્તુઓથી ઘરવાસમાં રતિ નહિ પામવાનું સૂચવ્યું : એના પ્રતાપે—

પિતા० " હે પુત્રો ! 'શિકારી જેવા કોનાથી લોક હણાએલો છે ?, વાગુરા જેવી કયી વસ્તુથી લોક પરિવરેલો છે ? અને અમોઘ પ્રહરણની ઉપમાવાળી એવી કયી વસ્તુઓ છે, કે જેનાથી લોક ઉપર કારમા પ્રહારો થઈ રહ્યા છે ?'–એ મને કહો, કે જેથી હું પણ તમારા જેવી ચિંતામાં તત્પર થાઉં અને એથી તમારી માફક હું પણ ઘર-વાસમાં રતિને ન પામું."

પુત્રો० " હે પિતાજી ! આ લોક મૃત્યુ રૂપ શિકારિથી હણાએલો છે : કારણ કે–તે મૃત્યુ રૂપ શિકારિનો પ્રચાર સર્વત્ર અપ્રતિહત છે : આ લોક વૃદ્ધાવસ્થા રૂપ વાગુરાથી પરિવારિત છે : એ વૃદ્ધાવસ્થા મરણ રૂપી અભિઘાતને યોગ્ય બનાવવામાં વિચક્ષણ છે તથા અમોઘ પ્રહરણની ઉપમાને યોગ્ય વસ્તુઓ તે અવિરતપણે ચાલી જતી રાત્રીઓ છે : એ કારમા પ્રહરણોના પાતથી લોકનો અભિઘાત અવશ્યંભાવી બને છે, માટે એ પ્રહરણો અમોઘ જ છે. વળી, જે જે રાત્રી અને દિવસ જાય છે, તે ફરી આવતા નથી : તે કારણથી ઘરવાસ રૂપ અધર્મને કરનારા લોકોની જે જે રાત્રીઓ અને દિવસો જાય છે, તે નિષ્ફલ જાય છે : તથા જે જે રાત્રી–દિવસ વ્રત રૂપ ધર્મને ધરનારા લોકના જાય છે, તે તે સફલ થાય છે : આ કારણથી, હે પિતાજી ! અમે ઘરવાસનો ત્યાગ કરીને દીક્ષાનો સ્વીકાર કરીશું :

કારણ કે-ઘરવાસ, એ અધર્મનું કારણ છે અને દીક્ષા વિના સંપૂર્ણ ધર્મ નથી, માટે ઘરવાસનો ત્યાગ અને દીક્ષા રૂપ ધર્મનો સ્વીકાર, એ જ એક સર્વ રીતિએ શ્રેયસ્કર છે."

પુત્રોના આવા જવાબથી પુરોહિત પ્રતિબુદ્ધ થયા: એટલે—

પિતા० "હે પુત્રો! આપણે બન્ને ય સમ્યક્ત્વ અને દેશવિરતિએ કરીને સહિત થયા થકા એક જ સ્થાનમાં સાથે રહીએ અને તે પછી અવસરે આપણે દીક્ષાનો સ્વીકાર કરીને માસકલ્પાદિના ક્રમે, કુલે કુલે ભિક્ષાચર્યાને કરતા વિચરીશું."

પુત્રો० "જે આત્માને મૃત્યુની સાથે મૈત્રી હોય અથવા તો જે આત્મા મૃત્યુથી નાસી છૂટવાની તાકાત ધરાવતો હોય અથવા તો જે આત્મા એમ જાણતો હોય કે-'હું મરીશ નહિ' તે જ આત્મા એવું ઇચ્છે કે-'આ કાર્ય આવતા દિવસે થાય.' પણ આપણે તો મૃત્યુની સાથે મૈત્રી નથી, મૃત્યુથી નાસી છૂટવાની પણ આપણામાં શક્તિ નથી તેમજ આપણે એ વાત પણ જાણીએ છીએ કે-'મરણ નિશ્ચિત છે.' માટે આવતી કાલ ઉપર આ કાર્યને મૂલ્તવી રાખી શકીએ નહિ: તે કારણથી, હે પિતાજી! આપણે તે ધર્મને આજે જ અંગીકાર કરીએ, કે જે ધર્મનો સ્વીકાર કરવાના પ્રતાપે આપણને ફરીથી જન્મ અને મરણ આદિનો અનુભવ કરવો પડે નહિ: વળી વિષયસુખ આદિ કોઈ પણ સુંદર વસ્તુ આ સંસારમાં એવી નથી, કે જે આપણે પ્રાપ્ત ન કરી હોય: કારણ કે-આ સંસારના સર્વ પદાર્થો આ જીવને અનંતી વાર પ્રાપ્ત થએલા છે: એ કારણથી, સ્વજનાદિકના રાગને તજીને ધર્મના અનુષ્ઠાનને આચરવાનો જે અભિલાષ આપણે કર્યો છે, તે જ યોગ્ય છે: હવે સમ્યગ્દર્શનાદિને સ્વીકારીને ય ઘરવાસમાં રહેવું, એ યોગ્ય નથી."

આવી રીતિએ પોતાના પુત્રોના મુખથી વૈરાગ્યરસને ઝરતી વાણીનું શ્રવણ કરીને, તેમના પિતા ભૃગુ પુરોહિત પણ વૈરાગ્યવાસિત થયા: તેઓ પણ તુરત જ વ્રતને ગ્રહણ કરવાની અભિલાષાવાળા થયા અને તેમણે પોતાની પત્ની 'યશા'ને એ જણાવ્યું: એથી એ

પતિ-પત્ની વચ્ચે પણ જે સંવાદ થયો, તે જાણવા જેવો છે!

પતિ૦ "હે વાશિષ્ઠિ! પુત્રોથી તજાએલા એવા મારો હવે ઘરમાં વાસ નથી અને આ કાળ હવે વ્રતને ગ્રહણ કરવાનો છે: વૃક્ષ શાખાઓથી સમાધિને પામે છે અને છેદાઈ ગયેલી શાખાઓથી તો તે જ વૃક્ષને લોકો સ્થાણુ તરીકે ઓળખાવે છે : એ રીતિએ, આ પુત્રો મારી શોભા છે અને મારે માટે સમાધિના હેતુઓ છે: એટલે તેઓ દ્વારા તજાએલો હું ગહવાસમાં કોઈ પણ રીતિએ વસી શકું તેમ નથી. વળી આ લોકમાં પાંખો વિનાનો પક્ષી જેમ દુઃખનો ભાગી થઈને વિષાદને પામે છે, રણમાં નોકર વિનાનો રાજા જેમ દુઃખનો ભાગી થઈને વિષાદને પામે છે, અને જહાઝના ભાગવાથી જેનું હિરણ્યાદિ દ્રવ્ય નાશ પામ્યું છે તેવો વણિક જેમ દુઃખનો ભાગી થઈને વિષાદને પામે છે, તેમ પુત્રોથી તજાએલો હું પણ દુઃખભાગી થઈને આ લોકમાં વિષાદને પામનારો બનું: અર્થાત્-વ્રતગ્રહણના સમયે અને બાળપુત્રો સંયમનો સ્વીકાર કરે તે છતાં પણ હું જો ગૃહ-વાસમાં રહું, તો એમાં મારી શોભાય નથી અને મને એથી શાંતિ પણ નથી: માટે દીક્ષાનો સ્વીકાર કરવો, એ જ મારે માટે ઉચિત છે."

પત્ની૦ "હે સ્વામિન્! સુન્દર પ્રકારના જે રૂપ આદિ કામના ગુણો, તે આ આપના ઘરમાં જ વિદ્યમાન છે: અને સઘળા જ કામગુણોમાં અતિ ગૃદ્ધિના હેતુ હોવાથી પ્રધાનપદને ભોગવતા મધુર આદિ જે ઉત્તમ પ્રકારના રસો, તે પણ આ આપના ઘરમાં ઢગલાબંધ છે: તે કારણથી, પુત્રોના જવા બાદ પણ આપને આ ઘરમાં વસતાં કાંઈ જ દુઃખ થઈ શકે તેમ નથી: માટે આ વિદ્યમાન કામગુણોને ખૂબ ખૂબ હાલમાં ભોગવીએ અને તે પછી એટલે વૃદ્ધાવસ્થામાં પ્રધાનમાર્ગને એટલે કે-દીક્ષા રૂપ મુક્તિમાર્ગને આચરીશું!"

પતિ૦ "હે ભવતિ! મેં રસોને ભોગવ્યા છે; પણ તું એ વિચાર કે-એના ભોગવટાની કાર્યવાહીમાં પડેલાં આપણી આ વય, કે જે અત્યારે પણ ઇષ્ટ કાર્યને કરવામાં સમર્થ છે, તે આપણો ત્યાગ કરે છે: વળી તું એમ પણ નહિ માનતી કે-'ભવાન્તરમાં પણ સુન્દર

ભોગોની પ્રાપ્તિ થાય તે માટે હું આ દીક્ષાનો સ્વીકાર કરવાને તૈયાર થયો છું !' કારણ કે–હું અસંયમ રૂપ જીવિતને માટે ભોગોનો ત્યાગ નથી કરતો, કિન્તુ હું તો–' લાભ અને અલાભ, સુખ અને દુઃખ તથા જીવિત અને મરણ '–ઇત્યાદિ ભાવોમાં સમતાને જ ભાવતો, સ્વીકારેલા મુનિભાવને આચરીશ."

પત્ની૦ "હે સ્વામિન્ ! જેમ વૃદ્ધ હંસ નદીના પ્રવાહમાં કષ્ટકારી પ્રતિકૂળ ગમન આરંભીને પણ, તેમ કરવાને અશક્ત એવો તે, પાછળથી તો પ્રવાહને અનુકૂળ દિશામાં–પ્રવાહ દોડે તે દિશામાં દોડવા માંડે છે, તેમ આપ પણ વ્રતનો સ્વીકાર કર્યા બાદ વ્રતના ભારને વહન કરવાને માટે અસમર્થ બન્યા થકા સ્વજનોને તથા ભોગોને યાદ કરશો : કારણ કે–દીક્ષામાં ભિક્ષાચર્યા અને વિહાર આદિ દુઃખ રૂપ જ છે."

પતિ૦ "હે ભવતિ ! સર્પ જેમ પોતાના દેહથી ઉત્પન્ન થએલી કાંચળીને તજી દઈને નિરપેક્ષ બન્યો થકો ચારે દિશામાં ચાલ્યો જાય છે, તેમ મારા શરીરથી ઉત્પન્ન થએલા અને ભોગોનો ત્યાગ કરતા આ મારા બાળકોને, હું દીક્ષાનો સ્વીકાર કરવા દ્વારા કેમ નહિ અનુસરી શકું ? અને એકલા સહાય વિનાના મારે આ ઘરવાસે કરીને પણ શું ? તથા બળવાન જેમ બળહીનને હણે, તેની માફક જાળને છેદી નાખીને રોહિત જાતિના મત્સ્યો હરી–ફરી શકે છે : તે જ રીતિએ, ધુરાને વહન કરનારા પુરૂષોની માફક ઉપાડેલા ભારને વહન કરવાનો સ્વભાવ છે જેઓનો તેવા અને અનશન આદિ તપના આસેવનથી પ્રધાન બનેલા એવા ધીરપુરૂષો જેમ રૂપ અને રસ આદિ કામગુણોનો ત્યાગ કરીને ભિક્ષાચર્યા એટલે દીક્ષાને આચરે છે, તેમ હું પણ એ વીરપુરૂષોની માફક વ્રતને આચરીશ."

પત્ની૦ "આકાશને વિષે તે તે ઉદ્દેશોનું ઉલ્લંઘન કરતાં કૌંચો અને દીર્ઘ બંધનોને ભેદીને હંસો ચારે દિશામાં જાય છે : તેવી રીતિએ મારા પુત્રો અને મારા પતિ, દીર્ઘ જાલની ઉપમાને પામી શકે એવા મારા સંબંધી વિષયાભિષ્વંગને તજીને, આકાશની માફક

કોઈ પણ પ્રકારના લેપ વિનાના સંયમમાર્ગમાં, તે તે સંયમસ્થાનોનું અતિક્રમણ કરતા જાય છે; તો તેઓને એકલી બનેલી હું કેમ નહિ અનુસરૂં ? એટલે કે-હું પણ મારા પુત્રો અને મારા પતિની માફક, આત્માને ફસાવવાને માટે જાળ સમા કામગુણોનો ત્યાગ કરીને, કોઈ પણ જાતિના દોષ વિનાના સંયમમાર્ગે જ વિચરીશ. ”

આ રીતિએ, એક માત્ર મોક્ષમાર્ગના જ અનન્ય મુસાફર એવા મુનિવરોનાં ભાગ્યયોગે દર્શન પામીને એ પુરોહિતપુત્રોને જાતિ-સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું : ભાગવતી દીક્ષાની અનુપમ શ્રેયસ્સાધકતા સમજાઇ : વૈરાગ્યની ભાવના પ્રગટી : દીક્ષા લેવાનો નિશ્ચય થયો : એ નિશ્ચય તેમના પિતા ભૃગુ પુરોહિતને જણાવતાં, વેદની ઉક્તિના નામે, ધનાદિની લાલચ આપીને તેમજ આત્મા નથી એવું પણ જણાવીને ભૃગુ પુરોહિતે તેમને દીક્ષા લેતાં અટકાવવાનો પ્રયત્ન કર્યો : એ વાદના પ્રતાપે પુરોહિત પ્રતિબોધ પામીને પોતે પણ દીક્ષા લેવાને તૈયાર થયા; તેમજ પુરોહિતપત્નીએ પોતાના પતિની સાથે, તેમને અટકાવવાની વાત કરતાં, તે પણ પ્રતિબોધને પામી અને દીક્ષા લેવાને તૈયાર થઈ: આ રીતિએ, પરમ વીતરાગ શ્રી અરિહંતદેવોએ પોતાના જીવનમાં અનુપમ રીતિએ જીવીને સક્રિય રીતિએ ભવ્ય જીવોને માટે ઉપદેશેલા સંયમમાર્ગે પુરોહિત, પુરોહિતપત્ની અને બન્ને પુરોહિત-પુત્રો ઉલ્લાસથી સંચર્યા.

હવે એવું બન્યું કે-આ ચારેએ દીક્ષા લીધી, એટલે 'ઈશુકાર' રાજા, લોભાધીન બનીને તે પુરોહિતે તજેલા વિપુલ અને ઉત્તમ ધન-ધાન્ય આદિને લઈ લેવાને માટે સજ્જ થયા : આથી રાજા-રાણીની વચ્ચે પણ મનનીય વાર્તાલાપ થયો.

રાણી૦ “હે રાજન્! આ વિશ્વમાં વમેલું ખાનારો પુરૂષ બુદ્ધિમાન પુરુષો દ્વારા પ્રશંસાનું પાત્ર નથી થતો, તો પછી આપે આ શું આરંભ્યું છે ? કારણ કે-‘ આપ પણ આ તો એવા જ પ્રકારની કાર્યવાહી કરી રહ્યા છો ! શું આપ નથી જાણતા કે-આ સઘળુંય ધન પુરોહિતે તજી દીધેલું છે અને ગ્રહણ કરીને તજાએલું ધન એ ખાઈને વમી

નાખેલા ભોજન જેવું જ છે ને? અને જો એ જાણો છો, તો પછી આપ વમેલું ભોજન કરનારા છો, એમ કેમ ન કહી શકાય? હું તો કહું છું કે-જરૂર એમ કહી શકાય અને એથી જ હું કહું છું કે-બ્રાહ્મણે પરિત્યાગ કરેલા ધનને આપ ગ્રહણ કરવાને ઇચ્છો છો, એ કારણે આપ વમેલું ભોજન કરનારાના જેવા જ છો, એમાં કશી જ શંકા નથી : પણ એમ કરવું, એ આપના જેવાને માટે કોઈ પણ રીતિએ ઉચિત નથી. વળી જો આપ એમ ધારતા હો કે-'આ ધનનો સ્વીકાર કરવાથી મારી ઇચ્છા પૂર્ણ થશે અને આ ધન મારી રક્ષા સારી રીતિએ કરશે.' તો આપની એ ધારણા પણ ફોગટ છે: કારણ કે-જો આખું ય જગત્ આપને આધીન થઈ જાય અગર તો આ સઘળું ય ધન પણ આપને આધીન થઈ જાય, તો પણ તે આખું ય જગત્ અને તે સઘળું ય ધન આપની ઇચ્છાને પૂર્ણ કરવાને સમર્થ નથી: કારણ કે-'ઇચ્છા એ વસ્તુ જ એવી છે કે-જેનો અન્ત નથી' તેમજ એ આખું ય જગત અને તે સઘળું ય ધન આપનું રક્ષણ પણ કરી શકે તેમ નથી : કારણ કે-એનામાં જન્મ અને મરણ આદિ આપત્તિઓને ફેડવાનું સામર્થ્ય જ નથી. એ કારણે, એવી વસ્તુની પાછળ જીંદગીને બરબાદ કરવી, એ કોઇ પણ રીતિએ આપના જેવાને માટે યોગ્ય નથી.

"આપ એ વાત બરાબર યાદ રાખજો કે-જ્યારે ત્યારે પણ આ મનોરમ કામગુણોને તજીને આપ મૃત્યુને પામશો : અને ત્યારે, એક ધર્મ જ શરણ રૂપ છે: કારણ કે-એ સિવાય આ લોકમાં અને મરણ સમયે અન્ય કોઈ વસ્તુ શરણ રૂપ નથી. બાકી હે રાજન્! આ પુરોહિતના ત્યાગનો પ્રસંગ આપણને એ વસ્તુ બરાબર યાદ કરાવે છે કે-'ધર્મ વિના આ વિશ્વમાં કોઇ જ શરણ રૂપ નથી.'

"તે કારણથી પક્ષિણી જેમ દુઃખદાયક પાંજરામાં આનંદ નથી પામતી, તેમ હું પણ જરા અને મરણ આદિના ઉપદ્રવોથી ઉપદ્રવિત એવા ભવપિંજરમાં રતિને પામી શકું તેમ નથી : એ કારણે હું તો, દર્પ-સ્નેહની સંતતિનો વિનાશ કરીને, હિરણ્યાદિ પરિગ્રહનો પરિત્યાગ

કરીને, સઘળાં હિતકારક અનુષ્ઠાનોને માયારહિતપણે કરવા જોગી ઉત્તમ દશાને અંગીકાર કરીને, વિષયાદિની અભિલાષાનો ઉચ્છેદ કરીને અને આત્માને દૂષિત બનાવનારા આરંભ તથા પરિગ્રહ રૂપી જે દોષો–તેનાથી નિવૃત્તિને પામીને, મુનિભાવને જ આચરીશ.

"રાજન્! ખરેખર, મોહની મૂઢતાનો પ્રતાપ જ કોઈ અજબ છે: એ મોહની મૂઢતાના જ પ્રતાપે, રાગ–દ્વેષને વશ પડેલા અન્ય અવિવેકી આત્માઓ, જેવી રીતિએ અરણ્યમાં દવના અગ્નિની માફક બળતા જીવોને જોઈને પ્રમોદને પામે છે; એવી જ રીતિએ, કામભોગોમાં મૂર્છિત થયેલા અને મૂઢ એવા આપણે, આખું ય જગત્ એટલે કે–વિશ્વવર્તી સઘળા ય પ્રાણિઓ રાગ અને દ્વેષ રૂપ અગ્નિથી બળી રહ્યા છે, એમ સમજી શકતા નથી.

"ખરેખર, હે રાજન્! જે આત્માઓ એવા અવિવેકી અને રાગાદિકથી ભરેલા જ નથી હોતા, તે આત્માઓની દશા તો ઘણી જ ઉત્તમ હોય છે: અને એવી ઉત્તમ દશાના કારણે, કર્મસંયોગે ભોગોને ભોગવીને અને તે પછી તેનો ત્યાગ કરીને તેવા પ્રકારનાં ઉત્તમ અનુષ્ઠાનોની આરાધનાથી પ્રમોદને પામતા તેઓ પવનની માફક અપ્રતિબદ્ધપણે વિહાર કરનારા બનીને પક્ષીઓની માફક ઇચ્છા મુજબ વિચરે છે: પણ હે રાજન્! મોહનો વિલાસ કોઈ કારમો જ છે: એ જ કારણે, હે આર્ય! મારા અને આપના હાથમાં આવેલા આ શબ્દ આદિ વિષયો, કે જેની આપણે અનેક ઉપાયોદ્વારા રક્ષા કરીએ, તો પણ તે તો સ્વભાવે કરીને અસ્થિર હોવાથી કમ્પે છે: જ્યારે કારમા મોહના વિલાસને આધીન થયેલા આપણે તો એવા નાશવંત વિષયોમાં પણ એવા આસક્ત રહીએ છીએ કે–એનાથી એક સહજ પણ કંપતા નથી. એ હેતુથી, હે રાજન્! એવા કારમા મોહવિલાસનો ત્યાગ કરીને આપણે પણ પુરોહિત આદિએ જેવી રીતિએ આ વિષયોની ચંચળતાને જોઈને એ વિષયોનો ત્યાગ કર્યો, તેમ ચંચળ એવા શબ્દાદિ વિષયોનો ત્યાગ કરશું અને સંયમપંથે વિહરશું.

"વળી હે રાજન્! આપ એવી માન્યતામાં મહાલતા હો કે–

'અસ્થિર એવા પણ કામો સુખના હેતુ તો છે જ, માટે શું કામ તેનો ત્યાગ કરવો?'–તો એ પણ બરાબર નથી: કારણ કે–એમાં સુખની કલ્પના કરવી, એ પણ ભ્રમ છે: માટે આપણે તો ધન–ધાન્યાદિ સઘળા ય સંગના હેતુઓને તજીને નિઃસંગ થયા થકા અપ્રતિબદ્ધપણે વિચરશું, કારણ કે–સંગ એ જ દુઃખનું કારણ છે અને નિઃસંગતા એ જ શાશ્વત સુખનું કારણ છે, એમ આપણે આ દુનિયામાં પણ દૃષ્ટાન્તપૂર્વક જોઈ શકીએ છીએ: જેમ કે–માંસવાળા પક્ષીને અન્ય પક્ષીઓ દ્વારા આપણે પીડાતું જોઈએ છીએ અને એ જ પક્ષી જ્યારે માંસહીન બની જાય છે, ત્યારે તેને કોઈ જ પીડતું નથી, એવું પણ આપણે જોઇએ છીએ.

"વળી હે રાજન્! માંસથી ભરેલા ગૃધ્રની છે ઉપમા જેને એવા શબ્દાદિ વિષયો સંસારને વધારનારા છે એમ જાણીને, આપ ઘણી જ સાવધાનીથી વર્તો. ગરુડના દર્શનથી ભયભીત બનેલો સર્પ જેમ ગરુડની આગળ અવાજ ન થાય એવી રીતિએ થોડું થોડું ચાલે છે, તેમ આપ પણ એવી રીતિએ યતના પૂર્વક ઉત્તમ ક્રિયાઓમાં પ્રવર્તો, કે જેથી ગરુડ જેવા વિષયોથી આપને સહજ પણ બાધા ન થાય: એટલું જ નહિ પણ, હે રાજન્! હાથી જેમ બંધનના દોરડાને છેદી નાખીને વિન્ધ્યાટવી નામના પોતાના સ્થાને ચાલ્યો જાય છે, તેમ આપ પણ આપના આત્માને લાગેલાં કર્મોનાં બંધનોને છેદી નાખીને શુદ્ધ જીવના સ્થાન રૂપ જે મુક્તિ, ત્યાં પહોંચી જાવ.

"આ હિતકારી વાત મેં જે આપની સમક્ષ કહી તે, હે મહારાજા ઇષુકાર! મેં મારી જ બુદ્ધિથી નથી કહી, પણ એ હિતકારી વાત મેં સાધુપુરૂષો દ્વારા સાંભળેલી છે."

આર્ય રાજરમણીના આવા અનુપમ ઉપદેશથી ઇષુકાર મહારાજા પણ પુરોહિતની જેમ પ્રતિબોધને પામ્યા: અને વિપુલ રાજ્ય તથા દુસ્ત્યજ કામભોગોનો ત્યાગ કરીને વિષયરહિત બનેલ, એ જ હેતુથી રાગના કારણથી રહિત બનેલ, કોઇના પણ પ્રતિબન્ધથી રહિત બનેલ તેમજ કોઈ પણ વસ્તુ ઉપરની મૂર્ચ્છાથી પણ રહિત બનેલ તે રાજા અને

રાણીએ શ્રુતચારિત્ર રૂપ સમ્યગ્ધર્મને જાણીને, શ્રેષ્ઠ કામગુણોનો ત્યાગ કરીને અને શ્રી જિનેશ્વરદેવોએ કહ્યા મુજબના ઘોર તપને અંગીકાર કરીને; કર્મશત્રુઓના જયને માટે ઘોર છે પરાક્રમ જેઓનું તેવાં તે રાજા અને રાણીએ પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો.

આ રીતિએ, ધર્મપરાયણ બનેલા તે છએ પુણ્યવાન આત્માઓ સર્વ દુઃખના અન્ત રૂપ અને એકાન્તે અનન્ત સુખમય મોક્ષને પામ્યા.

ભૃગુ પુરોહિત અને પુરોહિતપત્ની યશાએ જે પરિસ્થિતિ ઉભી કરી હતી, ધર્મસામગ્રીથી રહિત ગામડું પસંદ કરીને ત્યાં રહેવાનું રાખ્યું હતું અને ત્યાં પણ રખે સાધુઓનો સંગ ન થઇ જાય, એ માટે પવિત્ર સાધુઓને માથે ઘોર કલંક ચઢાવીને પણ પોતાના પુત્રોને સાધુના દર્શન માત્રથી ઉભગાવી દીધા હતા, એ સંયોગોમાં, જો તેઓ પુણ્યશાલી ન હોય, તો ધર્મને પામે ખરા? આવાં ધર્મમાં વિઘ્નકર માતા-પિતા પણ પ્રમાદોની માફક ભય રૂપ છે.

જો કે–તેઓ તો એટલા સારા પણ ખરા કે–છેવટે ય સન્માર્ગે આવીને સાધી ગયા: પરન્તુ આજે જેઓ સ્વાર્થવશ અથવા તો ધર્મદ્વેષી બનીને, સુસાધુઓને હરેક પ્રકારે વગોવી તથા હેરાન કરી રહ્યા છે, તેઓની કયી દશા થશે? સાચાં માતા-પિતા તે છે, કે જે સંતાનોને ધર્મમાં જોડે અને ધર્મમાં ન જોડી શકે તો પણ સંતાનને ધર્મની પ્રાપ્તિમાં તેમજ ધર્મનું પાલન કરવામાં વિઘ્નકર ન નિવડે. એવાં માતા-પિતાને ભય રૂપ નથી જ ગણાતાં.

માતા-પિતાએ પોતાનાં સંતાનોને સન્માર્ગે જોડવાનો પ્રયત્ન કરવો જોઇએ. બાળક ઉલ્લંઠ, સ્વચ્છન્દી, ધર્મહીન નિવડે, તો એને માટે માતા-પિતા જવાબદાર નથી એમ નહિ: માતા-પિતા શક્ય એટલા પ્રયત્નો સંતાનને સન્માર્ગે જોડવાના કરે, તે છતાં પણ તેના કર્મભાગ્યથી સંતાન ઉન્માર્ગે ચઢે તો માતાપિતાને દોષ ન દેવાય; બાકી સંતાનોને સન્માર્ગે ન ચઢાવવાં, એ પણ માતા-પિતાને માટે દોષ રૂપ અને કલંક રૂપ છે.

આવી જ રીતિએ, માતા-પિતાની માફક જે સ્ત્રી, પુત્ર આદિ

ગણાવાયા છે તે પણ અધર્મી હોય તો ભય રૂપ છે અને કલ્યાણાર્થી આત્માએ એવાં ભયનાં સ્થાનોનો ત્યાગ કરવો એ અનુચિત નથી જ : આથી જેણે ધર્મ કરવો હોય, તેણે જેમ અર્થિપણું કેળવવું જોઈએ, તેમ સમર્થપણું પણ કેળવવું જોઈએ. ધર્મના દાતાએ પણ ધર્મનું દાન કરતાં પહેલાં ધર્મ લેવા આવનારાના સમર્થપણાને તપાસવું, એ જરૂરી છે. ધર્મને સ્વીકાર્યા બાદ, તેને વળગી રહેવાને માટે સામર્થ્ય પણ જોઈએ : આથી ધર્મનો અધિકાર પ્રાપ્ત કરવાને માટે એ સમર્થપણું પણ જરૂર કેળવવું પડે, એ નિશંક વાત છે.

સમાધાનવૃત્તિ :

સુકૃતને મલિન કરનારા તેર દોષોમાં સાતમો દોષ 'અવિધિ' છે. જે ધર્મને આચરવો છે, તે ધર્મના વિધિને જાણવાની કાળજી નહિ, એ ધર્મના વિધિનું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન નહિ, ધર્મમાં થતો અવિધિ ખટકે નહિ અને ધર્મના વિધિ પ્રત્યે બીલકુલ બહુમાન નહિ, એ શું ધર્મને માટેની લાયકાત છે? ધર્મને વિધિ મુજબ કરવાની વૃત્તિ જોઈએ. દુનિયામાં પણ કયી વસ્તુ વિધિ વિના જ થાય છે અને ફળવી જોઇએ તેટલી ફળે છે? દાળ, ભાત, રોટલી, શાક વિગેરે કરવાને માટે પણ વિધિ મુજબ વર્તવું જોઈએ છે કે નહિ? વગર પાણીએ અનાજ ઓરી દે તો? બળે. એ જ રીતિએ બીજો અવિધિ થાય તો દુણાય, ખાવા લાયક ન રહે, ભોજન બગડે અને મહેનત માથે પડે. ભાજનમાં રીતસર ઓરવાને બદલે ચૂલામાં ઓરે તો? કયાં નખાય, કેમ નખાય, કેમ ઉપાડી લેવાય, કયારે ઉપાડી લેવાય, એમાંય વિધિ. રોટલી કરવાને માટે ઘઉંને પાણીમાં ઓરાય? નહિ જ, ત્યારે દુનિયામાં પણ દરેક વસ્તુ વિધિની અપેક્ષા રાખે છે. જ્ઞાનિઓ ફરમાવે છે કે–'ધર્મક્રિયાને પણ વિધિ મુજબ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.' આજે ધર્મક્રિયા કરનારાઓમાં પણ મોટો ભાગ એવો છે કે–એ જેટલી જેટલી ક્રિયાઓ કરે છે, તે બધી જ ક્રિયાઓના વિધિનો

યથાસ્થિત ખ્યાલ પણ નથી. ઘણા કહે છે કે–' કરીએ છીએ, પણ વિધિની ખબર નથી. ' આજે ઘણાઓને વસ્તુતઃ ધર્મ કરવો નથી અને ધર્મ કર્યો એવો સંતોષ માણવો છે.

અવિધિ એટલે ? શાસ્ત્ર ફરમાવે છે કે–' विधिश्च शास्त्रोक्तमर्यादया प्रवर्त्तनं, तदभावोऽविधिः । ' શાસ્ત્રે કહેલી મર્યાદા મુજબ પ્રવર્તન કરવું એ વિધિ અને એનો અભાવ એ અવિધિ. શાસ્ત્રે કરવા લાયક ક્રિયાને જે રીતિએ કરવાની કહી તે મુજબ નહિ કરતાં, ફાવતી રીતિએ, ગમે તેમ કરવી, એ અવિધિ છે. વસ્તુનો ખ્યાલ હોવા છતાં પણ, વિધિના રાગ અને અવિધિના ત્રાસ વિના જ જો અવિધિ સેવાય, તો એ માર્યા વિના રહે નહિ. ' અવિધિ થઈ જાય '–એ વાત જૂદી છે અને ' અવિધિ કરવી '–એ વાત જૂદી છે. વિધિને જાણવા છતાં પણ વિધિની ઉપેક્ષા કરે, કોઈ વિધિ બતાવે તો કહેશે–' બહુ સારૂં, આમ પણ થાય ' અને અવિધિનું એમ સ્થાપન કરે, તો તે માર્યો જાય. અવિધિ જાણ્યા પછી પણ એમાં રસ રહે, વિધિ મુજબ કરવાની વૃત્તિ જન્મે નહિ, અવિધિ ડંખે નહિ, તો સારી પણ ક્રિયા મારે. શાસ્ત્રના પ્રણેતાઓને દુનિયાને ધર્મી બનાવવાની ઘણી કાળજી હતી. આજના અવિધિપંથિઓની એ પુણ્યપુરૂષો કરતાં ઉપકારબુદ્ધિ વધી હશે, માટે વિધિના બહુમાન વિનાના અવિધિને પોષતા હશે, કેમ ? જેઓ શાસ્ત્રકાર પરમર્ષિઓએ કરેલા નિષેધને નહિ માનતાં, મનસ્વિપણે શાસ્ત્રના નામે વાતો કરે છે, તેઓ તો શાસ્ત્રનો પણ દ્રોહ કરનારા છે.

આજે અવિધિના શાસ્ત્રમર્યાદા મુજબ થતા ખંડનથી પણ ઘણાઓ મુંઝાય છે. ઘણાઓના હૈયામાં એ વાત ઘર કરી ગઈ છે કે–' ગાંડું ઘેલું પણ સારૂં કરવામાં વાંધો શો ? ' વાત એ છે કે–વિધિ થોડો થાય, અવિધિ ઘણો થાય, એના કરતાં પણ વિધિનું બહુમાન નહિ અને અવિધિનો ત્રાસ નહિ, એ વસ્તુ બહુ ભયંકર છે. સારી પણ ચીજ યોગ્યતા વિના ખવાય તો નુકશાન થાય. ઘેર લગ્ન હોય, મિષ્ટાન્ન કર્યું હોય, એ વખતે છોકરાને પેટમાં શૂળ ઉપડ્યું હોય તો ? બીજાને આગ્રહથી પીરસો, જાતેય ખાવ, પણ છોકરો માગે તો !

એ ન ખાઈ શકે એ માટે તમને કદાચ રડવું આવે, પણ આપો ખરા!

સ૦ નાજી.

શાથી? ચીજ ખરાબ હતી?

સ૦ હોજરી જોવી પડે.

હોજરી ન જૂએ, તો નુકશાન થાય ને? એ જ રીતિએ, જ્ઞાનિઓ કહે છે કે–'ચીજ સારી, પણ લેનાર–દેનારે લેવા–દેવાની મર્યાદાનો પણ વિચાર કરવો જોઈએ.' સારી ચીજ જ્ઞાનિઓના કહ્યા મુજબ થાય તો ક્ષણમાંય કામ થાય અને ઉંધી રીતિએ થાય તો કાંઈનું કાંઈ પરિણામેય આવે.

આજે વિધિની ઉપેક્ષાએ એવી સ્થિતિ પણ ઉભી કરવા માંડી છે કે–જો એમ કહેવાય કે–'આ આમ ન થાય.' તો કેટલાકો કહેશે કે–'એ તો થાય. ચાલ્યું આવે છે.' આ દશા નુકશાનકારક છે. અવિધિ કરતા હો કે થઈ જતી હોય, તો પણ વિધિનો રાગ ગુમાવતા નહિ. વિધિનું અર્થિપણું જાય અને ઉપેક્ષા આવે, તો ક્રિયા સારી હોવા છતાં પણ તેના પરિણામમાં ફેર પડયા વિના રહે નહિ! 'અવિધિ એ દોષ છે'–એ જાણ્યા પછીથી, જાણી જોઇને એ દોષની પડખે નહિ ચઢતા. અવિધિ ન છોડાય તો પણ, 'એ તો એમ જ ચાલે' એવું નહિ કહેતા. એવું માનતા કે બોલતા નહિ કે–'ક્રિયા સારી છે, માટે તે ગમે તેવા અવિધિથી પણ થાય તો પણ તેનો લાભ મળ્યા વિના રહે જ નહિ.' શું ક્રિયા સારી છે અને વિધિ ખરાબ છે? ક્રિયા ગમે છે અને વિધિ કેમ ગમતો નથી? આજે અવિધિના નુકશાનનો અને વિધિની જરૂરનો ખ્યાલ ઉડતો જાય છે. આ વેષમાં રહેલા પણ કેટલાકો, વિધિ પ્રત્યેના બહુમાનનો નાશ થાય એવી રીતિએ અવિધિને પુષ્ટ કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. અવિધિ ન થઈ જાય એમ નહિ, પણ વિધિ પ્રત્યેનું બહુમાન અને વિધિનો રસ તેમજ અવિધિ પ્રત્યેનો અણગમો એ બધું તો નહિ જ જવું જોઈએ.

સ૦ વસ્તુ સમજાય છે, પણ અવિધિને પોષનારાઓની સાથે બેસવાનું છૂટતું નથી.

સાથે બેસવાનું છૂટે નહિ તો પણ માખણીયા નહિ બનતા. સાફ સાફ કહેજો કે-'આપે અમારા અવિધિને પુષ્ટ કરવાનો ન હોય, પણ અમને વિધિનો ખ્યાલ આપવાનો હોય.' એકલા ક્રિયાના સારાપણા ઉપર જ ભાર મૂકવામાં આવે, તો તો વિધિની મહત્તા જ ઉડી જાય અને વિધિની પણ જરૂર છે, એ ખ્યાલ પણ ઉડી જાય.

સ૦ લડાઈ કેમ ચાલે છે?

જેમ આત્મા અને કર્મની લડાઈ જારી છે, તેમ ધર્મ અને અધર્મની લડાઈ પણ જારી છે. એ લડાઈ ચાલુ રહેવાની. દશકા પહેલાં જૂદી લડત હતી; આજે જૂદી લડત છે. લડત ધર્મ અને અધર્મ વચ્ચેની-એમાં ફેર નહિ. આ શાસનની પરિસ્થિતિને સમજેલાઓ 'કેમ લડો છો?'-એમ ન પૂછે. હાં, ખોટું લડનારાને જરૂર કહેવું કે-'ખોટું કેમ લડો છો?' પણ આજ તો કહેશે કે-'દોઢ વાંક વગર લડાઇ હોય?' વિચાર કરો તો સમજાય કે-'એકના વાંકે પણ લડાઈ હોઈ શકે.' ભાડુત ભાડું આપે નહિ, માલિક ભાડું માગે, ભાડુત ગાળો દેવા માંડે, માલિકને લડવું પડે, ત્યાં દોઢ વાંક કયાં રહ્યો? એમાં કોઈ ડહાપણ કરવા જાય કે-'હશે ભાઈ, કજીયો ન કર' તો ઘરના માલિકને કહેવું પડે કે-'હઠી જા. કજીયો શાનો છે તે સમજે છે?' તે જ રીતિએ, અહીં પણ આખી હકીકતને નહિ જાણનારા અને સાચી હકીકત જાણવાની પરવા વિનાનાઓ જો દોઢડહાપણ ડોળવા આવે, તો તેમનેય આઘા કાઢવા પડે. અમારા પૂર્વજો અધર્મની સામે લડતા આવ્યા છે. આ પુસ્તકોમાં ધર્મ-અધર્મની લડાઈઓ ભરી છે. એ લડાઈનો જ એ પ્રતાપ છે કે-આજ સુધી માર્ગ ડોળાયો નથી. તમને લાગે કે-અમુક ખોટું લડે છે, તો એને જઈને કહો કે-'ખોટું કેમ લડો છો?' પણ ઉન્માર્ગના ઉન્મૂલન અને સન્માર્ગના સ્થાપન રૂપ લડાઈને બંધ કરવાનું કહો નહિ. અવસરે પણ તેમ નહિ કરવાનું કહેવું, એ ડહાપણ નથી.

સ૦ અણસમજુ હોય તે તો એમ જ કહે ને?

આ અણસમજુની વાત નથી, પણ દોઢડાહ્યાઓની વાત છે.

અણસમજુ પણ જો સરલ હોય, તો તે આવે અને વસ્તુ રજૂ કરીએ એટલે ઝટ સમજે; જ્યારે દોઢડાહ્યાઓ તો સમજે કાંઈ નહિ અને ડોળે બધું. શાસ્ત્રની નીતિ–રીતિ અને શાસ્ત્રના સિદ્ધાન્ત જાળવવાની લડાઈ ચાલતી આવી છે અને ચાલે છે, જેથી સત્યના અર્થી આત્માઓ એકપક્ષીય કથનને વાંચીને કે સાંભળીને મુંઝાય નહિ અને આ તરવાનું સાધન ડોળાવા પામે નહિ. આના પ્રત્યે જ્યાં સુધી સાચું મારાપણું નહિ આવે, આ ન સચવાયું હોત તો શું થાત–એવું નહિ થાય, ત્યાં સુધી આ વાતો જેવી રીતિએ સમજાવી જોઈએ, તેવી રીતિએ સમજાવી મુશ્કેલ છે.

આ શાસનને પામેલાઓ સમાધાનવૃત્તિવાળા નથી હોતા એમ નહિ. સમાધાનવૃત્તિવાળા જરૂર હોય છે, પણ સિદ્ધાન્તને મૂકીને સમાધાન કરવાની વૃત્તિવાળા નથી હોતા. ગમે તેની ભૂલ થઈ જાય એ બને, પણ ભૂલને ભૂલ રૂપે સમજીને સુધારવાને બદલે, એક ખોટી વાત કહેવાઈ ગઈ એટલે તેને સાચી પૂરવાર કરવાને માટે અનેક ખોટી વાતો કહેવાય, ત્યારે એની સામે બોલ્યા વિના ન ચાલે.

શ્રી આર્યસુહસ્તિજી મહારાજ અને શ્રી આર્યમહાગિરિજી મહારાજ–એ બે આચાર્ય–ભગવાનો વચ્ચે એક પ્રસંગ બન્યો છે. શ્રી આર્યસુહસ્તિજી મહારાજે એક વાર ભૂલ કરી છે. એ માટે શ્રી આર્યમહાગિરિજી મહારાજે એમને ઠપકો આપ્યો. એનો ઉત્તર આપતાં શ્રી આર્યસુહસ્તિજી મહારાજે માયા સેવી. એના યોગે કુપિત થયેલા શ્રી આર્યમહાગિરિજી મહારાજાએ કહ્યું કે–‘ શાન્તમ્ પાપમ્ ! હવે આપણો સંબંધ નહિ નભે. સમાન સામાચારીવાળા સાધુઓની સાથે રહેવું એ યોગ્ય છે, પણ સામાચારીથી વિભિન્નની સાથે રહેવું એ યોગ્ય નથી.’ આટલું કહ્યું, એટલે તો શ્રી આર્યસુહસ્તિજી મહારાજે પોતાના અપરાધની માફી માગી. જ્યાં એ મહાપુરૂષે ભૂલ કબૂલ કરી અને માફી માગી, એટલે શ્રી આર્યમહાગિરિજી મહારાજે વાત પતાવી દીધી. જો ભૂલ કબૂલ ન કરી હોત, તો એ વાત આમ પતત નહિ.

ત્યારે પૂર્વના આચાર્યમહારાજાઓ સમાધાનવૃત્તિવાળા હતા

નહિ–એમ નહિ, પણ એ કહેતા કે–સિદ્ધાન્તને વેગળો મૂકીને કે આગમસિદ્ધ પ્રવૃત્તિનો વિલોપ થાય એ રીતિએ સમાધાન ન થાય. શાસનમાં સિદ્ધાન્ત માટેની લડાઈ શા માટે જરૂરી ? શાસનની મર્યાદાઓ બરાબર જળવાઈ રહે એ માટે ! વાત એ છે કે–એમાં બીજી વૃત્તિ નહિ આવવી જોઈએ. બીજી વૃત્તિ આવે, એટલે માર્ગને ચૂકતાં વાર લાગે નહિ. જો જિજ્ઞાસુતા જીવતી હોય, ઘમંડ ન હોય, ભૂલ સુધારવાની કે સુધરાવવાની સાચી વૃત્તિ હોય, તો માણસ ઉન્માર્ગથી બચી જાય છે; પણ આજના કેટલાકો તો પોતાના ખોટાને સાચું સિદ્ધ કરવાનું કોઈ સાચું સાધન હોય નહિ, એટલે આડું–અવળું લખીને પણ અજ્ઞાનોને મુંઝવ્યા કરે છે; માટે સમજતાં શીખો.

શ્રી જૈનદર્શનને પામેલાઓમાં સમાધાનવૃત્તિ નથી અગર તો નહોતી, એમ કહેવું એ અજ્ઞાન છે. સમાધાનવૃત્તિ જરૂર છે અને હતી, પણ સિદ્ધાન્ત તરફ બેદરકારી નહોતી અને તે તો આજે પણ નહિ જ હોવી જોઈએ. સમાધાનવૃત્તિ ન હોત તો ગોષ્ઠામાહિલને માર્ગમાં ટકાવવાને માટે અને સાચું સમજાવવાને માટે જે મહેનત થઈ, તે થાત ? એ તો જ્યારે એ ન જ માન્યા અને ઉન્માદી બન્યા ત્યારે જ એમને બહાર મૂકયા, પણ તે પહેલાં ?

શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજાને ગોષ્ઠામાહિલ નામના પણ એક શિષ્ય હતા. જબ્બર વિદ્વાન : વાદમાં મહાવાદિઓને પણ જીતી આવે એવા સમર્થ : પણ તેમનામાં અમુક પ્રકારની યોગ્યતા નહિ હોવાથી, શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજાએ શ્રી દુર્બલિકા પુષ્પ નામના મુનિવરને સ્વપદે સંસ્થાપિત કર્યા.

એ વખતે એ સૂરિવરે, શ્રી દુર્બલિકાપુષ્પ નામના નવા સૂરિવરને હિતશિક્ષા આપતાં કહ્યું છે કે–" સૂરિપદને પામીને તું લેશ પણ અહંકારને પામીશ નહિ : જેમ હું ગોષ્ઠામાહિલ અને ફલ્ગુરક્ષિત પર સમભાવે વર્ત્યો છું, તેમ તારે પણ એ જ રીતિએ સમચિત્તે વર્તવું : શિક્ષામાં જો કોઈ સ્થળે તું ઉપેક્ષા કરીશ અને કોઈ સ્થળે તું દઢતા કરીશ, તો તું સૂરિ હોવા છતાં પણ તારી આદેયવાકયતા નહિ ટકે :

એક મુનિનો અપરાધ રાગથી સહન કર્યો, તો બીજો તેનું અવલંબન લેશે, એટલે શિક્ષા કરવાનું શક્ય નહિ બને : જે સૂરિ સુશિષ્યોને જાતવાન ઘોડાઓની જેમ અને બીજાઓને દુષ્ટ ઘોડાઓની જેમ સમ્યક્ પ્રકારે શિક્ષા કરે છે, તે સૂરિનો ગણ વિનીત થાય છે.” આ વિગેરે ઘણી હિતશિક્ષા આપી છે.

મૂળ વાત એ છે કે–શ્રી આર્યરક્ષિતસૂરિ મહારાજાએ પોતાના પદે સ્થાપિત કરવાને માટે શ્રી દુર્બલિકાપુષ્પને યોગ્ય ધાર્યા, જ્યારે સાધુઓની સ્વજનપણાના યોગે ગોષ્ઠમાહિલને અને ફલ્ગુરક્ષિતને એ પદ મળે એવી ઇચ્છા હતી. એ જાણીને શ્રી આર્યરક્ષિતસૂરિ મહારાજાએ પોતાના ગચ્છની એકતાને ટકાવવાને માટે ઘડાનું નિદર્શન કર્યું. શ્રી ફલ્ગુરક્ષિતને તેલના ઘડા જેવા જણાવ્યા, ગોષ્ઠમાહિલને ઘીના ઘડાની ઉપમા આપી અને શ્રી દુર્બલિકાપુષ્પ વાલના ઘડા જેવા છે, એમ કહીને શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજાએ પોતાના પદે શ્રી દુર્બલિકાપુષ્પને સ્થાપિત કર્યા. એ વખતે ગોષ્ઠામાહિલ ત્યાં હાજર નહોતા. એમને આચાર્યમહારાજાએ એક વાદિને જીતવાને માટે મોકલ્યા હતા. છતાં પોતે પોતાના શિષ્યની યોગ્યાયોગ્યતાને તો જાણે ને ? શ્રી દુર્બલિકાપુષ્પ યોગ્ય હોવાથી તેમને પોતાના પદે સ્થાપિત કર્યા, પણ કહ્યું કે–‘જેમ ગોષ્ઠામાહિલ અને ફલ્ગુરક્ષિત ઉપર હું સમચિત્તે વર્ત્યો છું, તેમ તારે પણ વર્તવું.’ આ સમાધાનવૃત્તિ છે કે નહિ ?

હવે ગોષ્ઠામાહિલને એ પદપ્રદાનનો વૃત્તાંત જાણતાં ક્રોધ ચઢે છે. ઇર્ષ્યાથી એ પૃથક્ રહે છે. એક વાર એ ઉપાશ્રયે આવે છે, એટલે બધા સાધુઓ ઉભા થઈ જાય છે, તેમને નમે છે અને કહે છે કે–‘આપ અહીં કેમ રહેતા નથી ?’ પણ ગોષ્ઠામાહિલ માનના યોગે ત્યાં રહેતા નથી, બહાર રહે છે અને ગુરૂનો અપવાદ કરતા તે મુનિઓને વ્યુદ્ગ્રાહિત કરવાનો પ્રયત્ન કર્યા કરે છે; પણ તે મુનિઓને વ્યુદ્ગ્રાહિત કરવાને સમર્થ થઈ શકતા નથી. તેઓ અભિમાનથી ગુરૂની વ્યાખ્યાને પણ સાંભળતા નથી.

એક વાર કર્મ અને પચ્ચખ્ખાણ સંબંધી હકીકતમાં અભિનિ-

વેશથી તે ગોષ્ઠામાહિલ સિદ્ધાન્તથી વિરૂદ્ધ બોલે છે. ગુરૂ સત્ય પક્ષ કહેવડાવે છે, પણ ગાઢ માનથી ગોષ્ઠામાહિલ માનતા નથી, એટલે એમને રૂબરૂ બોલાવીને યુક્તિપૂર્વક સમજાવે છે. આચાર્યમહારાજાએ યુક્તિપૂર્વક સમજાવવા છતાં પણ જ્યારે ગોષ્ઠામાહિલ માનતા નથી, એટલે અન્ય ગચ્છના બહુશ્રુતોએ એમને યુક્તિપૂર્વક સત્ય જણાવ્યું: પણ ગોષ્ઠામાહિલ ઘમંડમાં એવા ભાનભૂલા બન્યા છે અને અભિનિવેશમાં એવા લેપાયા છે કે-એ બધા બહૃશ્રુતોને પણ કહી દે છે કે-'તમે તો બધા મૂર્ખાઓ છો : તમે જાણો છો શું? જિનોએ જે જેમ પ્રરૂપ્યું છે, તેને તેમ જાણનાર હું જ છું.'

હવે જ્યારે અહંકારાદિથી ગોષ્ઠામાહિલ કોઈનું ય માનતા નથી, એટલે સંઘ ભક્તદેવતાના આહ્‌વાનને માટે કાયોત્સર્ગ કરે છે. દેવતા આવે છે અને મહાવિદેહમાં જઈને ભગવાનને પૂછી આવીને કહે છે કે-'શ્રી જિનેશ્વરદેવે કહ્યું છે કે આ ગોષ્ઠામાહિલ એ સાતમો નિહ્‌નવ છે.' છતાં પણ ગોષ્ઠામાહિલે પોતાના કદાગ્રહને છોડયો નહિ, એટલે એમને સંઘે બાર સંભોગથી બાહ્ય કર્યા.

આટલું આટલું કર્યું તે છતાં પણ ન માન્યું, એટલે બીજું કરે પણ શું? આ પ્રસંગને વિચારશો તો સમજાશે કે-શાસનને પામેલા સાધુઓમાં કેટલી બધી સમાધાનવૃત્તિ હોય છે. આચાર્યમહારાજાની શિક્ષા, સાધુઓનું વર્તન, નવા આચાર્ય શ્રી દુર્બલિકાપુષ્પનો પ્રયત્ન, અન્ય ગચ્છના બહુશ્રુતોની મહેનત, સંઘની મહેનત, એ બધું શું સૂચવે છે? ત્યારે સમાધાનવૃત્તિ નહિ હતી એમ નહિ, પણ સિદ્ધાન્ત બાબત વિપરીતભાષિતાને સમાધાન ખાતર નિભાવી લેવાય નહિ. એવાને સુધારવાને માટે અમુક વખત પ્રયત્ન થાય, સમાધાનની યોગ્ય પ્રવૃત્તિ કરાય, પણ એ સુધરે નહિ અને સિદ્ધાન્તનો અપલાપ જ કર્યા કરે, તો તેને સહી લેવાય નહિ.

વિધિ એટલે શાસ્ત્રમર્યાદા મુજબ વર્તવું તે. શાસ્ત્રમર્યાદાનું લંઘન કરવું, એ અવિધિ. આપણે માટે આધારભૂત આ શાસ્ત્ર છે. આના વિના જેમને ચાલી શકે એવા એક પણ મહાપુરૂષ અત્યારે આ

ક્ષેત્રમાં વિદ્યમાન નથી. આ ક્ષેત્રમાં એવોય કાળ હતો, કે જે કાળમાં એવા પણ મહાપુરૂષો હતા, કે જેઓ શાસ્ત્રને અનુસર્યા વિના પણ જ્ઞાનબળે પ્રાપ્ત થએલી શક્તિના યોગે વર્તી શકતા. એવા મહાપુરૂષો શાસ્ત્રને માનતા નહિ એમ નહિ, શાસ્ત્રને જરૂર માનતા, પણ તેઓમાં એવી શક્તિ પેદા થઈ હતી, કે જેના યોગે તેઓ પોતે સર્વસામાન્યને માટે જેની શાસ્ત્રાજ્ઞા ન હોય એવુંય ઉચિત લાગે તો કરી લેતા. એમના એવા પ્રસંગના દાખલા આજનાઓથી ન લેવાય. એ સ્થિતિ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજા પછીથી પ્રાયઃ બંધ થઇ છે.

શાસ્ત્રથી નિરપેક્ષપણે પણ વર્તવાનો અધિકાર કોને? છને. કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી, દશપૂર્વી અને નવપૂર્વી,–આ છ આગમવ્યવહારી કહેવાય છે. આ છ મહાપુરૂષો સર્વસામાન્ય શાસ્ત્રાજ્ઞાથી વિપરીતપણે વર્ત્યા છે એવું કોઈ કોઈ પ્રસંગમાં લાગે તો પણ, ન તો એની ટીકા થઈ શકે કે ન તો તેવી ક્રિયાઓને દૃષ્ટાન્તભૂત બનાવીને શાસ્ત્રાજ્ઞાથી વિપરીણે વર્તવા મંડાય! એ મહાપુરૂષોમાં એવી તાકાત આવી હતી, માટે જ એ એમ વર્ત્યા હતા. આજે એ તાકાત છે? નથી, માટે વિધાનથી વિપરીત વાતોને પુષ્ટ કરવાને માટે એ મહાપુરૂષોની પ્રવૃત્તિઓને દૃષ્ટાન્તભૂત બનાવનારાઓ સ્વયં ઉન્માર્ગે ચઢે છે અને બીજાઓને ઉન્માર્ગે દોરે છે.

જો એમ ન હોય તો શ્રી સ્થૂલિભદ્રજી વેશ્યાને ત્યાં ચોમાસું રહ્યા, તે કયા શાસ્ત્રના આધારે? ગુરૂએ શ્રી સ્થુલિભદ્રજીને વેશ્યાને ત્યાં ચોમાસું કરવાની આજ્ઞા કરી, તે કયા શાસ્ત્રના આધારે? આજે કોઈ એવી આજ્ઞા આપી શકે? શાસ્ત્રમાં સ્ત્રી, પંડક, પશુથી વર્જિત સ્થાનની આજ્ઞા, જયારે આ સ્થાન વેશ્યાનું! શય્યાતરના આહારનો શાસ્ત્રમાં નિષેધ અને એમને શય્યાતરનો આહાર લેવાનો! આહારમાં પણ અમુક રીતિની આજ્ઞા, જ્યારે એમને ષડ્‌રસભોજન! રહેવાનું ચિત્રશાળામાં! નાચ–ગાન–તાનની પણ મના નહિ! વેશ્યા સાથે એકાન્ત! આ બધું કેમ સંભવે?

શ્રી સ્થૂલભદ્રજી આગમવ્યવહારી નહોતા, પણ એમના ગુરૂદેવ

આગમવ્યવહારી હતા. એમણે આજ્ઞા આપી, એનું કારણ? આજે એનું અનુકરણ કોઈ કરે તો? એના એ જ ગુરૂએ સિંહગુફાવાસી મુનિને ના પાડીને? સિંહની ગુફામાં ચતુર્માસ રહીને સંયમની સાધના કરનારને પણ ના કેમ? ગુરૂ યોગ્યતાને જોઈ શકતા હતા. પરિણામને જાણી શકતા હતા. જ્ઞાનના બળે એ પરમર્ષિમાં અતિશય પ્રગટેલો. આવા વિશિષ્ટજ્ઞાનિએ આચરેલી પ્રવૃત્તિની ચર્ચા, અનુકરણ કરવાને માટે, થઈ શકે જ નહિ.

ગમે તેમ કર્યું હોય, પણ એ કરનાર આગમવ્યવહારી હતા એમ આવે, એટલે ચૂપ થઈ જવું જોઈએ. એમ જ કહેવાય કે–'શાસ્ત્રની સર્વસામાન્ય આજ્ઞા એવી નથી, પણ એની આચરણા કરનાર વિશિષ્ટજ્ઞાની છે, માટે એમને જે યોગ્ય લાગ્યું હશે તે કર્યું હશે. આપણામાં એ તાકાત નથી, માટે આપણે તો આજ્ઞા જ જોવાની.'

એ મહાપુરૂષો તો જ્ઞાનના બળે અનેક ભવો કહી શકે. શાસ્ત્રમાં લખ્યા હશે? નહિ, જ્ઞાનથી એ જાણવાની શક્તિ પેદા થઈ. એમણે જે કર્યું તેમાં 'કેમ કર્યું?'–એ પ્રશ્ન જ અસ્થાને છે. એમનું એ જાણે. એમને ઠીક લાગ્યું માટે કર્યું. જ્યાં વિધિની વાત ચાલે, ત્યાં વિધિ બહારનાં દૃષ્ટાન્તો નહિ લેવાં જોઈએ. વિધાનથી વિપરીત વર્તવાને માટે વિધિથી બહારનાં દૃષ્ટાન્તો રજૂ કરવાં, એ મૂર્ખાઈ છે. આપણે માટે તો આજ્ઞા એ જ પ્રમાણ. આગમવ્યવહારી એ રીતિએ દૃષ્ટાન્તાતીત ગણાય. વિહિતની પુષ્ટિ માટે એ મહાપુરૂષોનાં દૃષ્ટાન્તો લેવાય, પણ અવિહિતની પુષ્ટિ માટે નહિ. શ્રુતે કહ્યું એની પુષ્ટિમાં આવે તે કહેવાય. આગમવ્યવહારિએ પોતાની વિશિષ્ટતાના યોગે આચરેલી અને વિધાનથી વિપરીત એવી ક્રિયાનાં દૃષ્ટાન્તો લઈને વિધાનોનો અપલાપ કરાય નહિ. આજે એ મહાપુરૂષોની અમુક અમુક ક્રિયાઓના નામે, સિદ્ધાન્તની મર્યાદાનો અપલાપ થઈ રહ્યો છે, માટે ચેતવા જેવું છે.

પૂ. શ્રી હરિભદ્રસૂરિવર :

આ મહાપુરૂષ જૈન કુળમાં જ ઉત્પન્ન થયેલા નથી, પરન્તુ પરમતમાંથી આવેલા છે. આ શાસનને પામ્યા પૂર્વે પણ તેઓ સમર્થ વિદ્વાન હતા. ચૌદ વિદ્યાના પારગામી હતા. સમર્થ વેદાન્તી હતા. અહીં આવ્યા પહેલાં, મિથ્યાભાવ સાથે હરિભદ્ર પુરોહિતમાં પ્રમાણિક અભિમાન હતું. જ્યાં વિદ્વત્તા બનાવટી ન હોય, ત્યાં પ્રાયઃ અભિમાન અપ્રમાણિક ન હોય. વિદ્વત્તા અકૃત્રિમ્ હોય, તો અભિમાન પણ એવા આત્માઓને માટે હિત કરનારૂં નિવડે એમ પણ બને. એ અભિમાનના યોગે હરિભદ્ર પુરોહિતે પ્રતિજ્ઞા કરી છે કે–'જે કોઈના પણ વચનને હું સમજી શકું નહિ, તેનો હું શિષ્ય બની જાઉં !' આ પ્રતિજ્ઞા તેમણે જાહેરમાં લીધી નથી. કોઈ એ પ્રતિજ્ઞાને જાણતું પણ નથી. એ પ્રતિજ્ઞા એમને આ શાસનમાં ઘસડી લાવી છે. આવી પ્રતિજ્ઞા ક્યારે લેવાય ? વિદ્વત્તા ઉપર કેટલો વિશ્વાસ હોય, ત્યારે આવી પ્રતિજ્ઞા કરાય ? આજે તો એવાય પાક્યા છે કે-જાણ્યા કે સમજ્યા વિના સાચી વાતને પણ ખોટી લખી નાખે. એને પૂછીએ કે–'ભાઈ! એ તો કહે કે એ ખોટી કેમ ?' તો એ કહે કે–'અમે તો ખોટી કહી દીધી. હવે જો તમારે સાચી ઠરાવવી હોય, તો સાચી તમે સિદ્ધ કરો !' વાતને ખોટી કહે, પણ તે ખોટી કેમ તેનું પ્રમાણ આપવાની વાત આવે એટલે લોચા જ વાળે. એનું નામ વિદ્વત્તા નથી. જ્યારે આમને તો એ પ્રતિજ્ઞા કે–'જે કોઈના પણ વચનને મારાથી સમજી શકાય નહિ, તેના મારે શિષ્ય બની જવું !' અસામાન્ય વિદ્વત્તા શિવાય આવી પ્રતિજ્ઞા વાસ્તવિક રીતિએ થવી એ શક્ય નથી.

આ પ્રતિજ્ઞાને તેઓ એકલા જ જાણતા હતા, તે છતાં પણ એનું પાલન તેમણે કયી રીતિએ કર્યું છે ?–એ પણ ખાસ જાણવા જેવું છે. એક વાર હરિભદ્ર પુરોહિત રાત્રીના સમયે સાધ્વીના ઉપાશ્રય પાસેથી પસાર થઈ રહ્યા છે. ઉપાશ્રયો એટલે ? શ્રાવકોએ ધર્મકરણી કરવાને માટે બાંધેલાં સ્થાનો. એ સ્થાનોમાં સાધુ-સાધ્વી

મોટે ભાગે રહેતાં હોવાથી, સાધુ-સાધ્વીના ઉપાશ્રયો તરીકે પણ એ સ્થાનો ઓળખાય છે. બાકી ઉપાશ્રયો એટલે પોતાની ધર્મકરણી સુખપૂર્વક એકત્ર થઈને કરવાને માટે શ્રાવકોએ બાંધેલાં સ્થાન વિશેષ. આજે ઉપાશ્રયોમાં શ્રાવકો ધર્મકરણી કેટલી કરે છે ? કેટલાંક સ્થળોએ તો એ દશા થઈ છે કે-સાધુસાધ્વી આવવાનાં હોય ત્યારે જ ઉપાશ્રયોની ધૂળ ઉડે. શાથી ? શક્ય પણ ધર્મપ્રવૃત્તિ ન કરીએ તોય કોરી માન્યતાથીય ચાલે, એવી ભ્રમણા પણ એમાં કારણ રૂપ છે. બીજી વાત. જ્યાં સાધુ-સાધ્વી હોય ત્યાં ઘોષ શાના હોય ?

સ૦ રત્નત્રયીના જ હોવા જોઈએ.

રત્નત્રયીને અગર મોક્ષમાર્ગને બાધ પહોંચાડે એવી કોઈ પણ વાત ઉપાશ્રયમાં નહિ જ જોઈએ. જ્યાં સાધુ-સાધ્વી વસ્યાં હોય, ત્યાં એ સ્થિતિ હોવી જોઈએ કે-કોઈ દર્શનની આરાધનામાં રક્ત હોય, કોઈ જ્ઞાનની આરાધનામાં રક્ત હોય, તો કોઈ ચારિત્રની આરાધનામાં રક્ત હોય ! ઉપાશ્રય જેવાં સ્થાનોમાં પ્રમાદનો અતિરેક અગર કુતૂહલ હોય નહિ. કોઈ ઉપાશ્રયમાં અઘોરી થઈને ન પડ્યું હોય અગર તો કોઈ કુતૂહલ ન કરતું હોય. શાસ્ત્રોમાં ઘણાં સ્થળોએ આચાર્યોના પરિવારનાં તથા મુનિઓનાં વર્ણનો આવે છે. એ વાંચો તો માલૂમ પડે કે-ઉપાશ્રયમાં સાધુસાધ્વી કેમ કેમ વર્તતાં હોય. એ વર્ણનો વાંચનારને, ત્યાં રત્નત્રયીના ઘોષથી વિપરીત કોટિના ઘોષો ન હોય, એ વસ્તુ સ્વાભાવિક લાગે.

જે ઉપાશ્રયની પાસે થઈને હરિભદ્ર પુરોહિત પસાર થઈ રહ્યા છે, તે ઉપાશ્રયમાં એક 'યાકિની' નામનાં સાધ્વી સ્વાધ્યાય કરી રહ્યાં છે. એ વખતે ' चक्कीदुगं हरिपणगं ' એ પ્રથમ પદવાળી ગાથાનો પાઠ ચાલુ છે. એ ગાથામાં ચક્રવર્તી અને વાસુદેવના પૂર્વાપર ક્રમનું વર્ણન છે.

હરિભદ્ર પુરોહિતે ' चक्कीदुगं हरिपणगं ' એ પદવાળી ગાથા સાંભળી. ઘણો ઘણો વિચાર કર્યો, પણ અર્થ હાથમાં આવ્યો નહિ. એ ગાથાનો અર્થ સમજાયો નહિ, તે છતાં પણ જો હરિભદ્ર પુરોહિત ચાલ્યા જાય તો કોઇ પૂછે એમ નહોતું કે કોઈ પકડે તેમ નહોતું;

પણ નહિ, એ સ્થંભી ગયા. એમને પ્રતિજ્ઞા પાળવી હતી. તમે એ જગ્યાએ હો, તો શું કરો ?

સ૦ ચાલ્યા જઈએ.

આજે તો એવા પણ માણસો છે કે, જેમણે જાહેરમાં નિયમ કર્યો હોય, તોય 'કોઈ નથી જોતું ને ?'–એમ વિચારીને નિયમને તોડે!

હરિભદ્ર પુરોહિત તો તરતજ તે સાધ્વીની પાસે ગયા છે. ત્યાં જઇને કહ્યું કે–'હે માતા! તમે જે બોલ્યાં, તેનો અર્થ મને સમજાવો; કારણ કે–હું એના અર્થને સમજી શકતો નથી.' આપ ગુરૂ અને હું શિષ્ય–એ ભાવ હરિભદ્ર પુરોહિત પ્રદર્શિત કરે છે. એક સમર્થ પંડિત બે હાથ જોડીને નમ્રપણે આવું બોલે છે. આમ બોલવું, એ સહેલી વાત છે ? પેલું અભિમાન જૂઓ અને આ દશા જૂઓ!

સાધ્વી પણ તત્ત્વજ્ઞાતા છે. પોતાને માટે શાસનની મર્યાદા શી છે, એને એ સમજે છે. એ કારણે એ ડહાપણ નથી ડૅાળતાં. પોતાના અધિકારને યાદ કરે છે. સાધ્વીજીએ જો પોતાના અધિકારને યાદ ન કર્યો હોત, મર્યાદાનું પાલન ન કર્યું હોત, તો શ્રી જૈનશાસનને, આપણને, શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા જેવા સમર્થ શાસ્ત્રકાર મહારાજા સાંપડ્યા હોત ખરા ? સાધ્વીજી કહે છે કે–'શ્રી જિનશાસનની મર્યાદા મુજબ એ અધિકાર અમારો નથી, પણ ગુરૂઓનો છે. તમે વર્તમાનમાં આ નગરને પાવન કરી રહેલા અમારા ગુરૂની પાસે જાવ!' હરિભદ્ર પુરોહિત પણ સમજે છે કે–'એમના ગુરૂ એ તો મારા ગુરૂ ગણાય જ!' ગુરૂ પાસે જવાને તે તૈયાર થાય છે. સાધ્વીએ હરિભદ્ર પુરોહિતને ગુરૂની પાસે ન મોકલ્યા હોત અને પોતે જ જો એ ગાથાનો અર્થ કહી દીધો હોત તો ? શું પરિણામ આવત, એ ન કહેવાય. કદાચ એમ પણ બનત કે–હરિભદ્ર પુરોહિત સાધ્વીને એટલા પૂરતાં ગુરૂ માનત, પણ એમને જે લાભ થયો તે લાભ કદાચ એમના આત્માને ન થાત અને શાસનને જે એવા પુણ્યપુરૂષની પ્રાપ્તિ થઈ, તે પણ કદાચ થાત નહિ! વસ્તુ એ જોવાની છે કે-મર્યાદાપાલન કયી રીતિએ લાભ કરે છે. આજે ? મોટે ભાગે ઝટ કહી દે. આવા

સમર્થ પંડિત 'આપ ગુરૂ અને હું શિષ્ય'—એવું દર્શાવતા આવે, તો આજે ગંભીરતા રહે? ગુરૂ પાસે મોકલવાની બુદ્ધિ સૂઝે કે મર્યાદાનો ભંગ કરાય? પણ નહિ, સાધ્વી તત્ત્વજ્ઞાતા છે, એટલે શાસનની મર્યાદાને ચૂકતાં નથી. એ તો ગાથાનો અર્થ જાણવાને માટે હરિભદ્ર પુરોહિતને ગુરૂની પાસે જવાનું જ સૂચવે છે.

હવે હરિભદ્ર પુરોહિત ગુરૂની પાસે આવે છે અને પોતાનો સઘળો ય વૃત્તાન્ત કહે છે. ગુરૂ યોગ્યતા જૂએ છે. જે માણસ પ્રતિજ્ઞા પાળવામાં આટલો સજ્જડ હોય, કોઈ નહોતું જાણતું તે છતાં પણ જે પોતાની પ્રતિજ્ઞા મુજબ શિષ્યભાવે ચાલ્યો આવે, તે માણસ દ્વારા વધુમાં વધુ લાભ કાં ન ઉઠાવવો? આચાર્યમહારાજ કહે છે કે—'એ ગાથાનો અર્થ એમ ન સમજાય! અમારા શાસનની મર્યાદા મુજબ સમજાય.' મર્યાદા કયી? આચાર્યમહારાજે કહ્યું છે કે—'દીક્ષા ગ્રહણ કરી, આગમની આજ્ઞા મુજબ તપશ્ચર્યાદિ કરીને જૈન સિદ્ધાંતનો અભ્યાસ કરાય. વિનયપૂર્વક વન્દનાદિ કરતાં જ જૈન શાસ્ત્રોનો બોધ થાય છે. જો એ રીતિએ વર્તાય નહિ, તો શ્રી જૈનદર્શનના સિદ્ધાંતોનું રહસ્ય સમજાય નહિ. આથી હે ભદ્ર! ઉતાવળ નહિ કરતાં ઉચિત ક્રિયાનું આચરણ કર!' અર્થાત્—દીક્ષા સ્વીકારવાનું, આજ્ઞા મુજબ તપશ્ચર્યાદિ કરવાનું અને વિનયપૂર્વક વન્દનાદિ કરવાની સાથે જૈન સિદ્ધાંતોનો અભ્યાસ કરવાનું આચાર્યમહારાજે કહ્યું. હરિભદ્ર પુરોહિત એ માટે પણ તૈયાર થઈ ગયા અને તેમણે દીક્ષા લીધી.

આ રીતિએ હરિભદ્ર પુરોહિત દીક્ષા લે છે. સિદ્ધાંતનો અભ્યાસ કરે છે. શ્રી જૈનદર્શનના સિદ્ધાંતોનો અભ્યાસ કરતાં એમના હૈયા ઉપર કયી છાયા પડે છે? એક વારના કટ્ટર વેદાન્તી અને આ દર્શનના પક્કા વિરોધી એવા તે, આ શાસનના સિદ્ધાંતોને જાણ્યા પછીથી કહે છે કે—

" कत्थ अम्हारिसा जीवा, दुसमादोसदूसिया ।

हा! अणाहा कहं हुंता, जइ न हुंतो जिणागमो ॥ १ ॥

'દુઃષમકાળના દોષથી દૂષિત અને અનાથ એવા અમારા જેવા જીવો, જો શ્રી જિનાગમ ન હોત તો, કેવા હોત? અર્થાત્—અમારૂં

થાત શું?'–એવો ભાવ એ મહાપુરૂષે સ્પષ્ટપણે વ્યક્ત કર્યો છે! જો આ શ્રી જિનાગમ ન હોત, તો અમારા જેવા જીવો ક્યાં હોત અને અમારા જેવાનું થાત શું?–આવું ક્યારે કહેવાય? એમને વધુ આગમો મળ્યાં હતાં, એમ નહિ માનતા! જે આગમો એમને મળ્યાં હતાં, તે જ આપણને મળ્યાં છે. જે આગમોને જાણીને એ મહાપુરૂષે એમ કહ્યું કે–'શ્રી જિનાગમ ન હોત તો અમારૂં શું થાત?'–એ જ આગમો આજે પણ મૌજૂદ છે. તેમ છતાં પણ અયોગ્ય દૃષ્ટિથી અને અવિધિથી વાંચવામાં આવે, તો એ આગમો ઉંધી અસર પણ કરે છે, એમ પણ વર્ત્તમાનમાં જોઈ શકાય છે અને યોગ્ય ગુરૂની નિશ્રામાં યોગ્ય રીતિએ અભ્યાસ કરાય તો અનુપમ લાભદાયક નિવડે છે, એમ પણ વર્ત્તમાનમાં આપણે જોઈએ છીએ. શ્રી જિનાગમ, એ તો અનુપમ વસ્તુ છે. શ્રી જિનાગમને જે રીતિએ સમજવું જોઈએ તે રીતિએ સમજે નહિ, તો જેમ જેમ ઘણો અભ્યાસ કરે તેમ તેમ વધારે ઉંધે માર્ગે ચડે, એમાં કોઈ શું કરે? ભાન ન રાખે તો માર્ગને ચૂકતાં વાર લાગે નહિ. બાકી આ કાળમાંય, શ્રી જિનાગમ, એ તો સંસારથી તરવાને માટે પરમ આલંબનભૂત છે.

શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા આ રીતિએ શાસનને પામ્યા, સિદ્ધાંતરહસ્યને સમજ્યા અને પછી સમર્થ શાસ્ત્રકાર બન્યા. એવા મહાપુરૂષનું નામ લેવું, એ પણ મંગળ રૂપ છે. આમ છતાં પણ, એ મહાપુરૂષ કહે છે કે–'મારે માથે પણ મંગળ રૂપ ઘણા છે.' આથી એ પણ સિદ્ધ થાય છે કે–જેણે મંગળ રૂપ બનવું હોય, તેણે મંગળ રૂપને આધીન બનવું જોઈએ. મંગળ રૂપ પુણ્યપુરૂષોને–તારકોને આધીન નહિ બનતાં જે સ્વચ્છન્દી બને, તે તો મંગળ રૂપ ન બને, પણ અમંગળ રૂપ જ બને. આ મહાપુરૂષમાં આધીનતા કેટલી હતી, એ જાણો છો? જ્યાં જૂઓ ત્યાં એ મહાપુરૂષે પોતાને 'યાકિની-મહત્તરાસૂનુ' તરીકે ઓળખાવેલ છે. કેમ?

સ૦ ઉપકાર હતો ને?

શો? નથી ઉપદેશ આપ્યો, નથી તત્ત્વજ્ઞાન આપ્યું કે નથી

વસ્તુ સમજાવીને સંસારથી ખસેડ્યા ! સાધ્વી તો માત્ર વચ્ચે નિમિત્ત, એટલું જ ને ? છતાં એ તો એમ જ વિચારે કે–એ જો એ ગાથા ન બોલ્યાં હોત અને મને ગુરૂની પાસે ન મોકલ્યો હોત, તો હું આટલી તારક સામગ્રીને પામત શી રીતિએ ? આ ઓછી કૃતજ્ઞતા છે ? કૃતજ્ઞતાની પરાકાષ્ટા જ છે ને ? ગ્રન્થોમાં પણ તેમણે પોતાના નામના સૂચન તરીકે છેલ્લે એ લખ્યું કે–'યાકિનીમહત્તરાસૂનુ.' આપણામાં આટલી કૃતજ્ઞતા નથી, માટે આપણે સંસારમાં આમ ભટકીએ છીએ. આવા શાસ્ત્રકાર બન્યા પછી, પોતાને 'યાકિનીમહત્તરાસૂનુ' તરીકે ઓળખાવે, એ ઓછી લઘુતા નથી. 'લઘુતામાં પ્રભુતા વસે'–તે આનું નામ.

ભક્તિનો નમુનો :

ભગવાન શ્રી જિનેશ્વરદેવો પ્રત્યે જો તમારા સૌની સાચી ભક્તિ હોય, તો શ્રી જિનમન્દિરોની આ હાલત હોય ? જ્યાં ત્રીસ હજાર જેટલા જૈનોની વસ્તી હોય, એમાં અનેક શ્રીમંતો હોય, ત્યાં શ્રી વીતરાગનું મંદિર કેવું હોવું જોઇએ ? જિનમન્દિર એટલે ? અનેક આત્માઓને બોધિ પામવાનું સ્થળ. અનેક આત્માઓ એ આલંબનને પામીને પોતાના બોધિને નિર્મળ બનાવે. એ સ્થળ એવું સુન્દર અને એવું આકર્ષક જોઈએ કે–દુનિયાના જીવો સ્હેજે ખીંચાઈ આવે અને શ્રી વીતરાગ પરમાત્માની મૂર્તિનાં દર્શન પામી જાય. એને બંધાવનારમાં ઉદારતા કેટલી જોઇએ ? એનો મહિમા વધારવાને માટે અનુકંપા કેટલી જોઇએ ? કોઈ પણ કારીગર નાખૂશ થઈને નહિ જવો જોઇએ, પણ ખૂશ થઈને જવો જોઈએ. શ્રી જિનમૂર્તિ ભરનારનું પણ ઉત્તમ પ્રકારે સન્માન કરવાનું વિધાન છે. એના સોદા ન હોય. જ્યાં એ મૂર્તિ ઘડતો હોય, ત્યાં ઘીના દીપક બળતા હોય અને સુગંધી દ્રવ્યોની સુવાસ મહેંકતી હોય. એવી એવી અનેક પ્રકારની ઉત્તમ રીતિએ કારીગર પ્રફુલ્લતાથી શ્રી વીતરાગ પરમાત્માની મૂર્તિને ઘડે, તો એ કેવીક બને ? દર્શન કરનારનાં નેત્રો ઠરે. શ્રી જિનમન્દિર, એ તો

સંસારના જીવોને સંસારસાગરથી તરવા માટેનું જહાજ છે. એમાં જેટલી લક્ષ્મી વપરાય, તે એ લક્ષ્મીનો પ્રશસ્ત ઉપયોગ છે. શુભ ભાવપૂર્વક એ વસ્તુઓ કરાવવી જોઈએ.

પેથડશા મંત્રિને તો જાણો છો ને? એમણે દેવગિરિમાં શ્રી જિનમન્દિર કયી રીતિએ બંધાવ્યું છે? ઉદારતાનો ગુણ ન હોત અને શ્રી જિનભક્તિ ન હોત, તો પેથડશા દેવગિરિમાં શ્રી જિન-મન્દિર બંધાવી શકત નહિ. દેવગિરિમાં બ્રાહ્મણોનું એકછત્રી સામ્રાજ્ય હતું. ત્યાં કોઈ શ્રી જિનચૈત્ય કરાવવાને ઈચ્છે, તો બ્રાહ્મણો તેને બળાત્કારે પણ રોકતા હતા. પેથડશાને એ હકીકત માલૂમ પડી છે.

એ હકીકતને જાણીને, પેથડશા મંત્રિએ વિચાર કર્યો છે કે—"એ નગરી આમ તો ઇદ્રપુરી જેવી છે, પરન્તુ મિથ્યાત્વ રૂપ અંધ-કારથી છવાએલી છે. આવી નગરીમાં જો શ્રી જિનચૈત્ય કરાવ્યું હોય, તો તે અમાવાસ્યાના અંધકારમાં દીવો પ્રગટાવવા જેવું બને: અથવા તો માનો કે-લવણસમુદ્રમાં અમૃતનો કુવો હોય તેવું બને: આમ હોવાથી, જો કોઈ પણ પ્રકારે એ નગરીમાં હું શ્રી જિનચૈત્ય કરાવી શકું, તો એથી મને અને દુનિયાના પ્રાણિઓને મહા લાભ થાય: તેમજ શ્રી જિનશાસનની પ્રભાવના પણ ઉત્તમ પ્રકારે થાય!"

આમ વિચાર તો કર્યો કે—શ્રી જિનચૈત્ય બંધાતું, પણ એ બને ક્યારે? દેવગિરિનો રાજા કાંઈ ગમે તેટલી લક્ષ્મીનું ભેટણું ધર્યે માને એવો હતો નહિ. પ્રજા સર્વથા વિરોધી. પેથડશાએ નક્કી કર્યું કે—એના હેમાદિ નામના મંત્રિની સાથે મૈત્રી કરવી જોઇએ. એ વિના આ બને નહિ.

હવે હેમાદિની સાથે મૈત્રી શી રીતિએ કરવી? 'એને એવા ઉપકારના બોજાની નીચે નાખી દેવો જોઈએ કે—એના દ્વારા કાર્ય સિદ્ધ થઈ શકે.'—આવો વિચાર કરીને, પેથડશા મંત્રિએ ઓંકાર-નગરમાં એક મોટી દાનશાળા બાંધી. સ્નાન-ભોજનની ઉત્તમમાં ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી. દાનશાળાની પાસે શ્રી જિનચૈત્ય રાખેલું, જેથી સૌ કોઈ શ્રી અરિહંત ભગવાનની પ્રતિમાનાં દર્શન કરીને જમે.

ખોરાક એવો મિષ્ટ અને સ્નિગ્ધ કે-ભલભલાને ખાવાનું મન થાય. પાણી પણ શીતળ અને સુગંધવાળું. ભોજન ઉપર પાનસોપારી. સુવા-બેસવા માટે સુંદર પલંગો. દેવગિરિમાં શ્રી જિનધર્મનો પાયો નાખવો છે, માટે પહેલી યોજના આ. દાનશાળા ઉપર નામ કોનું? પોતાનું નહિ, પણ હેમાદિ મંત્રિનું. ત્યાં એક વાર પણ આવી ગએલો મુસાફર, એવી ઉત્તમ સેવા ભોગવીને જાય કે-એ હેમાદિની દાનશાળાને ભૂલે નહિ અને જે મળે તેની પાસે તેની પ્રશંસા કર્યા વિના પણ રહી શકે નહિ.

આ પ્રમાણે પેથડશા મંત્રિએ ત્રણ વર્ષ સુધી એ દાનશાળા ચલાવ્યા કરી. કેટલી નિઃસ્પૃહતા હશે? કેટલી ભક્તિ હશે? ધર્મભાવના કેટલી હશે? જરા માપ કાઢી જોજો અને પોતાની દશાને વિચારી જોજો! પછી નહિ જેવા દાનમાં દાનવીર કહેવડાવવાની, થોડું આપીને ઘણું કહેવડાવવાની, આપેલું પોતાની જાતે જ વારંવાર કહ્યા કરવાની દુર્વૃત્તિ હૈયામાં નહિ રહે. ધર્મનાં કામ વસ્તુતઃ ઉદારતાદિ ગુણો વિના થતાં નથી. પરવા કીર્તિની નહિ પણ ધર્મની જોઈએ. અહીં બુદ્ધિ એક જ હતી કે-'પરરાજ્યના મંત્રિની કીર્તિને વધારીને પણ મિથ્યાત્વ રૂપ અંધકારથી વ્યાપ્ત નગરીમાં શ્રી જિનમન્દિર રૂપ મહા દીપક બંધાવી સમ્યક્ત્વ રૂપ રોશની પ્રગટાવવી!'

ધીમે ધીમે, પેલી દાનશાળાની વાત પ્રસરતી પ્રસરતી હેમાદિના કાને જાય છે. ભાટચારણો હેમાદિની મુક્તકંઠે પ્રશંસા કરે છે. હેમાદિને એ સાંભળીને એમ થાય છે કે-'મારી અને દાનશાળા?'

હેમાદિ મંત્રી એવો કૃપણ છે કે-એણે જીંદગીમાં યાચકોને ગાળો સિવાય કાંઈ આપ્યું નથી. પહેલાં તો એને એવો વિચાર આવે છે કે-'આ વાત જ ખોટી છે.' વળી વિચાર કરે છે કે-'આટલા બધા માણસો આ રીતિએ જે વાત કરે છે તે વાત સાવ ખોટી તો ન હોય, માટે હું તપાસ તો કરાવું!'

આવો વિચાર કરીને, હેમાદિએ પોતાના એક ખાસ માણસને ઓંકારપુરમાં તપાસ કરવાને માટે મોકલ્યો. એ માણસ ત્યાંથી આવીને

કહે છે કે–" હે મંત્રીશ્વર! સ્વાદિષ્ટ અને રસવાળું ભોજન જો કોઈ પણ સ્થળે હોય, તો તે આપની જ દાનશાળામાં છે. જે કોઈ આપની દાનશાળામાં જમવા આવ્યો, તે સંતોષ પામ્યા વિના જતો નથી. ત્યાં કામ કરનારા એવા વિવેકી છે કે–કોઈ પણ આવનાર અવજ્ઞા પામીને જતો નથી. અને ખરૂં કહું? ત્યાં એવી ઉમદા સગવડ છે કે–આવનાર આપની ભારોભાર પ્રશંસા કર્યા વિના જતો નથી. મને ખબર પડી છે કે–ત્રણ વર્ષમાં આપને કુલ સવા કરોડનો ખર્ચ થયો છે, પણ મને લાગે છે કે–એથી આપનો યશ એટલો થયો છે અને આપનું પુણ્ય એટલું થયું છે, કે જે કરોડ કલ્પાંત કાળ સુધી પહોંચે!"

હજુ તો શ્રી જિનમન્દિર બંધાશે ત્યારે બંધાશે, પણ તે પહેલાં પેથડશાને સવા કરોડનો ખર્ચ થઈ ગયો. આ ખર્ચ કરવા જેવો કે નહિ કરવા જેવો? વાણીયાશાહી હિસાબ ગણનારાઓ આ ખર્ચની વાસ્તવિક કિંમતને નહિ આંકી શકે. શ્રી જિનમન્દિર બંધાવતાં પણ હિસાબની કચ કચ કરનારા, કારીગરોની સાથે ઝઘડા કરનારા, આ વસ્તુ કરી શકે? આવી વસ્તુઓ તો શ્રી જિનમન્દિરના ઇતિહાસને ઉજ્વળ બનાવનારી છે. અનેક આત્માઓને ધર્મમાર્ગે પ્રેરનારી છે. શ્રી જિનમન્દિર કેવા સ્થળે બાંધવું છે? જ્યાં મિથ્યાત્વનું સામ્રાજ્ય એકછત્રી છે ત્યાં. આ તો એની ભૂમિકા માત્ર છે.

હેમાદિ મંત્રી, પોતે મોકલેલા માણસના મોઢેથી એ હકીક્તને સાંભળીને તાજ્જુબ થાય છે. એનાં રોમાંચ ખડાં થઈ જાય છે. તપાસ કરવાને માટે જાતે ઓંકારપુરમાં જાય છે. બધી હકીકત સાચી માલૂમ પડે છે. પછી અધિકારિને ખાનગીમાં લઈ જઈને પૂછે છે. પહેલાં તો પેલો કહે છે કે–આ દાનશાળા હેમાદિની છે, પણ હેમાદિ કહે છે કે–'હું જ હેમાદિ મંત્રી છું. મારી દાનશાળા નથી. માટે ખરો માલિક કોણ છે એ કહે.' હેમાદિને ખબર પડે છે કે–આ દાનશાળા પેથડશા મંત્રી ચલાવે છે.

કૃપણમાં કૃપણ એવા પણ હેમાદિ મંત્રિને, એ જાણ્યા પછી એમ થાય છે કે–" તે પુણ્યવતી સ્ત્રીને ધન્ય છે કે જેણે પેથડશા રૂપી રત્ન

ઉત્પન્ન કર્યું છે. આવા લોકોત્તર ગુણોવાળો પુત્ર જે સ્રીને હોય, તે સ્રી ખરેખર ગર્વ ધારણ કરવાને લાયક છે. બીજાના ધનથી પોતાના નામને પ્રસિદ્ધ કરનારા તો જગતમાં ઘણા લોકો હોય છે, પણ પોતાના ધનવડે બીજાની પ્રસિદ્ધિને કરનાર તો આ એક પેથડશા જ છે!'

હવે હેમાદ્રિ મંત્રી સમજી ગયો કે-'આમ કરવામાં પેથડશા મંત્રિનો જરૂર કોઈ ખાસ ઈરાદો હોવો જોઈએ અને એથી એણે વિચાર્યું કે-'મારે પણ તેના કાર્યને સિદ્ધ કરી આપવું જોઈએ.'

આવો વિચાર કરીને હેમાદ્રિ મંત્રી, ઓંકારપુરથી નીકળીને માંડવગઢ ગયો. પેથડશા મંત્રિને તો અગાઉથી ખબર મળી જ ગયા છે. એ તો જાણે છે કે-ધારેલી તક નજદિક આવતી જાય છે: એટલે પેથડશા મંત્રી હેમાદ્રિ મંત્રિનો હર્ષથી સત્કાર કરે છે, પણ તેની પાસે કશી માગણી કરતા નથી.

છેવટ હેમાદ્રિ મંત્રિને પૂછવું પડે છે કે-"મારા નામે આવી ઉત્તમ દાનશાળા ખોલવાનું જે કોઈ કારણ હોય, તે પ્રસન્નતાથી કહો. જો કે-તમે જે મારા ઉપર ઉપકાર કર્યો છે, તેનો તો બદલો હું વાળી શકું તેમ નથી, પરન્તુ તમે મને મારે લાયક કાર્ય બતાવો, કે જેથી મને આનંદ થાય."

જ્યારે કામ બતાવવાનો હેમાદ્રિ મંત્રિએ ખૂબ જ આગ્રહ કર્યો, ત્યારે પેથડશા મંત્રિએ કહ્યું કે-'કાર્યની સિદ્ધિ જો વિના વિલંબે થાય તેમ હોય, તો જ હું એ કાર્ય તમને જણાવું!'

હેમાદ્રિ મંત્રી શું કહે? ઉપકારના ભાર નીચે એ એટલો બધો દબાઈ ગયો છે કે-એ પેથડશા મંત્રિનું ગમે તેવું કામ કરવાને પણ આતુર છે: એટલે એ પેથડશાને કહે છે કે-"વધારે તો શું કહું? તમે મારી પાસે જે કાર્ય કરાવવાને ઇચ્છતા હો તે ખૂશીથી કહો, કારણ કે-જો એ કાર્ય ધનથી કરવાનું હશે તો હું તે કાર્ય ધનથી કરીશ: બળથી કરવાનું હશે તો હું એ કાર્ય બળથી કરીશ: અને યાવત્ શરીરથી કરવાનું હશે તો હું એ કાર્ય શરીરથી કરીશ!"

હવે પેથડશાએ જોયું કે-આને કહેવામાં વાંધો નથી: કામ જરૂર

થવાનું : એટલે કહે છે કે–" જ્યારે તમે એમ જ કહો છો, તો હું કહું છું કે–બીજું તો મારે તમારી પાસે કાંઈ કામ કરાવવાનું નથી, પણ એક કામ છે : અને તે એ કે–તમારી દેવગિરિ નગરીમાં મારે શ્રી જિનચૈત્ય બંધાવવું છે, તો એને લાયક મોટી જગ્યા આપો."

હેમાદિ મંત્રિને લાગ્યું કે-આમાં ધન, બળ કે શરીરનો ભોગ આપવાનો નથી, છતાં પણ આ કાર્ય દુષ્કર છે : કારણ કે–દેવગિરિના બ્રાહ્મણોની ઉદ્ધતાઈ તેના ખ્યાલ બહાર નહિ હતી. બીજી તરફ પેથડશાને ના પણ કેમ પડાય? એટલે, પેથડશાના મોટા ઉપકારની નીચે દબાએલા હેમાદિ મંત્રિએ તે કાર્યને સ્વીકાર્યું.

જોયું, ઉદારતાનું પરિણામ? પેથડશા મંત્રીશ્વરે સો, હજાર, લાખ કે કરોડનો હિસાબ ગણ્યા કર્યો હોત તો? પણ નહિ, એ આત્માઓ માનતા હતા કે–આવા કામની પાછળ કરોડો ખર્ચાઈ જાય તોય તે લેખે છે.

ત્યાર પછી તે બન્ને મંત્રિઓ પરિવારની સાથે દેવગિરિ નગરીમાં આવ્યા. પેથડશાને મનોહર હવેલીમાં ઉતારો આપીને હેમાદિ મંત્રિએ કહ્યું કે–" તમે હવે બેફીકર રહો. ચૈત્યની ભૂમિને માટે રાજાને હું જ વિનંતિ કરીશ."

હવે હેમાદિ મંત્રી યોગ્ય અવસરની રાહ જૂએ છે. એક વાર પ્રસન્ન થઈને રાજાએ હેમાદિ મંત્રિને વરદાન માગવાનું કહ્યું. મંત્રિએ જોયું કે–મઝેનો અવસર આવી લાગ્યો છે. કહ્યું કે–" મારો એક બંધુ છે, તે આ નગરીમાં એક મનોહર ચૈત્ય કરાવવાને ઇચ્છે છે, તો આપ એ માટે એના મનોવાંછિત સ્થળે જોઈતી વિશાળ જગ્યા આપો." રાજાને પણ આવી માગણી સાંભળીને વિચાર થઈ પડ્યો : કારણ કે–બ્રાહ્મણોની અપ્રીતિ થાય તેમ છે એ રાજા જાણે છે.

વિચારો કે–બ્રાહ્મણોની ત્યાં કેટલી બધી પ્રબળ સત્તા હશે? રાજા કહે છે કે–" જો કે–તેમ કરવાથી બ્રાહ્મણોની અપ્રીતિ થશે, તો પણ મારે તમને પૃથ્વી આપવી જ છે. કહો, તમારો એ બંધુ કોણ છે? એનું નામ શું છે? અને એ રહે છે ક્યાં?"

હેમાદિ મંત્રિએ પણ ખૂશ થઈને કહ્યું કે–" હે સ્વામિન્! એ અવંતિદેશનો મંત્રી છે: તેનું નામ પેથડશા છે: અને તે મારો જીભનો માનેલો બંધુ છે. અવંતિદેશનો જયસિંહ રાજા તો માત્ર બિંબ રૂપ છે, જ્યારે ખરો રાજા તો આ છે. પ્રાતઃકાળે તે આપને પ્રણામ કરવાને માટે આવશે, તો તે આપના દ્વારા અવંતિના સ્વામિને છાજતી રીતિએ સત્કારવા યોગ્ય છે."

બીજે દિવસે પેથડશા મંત્રી રાજાની પાસે જાય છે. ખાલી હાથે નહિ, પણ થાળમાં સોનામહોરો ભરાવીને અને તેના ઉપર શ્રીફળ મૂકાવીને તે થાળ સાથે લઇને જાય છે અને રાજાને ભેટ ધરે છે. રાજા પણ પેથડશા મંત્રિનો યોગ્ય સત્કાર કરે છે, કુશળ પૂછે છે અને ભેટ ધરેલા થાળમાંથી માત્ર શ્રીફળ જ ગ્રહણ કરે છે. બાકીનું ભેટણું પાછું આપે છે અને ઉપરથી પહેરામણી કરે છે.

આ પછી, રાજા સ્વયં પેથડશા મંત્રિને મનપસંદ જગ્યા આપવાને માટે નગરમાં સાથે જાય છે. બજારના મધ્યભાગમાં પેથડશા જમીન માગે છે. બ્રાહ્મણોને દુભવીને પણ રાજા તે જગ્યા પેથડશાને આપે છે. પેથડશા મંત્રી જૂએ છે કે–કામ ઉત્તમ કરવું છે, તો બ્રાહ્મણો દુભાય તે ઠીક નહિ: આથી પોતે ભેટણામાં આણેલી સોનામહોરોનું ત્યાં નગરીના લોકોને દાન દઈ દે છે! અને મહોત્સવ કરે છે!!

આ પછી, ત્યાં પાયો ખોદાવ્યો. પાયો ખોદતાં એ જગ્યામાંથી એવું સ્વાદિષ્ટ જળ નીકળ્યું, કે જેવું કોઈ પણ જળાશયમાં નહિ હતું. પુણ્યશાલી છે અને વળી ભાવના પણ ઉત્તમ છે! જ્યાં આ વાતની ખબર બ્રાહ્મણોને પડી, એટલે અત્યંત ઇર્ષ્યાવાળા તેઓ ઉત્સુકતાપૂર્વક સાયંકાળે રાજાની પાસે પહોંચ્યા. બીજી રીતિએ તો વિરોધ થઇ શકે તેમ હતું નહિ, એટલે આ નિમિત્તને આગળ કર્યું. રાજાને વિનંતિ કરી કે–" હે રાજન્! આ નગરીમાં કોઈ પણ ઠેકાણે અત્યાર સુધીમાં સ્વાદિષ્ટ પાણી નીકળ્યું નથી: તે આજ આપના પરમ ભાગ્યે ચૈત્ય માટે આપેલી પૃથ્વીમાંથી નીકળ્યું છે: તો આપ એ જગ્યાએ વાવ કરાવો: કારણ કે–આપ વાવ કરાવશો તો અઢારે વર્ણના તરસ્યા

થએલા માણસો ત્યાં પાણી પીશે અને એથી આપને પાર વિનાનું પુણ્ય પ્રાપ્ત થશે. આપ પુણ્યશાલી છો, તો ચૈત્યને માટે તેને બીજી યોગ્ય જગ્યા આપો, પણ તે ઠેકાણે તો મોટી વાવ ખોદાવીને મોટા પુણ્યને આપ જ ઉપાર્જો !"

હૈયામાં મિથ્યાત્વના યોગે ઈર્ષ્યા પણ છે અને અજ્ઞાન પણ છે, એટલે આવી વિનંતિ કરે તેમાં નવાઈ નથી. રાજાએ પણ કહ્યું કે– "સવારે હું જાતે આવીને પાણી ચાખી જોઈશ અને જો એ પાણી સ્વાદિષ્ટ હશે તો ત્યાં વાવ કરાવીશ !"

બ્રાહ્મણો સાથે જ્યારે આ વાત થઈ, ત્યારે રાજાનો જ એક હજામ ત્યાં હાજર હતો. એ પણ પેથડશા મંત્રિની ઉદારતાથી બાકાત નહોતો રહી ગયો. એ ઝટ રાજાની પાસેથી નીકળીને પેથડશા મંત્રિની પાસે આવ્યો અને બ્રાહ્મણો સાથે થએલી વાત તેમને કહી.

બસ, પછી શું જોઈએ ? પેથડશાએ તે જ રાત્રિમાં પોતાનો લવણનો પરવાનો દ્વારપાળને આપી, લવણની પોઠ મંગાવી, જળમાં નખાવી અને રાતોરાત પાણી ખારૂં કરી દીધું ! પછી પોતે નિરાંતે સુઈ ગયા. આરાધનાની તીવ્ર ભાવનામાંથી ઉત્પન્ન થએલી ઉદારતા વિગેરે વિના એ બને ? નહિ જ.

સવારે રાજા જાતે આવ્યો, પાણી ચાખ્યું અને પાણી ખારૂં લાગ્યું એટલે માન્યું કે–'બ્રાહ્મણોએ ઈર્ષ્યાથી ખોટી વાત કરી.' તથા એમ માનીને રાજાએ બ્રાહ્મણોને ઠપકો આપ્યો અને પેથડશા મંત્રિનું સન્માન કર્યું.

આ પછી, પેથડશા મંત્રિએ ત્યાં ભવ્ય જિનપ્રાસાદ બંધાવ્યો. ભાગ્યયોગે શ્રી જિનમન્દિરને બાંધનાર સૂત્રધાર પણ ઉત્તમ મળી ગયો. સિદ્ધરાજે બંધાવેલા રૂદ્રમાલને બાંધનારની પાંચમી પેઢીએ એ સૂત્રધાર થયો હતો. ચાર પેઢીથી ઉત્તમ ચૈત્યને બાંધવાની પ્રતિજ્ઞા એ કુટુંબમાં ચાલી આવતી હતી. એ પ્રતિજ્ઞાની પૂર્તિ કરવાની ઈચ્છાથી જ તે સર્વત્ર ફરતો હતો.

પેથડશા જેવા લક્ષ્મી ખર્ચનાર અને આવો કારીગર–એ બેનો

મેળ, પછી શ્રી જિનમન્દિરની ભવ્યતામાં શી ખામી રહે?

આ પછીથી પ્રતિષ્ઠા સમયે પણ પેથડશા મંત્રિએ છૂટે હાથે દાન દીધું છે. એથી દ્વેષિઓ પણ મિત્ર જેવા બન્યા છે. દાનગુણમાં એ તાકાત છે કે-દુશ્મન પાસે પણ ગુણ ગવડાવે; અને કૃપણતામાં એ દોષ છે કે-સ્નેહિની પાસે પણ દોષ બોલાવે.

કૃતજ્ઞતાનો નમુનો :

આજે કૃતજ્ઞતાનો મહાગુણ લોપાતો જાય છે. માત્ર દુનિયાના વ્યવહારમાંથી જ નહિ, પણ ધર્મની ગણાતી દુનિયામાંથીય કૃતજ્ઞતાનો ગુણ ભાગવા માંડ્યો છે: એના પ્રતાપે જેના યોગે ધર્મની પ્રાપ્તિ થઈ હોય, તેનું પણ અવસરે ભૂંડું બોલતાં કેટલાકોને આંચકો નથી આવતો. વાચકશેખર શ્રીમદ્ યશોવિજયજી મહારાજા ફરમાવે છે કે—

**" સમકિતદાતા ગુરૂતણો, પચ્ચુવયાર ન થાય :
ભવ કોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય. "**

જે ગુરૂએ આપણને સમ્યક્ત્વ પમાડયું, તે ગુરૂએ આપણા ઉપર, સમજો કે-મોટામાં મોટો ઉપકાર કર્યો. સમ્યક્ત્વના દાનના જેવો બીજો કોઈ ઉપકાર નથી. ક્રોડો ભવો સુધી સઘળાય ઉપાયો સેવવામાં આવે, તે છતાં પણ સમ્યક્ત્વદાતા ગુરૂનો પ્રત્યુપકાર થઈ શકતો નથી. જ્ઞાનિઓ આમ કહે છે અને આજે જોઈએ તો ગુણો પમાડનારની પણ કૃતજ્ઞતા ઘણાઓના હૈયામાં જેવી જોઈએ તેવી નથી. એવા આત્માઓમાંથી ઘણાને જ્ઞાનનો, સમજુપણાનો અને ધર્મિપણાનો ઘમંડ હોય છે. એના યોગે, તેઓ કૃતજ્ઞતા જેવા સર્વસામાન્ય ગણાતા છતાં ઘણા મહાન એવા ગુણથી પણ પરવારી બેસે છે.

કૃતજ્ઞતા ગુણને પામેલા આત્માઓ તો, અવસરે, પાપકર્મના યોગે ધર્મથી ભ્રષ્ટ થયેલા એવા પણ ગુરૂને માર્ગે લાવી શકે છે. ગુરૂના ઉપકારનો બદલો વાળવાનો પ્રયત્ન કરવાનો, એ તો એક ઉત્તમમાં ઉત્તમ કોટિનો પ્રસંગ છે, એમ પણ કહી શકાય.

શ્રી શેલકજીની સેવા શ્રી પંથકજીએ કયી દશામાં અને કેવી રીતિએ કરી છે, તે જાણો છો? શ્રી પંથકજી હોય નહિ અને શ્રી શેલકજી બચે નહિ. પરિણામે શ્રી શેલકજીના મુખેથી એ ઉદ્‌ગારો નીકળ્યા છે કે–“ આ ભુવનમાં તારા જેવો સુશિષ્ય બીજો કોણ છે? કારણ કે–હે ધીર ! આવી કારમી દશાને પામેલા એવા મને તેં છોડી દીધો નહિ: એટલું જ નહિ પણ, હસ્તાવલંબન આપીને તેં મને ભવ રૂપ અન્ધકારમય કુવામાંથી ઉદ્ધર્યો છે; અથવા તો હે ધીર ! તું મારો શિષ્ય નથી, પણ તેં મને ધર્મનું દાન કર્યું છે એથી તું મારો ગુરૂ જ છો ! તો પોતાને અને પરને તારનારા એવા તારા ચરિત્રને નમસ્કાર હો. ”

શ્રી શેલકજી અને શ્રી પંથકજી પહેલાં રાજા અને મંત્રી હતા તથા પછીથી સાથે દીક્ષિત થયા હતા : એટલે શ્રી શેલકજી, શ્રી પંથકજીના સંસારીપણામાં માલિક હતા અને સાધુપણામાં ગુરૂ હતા. શ્રી શેલકજી રાજા હતા, ધર્મને પામેલા હતા, વૈરાગ્ય પામીને દીક્ષિત થયા હતા, અગીયાર અંગના પાઠી બન્યા હતા અને ગુરૂએ તેમને પાંચસો શિષ્યો સોંપીને આચાર્યપદ અર્પણ કર્યું હતું : અર્થાત્–તેઓ પાંચસો શિષ્યોના ગુરૂ હતા અને શ્રી આચાર્યપદ ઉપર આરૂઢ કરાએલા હતા.

આવા પણ શ્રી શેલકજી, પ્રસંગ પામીને પ્રમાદી બન્યા છે. ચારિત્રના આચારોને ભૂલ્યા છે. જાણે કેવલ પુદ્‌ગલાનન્દી બન્યા હોય, એવી દશાને પામ્યા છે. કેવો કારમો પાપોદય? એમનો વૈરાગ્ય ખોટો હશે, કેમ ? જ્ઞાન નહિ હોય, કેમ ? પણ સમજો કે–ઘોર પાપના ઉદય સમયે શું ન થાય, એ કહેવાય નહિ. સાચી રીતિએ વિરાગી બનેલા, ઉત્તમમાં ઉત્તમ વૈરાગ્યથી દીક્ષિત થયેલા અને અંગોનો પણ અભ્યાસ કરી ચૂકેલા તથા સંખ્યાબંધ આત્માઓને તારનારા એવા પણ આત્માઓ, ઘોર પાપોદયના પ્રસંગે, કયી દશાને ન પામે તે કહી શકાય નહિ : માટે પાપોદયને ભોગવનારાઓનો તિરસ્કાર ન કરો, પણ પાપોદયની ભયંકરતાને સમજીને દયાવાળા બનો : તેમજ તમારો આત્મા એવા પાપથી લેપાય નહિ એ માટે સાવચેત બનો. પાપ

મોજથી કરવું અને પાપોદયના પ્રસંગે રાડો પાડવી તથા બીજાઓને દોષ દેવો એ યોગ્ય નથી. પાપોદયવાળા પણ વિવેકી આત્માઓ તો, બીજાઓને દોષ નહિ દેતાં પોતાના આત્માના દોષને જ જૂએ છે અને ફરીથી પાપથી બચાય એ માટે બનતો પ્રયત્ન કરે છે. પાપના કારમા ઉદયને સમજવાનું સાચું ફલ એ છે કે–પાપથી ડરવું અને પાપથી ડરીને પાપથી પાછા હઠવું.

બન્યું છે એવું કે–શ્રી શેલકજીના શરીરમાં વિપુલ રોગાંતક પ્રાદુર્ભૂત થયો છે. સાધુઓ રૂક્ષવૃત્તિવાળા હોય અને વેળા–કુવેળાએ જે કલ્પ્ય મળી જાય તેનાથી નિર્વાહ કરનારા હોય. શ્રી શેલકજી મૂળ રાજા હતા, એટલે એમને આવું ખાવા–પીવાનું ન પચે એમ બને ને ?

એવી રોગવાળી દશામાં શ્રી શેલકજી વિહાર કરતા કરતા પોતાના મૂળ નગરમાં આવી પહોંચે છે. ત્યાં શ્રી શેલકજીના પુત્ર રાજ્ય કરે છે. તે શ્રી શેલકજીને વન્દન કરવાને આવે છે અને વન્દન કર્યા બાદ, શ્રી શેલકજીની શારીરિક અવસ્થાને જોઈને કહે છે કે–" હે ભગવન્ ! આપને માટે જરૂરી એવા સર્વ આહાર–ઔષધના સમુદાયે કરીને હું શુદ્ધ ક્રિયાને કરાવીશ : તો મારી ઉપર કૃપા કરીને આપ યાનશાલામાં પધારો." શ્રી શેલકજી તેની આ વિનંતિનો સ્વીકાર કરે છે, ત્યાં જાય છે અને ત્યાં રાજાના વૈદ્યો પણ તેમની ચિકિત્સાને કરે છે.

પરિણામે તે રોગ તો ચાલ્યો જાય છે, પણ શ્રી શેલકજીને બીજો રોગ લાગુ પડી જાય છે. ચિકિત્સાને અંગે જે વસ્તુ શ્રી શેલકજીને આપવામાં આવી હતી, તેમાં શ્રી શેલકજી ગૃદ્ધ બની જાય છે અને તેના ઉપભોગથી પાછા હઠતા નથી.

શ્રી શેલકજીની આ દશાને જોઈને, શિષ્યોએ પગમાં પડીને વિનયભરી વાણીથી કહ્યું કે–

" હે સ્વામિન્ ! અમારા પુણ્યથી આપના શરીરે આરોગ્ય થયું છે, તો કૃપા કરીને આપ અન્યત્ર વિહાર કરો ! કારણ કે–આ રીતિએ નિષ્કારણ રહેવું એ સાધુઓને માટે યોગ્ય નથી."

શિષ્યો જાણે છે કે–ગુરૂ ચિકિત્સાને અંગે વાપરેલી માદક વસ્તુમાં

ગૃદ્ધ બન્યા છે અને એ વસ્તુનો ઉપભોગ યથેચ્છ કરવાના ઈરાદાથી જ અહીંથી વિહાર કરવાનું નામ લેતા નથી: કારણ કે-બીજે તે વસ્તુ મળે તેમ નથી! આવું જાણવા છતાં પણ, શિષ્યો કેવી રીતિએ અત્યાર સુધી વર્ત્યા છે અને અત્યારે પણ તેઓ શ્રી શેલકજીને કેવી રીતિએ ધર્મનો ખ્યાલ આપે છે એ જોવાનું છે. શિષ્યોમાં કેટલી ગંભીરતા હશે? નહિ તો, આવા ગૃદ્ધ બનેલા આચાર્યના પગમાં પડે? કહેવું હોય તે વિનયવાળી વાણીથી જ કહે? જરાય તિરસ્કાર બતાવે નહિ, એમ!

શિષ્યોએ એવી એવી વિનંતિઓ કરવા છતાં પણ, ખાનપાનની વસ્તુઓમાં ગૃદ્ધ બનેલા શ્રી શેલકજી કોઈ પણ રીતિએ વિહાર કરવાને ઇચ્છતા નથી: તો પણ શિષ્યો એમ નથી કહેતા કે-" સમજ્યા, તમે તો ખાનપાનની દોષિત વસ્તુઓમાં ગૃદ્ધ થયા છો, એ માટે જ વિહાર કરતા નથી. લ્યો, જોયા મોટા આચાર્ય! અમારા પાંચસોના ગુરૂ બન્યા છે અને અમે વિહાર કરવાનું કહીએ છીએ, આટલી આટલી વિનંતિ કરીએ છીએ, તે છતાં પણ વિહાર કરવાનું સુઝતું નથી." સાચા શિષ્યપણાને પામેલા, વિનયગુણને વરેલા, કૃતજ્ઞતાગુણને ધરનારા શિષ્યો એવું કાંઈ પણ કહે ખરા? નહિ જ!

વિચારી જોજો! શિષ્યોની આ યોગ્યતા જેવી-તેવી નથી. ઉત્તમ પુરૂષોના ઉત્તમ પ્રસંગોને 'હોય' એમ કહીને કાઢી ન નાખો, પણ એના ઉપર વિચાર કરો અને પોતાની દશાનું અન્તર તપાસો, કે જેથી ગુણોની પ્રાપ્તિ થાય. આજે તો મોટે ભાગે વિચારેય એવી રીતિએ થાય છે કે-ગુણ મળવા તો દૂર રહ્યા, પણ કદાચ અવગુણો વધે.

શિષ્યોએ વારંવાર વિનંતિ કરી છતાં શ્રી શેલકજીએ ન માન્યું, એટલે રાજા વિનંતિ કરે છે. શ્રી શેલકજીના તે પુત્ર થાય છે. એ પણ સમજી ગયા છે કે-આ ખાનપાનના પદાર્થોમાં ગૃદ્ધ બન્યા છે. તે છતાં પણ એ કેવી રીતિએ વિનંતિ કરે છે તે સમજજો અને યાદ રાખજો.

તે વિનયપૂર્વક અને કોમળ વાણીથી કહે છે કે-" હે ભગવન્! આપે આ રીતિએ અમારા ઉપર સમ્યગ્ અનુગ્રહ કર્યો છે. કોઈ પુણ્યોદયે કરીને અમારો આપના દેહને આરોગ્ય પમાડવાનો પ્રયાસ

સફલતાને પામ્યો છે: તો આપ વિહાર કરીને ફરીથી પણ અહીં પધારીને આપનાં ચરણોનાં દર્શન દેવાની કૃપા કરજો. હે નાથ! આપ ધન્યવાદને પાત્ર છો, કારણ કે-આપને આવું નિર્મલ ચારિત્ર પ્રાપ્ત થયું છે. અમારો જન્મ તો અનર્થના ફળવાળો છે: કારણ કે-અમે આરંભ રૂપ જલધિમાં પડેલા છીએ."

શ્રી શેલકજીના પુત્ર શ્રી શેલકજીને કહેવા તો એજ માગે છે કે-'આપ હવે અહીંથી પધારો' પરન્તુ એ કહે છે કેવા શબ્દોમાં, એ જ જોવા જેવું છે. એમ ન કહી દે કે-'સાધુ થઈને ખાનપાનના પદાર્થોમાં આમ ગૃદ્ધ ન બનાય?' એમ ન કહી દે કે-'ખાનપાનના આવા પદાર્થોમાં જો ગૃદ્ધ થવું હતું, તો સાધુ કેમ થયા? તમને કોણે કાઢી મૂક્યા હતા?' અથવા એમ પણ ન કહે કે-'બરાબર છે, ખાનપાનના આવા પદાર્થો જોઈતા હતા માટે જ માંદા પડ્યા હતા?' પણ નહિ, શ્રી શેલકજીના પુત્ર આજનાઓના જેવા ક્ષુદ્ર હૃદયના, વિનયહીન, સ્વચ્છન્દી, ધર્મથી બેપરવા અને અજ્ઞાનથી ઘેરાએલા નહિ હતા. આજનાઓ, કે જેઓ સાધુઓની નિન્દા કરવાને અને સાધુઓની નિન્દા સાંભળવાને ટેવાઈ ગયા છે, તેઓમાં વસ્તુતઃ ધર્મનું બીજ પણ નથી, એમ કહીએ તો ચાલે.

રાજાએ, એટલે કે-શ્રી શેલકજીના પુત્રે એ રીતિએ વારંવાર વિનયવાળી મૃદુ વાણીથી વિનંતિ કરવા છતાં પણ, ખાનપાનની વસ્તુઓમાં ગૃદ્ધ બનેલા શ્રી શેલકજી ઉગ્ર વિહારને કરતા નથી. હવે આ દશામાં પાંચસો સાધુઓએ સાથે રહીને અને એક સ્થાને પડી રહીને શું કરવું? શ્રી શેલકજીની સેવામાં શ્રી પંથકજીને મૂકીને અને શ્રી શેલકજીની આજ્ઞા લઈને, બાકીના શિષ્યો ત્યાંથી વિહાર કરી ગયા.

હવે શ્રી શેલકજીને પણ ફાવતું આવ્યું. શ્રી શેલકજી પણ સ્વેચ્છા મુજબ સ્નિગ્ધ અને મધુર આહારને ખાય છે અને પ્રમાદને પેદા કરનારી વસ્તુનું પાન કરીને સર્વથા પ્રમાદમાં પડ્યા રહે છે. શ્રી પંથકજી, શ્રી શેલકજીની તેવી અવસ્થામાં પણ અખંડપણે પોતાની વિનયપ્રવૃત્તિને આચરે છે અને શ્રી શેલકજીની એક પણ આજ્ઞાને લંઘતા નથી, પણ તેમની

સર્વ આજ્ઞાઓને અંજલિપૂર્વક વધાવે છે! આ વિનય જોયો? શ્રી પંથકજીના હૃદયમાં કેટલીક કૃતજ્ઞતા હશે? સંસારીપણાના માલિક અને સાધુપણાના ગુરુની શ્રી પંથકજી જે ભક્તિ કરે છે, તે તેમના હૃદયમાં રહેલી કૃતજ્ઞતાને સૂચવે છે. સેવા તો કરે, પણ વિનય જાળવવો એ સહેલું નથી. આ દશામાં પણ જરાય અવગણના નહિ કરવી, જરાય તિરસ્કાર નહિ કરવો અને દરેક આજ્ઞાને વિનયપૂર્વક માથે ચઢાવવી, એ જેવી-તેવી કૃતજ્ઞતા નથી. સેવા તો હજુ થાય, પણ એ દશામાં વિનય જળવાવો મુશ્કેલ છે. સેવા કરતાં કરતાં જરાય તોછડાઈ ન આવે, ઘમંડ ન આવે, દુર્ભાવ ન આવે અને ઉપેક્ષાય ન આવે; એટલું જ નહિ, પણ વિનયપ્રવૃત્તિ અખંડિતપણે ટકી રહે, એ સામાન્ય વાત નથી.

શ્રી પંથકજી આ રીતિએ શ્રી શેલકજીની સેવામાં રક્ત છે, એ દરમ્યાનમાં એક પ્રસંગ એવો બની જાય છે કે-પ્રમાદને આધીન થયેલા શ્રી શેલકજી જાગૃત થાય છે, પશ્ચાત્તાપ કરે છે અને પ્રમાદને લાત મારીને ફરીથી ઉગ્રવિહારી બને છે. એક વાર કાર્તિકચૌમાસીના દિવસે શ્રી પંથકજી પ્રતિક્રમણ કરી રહ્યા છે અને એ વખતે શ્રી શેલકજી ભરનિદ્રામાં પોઢયા છે. ક્ષમાપના નિમિત્તે, શ્રી પંથકજી, શ્રી શેલકજીના ચરણમાં પોતાના વિનયપૂર્વક નમાવેલા મસ્તકને મૂકે છે. પોતાના ચરણમાં શ્રી પંથકજીના માથાનો સ્પર્શ થવાથી, શ્રી શેલકજીની નિદ્રામાં ભંગ પડે છે અને એથી શ્રી શેલકજી અસભ્ય વચનોને બોલતા થકા ઉઠે છે. માદક પદાર્થના પાનથી ઉન્મત્ત બનેલા શ્રી શેલકજી, શ્રી પંથકજીને કહે છે કે-"રે પાપીષ્ટ! રે નિર્ઘૃણ! રે દુષ્ટ! મારી નિદ્રામાં ખલેલ કેમ પહોંચાડે છે?" શ્રી શેલકજી અત્યારે મત્ત દશામાં છે અને સાધુપણાના આચારોથી પરવારી બેઠેલા છે, તે છતાં પણ તેમના આવા વર્તાવને શ્રી પંથકજી કયી રીતિએ સાંખી લે? શું એમ ન વિચારે કે-"એક તો આ દશામાં ભક્તિ કરવી અને બદલામાં એમની ગાળો ખાવી! પોતાને પ્રતિક્રમણ પણ કરવું નથી અને અમે એમનાં ચરણોમાં માથું મૂકીએ એટલામાં પાપી ને દુષ્ટ વિગેરે કહેવું છે!"

આજે ધર્મખાતાંઓમાં કામ કરનારાઓમાંના કેટલાકો કહે છે ને

કે-'કામ કરીએ અને ઉપરથી ગાળ ખાઈએ ?' આવો વિચાર આવે, તો એટલી લાયકાતની જ ખામી ગણાય. ટીકા કરનારને કહેવું કે-' ભાઈ ! લાયકાત મેળવવા માટે કામ કરૂં છું.' પણ એમ નહિ કહેવું કે-' મને કેમ કહ્યું ?' કામ કરનાર ફરીયાદ નહિ સાંભળે તો સાંભળશે કોણ ? ધર્મનો સેવક પ્રસન્નતાથી ગાળ પણ ખાઈ નહિ લે, તો પ્રસન્નતાથી ગાળ ખાશે કોણ ? કામ કરે તેને કહેનાર નીકળે કે બીજાને ? કોઇ કહે કે-' બહુ સારૂં કર્યું' તો તે સાંભળવાનું ગમે છે કે નહિ ?

સ૦ એ તો ગમે.

ત્યારે ભૂલ બતાવે તે કેમ સહન ન થાય ? ભૂલ બતાવે તો ખૂશ થવું અને પ્રશંસા કરે તો નીચું ઘાલવું, એ પણ ગુણ છે. ભૂલ ખોટી રીતિએ કાઢતો હોય, તો પહેલાં હસીને સાંભળી લીધા પછી કહેવાય કે-' તમે ભૂલ બતાવો છો તે ઘણું સારૂં છે, પ્રમાદ-અજ્ઞાન વિગેરેથી મારી ભૂલ થાય, પણ' એમ કહીને મજેથી કહેવા-જોગું કહેવાય, તો કાં પેલો સુધરે અગર બીજામાં એની કિંમત રહે નહિ. એવાય નાગા હશે, કે જે બોલાવવા જેવા ન હોય; પણ વ્યવહારમાં જેવી કુશળતા વપરાય છે તેવી આત્માના હિત ખાતર ધર્મનાં કામોમાં કુશળતા વપરાય, તો નાગાઓની નાગાઈ નાગાઓને જ ભારે પડી જાય ! ધર્મસ્થાનોનો વહીવટ કરનારાઓમાં અને ધર્મસેવાનાં કાર્યો કરનારાઓમાં, ધર્મની ધગશ સાથે નમ્રતા અને કુશળતા પણ જોઈએ. 'આ કામો હું કરૂં છું તે કોઈના ઉપર ઉપકાર કરવાને માટે કરતો નથી, પણ મારા આત્માના ભલા ખાતર જ કરૂં છું.'-આ વૃત્તિ હૈયામાં બરાબર સ્થાન પામી જાય, તો કોઈ ભૂલ બતાવે અગર ગાળ દે, એથી ધર્મનાં કામોને જે વહેતાં મૂકવાની આજે મોટે ભાગે બુદ્ધિ થાય છે તે થાય નહિ.

કાર્તિક ચોમાસીના દિવસે પ્રતિક્રમણ કરતાં, ક્ષમાપના નિમિત્તે શ્રી પંથકજીએ પોતાનું માથું વિનયથી નમાવીને નિદ્રાધીન બનેલા શ્રી શેલકજીના ચરણમાં મૂક્યું અને એના યોગે જાગી ઉઠેલા શ્રી શેલકજીએ શ્રી પંથકજીને પાપી કહ્યા, નિર્ઘૃણ કહ્યા તથા દુષ્ટ કહ્યા અને

કહ્યું કે–' તું મારી નિદ્રાનો નાશ કેમ કરે છે ?'

ઉન્મત્ત બનેલા શ્રી શેલકજીએ આ પ્રમાણે નહિ કહેવાજોગું કહ્યું, તે કહેવા છતાં પણ, શ્રી પંથકજીના વિનયાચારોમાં જરા જેટલોય ફેર પડતો નથી. શ્રી પંથકજી ભય પામે છે અને માથા પાસે હાથ જોડેલા રાખીને કહે છે કે–" હે દેવાનુપ્રિય ! હું બીજો કોઈ નથી, પરન્તુ પંથકમુનિ છું. હું કાર્તિક ચોમાસીના પ્રતિક્રમણમાં ક્ષમાપના નિમિત્તે આપનાં ચરણોને અડ્યો, તો કૃપા કરીને આપ મારા આ એક અપરાધને ખમો !"

શ્રી પંથકજી વારંવાર આ એક જ વાત વિનયપૂર્વક બોલી રહ્યા છે. શાસ્ત્રકાર–પરમર્ષિ ત્યાં કહે છે કે–એમની તે વિનયભરી વાણીના યોગે, શ્રી શેલકજીનાં પણ અશુભ કર્મોનો વિલય થઈ ગયો.

પોતાનાં અશુભ કર્મોનો વિલય થતાંની સાથે જ આચાર્ય શ્રી શેલકજીને પોતાની હીન દશાનો અને શ્રી પંથકજીની ઉત્તમ દશાનો ખ્યાલ આવે છે. આચાર્ય શ્રી શેલકજીનો આત્મા પશ્ચાત્તાપથી પ્રજળી ઉઠે છે. આચાર્ય શ્રી શેલકજીને પોતાની દશા ઉપર ધિક્કાર વછૂટે છે ! ખરેખર, જે આત્માઓમાં યોગ્યતા હોય છે, તે આત્માઓ પોતાનાં અશુભ કર્મોના યોગે કદાચ હીન દશાને પણ પામે, તો પણ તે અશુભ કર્મોનો નાશ થતાં તે આત્માઓની ઉત્તમતા ઝળકી ઉઠ્યા વિના રહેતી નથી. હીરો કાદવમાં પડી ગયો એથી ગંધાય એ બને, પણ જ્યાં કાદવનો મળ સાફ થયો એટલે હીરો તે હીરો : તેમ ઉત્તમતાને પામી ચૂકેલા આત્માઓ, પોતાના પાપોદયે અધમ દશાને પણ પામે, તોય તે આત્માઓની અવગણના નહિ કરવી, પણ બને તો એવી યોજના કરવી, કે જેથી તે આત્માઓ પુનઃ ઉત્તમ સ્થાનને પામીને સ્વપર–કલ્યાણની સાધનામાં રક્ત બને.

અશુભ કર્મોનો નાશ થઈ ગયા બાદ, આચાર્ય શ્રી શેલકજી વિચારે છે કે–" અહો, આના સુશિષ્યપણાને તો જૂઓ ! હું પાસત્થાપણાથી આલિંગિત છું, અવસન્નપણાથી ભરેલો છું અને કુશીલપણાથી લેપાએલો છું : એટલું જ નહિ, પણ માદક પીણું ખૂબ પીઈને

હું આમ અયોગ્ય વચનો બોલી રહ્યો છું: તે છતાં પણ આ પરમ વિનયથી અનુવર્તે છે! અથવા તો-જે આત્માઓના અન્તરમાં શ્રી જિનેશ્વરદેવોનાં વચનો પરિણમી ગયાં છે, જે આત્માઓ ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલા છે, જે આત્માઓ શુદ્ધ એટલે સાત્વિક વૃત્તિને ધરનારા છે અને જે આત્માઓ સ્થિર તથા ગંભીર છે, તેઓની મર્યાદા આવી જ હોય છે! અને એ જ રીતિએ નીચ ગતિવાળા નીચોની દશા તે ઉત્તમ આત્માઓથી વિપરીત જ હોય છે!! વળી-

"ક્યાં મારી આ ચેષ્ટા અને ક્યાં આનો આ પ્રકારનો વિનય? ખરેખર, શુદ્ધ આત્મા, વિષવાળી એવી પણ વસ્તુને નિઃશંકપણે સેવે છે! આથી મારાં દુષ્ચરિત્રો અને આ ધીરનાં ઉત્તમ ચરિત્રો, એ બન્નેય દુનિયામાં સીમા વિનાનાં છે અને લોકને વિસ્મય પમાડનારાં છે! મારાં દુષ્ટ ચરિત્રો એવાં છે કે-જેનો દુનિયામાં જોટો ન મળે અને આનાં સુચરિત્રો પણ એવાં છે કે-જેનો દુનિયામાં જોટો ન મળે. મારાં દુષ્ટ ચરિત્રો લોકને વિસ્મય પમાડનારાં છે અને આનાં સુચરિત્રો લોકને વિસ્મય પમાડનારાં છે: અર્થાત્-દુનિયામાં મારા જેવો કોઈ અધમ નથી અને આના જેવો કોઈ ઉત્તમ નથી.

"વળી-મેં રાજ્યને છોડયું, ભોગોને મૂકયા, સંગનો ત્યાગ કર્યો અને ઉત્તમ પુરૂષોથી અનુસરાએલા એવા મોક્ષમાર્ગને હું પામ્યો: તે છતાં પણ, આવું અનુચિત કાર્ય મેં કેમ આરંભ્યું? અને એના યોગે હું એવો પાપી બન્યો કે-મારૂં મોઢું પણ જોવા લાયક નથી: તે છતાં પણ કોણ આવો મહાપુરૂષ હોય, કે જે હજુ પણ આ પ્રકારના વિનયને કરે? અથવા તો, ખરી વાત એ છે કે-લોકમાં નીચ અને ઉત્તમ આત્માઓની સ્થિતિ અપર્યવસિત હોય છે. નીચમાં નીચતાનો પાર હોતો નથી અને ઉત્તમમાં ઉત્તમતાનો પાર હોતો નથી.

"વળી-જે દ્રવ્ય મારી ગૃદ્ધિનું મોટામાં મોટું કારણ છે, તે આ લોક અને પરલોક બન્નેથી વિરૂદ્ધ છે: તેમજ અમારા આગમમાં તો ગ્લાનને કાજે પણ એનો નિષેધ કરાએલો છે: પણ આવો કોઈ વિચાર, મૂઢ મતિવાળા મેં પહેલાં કર્યો નહિ! આટલું આટલું થવા

છતાં પણ, હજુ હું ધન્ય છું: કારણ કે–આજ સુધી પણ, નિષ્કારણ બંધુ એવા આણે મને મૂક્યો નથી. આજ સુધી પણ આણે મને મૂક્યો નહિ, એ સૂચવે છે કે-મારી પણ કાંઈક શુભ સ્થિતિ છે: નહિતર, આણે મને છોડી દીધો હોત તો હું મહાનરકમાં રૂલત!"

આચાર્ય શ્રી શૈલકજીની આ વિચારણા પણ સામાન્ય કોટિની નથી. ઉત્તમ આત્માઓને પોતાની પાપદશાનો પાપદશા રૂપે વાસ્તવિક ખ્યાલ આવ્યા પછીથી, પોતાની હીન દશા તરફ કેટલો બધો તિરસ્કાર છૂટે છે, એ સમજવાને માટે આ વિચારણા એ પણ એક ઉત્તમ સાધન છે: તેમજ સામા આત્માએ પોતાના ઉપર કરેલા ઉપકારની તેવા આત્માઓ કેટલી મોટી કિંમત આંકે છે એ પણ વિચારવા જેવું છે.

આટલી વિચારણા પછીથી, શ્રી શૈલકજીએ શ્રી પંથકજીને કેવા શબ્દો કહ્યા છે, તે તો આપણે પહેલાં કહી ગયા છીએ.

વાત એ છે કે-શ્રી પંથકજીએ જે વર્તન કર્યું, તેમાં કેટલી કૃતજ્ઞતા છે તે સમજવા જેવું છે અને તેમાંથી બોધ લેવા જેવો છે. 'મારા સંસારીપણાના માલિક અને સાધુપણાના ગુરૂ'–આ વિચાર એમના હૈયામાં કોતરાઈ ગયો હશે ને? 'મારા ઉપકારિને મારે આ દશામાં નહિ તજવા જોઈએ, પણ એમની ચાકરી કરવી જોઈએ અને તે પણ જરાય અવગણના કર્યા વિના જ'–આવો વિચાર કૃતઘ્ન આત્માને આવે ખરો? શ્રી પંથકજીમાં કૃતજ્ઞતાનો ગુણ ન હોત, તો તેઓ આવી ભક્તિ કરી શકત નહિ અને તેમ થાત તો શ્રી શૈલકજી આચાર્યની કયી દશા થાત?

શિષ્યો પણ આવા કોઈ પ્રસંગે ગુરૂને તારનારા નિવડે છે, પણ તેમનામાં સુશિષ્યપણું આવ્યું હોય તો! કર્મની સ્થિતિ એવી છે કે–કયા સમયે કયા આત્માનું કેવું પતન થશે તે કહી શકાય નહિ! અશુભ કર્મનો તીવ્ર ઉદય ભલભલા આત્માઓની દુર્દશા કરી નાખે છે. એવા વખતે જો સુશિષ્યો ગુરૂની અવગણના કરીને ચાલતા થઈ જાય અને ગુરૂએ કરેલા ઉપકારને ભૂલી જાય, તો કહેવું પડે કે–તેઓ સુશિષ્યો નથી. તેમનામાં સાચી કૃતજ્ઞતાનો છાંટોય નથી.

તમને અંગારમર્દકાચાર્યનો પ્રસંગ યાદ છે? અંગારમર્દકાચાર્ય નામે પ્રસિદ્ધ થયેલા, આપણે ત્યાં એક રૂદ્રદેવ નામના આચાર્ય થઈ ગયા છે. એ પોતે અભવી હતા, છતાં બીજાઓને માલૂમ નથી અને તેથી તે પાંચસો શિષ્યોના ગુરૂ આચાર્ય બન્યા છે. એક પ્રસંગે પાંચસો શિષ્યોને ખબર પડી જાય છે કે-આ અભવ્ય છે, એટલે પોતે તેમનો બહિષ્કાર કરે છે. આ પછીથી શિષ્યો તપ તપીને અને કાળધર્મને પામીને દેવલોકમાં જાય છે અને ત્યાંથી ચ્યવીને રાજકુલોમાં ઉત્પન્ન થાય છે. એક વાર તે બધા વસન્તપુરમાં કનકધ્વજ નામના રાજાની કન્યાના સ્વયંવર મંડપમાં ગયા છે. બીજી તરફ તે રૂદ્રદેવ નામના આચાર્યનો જીવ ત્યાંથી મરીને જૂદી જૂદી યોનિઓમાં ભમતો ઉંટ થાય છે. વસન્તપુરમાં તે રાજાઓ તે ઉંટને જૂએ છે. જે વખતે રાજાઓએ તેને જોયો, તે વખતે તે મહાકાય ઉંટ ઘણા ભારથી લદાએલો છે, તેનું શરીર જરાથી જીર્ણ થઈ ગએલું છે અને દુઃખથી પીડાતો તે આર્ત્તનાદ કરી રહ્યો છે. ઉંટને જોઈને તે રાજાઓને એના ઉપર કરૂણા આવી અને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું, એથી તેઓએ જાણ્યું કે-ઓહો, આ તો આપણા ગુરૂ! અહો! સંસાર વિચિત્ર છે: કારણ કે-'તેવા પ્રકારની જ્ઞાનલક્ષ્મીને મેળવીને પણ, હૃદયમાં શ્રદ્ધાને નહિ ધરતો એવો આ વરાક આ અવસ્થાને પામ્યો છે અને હજુ અનન્ત ભવને મેળવશે.' આ પછી કૃપાથી તે રાજાઓ તે ઉંટને છોડાવી દે છે! આ દશામાં પણ તે રાજાઓને તે ઉંટને છોડાવવાની બુદ્ધિ જાગે છે! આ ભાવના પણ વિચારવા જેવી છે. અભવી છતાં, તેના તરફ રોષ નહિ પણ કરૂણા!

મૂળ વાત તો એ છે કે કૃતજ્ઞતાને નહિ ચૂકવી, એ પણ શ્રી જૈનશાસનની મર્યાદા છે. શ્રી પંથકજીએ શ્રી શેલકજીને ન મૂકયા અને સેવા કરી, એ વાતને ખ્યાલમાં રાખીને વિનયપૂર્વક પ્રવર્ત્તવાને પ્રયત્નશીલ બનવું જોઈએ, એમ શાસ્ત્રકાર મહારાજાઓ ઉપદેશે છે. અંગારમર્દક જો અભવી ન હોત, તો શિષ્યો તેમનો ત્યાગ કરત નહિ: એટલે, તેવાં કારણોમાં વાત જૂદી છે. આ ઉપરાન્ત, શ્રી પંથકજીને મૂકીને બાકીના

શિષ્યોએ ચાલ્યા જવામાં ભૂલ કરી હતી એમ પણ નથી. તેઓએ ડહાપણ જ વાપર્યું હતું: કારણ કે-શ્રી જૈનશાસનની લઘુતા ન થાય તેમજ બીજા સાધુઓ ઉપર કશી ખરાબ છાયા ન પડી જાય, એ વિગેરેની પણ સ્થવીર અને ગીતાર્થ સાધુઓએ કાળજી રાખવાની હોય છે. સમજવાનું એ છે કે-જ્યાં સુશિષ્યપણાની લાયકાત નથી અને એની દરકારે ય નથી, ત્યાં આરાધના દુર્લભ છે. તપ-જપ-સંયમ એ વિગેરે એને આધીન છે. સુશિષ્યપણાને પામેલા કૃતજ્ઞ આત્માઓ અવસરે ગુરૂના પ્રત્યુપકારનો પ્રયત્ન પણ કરી શકે છે, તે આ ગુણ ન હોય તો બને નહિ: માટે જ કહેવાય છે કે-દુનિયામાં સૌએ પરસ્પરના આત્મહિતના ચિન્તક બનવું જોઇએ.

સાચો સેવક :

શ્રી સુબુદ્ધિ નામના એક મંત્રી હતા. એ મંત્રિએ વિચાર કર્યો કે-"મારો માલિક રાજા પરમાર્થના વિશેષને જાણનારો અને શ્રી જિનપ્રવચનથી ભાવિત મતિવાળો શી રીતિએ બને?" તમે તમારે માટે પણ વિચાર કરી જોજો! તમને લાગવું જોઇએ કે-મારા ઘરનો નોકર પણ અધર્મી રહે, તો મારા માટે તે લાંછન જ ગણાય. તમારે ઘેર આવેલાં ધર્મ ન પામે, તો તમને દુઃખ થવું જોઇએ ને? જૈનકુળના વડિલ તરીકે તમારી શી શી ફરજો છે, તેનો તમે કોઈ દિ' ખ્યાલ કર્યો છે ખરો! પૂર્વના પુણ્યના યોગે જે સ્થાનને પામ્યા છો, તે સ્થાનની જોખમદારીને સમજો અને કૃતજ્ઞતા આદિ ગુણો ઉપર દેવતા મૂકવાની પ્રવૃત્તિથી પાછા હઠો. કૃતજ્ઞતાદિ ગુણોથી પરવારેલાઓ પોતાના જીવનને ફના કરે છે. તમે એવા ન બનો. શ્રી સુબુદ્ધિ મંત્રિએ પોતાના અન્નદાતાને માટે જેવો વિચાર કર્યો, તેવો વિચાર તમે કદી તમારાં માતા-પિતાને માટે પણ કર્યો છે ખરો? પણ તમારામાં જ જ્યાં ઠેકાણું ન હોય, ત્યાં બીજાનો વિચાર તમને આવે શાનો? શ્રી સુબુદ્ધિમંત્રિની કથાને સાંભળીને તેવી સુબુદ્ધિ મેળવવાને મથવા જેવું છે, એમ લાગવું જોઇએ.

જિતશત્રુ નામના રાજાને સુબુદ્ધિ નામે મંત્રી હતો. તે ઔત તિકી આદિ ચારેય પ્રકારની નિર્મલ બુદ્ધિને ધરનારો હતો: તેમ જીવાજીવાદિ પદાર્થોના વિસ્તારવિશેષનો જ્ઞાતા હતો. રાજ્યકારભાર ચિન્તામાં મન રાખનાર હોવા છતાં પણ, તે મંત્રી ધર્મકાર્ય કરવા તત્પર હતો. એક વાર રાજાએ મોટો ભોજનસમારંભ ગોઠવ્યો ર તેમાં બીજા અનેક રાજાઓને, સરદારોને તથા શેઠીયાઓને આમં કરવાની સાથે શ્રી સુબુદ્ધિ મંત્રિને પણ આમંત્રણ કર્યું.

રાજાને ત્યાંનું ખાણું, એટલે એમાં કમીના શી હોય? સુ- વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શવાળા પદાર્થોની સામગ્રી તે ભોજ સમારંભને માટે તૈયાર કરવામાં આવી હતી. રાજા એ સામગ્ર જોઈને ખૂબ આનન્દ પામ્યો અને ખૂબ રસપૂર્વક તેણે ભોજન કર રાજાને તે દિવસના ભોજનમાં એટલો બધો રસ પડ્યો કે-બધા ભોજન કરી લીધા બાદ, રાજા પોતે જ તે આહારસામગ્રીની પ્રશં કરવા લાગ્યો: અને પ્રશંસા કરતાં કરતાં તેણે બીજાઓને પૂછ્યું ' 'અહો, આહાર કેવો મનોજ્ઞ હતો!'

માણસને જ્યારે પોતાની વસ્તુમાં ખૂબ આસક્તિ થઈ જ છે, ત્યારે સ્વાભાવિક રીતિએ જ એના હૃદયમાં એવી ઇચ્છા ઉત્ થાય છે કે-આ વસ્તુ વખાણવા પાત્ર જ છે અને સૌએ તેનાં વખા કરવાં જ જોઇએ. રાજાએ પૂછ્યું એટલે મંત્રી સિવાય બધાએ ક કે-' ખરેખર, આજનો આહાર ઘણો જ મનોજ્ઞ હતો.' તે આહા સામગ્રી સુન્દર વર્ણ, ગન્ધ, રસ અને સ્પર્શવાળી તો હતી જ, પ કદાચ તેમાં ખામી હોય તો ય કાંઈ રાજા વખાણે અને પછી ૫ એટલે બીજું બોલાય? એમાં તો 'હા'માં 'હા' ભણવી જ પડે ને

જ્યારે બધાએ પ્રશંસા કરી, પણ એકમાત્ર શ્રી સુબુદ્ધિ મંત્રી ક બોલ્યા નહિ, એટલે રાજાએ સીધું મંત્રિને પૂછ્યું. રાજાની વાત ત શ્રી સુબુદ્ધિ મંત્રી પહેલી વાર પણ બેદરકાર રહ્યા હતા અને બી વાર પણ બેદરકાર રહ્યા: એટલે રાજાએ ત્રીજી વાર પૂછ્યું. દુ નામાં હાજીયાની કિંમત ઓછી હોય છે, જ્યારે ઓછા અને સા

હિતકારી બોલનારની ઉત્તમ આત્માઓમાં કિંમત વધારે હોય છે.

રાજાએ જ્યારે ત્રીજી વાર પૂછ્યું, એટલે શ્રી સુબુદ્ધિ મંત્રિએ કહ્યું કે-"આહાર અતિ મનોજ્ઞ હતો એ વાત બરાબર છે, પરન્તુ એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ : કારણ કે-શુભ પુદ્ગલો અશુભ પણ થઈ જાય છે અને અશુભ પુદ્ગલો ક્ષણવારમાં શુભ પણ થઈ જાય છે. પુદ્ગલોનો સ્વભાવ છે કે-જેવા સંયોગ મળે તેવાં તે થાય. શુભ શબ્દવાળાં પુદ્ગલોને, શુભ રૂપવાળાં પુદ્ગલોને, શુભ રસવાળાં પુદ્ગલોને, શુભ ગંધવાળાં પુદ્ગલોને અને શુભ સ્પર્શ-વાળાં પુદ્ગલોને, પ્રયોગદ્વારા અશુભ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળાં પણ બનાવી શકાય છે. એ જ પ્રકારે અશુભ શબ્દાદિવાળાં પુદ્ગલોને, તેવા પ્રકારના યોગ્ય પ્રયોગદ્વારા, શુભ શબ્દાદિવાળાં પણ બનાવી શકાય છે."

શ્રી સુબુદ્ધિમંત્રિએ આટલું બધું વિવેચન કરવાને બદલે રાજાના મનોજ્ઞ આહારનાં માત્ર વખાણ જ કરી લીધાં હોત તો? પણ નહિ, સાચા જૈનમાં તત્ત્વજ્ઞાનના પરિચયથી આ જાતિની આવડત આવે છે. મંત્રિએ રાજાથી જરા પણ લેવાઈ ગયા વિના વસ્તુસ્થિતિ જણાવી દીધી. પરમાર્થને પામેલા આત્માઓ ગમે તેવા પુદ્ગલયોગમાં પણ મુંઝાતા નથી. મંત્રી જો ઇન્દ્રિયનિગ્રહી ન હોત, તો આ બોલી શકત નહિ. રાજાને મંત્રિની વાત રૂચતી નથી, પણ કરે શું? મંત્રી મહા બુદ્ધિશાલી છે એમ તો એ જાણે જ છે.

આવા પ્રસંગે તત્ત્વની વાત કરતાં તમને શરમ આવે કે નહિ? આ બધા વચ્ચે મારી આબરૂ જશે-એવો વિચાર આવે કે નહિ? રાજા મને મૂર્ખો ધારશે-એમ થાય કે નહિ? પણ પુદ્ગલમાં મુંઝા-એલા અજ્ઞાનો કદાચ મૂર્ખો કહી દે, તો એમાં તત્ત્વજ્ઞાનિએ મુંઝાવા જેવું શું છે? ઉલ્ટું, એવા ઇન્દ્રિયનિગ્રહી આત્માઓની તો સજ્જન અધિકારિઓ ઉપર પણ સારી છાયા પડે છે અને તેમને એમ થાય છે કે-દુનિયામાં આવા પણ નિગ્રહી છે!

હવે એ પ્રસંગ બની ગયા પછીથી, એક વાર રાજા સામંતો

અને મંત્રિઓની સાથે ફરવા નીકળેલ છે. ફરતાં ફરતાં રાજા એક ખાઇની પાસે આવી પહોંચે છે. એ ખાઈમાં કુતરાં વિગેરેનાં મુડદાં નાખવામાં આવતાં હતાં, એટલે એમાંથી ભયંકર દુર્ગંધ નીકળતી હતી. ખાઈની નજદિક આવતાં રાજાએ દુર્ગંધથી મુંઝાઈ જઈને પોતાનું નાક અને મુખ બરાબર ઢાંકી દીધાં અને એ રીતિએ ખાઇની નજદિકની જગ્યાને પસાર કરી.

ખાઇને પસાર કરી ગયા બાદ રાજાએ કહ્યું કે-'આ ખાઈનું પાણી સર્પાદિનાં મુડદાંથી કેટલું દુર્ગંધમય બની ગયું છે?' સામંતોએ અને બીજા મંત્રિઓએ પણ કહ્યું કે-'ખરેખર, તેમજ છે.'

આ વખતે પણ શ્રી સુબુદ્ધિમંત્રિને અવાક્ જોઇને, રાજાએ શ્રી સુબુદ્ધિમંત્રિને ઉદ્દેશીને ફરીથી એ વાત કહેતાં પૂછ્યું કે-'આ પાણી કેટલું બધું ઉદ્વેગકારી છે?'

મંત્રિએ કહ્યું કે-"રાજન્! એમાં ઉદ્વેગ પામવા જેવું કાંઈ છે જ નહિ: કારણ કે-અગર, ચન્દન, કર્પૂર અને ફુલ આદિ સુવાસવાળા પદાર્થોની વાસથી અશુભ પુદ્ગલો પણ શુભ થતાં દેખાય છે અને કર્પૂરાદિ અતિશુચિ પદાર્થો પણ આ દેહ આદિના સંબંધને પામીને અશુભ બને છે: માટે આ શુભ અને આ અશુભ-એ વાત જવા દો. આ આનંદકર છે અને આ ઉદ્વેગકર છે-એવું કાંઈ નથી, કારણ કે-જેવો યોગ મળે તેવાં પુદ્ગલો થાય છે: એટલે એથી આનંદ પણ પામવા જેવો નથી અને ઉદ્વેગ કરવાની પણ જરૂર નથી."

વધુમાં મંત્રી કહે છે કે-"પુદ્ગલોની દશા આવી હોવાથી, જ્ઞાનિઓએ કહ્યું છે કે-પુદ્ગલોના પરિણામનો વિવેકપૂર્વક વિચાર કરીને અને એ વિચારો પૂર્વક તૃષ્ણાને દાબીને, આત્માને શાંત રાખીને વિચરવું જોઇએ."

રાજાએ ભયંકર દુર્ગંધમય ખાઇને અંગે પૂછ્યું, તોય મંત્રિએ જ્યારે આ જાતિનો ઉત્તર આપ્યો, એટલે રાજાને ગુસ્સો ન આવે? આવે, કારણ કે-તેને પરમાર્થનું જ્ઞાન નથી. રાજા ગુસ્સે થઈને મંત્રિને કહે છે કે-"આ રીતિએ તું તારી જાતને અને બીજાઓને પણ

ખોટી હઠમાં શા માટે તાણે છે?"

રાજાની આવી કારમી હાલતને જોઈને મંત્રિના હૃદયમાં દયા ઉપજે છે અને મંત્રી વિચાર કરે છે કે-"આ રાજાને પરમાર્થ-વિશેષને જાણનારા શી રીતિએ બનાવી શકાય? આ રાજા શું કરવાથી શ્રી જિનપ્રવચનથી ભાવિત બુદ્ધિવાળા બને?"

એ જ વખતે મંત્રિને એક યુક્તિ સ્ફુરે છે. જે યુક્તિ સ્ફુરી છે તે સામાન્ય કોટિની નથી, પણ ઘણી ભયંકર છે. રાજા જો વિફરે તો મંત્રી જાનથી જાય, એવી એ યુક્તિ છે: પણ મંત્રિને તો એક જ ઇચ્છા છે કે-"હું મારા સ્વામિને ધર્મ પમાડું!"

રાજા વિગેરે ફરીને પાછા આવી ગયા બાદ, મંત્રિએ પોતાના ખાસ વિશ્વાસુ માણસો મારફત તે જ ખાઇનું પાણી મંગાવ્યું. એ પાણીને ગળાવીને તદ્દન નવા ઘડાઓમાં ભરાવ્યું. તેમાં સાજીખાર નાખીને તેમજ મુદ્રિત કરાવીને તે ઘડાઓને મંત્રિએ લટકાવી રાખ્યા. આ રીતિએ વારંવાર પ્રયોગ કરીને, મંત્રિએ તે પાણીને સાવ નિર્મલ બનાવી દીધું. પછીથી તેમાં સુગંધવાળાં દ્રવ્યોનું મિશ્રણ કર્યું.

આમ પાણી તૈયાર થઈ ગયું, એટલે મંત્રિએ રાજાના પાણી લાવનારને બોલાવ્યો. તેને પેલી ખાઇમાંનું તૈયાર કરેલું પાણી આપ્યું અને કહ્યું કે-"ભોજન સમયે રાજાને તું આ પાણી આપજે."

ભોજનસમયે રાજાને તેજ પાણી આપવામાં આવ્યું. રાજા પુદ્‌ગલરસિક તો હતો જ, એટલે આ મીઠા અને સુગંધવાળા પાણીને પીવાથી ઘણો જ આનન્દિત થયો. પોતાની સાથે પોતાનો પરિવાર પણ જમે છે, એટલે તેમની સાથે તેણે તે પાણીની પ્રશંસાત્મક વાતો કરવા માંડી. તે પછી પેલા પાણી લાવનારા નોકરને રાજાએ પૂછ્યું કે-"આવું ઉત્તમ પાણી તું ક્યાંથી લાવ્યો?" નોકરે કહ્યું કે-"આ પાણી તો હું સુબુદ્ધિ મંત્રિની પાસેથી લાવ્યો છું."

રાજાને તો પાણીનો ચડસ લાગ્યો હતો, એટલે શ્રી સુબુદ્ધિ મંત્રિને બોલાવીને રાજાએ કહ્યું કે-"શું હું તને ગમતો નથી? શું હું તને અનિષ્ટ છું, કે જેથી તું મને રોજ ગઈ કાલે ભોજનવેળાએ

મોકલ્યું હતું તેવું પાણી મોકલતો નથી ? આવું સુન્દર પાણી તેં ક્યાંથી મેળવ્યું એ તો કહે !"

મંત્રિએ જોયું કે–અત્યાર સુધી તો બધું બરાબર છે. હવે ખરો અવસર આવી લાગ્યો છે. આ જીવન–મરણનો સોદો છે ને ? મંત્રી કશા જ ગભરાટ વિના કહે છે કે–" હે રાજન્ ! આ પાણી તે જ ખાઈનું છે, કે જે ખાઈ પાસે આપ દુર્ગંધથી ઉદ્વેગને પામ્યા હતા ! અમુક પ્રયોગદ્વારા મેં તેને શુદ્ધ બનાવ્યું છે."

રાજાને મંત્રિની વાત સાચી લાગતી નથી. મંત્રિના કથન ઉપર વિશ્વાસ થતો નથી. આથી મંત્રિએ કહેલા પ્રયોગ મુજબ રાજાએ પોતે અજમાયશ કરી જોઈ. રાજાને ખાત્રી થઇ ગઈ, એટલે મંત્રી ઉપર રાજા બહુ ખૂશ થઈ ગયો. રાજા ખૂશ થયો, એ પણ રાજાના ભાગ્યોદયનું ચિન્હ છે.

ખૂશ થયેલ રાજા શ્રી સુબુદ્ધિમંત્રિને પૂછે છે કે–" આવા અતિ સૂક્ષ્મ બુદ્ધિગમ્ય બનાવોને તું શાથી જાણી શક્યો ?"

રાજાની પ્રસન્નતા અને આશ્ચર્યમુગ્ધતા ઉપરથી મંત્રિએ જાણી લીધું કે–આનામાં જિજ્ઞાસા પ્રગટી છે. શ્રી જિનપ્રવચન તરફ રાજાને આકર્ષવાનો આ ઉત્તમ યોગ છે. મંત્રી કહે છે કે–" આવા અતિ સૂક્ષ્મ બુદ્ધિગમ્ય બનાવો હું શ્રી જિનપ્રવચનથી જાણી શક્યો છું."

મંત્રી આ સ્થાને ધારત તો, પોતાની મહત્તાને સ્થાપિત કરી શકત : પણ નહિ, મંત્રિની ભાવના તો જૂદી જ હતી. વળી મંત્રિએ જે ઉત્તર આપ્યો છે તે પણ વાસ્તવિક જ છે : કારણ કે–પુદ્‌ગલના યોગ અને વિયોગથી ઉત્પન્ન થતાં પરિણામોની તેમજ પુદ્‌ગલનાં થતાં પરિવર્તનોની અને પુદ્‌ગલની શક્તિ આદિની જે માહિતી શ્રી જિન-શાસન પૂરી પાડે છે, તે અન્યત્ર કોઈ પણ સ્થળે છે જ નહિ.

મંત્રિએ જ્યારે એમ કહ્યું કે–' આ બધું હું શ્રી જિનવચનથી જાણી શક્યો છું '–એટલે જિજ્ઞાસુ બનેલા અને શુભ ભાવિના યોગવાળા રાજા કહે છે કે–" હું પણ તારી પાસેથી શ્રી જિનવચનને સાંભળવાને ઈચ્છું છું."

શ્રી સુબુદ્ધિ મંત્રિએ પણ રાજાને શ્રી જિનપ્રણીત ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. શાસ્ત્રના વિધિ મુજબ મંત્રિએ, પહેલાં તો રાજાને મુનિજનોમાં રહેલ ચતુર્યામ ધર્મને સંભળાવ્યો અને તે પછીથી સમ્યક્ત્વમૂલ ગૃહસ્થધર્મનું સ્વરૂપ સમજાવ્યું. નવા અર્થિને પહેલાં સર્વવિરતિનો જ ઉપદેશ આપવો જોઈએ, એવા શ્રી જૈનશાસનના ક્રમનું મંત્રિએ પાલન કર્યું.

ધર્મના સ્વરૂપને સાંભળીને જાણ્યા પછીથી, આનન્દને પામેલો રાજા કહે છે કે-" હે મંત્રીશ્વર! ખરેખર, નિર્ગ્રન્થપ્રવચન જ સત્ય છે અને સર્વશ્રેષ્ઠ છે: 'શ્રી જિનેશ્વરદેવોએ જે કહ્યું છે, તે તેમજ છે'-એમ હું સદ્દહું છું: પણ હાલ તો હું શ્રાવકધર્મનો જ તારી પાસેથી સ્વીકાર કરવાને ઈચ્છું છું."

મંત્રિએ પણ કહ્યું કે-" સ્વામિન્! વિના વિલંબે આપ શ્રાવકધર્મનો સ્વીકાર કરો!"

શ્રી જિતશત્રુ રાજાએ, આ રીતિએ શ્રી સુબુદ્ધિ મંત્રિની પાસે, બાર પ્રકારના શ્રાવકધર્મનો ખૂબ હર્ષપૂર્વક સ્વીકાર કર્યો. પછીથી તો રાજાને મુનિવરોનો પરિચય થયો છે, રાજા-મંત્રી બન્નેએ દીક્ષા લીધી છે, બન્ને ઉગ્રવિહારી બન્યા છે, અગીયાર અંગના પાઠી બન્યા છે અને નિરતિચારપણે દીક્ષાને પાળતા એવા તેઓ શુક્લધ્યાન ઉપર આરૂઢ થઈને, કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા છે.

વાત એ છે કે-મંત્રિએ રાજાને ધર્મ પમાડ્યો અને બન્ને તરી ગયા. મંત્રિ આમ શાથી કરી શક્યા? ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવ્યો હતો માટે ને? ગમે તેવા મનોજ્ઞ પદાર્થોથી લલચાવું નહિ અગર તો તે પદાર્થોને ખાઈને આનન્દ પામવો નહિ, તેમજ ભયંકર દુર્ગંધથી પણ ઉદ્વેગને પામવો નહિ, એ જેવો-તેવો કાબૂ છે? શ્રી સુબુદ્ધિમંત્રિને પરમાર્થનું જ્ઞાન ઇન્દ્રિયોના પ્રશસ્ત ઉપયોગ વિના જ થઈ ગયું હશે? અપ્રશસ્ત ઇન્દ્રિયોના શક્ય ત્યાગ વિના આટલો ઇન્દ્રિયનિગ્રહ પ્રાપ્ત થયો હશે? તમે આવા બનો તો સહવાસી ઉપર છાયા કેવી પડે? પણ જરા સારી સામગ્રી મળી કે લોભાયા, થોડું સારું ખાવાનું આવ્યું કે

ભાન ભૂલ્યા, આ દશા હોય ત્યાં શું થાય ? પુદ્‌ગલયોગ આદિના આ જાતિના વિચારવાળો, કોઈ તેવા પ્રસંગે, ખાતાં ખાતાં પણ બંધને બદલે નિર્જરા કરતો હોય, એમ બને કે નહિ ? ખાવાની ક્રિયા કરતો હોય, પણ એ વખતે પુદ્‌ગલના સ્વભાવનો, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો અને પોતાના આત્માની દશાનો જો વાસ્તવિક વિચાર કરતો હોય, તો પાપ બંધાય કે કર્મ ખપે ?

યાદ રાખજો કે–એવી પણ દશા હોય છે, કે જે દશામાં ભોગ ભોગવાતા હોય અને કર્મ છૂટતાં જતાં હોય. શ્રી તીર્થંકરદેવોના આત્માઓ છેલ્લા ભવમાં જે પાણીગ્રહણ કરે છે, તે પણ ભોગાવલીનો નાશ કરવાને માટે જ ! ક્રિયા પાણીગ્રહણાદિની અને પરિણામમાં કર્મનિર્જરા ! આ ઉપાય નીચ છે, પણ એ વિના છૂટકો નહિ ત્યાં શું થાય ? આ ઉપરથી ' આપણે પણ ભોગમાં રહીને કર્મને ખપાવીશું '– આવો નિર્ણય કરવાની મૂર્ખાઈ કરતા નહિ. શ્રી તીર્થંકરદેવોનું જીવન તો જ્ઞાનપ્રધાન છે. એ આત્માઓ તો જોઈ શકે છે કે–' મારૂં અમુક કર્મ અમુક રીતિએ જ ખપે તેમ છે !' આપણે માટે તો તે તારકોની આજ્ઞા મુજબ વર્તવું એ જ તરવાનો અને તારવાનો ઉપાય. શ્રી જિનેશ્વરદેવોની કોઈ પણ ક્રિયાને નામે, શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાથી વિપરીત કોઈ પણ ક્રિયા કરવાનું કહેનારાઓ અજ્ઞાન છે. આજ્ઞાવિરૂદ્ધ અનુકરણ હોઈ શકે જ નહિ. એ આત્માઓની દશા અને સામગ્રી જૂદી હોય છે. આજે તો સ્વચ્છન્દપણે અનુકરણ કરવાની લાલસાવાળાઓ એટલી અધમ કક્ષાએ પહોંચ્યા છે કે–' શ્રી જિનેશ્વરદેવો છેલ્લા ભવમાં મોહને આધીન થયા હતા '–એવું પ્રતિપાદન કરતાં પણ શરમાતા નથી ! જ્ઞાનિઓ તે તારકના પાણીગ્રહણ માટે પણ જ્યારે એમ કહે છે કે–તેમના ભોગાવલી કર્મના નાશનો તે ઉપાય છે, ત્યારે આજના તેવા પામરો ભગવાન ઉપર પણ મોહાધીનતાનો આરોપ મૂકે છે ! આ ઓછી અધમતા છે ?

શ્રી સુબુદ્ધિમંત્રી જેવો આત્મા, જ્યાં બીજા આત્માઓ તીવ્ર કર્મનો બંધ કરે ત્યાં પણ, અવસરે કર્મનિર્જરા કરી જાય. સામર્થ્યના

અભાવે તપ વિગેરે ક્રિયાઓ ન પણ થઈ શકે, તો પણ દશા એવી કેળવવી જોઈએ કે–આત્મા ખાતાં ખાતાં પણ લુખ્ખો રહે, લેપાય નહિ. ઇન્દ્રિય-નિગ્રહ એટલે રસ ઉડી જવો જોઈએ. ઇન્દ્રિયનિગ્રહી જૂએ, સાંભળે, ખાય-પીએ, સ્પર્શ કરે અગર સુંઘે તો ય જો યોગ્ય રીતિએ વર્તે, તો નુકશાનને બદલે લાભ મેળવે. આત્મામાં લુખાશ આવી જવી જોઈએ. ઇન્દ્રિયોના ગુલામ મટીને, ઇન્દ્રિયોને ગુલામ બનાવી દેવી જોઈએ. ઇન્દ્રિયો કહે તેમ આપણે પ્રવર્તવાનું હોય નહિ, પણ આપણી ઇચ્છા મુજબ ઇન્દ્રિયો પ્રવર્તે એ દશા કેળવવી જોઈએ. ઇન્દ્રિયોના સ્વામી બનવું જોઈએ. તમે કેવા છો ?

સ૦ દાસ.

દાસ કહેતાં ખંચાવું જોઇએ. ઈન્દ્રિયોના દાસત્વને ટાળવાનો અભ્યાસ કરવો જોઈએ. રસના ઉપર કાબૂ મેળવવાને માટે કેટલાક માણસો કરીયાતાના ઉકાળાઓ ચહાની જેમ પીઇ જાય છે. રસનાને એવી ટેવાવી દેવી જોઈએ કે–જેવું મળે તેવું ચાલે. શરીર નિભાવવા ભાર આપવો છે એમ રાખે, પણ જીભને આ ગમે અને આ ન ગમે એમ નહિ. ઇન્દ્રિયોને પણ અભ્યાસથી સારી-ખરાબ ટેવમાં ટેવાવી શકાય છે. મરચું બંધ કરો તો શરૂમાં મરચાં વિના ખાવાનું નહિ ભાવે, પણ અમુક દિવસો સુધી ટેવાયા પછીથી મરચું ખાવું ભારે પડશે. એમ બધી બાબતોમાં અભ્યાસ પાડી શકાય તેમ છે.

પણ ખરી વાત એ છે કે–આજે ઈન્દ્રિયનિગ્રહ સાધવા તરફ જ મોટે ભાગે બેદરકારી આવી ગઈ છે. ઈન્દ્રિયોની આધીનતા આજે પ્રાયઃ ખટકતી જ નથી. પ્રશસ્ત ઇન્દ્રિયોનો સ્વીકાર, એ અપ્રશસ્ત ઈન્દ્રિયોના ત્યાગનો પણ ઉપાય છે. પ્રશસ્ત ઈન્દ્રિયોના સ્વીકાર માટેનો પ્રયત્ન સાથે રાખીને અપ્રશસ્ત ઈન્દ્રિયોનો ત્યાગ કરવાને માટે પ્રયત્નશીલ બનેલા ભવ્યાત્માઓ, થોડા જ વખતમાં પોતાનું કલ્યાણ સાધી શકે છે. આથી જ્ઞાનિઓ ફરમાવે છે કે–ઈન્દ્રિયોની આધીનતાને તજો ! ઈન્દ્રિયોની આધીનતા એ કેવી ભયંકર વસ્તુ છે, એને સમજાવતાં એક ટીકાકારપરમર્ષિ ફરમાવે છે કે–એક એક ઈન્દ્રિયને પણ આધીન થયેલા

મૃગાદિ આ લોકમાં અને પરલોકમાં પણ મોટા અનર્થને પામે છે, તો પછી પાંચેય ઈન્દ્રિયોના સમુદાયને જે આત્મા આધીન થઈ ગયેલા હોય, તે આત્માઓની કયી દશા થાય ? માટે ઈન્દ્રિયોની આધીનતાથી પર થવાને માટે પ્રયત્નશીલ બન્યા રહેવું, એ કલ્યાણના અર્થિઓને માટે પરમ આવશ્યક છે.

મૃગલાંઓ મધુર શબ્દોનું શ્રવણ કરવામાં ખૂબ આસક્ત બની જાય છે. તેમની શ્રવણેન્દ્રિયની આધીનતા એટલી બધી હોય છે કે-ચંચળ એવાં પણ હરણીયાં મધુર ગીતવાદ્યાદિના શ્રવણમાં એકતાન બની જાય છે અને શીકારીના હાથમાં સપડાઈ જાય છે. ગીતકળામાં કુશળ ગવૈયાને જો જંગલમાં ગાવા બેસાડયો હોય, તો ટોળાંબંધ હરણીયાં આવીને એકઠાં થઈ જાય છે અને ગવૈયાઓ જો શીકારી હોય છે, તો તેઓ તેમને જરાય તકલીફ વિના પકડી શકે છે.

શ્રી કુમારપાલ મહારાજા પાસે એક વાર વિદેશી ગન્ધર્વે બૂમો પાડતાં પાડતાં આવીને કહ્યું કે–' હું ચોરાઈ ગયો છું, હું ચોરાઈ ગયો છું. '

' શાથી ? ' શ્રી કુમારપાલે પૂછયું.

પેલા વિદેશી ગન્ધર્વે કહ્યું કે–' મારી અતુલ ગીતકલાથી મારી સામિપ્યે આવેલા એક મૃગલાના કંઠમાં મેં કૌતુકથી સુવર્ણની શૃંખલા નાખી હતી, પણ પછી તે નાસી ગયું છે: એટલે હું તેનાથી ચોરાઈ ગયો છું. '

શ્રી કુમારપાલ મહારાજા સમજી ગયા કે–' આ વિદેશી ગન્ધર્વ પોતાની કળા દર્શાવવાને માટે અહીં આવ્યો છે. ' આથી શ્રી કુમારપાલે પોતાના ગન્ધર્વકલા–ધુરન્ધરને બોલાવીને પેલા મૃગલાને પકડી લાવવાની આજ્ઞા કરી. શ્રી કુમારપાલનો તે ગન્ધર્વ પણ અટવીમાં ગયો અને પોતાની ગીતકલાના યોગે મૃગલાને વ્યામૂઢ બનાવી દઇને રાજસભામાં લઈ આવ્યો.

મૃગલાંની કર્ણેન્દ્રિયની આધીનતા આવી કારમી હોય છે. શ્રવણેન્દ્રિયની આધીનતાને માટે જેમ હરણીયાંનું દૃષ્ટાન્ત અપાય છે, તેમ

સ્પર્શેન્દ્રિયની આધીનતાને માટે હાથીનું, ચક્ષુરિન્દ્રિયની આધીનતાને માટે પતંગીયાંનું, ઘ્રાણેન્દ્રિયની આધીનતાને માટે ભમરાઓનું અને રસનેન્દ્રિયની આધીનતાને માટે મત્સ્યોનું દૃષ્ટાન્ત અપાય છે. હાથી જેવું મહાકાય અને ભયંકર પ્રાણી પણ માણસથી પકડાય, એનું કારણ? હાથીને પકડનારાઓ જાણે છે કે-તેનામાં સ્પર્શનેન્દ્રિયની આધીનતા ખૂબ જ હોય છે, એટલે હાથીને પકડવાને માટે તેઓ તેવીજ સામગ્રી ખડી કરી દે છે અને હાથીને ફસાવે છે. પતંગીયાં ચક્ષુરિન્દ્રિયને એવાં તો આધીન બનેલાં છે કે-દીવાના રૂપમાં જ અંજાઈ, તેમાં પડીને બળી મરે છે. ભમરાઓ ઘ્રાણેન્દ્રિયની આધીનતાના યોગે કુસુમોમાં બીડાઈને જીવનને ગુમાવે છે અને મત્સ્યો રસનાને આધીન હોવાથી પકડાઇ જાય છે: માટે જ્ઞાનિઓ ફરમાવે છે કે-" એક એક ઈન્દ્રિયની આધીનતાના પણ આવા કારમા પ્રકારના પ્રત્યક્ષ પરિણામને વિચારીને, કલ્યાણના અર્થિઓએ, જેમ બને તેમ ઈન્દ્રિયોની આધીનતાથી પર થવાને માટે પ્રયત્નશીલ બની જવું જોઈએ. "

નિષ્કામ ભક્તિ :

પ્રત્યેકબુદ્ધને ગુરૂ નથી હોતા, પણ તેઓ શાસનને તો કબૂલે જ. જે કોઈ સંયમ લેવા આવે એને પોતે દીક્ષા ન આપે, પણ પ્રભુની પાસે મોકલે. એ સમજે છે કે-'અમે પૂર્વની આરાધનાના યોગે સ્વયં પામ્યા, પણ ગુરૂ વિનાના અમને ગુરૂ થવાનો અધિકાર નથી.' શ્રી જૈનશાસનમાં નગુરાઓ ગુરૂ બની શકતા નથી. 'અમારા વડે આ બધું નભે છે'-એ ભાવના આવે કે ભક્તિ, પૂજ્યભાવ, આજ્ઞાસ્વીકારની હૃદયની ઇચ્છા, એ બધું જ મંદ પડી જાય છે; માટે તારકની સેવા પૂરી કરો. જેમ દેવ તારક છે, તેમ ગુરૂ પણ તારક જ છે. 'અમારા વડે એ'-આવી ભાવના આવી, તો ભક્તિ ગઈ જ સમજો. તારકને જીવાડનારા બનવાની ઉદ્ધતાઈભરી ભાવના આવી-તારકના ઉદ્ધારક બનવાની ઘમંડી ભાવના આવી, એટલે ભક્તિ ગઈ સમજો. પછી નાશ પાસે જ

સમજવો. પૂર્વના સમર્થ આચાર્યોએ પ્રાણોના ભોગે પણ શ્રી જિનમૂર્તિ, શ્રી જિનમંદિર અને શ્રી જિનાગમ સાચવ્યાં, પણ એ મહાપુરૂષોએ આજનાઓની રીતિએ એમ ન કહ્યું કે–'અમે સાચવ્યાં!' એ તો કહેતા કે–'અમે એનાથી સચવાયા.' જેને તારક માનીએ, એને સાચવીએ તો જ આપણે સચવાઈએ; અને માટે જ એમને સાચવવા એ તો ફરજ થઈ. ઘોડાગાડી ફેરવનાર પણ તેને સાધન રૂપ માનીને ગાડી તથા ઘોડાને સાચવે છે; છતાં એ પણ એમ નથી કહેતો કે–ગાડી તથા ઘોડો મારા આધારે છે. એ પણ માને છે કે–આના આધારે હું છું. ગાડીને સાફ રાખે છે અને ઘોડાને પંપાળે છે. જેટલી અક્કલ આ ગાડી હાંકનારમાં છે, તેટલી અક્કલ પણ પોતાનું હિત ચાહનાર ડાહ્યા ગણાનારમાં ન હોય? દુનિયાનો કોઈ પણ વ્યવહાર તેઓની વાતને પુષ્ટિ આપતો નથી, છતાં આ હવા આવી ક્યાંથી? તેઓમાં આવેલી એ હવા સૂચવે છે કે–તેઓનો ઉદયકાલ દૂર છે. જો આત્મા જાગતો હોય, તો આ દશા કદી ન આવે. પોતાને ઘેર મુનિ ભિક્ષાએ આવે, તો શ્રાવક ગાંડોઘેલો થાય: એ જોઈ ઇતરને પણ થાય કે–'આ કોઈક મહાપુરૂષ છે.' મુનિના ગયા પછીથી, ઇતરને પણ એ શ્રાવક કહે કે–'આ ભિક્ષા લઈ ગયા, તે તો અમારા તારક: અમારાં અહોભાગ્ય હોય તો જ એ મહાત્મા આવે. એ જો ન હોય, તો અમને સન્માર્ગ બતાવે પણ કોણ?' પણ આજના ઉન્મત્તો તો ઉલટા ઈતરને એમ કહે છે કે–'આ આવ્યા એ નભે છે તો અમારા આધારે ને? એમનામાં છે શું?' ઈતરને ત્યાં જૈન સાધુ જાય છે, ત્યારે એ તો આશ્ચર્ય પામે છે અને નવું જ માને છે. એને તો ઓર જ ઉલ્લાસ આવે છે. મુનિવરોના ઉત્તમ આચારોના પ્રતાપે–'આ તો પરવા વિનાના સાધુ છે, પરમ ભાગ્ય હોય તો જ આવે.'–આવી ભાવના ઈતરને પણ થાય છે, તો રોજના પરિચિતને તો ઉંચી જ ભાવના થવી જોઇએ: તેને બદલે કેટલાકમાં આજે ઉલટી ભાવના થાય છે. તેનું કારણ તો એ છે કે–આજના ઉન્મત્તોમાં ઉંધી ભાવના જાગી છે અને તે ભાવના એ છે કે–'અમને કાંઈ જ ઠપકા રૂપે કહો નહિ. અમારા ગુરૂ બનવું

હોય તો અમારી જરૂરીયાતોને પીછાનો અને અમારી અનુકૂળતાને જ જાળવો.' પણ તેઓએ સમજવું જોઇએ કે–એ ભાવના નાશકારક છે. ગુરૂ પાસેથી પોતાની પૌદ્ગલિક અનુકૂળતાને ઇચ્છવી, એ તો એક નાશનો જ માર્ગ છે.

આ સંબંધમાં એક લૌકિક દૃષ્ટાંત યાદ રાખવા જેવું છે. એક સ્વામી (સંન્યાસી)ની એનો એક શિષ્ય બહુ સેવા ભક્તિ કરતો હતો. આ સેવા સ્વાર્થબુદ્ધિએ કરે છે કે ભક્તિથી કરે છે, એ જાણવા ખાતર શિષ્યની પરીક્ષા કરવાની સ્વામિને ઇચ્છા થઈ.

એક મહિના સુધી સ્વામી એની સાથે બોલ્યા નહિ. પેલો ગમે તેટલી સેવાભકિત કરે, પણ સ્વામી એની સાથે બોલે નહિ. એની સામે મુખ પણ મલકાવે નહિ. છતાં પેલાની ભક્તિમાં ખામી ન આવી.

પોતે એક મહિના બાદ શિષ્યને પૂછ્યું કે–'હું તારી સામે પણ જોતો નથી, છતાં તને કાંઈ લાગતું નથી?'

શિષ્યે કહ્યું કે–'તમે બોલો કે હસો, તે માટે હું ભક્તિ કરતો નથી: તમારી ભક્તિમાં આત્માનો ઉદય માન્યો છે, માટે ભકિત કરૂં છું: તમે બોલો કે ન બોલો–એ તમારી મરજી, આશિર્વાદ દેવા કે નહિ–એ તમારી ઇચ્છા, પણ મેં તો આપની સેવામાં શ્રેય માન્યું છે. તમને ખૂશ કરવા ભક્તિ કરતો હોત, તો તો મને જરૂર લાગત.'

સ્વામિએ આશિર્વાદ દઈ ને કહ્યું કે–'તું ઠેઠ સુધી ટકી શકે તેવો છે.'

પ્રભુએ ફરમાવેલા મોક્ષમાર્ગને–પ્રભુમાર્ગને નહિ પામેલાની–ઇતર સંપ્રદાયનાની આ વાત છે. જ્યારે લૌકિક માર્ગમાં પણ કોઈ કોઈ વેળા એવી દશા હોઈ શકે છે, તો લોકોત્તર માર્ગમાં કેવી હોવી જોઈએ એ વિચારો! લોકોત્તર માર્ગમાં તો આજ્ઞાપાલન માટે સર્વસ્વ તજ્યાનાં અને તારકની સેવામાં સર્વસ્વને સમર્પી દીધાનાં પારાવાર દષ્ટાંતો છે. તે સાંભળો, વિચારો અને જીવનમાં ઉતારો!

લજ્જાથી વ્રતપાલન :

ખરેખર, " ૧–શ્રી જિનેશ્વરદેવના વચનની પ્રાપ્તિ, પ્રીતિ અને તેનું પાલન અતિશય દુર્લભ છે; ૨–શ્રી તીર્થંકરદેવો, ચરમશરીરી મહાપુરૂષો અને ચક્રવર્તિઓ વિગેરે ઉત્તમ પુરૂષો શિવાયના જીવોનું આયુષ્ય સોપક્રમ, એટલે કે–નિમિત્ત પામીને ત્રુટી જનારૂં પણ હોય છે; ૩–માતાપિતાદિક વડિલની પણ પાપકારિણી આજ્ઞાને તાબે થવું, એ પોતાના આત્માને સંસારમાં રખડાવનાર છે; ૪–પાપના વિપાકથી, એટલે કે–બાંધેલા પાપોના ઉદય સમયે આવી પડતી આપત્તિથી માતા-પિતા વિગેરે બચાવી શકે તેમ નથી; ૫–જે પૌદ્ગલિક વસ્તુઓ મેળવી છે કે મેળવી રહ્યા છો, તે તમારી નથી : એટલે જ્યાં સુધી પુણ્યોદય હશે ત્યાં સુધી જ રહેશે, પણ તે પછી નહિ રહે; અને– ૬–પુણ્યયોગે વસ્તુ રહેશે તો પણ છેવટે તમારે એને મૂકવી પડશે, એ પણ નક્કી જ." આ છએ વાતોને સમજનાર આત્માને પાપનો ભય ઉત્પન્ન થયા વિના રહે જ નહિ. આ છ કારણો, પાપથી ભય પેદા કરવાને માટે જેવાં–તેવાં નથી જ. આ છએ વાતોનું જેને જ્ઞાન હોય, તેને દુનિયામાં ગમે ય નહિ. આ છએ વાતોની સિદ્ધિને માટે ઝાઝી યુક્તિઓ કે તર્કોની જરૂર નથી. જેને ઈરાદાપૂર્વક ન સમજવું હોય, તે ભલે ન સમજે : જેને પરલોકની કશી પણ ચિંતા જ ન હોય, તે ભલે ન સમજે : નહિ તો સામાન્ય અક્કલવાળો પણ સમજી શકે તેવી આ વાતો છે. આ છમાં પહેલી વાત એ છે કે–' આ વિશ્વમાં જો કોઇ પણ વસ્તુ દુર્લભ હોય, તો તે શ્રી જિનેશ્વરદેવના ધર્મની પ્રાપ્તિ છે.' અને એમાં લેશ પણ શંકાને અવકાશ નથી : કારણ કે–એ વાતનો આજે પણ આપણે સાક્ષાત્કાર કરી રહ્યા છીએ. જગત્‌માંથી કેટલા આત્માઓ શ્રી જિનેશ્વરદેવના તારક શાસનને પામ્યા ? અને પામેલાઓમાંથી પણ મરતાં સુધી ટક્યા કેટલા ? મોટો ભાગ તો જરાક આપત્તિ આવે કે ખસે. ' શ્રી અરિહંત દેવ ખરા '–એમ કહેનારા પણ એવા ઘણા છે, કે જેઓ આફતમાં કે બીજા કોઈ કારણે બીજાને પણ માની લે ! ' નિર્ગ્રંથ ગુરૂ જોઈએ એ વાત સાચી '–એમ કહેવા

છતાં પણ, આજના અર્થકામના રસીયાઓને જો કોઈ વેષધારી આંક-ફરક બતાવે, તો ત્યાં પણ ઝુકતાં વાર નહિ!! આજના અર્થ અને કામના ઉપાસકોને વશ કરવામાં જરા પણ મુશ્કેલી નથી!! થોડીક લાલચ પેદા કરનારી વાત કરી કે-તરત જ વશ. 'કાં'ક છે.'-એટલું થાય કે તરત જ આધીન. મુઠી વાળીને કાં'ક છે, એવું આંખ મીંચીને કોઈ કહે તો ચાલ્યું. સો જણાને સો વાત કરે, એમાં પાંચની સાચી પડે, એટલે એ પાંચ કહે કે-'કાં'ક છે.' પાંચ વળી બીજા પચાસને ખીંચે. આજે તો આ દશા છે. ધર્મની બાબતમાં પણ પ્રાયઃ એમ જ. સાચી વાત જો પરિણામે ત્યાગમાં જોડનારી હોય, તો તે આજના અર્થ-કામના ઉપાસકોને ગમે તેમ નથી. આ દશામાં 'શ્રી જિનેશ્વરદેવના શાસનની પ્રાપ્તિ દુર્લભ છે'-આ વાતની સિદ્ધિને માટે પ્રમાણની કશી જ જરૂર નથી, એ નિર્વિવાદ છે. બીજી વાત-'આયુષ્ય ચંચળ છે' અને એ તો તદ્દન સ્પષ્ટ જ છે. 'વડિલની પણ પાપમય આજ્ઞા પાળશો તો નતીજો તમારે જ ભોગવવો પડશે.'-આ વાત પણ સિદ્ધ જ છે: કારણ કે-સરકાર પણ એવો બચાવ માનીને અપરાધિને છોડતી નથી. કોઈનું ખૂન કરીને કોઇ કહે કે-'મેં તો મારા બાપના કહેવાથી દુશ્મનને માર્યો છે'-એટલા ઉપરથી સરકાર ખૂનીને છોડે? નહિ જ, સરકાર તો તેને શિક્ષા કરે જ: બાપ ઉપર આરોપ સાબીત થાય, તો બાપ પણ ભેગો: પણ છોકરાને તો તેની શિક્ષા મળે જ. બાપ ઉપર જો આરોપ લાગુ થાય તો પણ છોકરે ખૂન કર્યું હોય, એટલે એને તો શિક્ષા મળે જ. 'દુનિયાની એક પણ ચીજ તમારી નથી.' અને 'છેવટે તો તમારે એને છોડવી જ પડશે.'-આ વાતો પણ સમજી શકાય તેવી છે: એટલે આ બધીએ વાતો સામાન્ય અક્કલવાળો પણ સમજે તેવી છે. એ સાચું કે-'પંડિતની માફક આ વાતો અમુક અંશે બાળકોને પણ સમજાવી શકાય, પરંતુ આજના હઠીલા બનેલા દોઢપંડિતોને ન જ સમજાવી શકાય:' કારણ કે-તેમના એક જ ઊંઠુંને કોણ પહોંચે? જે આદમીને જ્ઞાનિપુરૂષોના વચનમાં વિશ્વાસ થાય, તેનાથી આનંદપૂર્વક પાપમાં પ્રવૃત્તિ થઈ જ ન શકે.

શ્રી જિનેશ્વરદેવના વચનથી વાસિત થયેલાનો 'પાપભીરૂતા'–એ તો મહાગુણ છે. એ ગુણના યોગે 'મને કે કમને જે ચીજને મૂકી જવાની છે, તેને ઇચ્છાપૂર્વક કાં ન મૂકવી?'–આવી ભાવના એવા આત્માને સહજ થાય છે અને આવી ભાવના થયા પછી આત્મહિત સાધવામાં વાર લાગતી જ નથી. જે મળે તેની સાથે આવી જ વાત કરો. વિરોધીની સામે પણ આવી વાત મૂકશો, તો તે ચાલવા જ માંડશે: કેમકે–આવી વાતોને નહિ સાંભળવાનું જ તેઓને શીખવવામાં આવ્યું છે: કારણ કે–આવી વાતો જો સાંભળે તો પલટો થઈ જાય, એવું તેમના આગેવાનો સારામાં સારી રીતિએ સમજે છે; અને પાપી આત્માઓની સાવધાની ઓછી નથી હોતી: કારણ કે–પાપાત્માઓ સર્વત્ર શંકિત દૃષ્ટિવાળા જ હોય છે, એટલે તેઓ તો પોતાના સહવાસમાં જેઓ આવે તેઓને એવા જ બનાવે, કે જેથી તેઓ કોઈ શાસ્ત્રને કે દેવ, ગુરૂ અને ધર્મને માને જ નહિ. માટે તમે દુરાગ્રહી બનેલા વિરોધિઓની સાથે નકામી ચર્ચા ન કરો, કારણ કે–એનો અંત જ નહિ આવે; પણ આવી સીધી જ વાતો છેડશો એટલે તરત જ તેઓ હાલવા માંડશે: કારણ કે–'ચીજ માત્રને મૂકીને ગયા વિના છૂટકો નથી'–આ છેલ્લી વાતમાં તેઓ કહેવાના શું? હવે તમને પણ કહું છું કે–મૂકવું પડશે ત્યારે બીચારા કહેવાશો, માટે બહાદૂર થઈને મૂકો. 'મૂકવું તો પડશે' અને ઉપરથી 'બીચારા કહેવાશો.'–એમાં શું લાભ? ઇચ્છાથી મૂકવું છે કે મૂકવું પડશે ત્યારે મૂકવું છે? આ બધી વાતો બરાબર સમજાયા પછી પાપનો ભય ન લાગે, એ બનવાજોગ નથી.

સ૦ કહે છે કે–આવી ભયની વાતોથી જ જૈનો નિર્બળ બન્યા ને?

આવા ભયથી તો જૈનોનો પૂર્ણોદય થયો હોત, પણ એ ભય જ આજે બધામાં ક્યાં છે? આ ભય તો પાપકારી પ્રવૃત્તિઓ ઉપર અગ્નિ મૂકનાર છે અને 'પાપ ખસવાથી નિર્બલતા આવે'–એમ કહેવું, એ નરી મૂર્ખાઈ જ છે. નિર્બળતા તો આસક્તિથી, લોભથી

અને મોહથી આવી છે. પાપથી ભય પામનાર આત્માને તો શરીરના ત્યાગમાં પણ ગભરામણ ન થાય અને આસક્તિવાળાઓને તો એક તરણાનો ત્યાગ પણ ગભરાવી શકે છે. અમુક ચીજ વિના જે ચલાવી ન શકે, તે સારી ભાવનાપૂર્વક શરીરને શી રીતિએ તજે? અર્થાત્-ન જ તજી શકે. (ઉપરની) એક એક વાત કેવલ આત્માને પાપથી જ ભયભીત બનાવનારી છે અને પાપની ભીતિ તો આત્માને બહાદૂર જ બનાવનારી છે, તો પછી કયી વસ્તુ એવી છે, કે જે આત્માને બાયલો બનાવે? કહેવું જ પડશે કે-એક પણ વસ્તુ એવી નથી. તે તો ધર્મ ન કરવાની ભાવનાવાળા પામરોએ ઉપજાવી કાઢેલી માત્ર વજુદ વગરની અને દાંભિક દલીલ જ છે. જે આત્મા પાપભીરૂ બને, તેનામાં કાયરતા આવે જ નહિ. લક્ષ્મીને, ઘરબારને, કુટુંબપરિવારને અને છેવટે શરીરને પણ કોણ તજે? પાપથી નિર્ભીક્ કે પાપથી ડરનાર? કહેવું જ પડશે કે-જે પાપથી ડરતો હોય તે જ તજે. શ્રી ધનાજી એક સામાન્ય વાતમાં સંસારને છોડીને ચાલી નીકળ્યા હતા. એમની સ્ત્રીઓએ જ્યારે એક એક સ્ત્રીના શ્રી શાલિભદ્રજીના ત્યાગની હાંસીની વાતમાં એમ કહ્યું કે-'કહેવું સહેલું છે, પણ કરવું કઠિન છે'-ત્યારે શ્રી ધનાજીએ કહ્યું કે-'એ તો કાયર માટે, મારા માટે નહિ.' એમ કહીને એ ચાલી નીકળ્યા. બેઠા ત્યાં સુધી બેઠા અને ઉઠ્યા કે ઉઠ્યા. ચક્રવર્તી બાર થયા. એમાં નરકે કેટલા અને કોણ ગયા? બે ગયા અને તે શ્રી સુભૂમ અને શ્રી બ્રહ્મદત્ત. બાકીના દશ તો મુક્તિએ તથા સ્વર્ગે ગયા. બે મરતાં સુધી પાપનો ત્યાગ ન કરી શક્યા, માટે નરકે ગયા. દશને તો ભય લાગ્યો અને જે સંસારને તજીને ચાલી નીકળ્યા, તે સાધી ગયા. પાપનો પૂરો ભય લાગે તેને છ ખંડ મૂકવાનું કૌવત આવે, કે પાપમાં રાચેલા-માચેલા રહે તેઓને એ કૌવત આવે? પર વસ્તુને પર માનવાથી આખી સામગ્રી જાય તો પણ સાવધ રહી શકે તો શોક ન થાય, એટલું જ નહિ પણ શોકની છાયાએ ન આવે; પણ જે પરને પોતાનું માને, તેની તો ત્રણ પૈસાની હાંલ્લી ફૂટે તો પણ તેને રોવું આવે. વારૂ, સાચો બળવાન પણ કોણ? પાપથી

ડરે તે કે ન ડરે તે ? કહેવું જ પડશે કે–જે પાપથી ડરે તે જ સાચા બળવાન અને જેઓ પાપ કરતાં ન ડરે તેઓ તો બાયલા જ છે. ક્ષત્રિયો પણ કહે છે કે–દુર્બલોને મારવામાં ક્ષત્રિયપણું નથી, પણ દુર્બલોની રક્ષા માટે પ્રાણ દેવામાં ક્ષત્રિયપણું છે. શ્રી જૈનશાસનના ક્ષત્રિયો શું કહે ? તમે જાતે વાણીયા, પણ શ્રી જૈનશાસનને પામ્યા એટલે ભગવાન શ્રી મહાવીરદેવના દીકરા ખરા ને ? જો ખરા, તો ભગવાન ક્ષાત્રય માટે તમે પણ ક્ષત્રિય. પડેલાને પાટુ મારવી એ ક્ષત્રિયવટ નથી, પણ પડેલાને ઉભો કરીને સહાય દેવી એમાં ક્ષત્રિયવટ છે. દુર્બલને બચાવવામાં અને બચાવતાં જાન દેવામાં ક્ષત્રિયવટ છે. શ્રી જૈનશાસનના ક્ષત્રિયોની ભાવના કયી હોય ? ધર્મરક્ષાને માટે સર્વસ્વ મૂકવું અને અધર્મને જરા પણ નમતું નહિ આપવું, એ શ્રી જૈનશાસનની ક્ષત્રિયવટ છે. એ ક્યારે બને ? પાપના ભીરૂ બનો તો કે પાપના રસીયા બનો તો ? પાપના રસીયાઓએ તો આખા જગતનું નખ્ખોદ કાઢયું છે. તમને પાપમાં રસ ન હોત, તો આજે આટલી ઉપાધિ જ ન હોત. પાપની રસિકતાને લઈને જ આજે શેઠ કે નોકર કોઈ જ સુખે સુતા નથી. રાજાને પ્રજાનો કે પ્રજાને રાજાનો વિશ્વાસ નથી અને પરિણામે કોઈને જ શાંતિ નથી : આજે દીકરાને બાપનો તથા બાપને દીકરાનો અવિશ્વાસ છે : કારણ કે–એમાંથી એકનાય હૈયામાં પાપનો ભય જ દેખાતો નથી. પાપના ભયવાળો આત્મા લજ્જાથી પણ ધર્મ પાળે; અને લજ્જાથી પણ દુર્ભાવનાથી રહિતપણે કરેલો ધર્મ, આત્માને અમુક અમુક પાપોથી બચાવે છે.

શ્રી ક્ષુલ્લકમુનિ, એ સાધ્વીના પુત્ર હતા; એટલે કે–એક રાણીને સંયમ લેવાની આતુરતા વધી ગઈ, પણ તેના ઉદરમાં ગર્ભ હતો : ગર્ભની વાત કરવાથી ગુરૂણી સંયમ નહિ આપે, એમ ધારીને તે વાત કહ્યા વિના જ તેણીએ સંયમ લીધું.

થોડા વખત બાદ ગર્ભ દેખાવમાં આવ્યો. ગુરૂણીએ તથા શય્યાતરે સત્ય વસ્તુસ્વરૂપને જાણીને રક્ષા કરી. કાળે કરીને બાળકનો પ્રસવ થયો.

ફેર સાધ્વી તો સંયમ પાળે છે. બાળક પણ અમુક જગાએ મોટો થયો, આઠ વર્ષની વયે ગુરૂને સોંપાયો અને દીક્ષા દેવાણી.

થોડા વખત પછી એટલે બાર વર્ષની ઉંમરે એને પાપોદયે મોહ જાગ્યો. એ શ્રી ક્ષુલ્લકમુનિ માતા પાસે આવ્યા અને હતી એ વાત કહીને જવાની રજા માગી.

માતાએ સમજાવ્યા, તે છતાં પણ જ્યારે તેમણે માન્યું નહિ, ત્યારે માતાએ પોતાના વચન ખાતર બાર વર્ષ રહેવા કહ્યું. સંયમ પાળવાનું મન નથી, પણ લજ્જાથી બાર વર્ષ રહ્યા અને સંયમ પાળ્યું. ફેર માતા પાસે ગયા, ત્યારે માતાએ કહ્યું કે–'મારૂં કાંઈ ચાલે નહિ. ગુરૂણીજીની આજ્ઞા માગ.'

ગુરૂણીજીની આજ્ઞા માગી. ગુરૂણીજીએ પણ સમજાવ્યા, પણ એમનું મન જવાને આતુર થઈ રહ્યું હતું એટલે માન્યું નહિ; તેથી ગુરૂણીએ પણ પોતાની વતી બાર વર્ષ રહેવાનું કહ્યું. એમની વતી બીજાં બાર વર્ષ પણ ક્ષુલ્લકમુનિ રહ્યા.

એવી રીતે ઉપાધ્યાયની વતી અને છેલ્લે આચાર્યની વતી બાર વર્ષ રહ્યા.

આવી રીતિએ તે લજ્જાને વશ વર્ષો સુધી રહ્યા અને લજ્જા ખાતર સંયમ પાળ્યું. છેવટે સાઠ વર્ષની વયે સંયમ મૂક્યું અને ચાલ્યા. જ્યાં પોતાના કાકા રાજા છે, ત્યાં ગયા.

ભલે સંયમ મૂક્યું, સંયમ નથી પળતું માટે મૂક્યું, પણ સંયમનો સ્વાદ ગયો નથી.

જે વખતે પોતે કાકાની સભામાં જાય છે, ત્યારે ત્યાં નાટક ચાલે છે. વેશ્યાની નૃત્યકળા ચાલે છે. ક્ષુલ્લકમુનિ પણ જૂએ છે.

આખી રાત બરાબર નૃત્ય કર્યા બાદ છેલ્લી બે ઘડી રહી ત્યારે વેશ્યાને નિદ્રા આવવા લાગી, તેથી નૃત્યમાં બરાબર પગ પડતો નથી. એ જોઈને અક્કાએ તેને ગીતિમાં સમજાવ્યું કે–'બહુ સુંદર નાચી અને બહુ સુંદર ગાયું, પણ હવે ઈનામના વખતે બે ઘડીને માટે બાજી બગાડ મા. વરસાદ વરસવાના વખતે ગોટો ન વાળ, પ્રમાદ ન કર.'

એ સાંભળીને વેશ્યા તરત જાગૃત થઈ અને પેલા ક્ષુલ્લકમુનિ પણ જાગૃત થયા. એમને એમ થયું કે—આટલાં આટલાં વર્ષો સુધી સંયમપાલન કર્યા બાદ, હવે થોડાં વર્ષોને માટે બગાડવું એ ઠીક નથી.

વેશ્યાના પગ પણ બરાબર ઉપડવા લાગ્યા. હજી કોઈએ દાન દીધું નથી. ગાદી લેવાને માટે પોતાના કાકાની પાસે આવેલા ક્ષુલ્લકમુનિએ મુદ્રિકા ઇનામમાં ફેંકી, કેમકે—પોતાને એનાથી બોધ થયો!

એમણે વીંટી ફેંકી કે તરત જ હાથીના માવતે લાખ રૂપીયાની કિંમતનો અંકુશ ફેંકયો. પછી કોઈ ગૃહસ્થની સ્ત્રીએ લાખ રૂપીયાનો હીરાનો હાર ફેંકયો અને ત્યારબાદ પાટવીકુંવરે લાખ રૂપીયાની કિંમતનું પોતાનું ખડ્ગ ફેંકયું

રાજા વિચારે છે કે—'હજી મેં દાન દીધું નથી અને આ બધાએ દાન કેમ દીધું?' રિવાજ એ હતો કે—પહેલાં રાજા દાન દે અને તે પછી જ બીજાઓને જે દાન દેવું હોય તે દઈ શકાય. આથી, રાજા સવારે રાજસભામાં ક્રમસર બધાને કારણ પૂછે છે.

પાટવીકુંવર કહે છે કે—'પિતાજી! મારી બુદ્ધિ બગડી હતી, રાજ્યના લોભે આપને મારવાનું નક્કી કર્યું હતું, પણ એ નટીની ગીતિથી મને બોધ થયો કે—આટલાં વર્ષોની પિતાની સેવા પર થોડા વખતને માટે પાણી ન ફેરવાય. આથી મેં ઇનામ આપ્યું.'

માવતે જણાવ્યું કે—'સ્વામિન્! દુશ્મન રાજાથી હું ફુટી ગયો હતો. ત્યાંની લાંચના દામ પણ મને મળી ગયા છે અને આપને બાંધીને દુશ્મનને ત્યાં લઈ જવાની પેરવીમાં હું હતો; ત્યાં આ નટીની ગીતિથી મને બોધ થયો કે—આખી જીંદગી જે રાજ્યની નિમકહલાલીથી નોકરી કરી, ત્યાં હવે જીંદગીનાં થોડાં વર્ષોને માટે નિમકહરામી શા માટે કરવી? આથી મેં ઇનામ આપ્યું.'

ગૃહસ્થ શેઠની સ્ત્રીએ જણાવ્યું કે—'મારો પતિ બાર વર્ષથી પરદેશ ગયો છે. અત્યાર સુધી તો મેં શીયળનું પાલન કર્યું, પણ હવે હું ઉન્માર્ગે જવાને તૈયાર થઈ હતી. ત્યાં આ વેશ્યાની ગીતિએ મને ચેતવી કે—આટલો વખત ધીરજ ધરી, તો થોડા વખતને માટે

શીયલનું ખંડન કરવું નહિ, માટે મેં ઈનામ આપ્યું.'

ક્ષુલ્લક મુનિએ પણ પોતાની ઓળખાણ આપીને જણાવ્યું કે-'હું તો આપની પાસે રાજ્ય લેવા આવ્યો હતો, વર્ષોના સંયમને મૂકીને આવ્યો હતો, પણ એ નૃત્યકળા કરનારીએ મને મારી ભૂલનું ભાન કરાવ્યું, માટે મેં ઈનામ આપ્યું.'

તરત જ એ ક્ષુલ્લક મુનિ ચાલી નીકળ્યા. એમની સાથે એ રાજા પોતે પણ નીકળ્યા. ગુરૂની પાસે જઈને શ્રી ક્ષુલ્લક મુનિએ પોતાની ભૂલ કબૂલ કરી, માફી માગી અને ફેર સંયમ લીધું. શાથી? સંયમનો સ્વાદ ચાખ્યો હતો માટે! ઉપકારીની ઉપકારદષ્ટિનો અહીં અનુભવ થાય છે. ભાવના વગર રાખવાથી ફાયદો શો?-એવો વિચાર એ ગુરૂણીએ તથા આચાર્ય વિગેરેએ ન કર્યો: કારણ કે-બીજો કોઈ ખોટો ઇરાદો હતો નહિ! ભાવના વગર કાંઈ પણ કરવું કે કરાવવું નહિ-એવો નિર્ણય કરશો, તો તમારો વ્યવહાર પણ નહિ ચાલે. નિશાળે તમે રાજીખૂશીથી ભણવા ગયા હતા કે ટાંગાટોળીથી? બાપે જો પરાણે ન ભણાવ્યા હોત, તો તમે આજે બાપને શ્રાપ દેત! પરાણે નિશાળે ન મોકલ્યા હોત, તો તારટપાલ ક્યાંથી વાંચત? ઇચ્છા વિના પણ આત્માને સારે માર્ગે ટકાવી રાખવામાં કાંઈ લાંછન નથી. માત્ર વિપરીત કોટિનો ઈરાદો નહિ જોઈએ.

સંયમની ભાવના:

ભગવાન શ્રી મહાવીર પરમાત્માના પરમ ભક્ત રાજા શ્રેણિકને પણ, પોતાના પાપના યોગે નરકે જવું પડયું! 'પોતે મરીને નરકે જશે.'-આવું ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શ્રીમુખે સાંભળીને, શ્રી શ્રેણિક રાજા કંપી ઉઠયા છે.

એમણે ભગવાનને કહ્યું છે કે-'આપના જેવો સ્વામી મારા માથે હોવા છતાં પણ મારે નરકે જવું પડે? કલ્પવૃક્ષની હાજરીમાં દૌર્ગત્ય સંભવે નહિ!'

આની સામે ભગવાને કહ્યું છે કે-'એમાં કોઈનું ચાલ્યું નથી અને ચાલે નહિ. દેવોમાં, દાનવોમાં, ચક્રવર્તિઓમાં કે ખુદ અમારામાં એટલે કે શ્રી તીર્થંકરદેવોમાં પણ બાંધેલા નિકાચિત કર્મને અન્યથા કરવાની શકિત નથી. કર્મની પાસે આ રાજા અને આ રંક એવું કાંઇ છે જ નહિ! તેં નરકનું આયુષ્ય બાંધી લીધું છે, એટલે એ તો ભોગવ્યે જ છૂટકો. બાકી ખેદ ન કર! આ આરાધના નિષ્ફલ જવાની નથી. આગામી ચોવીસીમાં તૂં જ પ્રથમ જિનેશ્વર થનાર છો. જે અવશ્ય ભાવિભાવ છે, તે અન્યથા ન થાય.'

શ્રી શ્રેણિક મહારાજા સમ્યક્ત્વને પામતાં પહેલાં જ નરકનું આયુષ્ય બાંધી ચૂક્યા હતા. આરાધના તો પછી કરી, પણ આયુષ્ય-કર્મ એવું બાંધેલું કે-તેને ભોગવ્યા વિના ચાલે જ નહિ! ભગવાનને પણ કહેવું પડ્યું કે-એમાં શ્રી તીર્થંકરદેવોનું પણ કાંઈ ચાલે-કરે નહિ! ખૂદ ભગવાન શ્રી મહાવીરદેવનો આત્મા પણ સમ્યક્ત્વ પામ્યા પછી અને તીર્થંકર થવાં પહેલાં સાતમીએ નથી જ ગયો એમ નહિ.

જ્યારે કર્મ આ રીતિએ કોઈને છોડતું નથી અને પાપ કરે તેને તેનું ફલ ભોગવવું પડે છે, ત્યારે તમે કોના વિશ્વાસે પાપ કરો છો? એ તો કહો! પાપ કરવા છતાં પણ તેનું ફલ નહિ ભોગવવું પડે, એમ માનો છો? દુઃખથી બચવું હોય અને સાચા સુખને પામવું હોય, તો એક જ ઉપાય છે અને તે એ કે-કર્મથી મુકત બનવું. કર્મથી મુક્ત બન્યા વિના સંસારથી મુક્ત બનાય નહિ અને સંસાર તો દુઃખમય, દુઃખફલક અને દુઃખપરંપરક છે, એમ જ્ઞાનિઓ કહે છે. દુનિયાના કોઈ પણ ભાગમાંય જો વાસ્તવિક કોટિનું સુખ હોત, તો જ્ઞાનિઓ જરૂર દર્શાવત : પણ જ્ઞાનિઓએ જોયું કે સંસાર એળીયાના ટુકડા જેવો છે. એળીયાનો ટુકડો કયાંય મીઠો નહિ. બધે જ કડવો. ઉપરથી, નીચેથી, વચ્ચેથી કે બાજુના કોઈ પણ ભાગમાંથી તપાસો, પણ એ કડવો જ લાગે. અનન્તજ્ઞાનિઓ સંસારને એળીયાના ટુકડા જેવો જણાવે છે. સંસાર એટલે દુઃખનો પાર નહિ અને વાસ્તવિક સુખનું નામ નહિ. આથી જ, અનન્તઉપકારિઓએ દુનિયાના જીવોને એ જ

ઉપદેશ્યું કે-' સંસારથી સર્વથા મુક્ત બનવાનો પ્રયત્ન કરો !' અને એથી સંસારથી સર્વથા મુક્ત બનવાનો માર્ગ પણ તે તારકોએ દર્શાવ્યો. સંસારમાં જો વાસ્તવિક કોટિની મીઠાશ હોત, તો જ્ઞાનિઓ કદી સંસારથી મુક્ત બનવાનું ઉપદેશત નહિ : પણ આજે ઘણાઓને આ વાત ગળે ઉતરતી નથી. ધાતુવિપર્યય નામના રોગથી પીડાતાને જેમ કડવું પણ મીઠું લાગે છે, તેમ મિથ્યાત્વના રોગથી રીબાઈ રહેલાઓને કડવો પણ સંસાર મીઠો લાગે છે.

ધાતુવિપર્યયનો રોગ, એ એવો ભયંકર રોગ છે કે-એના રોગિને સારૂં તેટલું ખરાબ અને ખરાબ તેટલું સારૂં લાગે! કાલસૌકરિક નામના કસાઈને એ રોગ થયો હતો. રોજ પાંચસો પાડા મારવા, એવો એને નિયમ હતો. ' રોજ પાંચસો પાડા મારવા એવો મારો કુળાચાર છે'-એમ એ માનતો હતો અને એવો તો હઠાગ્રહી હતો કે-એને કોઈ સમજાવી શકે નહિ.

શ્રી શ્રેણિક જ્યારે પોતાના ભાવી નરકપાતને સાંભળીને અત્યન્ત ખિન્ન થયા અને ભગવાને નિકાચિતકર્મને કોઈયીય અન્યથા કરી શકાય નહિ એમ સમજાવવા છતાંય જ્યારે ભગવાનને પૂછ્યું કે-' નરકપાતથી બચવાનો કોઇ ઉપાય દર્શાવો ' ત્યારે ભગવાને એ જ ફરમાવ્યું કે- 'કપિલા પાસે જો ભક્તિપૂર્વક સાધુઓને દાન દેવડાવે અને કાલસૌકરિકને હિંસા કરતો અટકાવે, તો તું નરકમાં પડતો બચે. '

ભગવાન જાણતા હતા કે-તે બન્નેય વસ્તુઓ અશક્ય છે. કપિલા ભક્તિપૂર્વક દાન દે અને કાલસૌકરિક કસાઈ રોજ પાંચસો પાડાઓને મારવાના પોતાના આગ્રહને છોડે એ જેમ અશક્ય હતું, તેમ તેવા પ્રકારનું નિકાચિત આયુષ્યકર્મ પણ ભોગવ્યા વિના જાય એ બને તેવું નહોતું. તેવા પ્રકારનું નિકાચિત આયુષ્યકર્મ જેમ ભોગવવું જ પડે, તે અન્યથા થાય જ નહિ. તેમ કાલસૌકરિક કસાઈ એક દિવસ પણ હિંસા છોડે એ બને નહિ!

આ રીતિએ પાંચસો પાંચસો પાડાઓની રોજ હિંસા કરતા કાલસૌકરિકે એવું તો ઉગ્ર પાપ બાંધ્યું, કે જે પાપ તેના તે જીવ-

નમાં જ સમુપસ્થિત થયું.

જ્ઞાનિઓ ફરમાવે છે કે-અતિ ઉગ્ર પુણ્ય બંધાય કે અતિ ઉગ્ર પાપ બંધાય, તો તે પુણ્ય-પાપનું ફલ તેના તેજ જીવનમાં પણ સમુપસ્થિત થયા વિના રહે નહિ.

પાંચસો પાંચસો પાડાઓની સદા હિંસા કરી, તેના યોગે ઉપાર્જેલું ઉગ્ર પાપ સમુપસ્થિત થતાં, તેના પ્રભાવથી કાલસૌકરિકના શરીરમાં મહારોગો ઉત્પન્ન થઈ ગયા. ભયંકર વેદના થવા લાગી. 'ઓ બાપ રે, ઓ મા રે, ઓ દીકરા રે! મને બચાવો! હું મરી જાઉં છું! અરે રે, મને બચાવનાર કોઈજ નથી.'-આવી બૂમો તે ઘડીએ ઘડીએ પાડે છે અને રડે છે.

પણ હવે શું થાય? પાપ કરતાં પાછું વાળીને જોવું નહિ, પાપથી ડરવું નહિ, પાપનો સાચો પશ્ચાત્તાપ કરવો નહિ અને પાપ જ્યારે ઉદયમાં આવે ત્યારે બૂમો મારવી કે રડવું-આ દશા દુનિયાના મોટા ભાગની છે. પાપ ઉદયમાં આવે અને વેદના ઉપજાવે ત્યારેય સમભાવ રહી જાય તો કામ થઈ જાય, પણ આ તો એવા કે-એક તરફ પાપ ભોગવતા જાય અને બીજી તરફ નવાં પાપોનો સંચય કરતા જાય!

કાલસૌકરિક એવી કારતી રીતિએ રડે છે કે-એના દુઃખને જોઈને તેની સમીપે રહેલાઓ પણ રડ્યા વિના રહી શકતા નથી. એ વખતે કાલસૌકરિકનો મહાપુણ્યશાલી પુત્ર સુલસ નામનો છે, તે પોતાના પિતાને શાન્તિ ઉપજાવવાના ઈરાદાથી મધુર કંઠવાળી અને રૂપલાવણ્યથી ભરેલી ગાયિકાઓને બોલાવે છે અને તેમની પાસે વાજીંત્રો સહિત મધુર ગીત ગવડાવે છે: કર્પૂર અને કસ્તુરીથી મિશ્રિત ચન્દનરસનો કાલસૌકરિકના શરીરે લેપ કરે છે: સુગન્ધમય ધૂપ સળગાવે છે: વિવિધ પ્રકારનાં મધુરાં ભોજનો તૈયાર કરીને ખવડાવે છે: અને અત્યન્ત કોમલ ગાદી ઉપર સુવાડે છે.

આટલું આટલું કરવા છતાં પણ, કાલસૌકરિકને જરાય ચેન પડતું નથી. તેને તો તે બધું પ્રતિકૂળ જ લાગે છે અને તેથી તેને વધારે વેદના થાય છે.

કાલસૌકરિકની આવી દશાને જોઈને સુલસ મુંઝાય છે. સુલસ મહા પુણ્યવાન છે, પરમ પિતૃભક્ત છે. પિતાને કેમ કરીને શાન્તિ પમાડવી, એ જ સુલસની ભાવના છે.

જ્યારે પોતાને બીજો કોઈ પણ ઉપાય સુઝતો નથી, ત્યારે સુલસ શ્રી અભયકુમાર પાસે જાય છે. પોતાના પિતાની સઘળીય હાલત વર્ણવી બતાવે છે.

શ્રી અભયકુમાર તરત જ વસ્તુસ્થિતિ સમજી જાય છે, એટલે સુલસને કહે છે કે–'ખરેખર, તારા પિતાએ પ્રાણિહિંસા દ્વારા જે ઘોર પાપ ઉપાર્જ્યું છે, તે અહીં ઉદયમાં આવ્યું છે અને તેનો જ આ પ્રભાવ છે. આ રોગ એવો છે કે–જેટલું સારૂં તેટલું ખરાબ લાગે અને ખરાબ તેટલું સારૂં લાગે. મધુર શબ્દોનું શ્રવણ કરાવવું, કોમળ શય્યામાં સુવાડવું, મિષ્ટ ભોજન આપવું એ વિગેરે બંધ કર અને તારા પિતાને શાન્તિ આપવી હોય તો બધું એથી વિપરીત કર!'

શ્રી અભયકુમારનાં વચનો ઉપર વિશ્વાસ ધરાવતો સુલસ ઘેર જઈને તેમ કરે છે. કોમળ શય્યાના સ્થાને તીક્ષ્ણ કંટકોની શય્યા બીછાવે છે: કસ્તૂરી અને કર્પૂરથી મિશ્રિત ચંદનના સુગંધીમય લેપોને દૂર કરીને કાલસૌકરિકના શરીરે દુર્ગંધમય વિષ્ટાનો લેપ કરે છે: નિરસ, તીખું અને પાછું કડવું ભોજન જમાડે છે: પાણી પણ અત્યન્ત ખારૂં, અતિ ઉષ્ણ અને તીખું બનાવીને પીવડાવે છે: અને ગધેડાં તથા ઉંટ વિગેરેના કર્કશ શબ્દો મધુર સંગીતના સ્થાને સંભળાવે છે.

સુલસ જ્યારે આવું કરે છે, ત્યારે પાપોદયના યોગે કાલસૌકરિકને એમ થાય છે કે–'હાશ, હવે શાંન્તિ થઈ!'

સુલસને તે કહે છે કે–'હવે આ શય્યા ઘણી જ મૃદુ લાગે છે, આ લેપની સુગન્ધ મારા હૈયાને ઠારે છે, આ ભોજન દેવભોજન સમું લાગે છે અને આ પાણી અત્યન્ત મિષ્ટ અને શીતલ લાગે છે! આ શબ્દો તો મારા કાનને અમૃત જેવા લાગે છે!!'

વિચારો, કેટલી વિપરીત દશા?

કાલસૌકરિક આ બધાથી એટલો તો ખૂશ થઈ જાય છે સુલસને એમ પણ કહે છે કે-'મારી જીંદગીમાં આવું સુખ કદી પણ મેં અનુભવ્યું નથી. હે પુત્ર! તું મારો સુપુત્ર હોવા અને મારા પ્રત્યે ભક્તિવાળો હોવા છતાં પણ, અત્યાર સુધી તેં મને આ સુખથી વંચિત કેમ રાખ્યો?'

કાલસૌકરિક જ્યારે આવું બોલી રહ્યો છે, ત્યારે સુ વેદનાનો પાર રહેતો નથી. પણ એ વેદના કેવી, તે જાણો પુણ્યાત્માઓ દુઃખ જોઈને મુંઝાય નહિ. ધર્મી આત્માઓ તો અવસરે ભવસ્વરૂપને ચિન્તવે.

શાસ્ત્રકાર કહે છે કે-પોતાના પિતા કાલસૌકરિકની ચેષ્ટાઓને જોતો અને તેવાં વચનોનું શ્રવણ કરતો સુલસ, ભવનિર્વેદને ચિન્તવતો હતો. મહાપાપનો વિપાક કેવો ભયંકર છે, તે વિચારતો હતો.

તમને આ વિચાર આવે? પુણ્યાત્માઓ માટે તો ભવ ચિન્તવવાના પ્રસંગો આ સંસારમાં ડગલે ને પગલે ખડા છે, એ વિચારવાની કે જોવાની ફુરસદ જ કોને છે? જૈન અને ગીમાં ભવનિર્વેદનો વિચાર નહિ, એ બને નહિ: પણ જેને અસાર ન લાગે, દુઃખમય ન લાગે, આત્માની ચિન્તા જેને હોય દૃષ્ટિ જ કેવલ આ લોક તરફ હોય, ગમે તેમ કરીને ભેગું કરીને ભો તથા જોયા કરવું એ દશા હોય અને રાત-દહાડો દુનિયાદારી સિવ બીજી પંચાત જેને ન હોય, એને ભવનિર્વેદનો વિચાર આવે કય એવાઓ શાસનને ઉજાળે અને સમાજનો ઉદ્ધાર કરે, એ બ નહિ. શાસનને ઉજાળવું હોય અને સમાજનો ઉદ્ધાર કરવો તો વાણીયા મટો અને જૈન બનો. જૈનપણાને છાજતી ભાવ કેળવો. જૈનપણાના આચાર-વિચાર કેળવો. જૈનપણાની રાખવી નહિ અને યથેચ્છ પ્રલાપ તથા યથેચ્છ વર્તન દ્વારા ' જૈન' 'અમે જૈન' એમ કહી શાસનને ડોળવું તથા સમ ઉન્માર્ગે ધસડવો અને સાચું સંભળાવનાર સામે લાલ આંખો

એ તો પોતાના હાથે પોતાનો અને બીજાનો નાશ કરવા બરાબર છે.

સુલસ સુન્દર ભવનિર્વેદને ચિન્તવી રહ્યો છે, ત્યારે બીજા સ્વજનો રડી રહ્યા છે અને એ જ વખતે કાલસૌકરિક દુર્ધ્યાનમાં મરે છે. જ્ઞાનિઓ ફરમાવે છે કે–તે મરીને અપ્રતિષ્ઠાન નામની સાતમી નરકે જાય છે.

મરણની બધી ક્રિયા પતી ગઈ, એટલે સુલસ પાસે બીજા સ્વજનો આવે છે અને બાપના પગલે ચાલવાની સુલસને વિનંતિ કરે છે.

હવે સુલસ બાપનો ધંધો કરે ખરો? સુલસ ધસીને ના પાડી દે છે. સ્વજનોને એ ઘણું સમજાવે છે, પણ પેલા માનતા જ નથી. સ્વજનો તો સુલસને ફસાવવાની જ પેરવી કરે છે.

સુલસ કહે છે કે–'મેં પાપનું ભયંકર ફલ સાક્ષાત્ જોયું. હવે હું તેવા પાપમાં કોઇનેય માટે પડવાનો નથી.'

સ્વજનો કહે છે કે–'ભાઈ! જો તું પાપથી ડરતો હો, તો જે પાપ લાગશે તેને અમે વહેંચી લઈશું. વળી તું માત્ર એક જ પાડાને હણજે, બાકીના ચારસો નવ્વાણુંને અમે હણી લઈશું, જેથી તને અતિ અલ્પ પાપ લાગશે! પણ તું કુલાચારનું ઉલ્લંઘન ન કર! તું એક ડાહ્યો પાડ્યો અને તારા બધા પૂર્વજો મૂર્ખા હતા, એમ?'

સુલસ જૂએ છે કે–આ લોકો એમ નહિ માને: એટલે તેમના પ્રતિબોધને માટે, સુલસ એક કુહાડો ઉઠાવીને પોતાના પગ ઉપર મારે છે. પછી જમીન ઉપર પડીને ઉંચેથી કરૂણ સ્વરે રડતાં રડતાં પેલા સ્વજનોને કહે છે કે–'મારાથી આ પગની પીડા સહાતી નથી: માટે આના ભાગલા પાડીને તમે લઈ લો, કે જેથી હું સુખી થાઉં!'

પેલા સ્વજનો કહે છે કે–'શરીરની પીડા કોઇની કોઇથી લઈ શકાય જ નહિ.'

હવે સુલસ કહે છે કે–'જ્યારે તમે મારી આટલી વ્યથાને પણ લઈ શકતા નથી, તો પછી નરકની વેદનામાં શી રીતિએ ભાગ પડાવી શકશો? તમે મારા નરકદુ:ખમાં ભાગ પડાવવાની વાતો કરો છો, પણ તે ખોટી છે. અગ્નિમાં પ્રવેશ કોઈ કરે અને બળે દૂર

ભેલો, એવું બને નહિ. આ જીવ એકલો ઉત્પન્ન થાય છે, એકલો મરે છે અને એકલો આ અનન્ત સંસારમાં ભમે છે. દુર્ગતિમાં પડતા પ્રાણિને મા, બાપ, ભાઈ, મિત્ર કે સ્વામી–કોઈ ધારી શકે તેમ નથી. એક માત્ર ધર્મ જ એવો છે, કે જે ભવસાગરમાં ડૂબતા પ્રાણિઓને માટે મહા જહાજ સમાન છે. માટે હું કહું છું કે–આ હિંસાના આગ્રહને છોડી દો અને ધર્મમાં પ્રયત્નશીલ બનો! કાલકૂટ વિષને છોડીને અમૃતની ઈચ્છા કોણ ન કરે!'

આ પ્રમાણે કહીને સુલસે પોતાના બંધુવર્ગને સમજાવી દીધો!

આ સુલસ પહેલેથી શ્રી અભયકુમારનો મિત્ર હતો: તેમાંથી આ દશાને પામ્યો, એટલે તે તો શ્રી અભયકુમારને પોતાના ગુરૂ માનવા લાગ્યો.

મૈત્રી આવી જોઈએ. ધર્મિની મૈત્રી કરનાર ધર્મહીન પણ જો યોગ્ય હોય તો ધર્મી બની જાય, એવી જૈનધર્મિની રહેણી–કહેણી હોવી જોઈએ.

જે અભયકુમારના યોગે સુલસ આ સ્થિતિએ પહોંચ્યો, તે અભયકુમાર કોણ? શ્રી અભયકુમારની બુદ્ધિને માગનારા તો તમે ને? શ્રી અભયકુમારની બુદ્ધિ માગો છો, તે શા માટે? શ્રી અભયકુમાર જેવા બનવા માટે કે દુનિયામાં હુંશીયારીથી વધુ ઉઠાઉગીરી કરવા માટે?

શ્રી અભયકુમાર એટલે ભગવાન શ્રી મહાવીરપરમાત્માના પરમ ભક્ત. જેની રોમરોમમાં શાસન ભર્યું હતું તે! શ્રી અભયકુમારની જે મૈત્રી ચાહે, તેનું કલ્યાણ થયા વિના રહે નહિ. એ માટે અનાર્ય-દેશના પાટવીની ભેટનો પ્રસંગ યાદ કરો.

આર્દ્રકુમાર મોતી, માણેક, પન્ના વિગેરેની ભેટ મોકલવા સાથે અભયકુમારને કહેવડાવે છે કે–' હું તારી સાથે મિત્રાચારી ઇચ્છું છું.'

શ્રી અભયકુમાર ભેટ લે છે અને વિચારે છે કે–'આર્દ્રકુમાર જરૂર કોઈ પુણ્યાત્મા છે. પૂર્વભવમાં શ્રમણપણાની વિરાધના કરવાથી અનાર્યદેશમાં જન્મી ગયો લાગે છે, બાકી છે કોઈ ઉત્તમ આત્મા. તે અલ્પસંસારી જ હોવો જોઈએ, કારણ કે–જે અભવ્ય કે દુર્ભવ્ય હોય, તે મારી સાથે મિત્રાચારીને ઇચ્છે જ નહિ. જે મારી મૈત્રીને ઇચ્છે, તે

નિકટભવી જ હોય.'

આવો વિચાર કરીને શ્રી અભયકુમાર પોતે પણ આર્દ્રકુમારને કયી ભેટ મોકલવી, તેનો વિચાર કરે છે. શ્રી અભયકુમારની પાસે હીરા, મોતી, માણેક, પન્ના વિગેરે નહિ હોય કેમ? પણ નહિ, તે બીજો જ વિચાર કરે છે. આર્દ્રકુમારે મોતી વિગેરેની ભેટ મોકલી તે વ્યાજબી ગણાય, કારણ કે–તેના દેશમાં ઉત્તમમાં ઉત્તમ વસ્તુ તે જ. શ્રી અભયકુમાર પણ આર્યદેશની ઉત્તમમાં ઉત્તમ વસ્તુ મોકલવાનો વિચાર કરે છે.

સ્નેહિને કયી વસ્તુની ભેટ અપાય? ઉત્તમ વસ્તુની ને? તમે તો દીવાળીને દહાડે દારૂખાનું મોકલો, કેમ? કારણ કે–એ જ ઉત્તમ વસ્તુ, નહિ? આજે ધર્મિએ વ્યવહારમાં પણ કેમ વર્તવું જોઇએ, એનો લાંબો વિચાર જ નથી.

શ્રી અભયકુમાર વિચારે છે કે–'ભેટમાં હું તેને શું મોકલું તો મારો સાચો સંદેશો તેની પાસે જાય?' કારણ કે–તે યોગ્ય આત્મા છે, એની તો શ્રીઅભયકુમારને ખાત્રી છે. શ્રી અભયકુમાર ભગવાનની પ્રતિમા મોકલવી એવું નક્કી કરે છે.

ભગવાનની પ્રતિમા અનાર્યદેશમાં જાય તેથી આશાતના થાય, આ વિચાર શ્રી અભયકુમારને નહિ હોય, કેમ? આજના શેઠીયા તો આશાતનાથી ભડકે છે ને? કહે છે કે–મન્દિરે જવાની ફુરસદ નથી રહેતી અને ઘરમાં રાખીએ તો આશાતના થાય છે. જૈનનું ઘર શ્રી જિનમૂર્તિ વિનાનું નહિ હોવું જોઇએ. જૈનોનાં ઘરોમાંથી શ્રી જિનમૂર્તિ નીકળવા માંડી અને નાસ્તિકતા ફેલાવા માંડી. ઘરમાં શ્રી જિનમૂર્તિ હોય, તો બાલબચ્ચાંને અનાયાસે દર્શન કરવાનું મળે. પણ તમારાં બચ્ચાં દર્શનથી વંચિત રહે, પૂજા ન કરે, સામાયિકાદિ વિનાનાં રહે, તો તમને કયાં વાસ્તવિક કોટિનું દુઃખ થાય તેમ છે? એનું જેવું દુઃખ થવું જોઈએ તેવું થતું નથી. આજે મોટે ભાગે ધ્યેય જ એ છે કે–અમારા દીકરા દુનિયાદારીમાં તાલીમબાજ બનવા જોઇએ. આજે મોટે ભાગે જૈનના દીકરા નહિ પણ વાણીયાના દીકરા બનાવવાની ચિન્તા છે,

કારણ કે-કેટલાક જૈનો વસ્તુતઃ જૈન નથી રહ્યા પણ વાણીયા બની ગયા છે.

શ્રી અભયકુમારે એ જ વિચાર્યું કે-'કોઈ પણ ઉપાયે હું આને ધર્મી બનાવું! એને હું શ્રી જિનપ્રતિમા મોકલું, કે જેથી તેના દર્શનયોગે કદાચ તેને જાતિસ્મરણજ્ઞાન થાય.' આવો વિચાર કરીને શ્રી આદિનાથભગવાનની રત્નમયી પ્રતિમા મોકલી. તેય અપ્રતિષ્ઠિત નહિ, પણ મહા આચાર્ય દ્વારા પ્રતિષ્ઠિત!

આવી વિચારણાવાળા શ્રી અભયકુમાર હતા. શ્રી અભયકુમારના પિતા પણ કમ નહિ હતા. એ બધા માનતા હતા કે-જીવનમાં સંયમ પામ્યા વિના મરવું, તે જીવતરમાં ધૂળ નાખવા જેવું છે. શ્રાવકને સંયમ વિના મરતાં મુંઝવણ થાય. બાલ્યકાળમાં સંયમ ન પમાયું તેનું શ્રાવકને દુઃખ હોય અને મનોદશા એ હોય કે-ક્યારે નીકળું! કોઈ મહાપુરૂષની પેઢી લાવો, કે જેમાં લાળ પડતાં સુધી બધા સંસારમાં રાચ્યા-માચ્યા હોય! જૈનને મન ત્યાગ એ તો રોજીંદી સ્વાભાવિક વસ્તુ ગણાય. ત્યાગના અને સંયમના તો જૈનોને હંમેશના કોડ હોય! સંયમ ન પમાય તેનું દુઃખ હૃદયમાં રહ્યા કરે.

શ્રી શ્રેણિક મહારાજાને શ્રી અભયકુમારની ઉપર બહુ સ્નેહ હતો. એથી એક વાર શ્રી શ્રેણિક મહારાજાએ શ્રી અભયકુમારને રાજ્ય સ્વીકારવાનો ખૂબ આગ્રહ કર્યો.

શ્રી અભયકુમારથી સીધી ના પડાય તેમ હતું નહિ અને મનમાં ચિન્તા બીજી હતી. શ્રી અભયકુમાર ભગવાનને પૂછવાનો નિર્ણય કરે છે અને પિતાને અમુક વખતને માટે થોભી જવાનું કહે છે.

વિચાર કરો કે-શું પૂછવા ક્યાં જવાનો વિચાર? ભગવાન પાસે જઈનેય શું પૂછ્યું? એ જ કે-'ભગવન્! છેલ્લા રાજર્ષિ કોણ?'

આવું કેમ પૂછ્યું? મનમાં ચિન્તા એ જ હતી કે-પિતાની આજ્ઞા ખાતર રાજા બનું, પણ સંયમથી વંચિત રહી જાઉં તો? સંયમથી વંચિત તો રહેવું જ નહોતું. શ્રાવક અને સંયમની ભાવના વિનાનો, એ બને નહિ. સંયમ ન લેવાય તો પોતાની કમનશિબી માને. ભગવાન

શ્રી મહાવીરદેવનો ભક્ત અને સંયમની અભિલાષા નહિ, એ બને જ નહિ. 'સંયમ કેમ નથી લેતા ?'–એમ પૂછનારને શ્રાવક કહે કે– 'ખરેખર, હું મહાપાપી છું કે મારાથી સંયમ લેવાતું નથી. લઈને પાળે તેને ધન્યવાદ.' આવું સંયમ જેમ વહેલું આવે તેમ સારૂં કે ખોટું ? એમાં ખૂશી કે નારાજી ? કહો કે–શ્રાવક એમાં ખુશી જ હોય. આ તો આવા બનવું નથી અને ભગવાન શ્રી મહાવીરદેવના ભક્ત કહેવડાવીને ભગવાન શ્રી મહાવીરદેવના ભક્તપણાને લજવવું છે ! શ્રાવક તો એ જ કહે કે–' સંયમ સુન્દર.' કોણ લે ?–તો એમ પણ કહે કે–'હુંય લઉં !' કોઈએ સંયમ લીધું એમ સાંભળીને શ્રાવકના હૃદયમાં આનંદની છોળો ઉછળે કે ખોટી દયાનો ઉભરો ઉભરાય ? તમારાથી શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબનો ત્યાગ બને કે ન બને, ભલે શક્તિ મુજબ આજ્ઞાનો જીવનમાં અમલ હોય, પણ એક વાત તો હૃદયમાં અંકિત થઈજ જવી જોઈએ કે–અમે એટલે શ્રી વીતરાગપરમાત્માના સેવક. શ્રી વીતરાગ પરમાત્માના સેવક તે વૈરાગ્યથી વાંઝીયા નહિ ! એમ થવું જોઇએ કે–અમે જો વૈરાગ્યથી વાંઝીયા હોઈએ, તો અમે આ કુળને દીપાવ્યું નહિ પણ લજવ્યું. આપણાથી શાસનને દીપાવો ન શકાય, તોય આપણા યોગે શાસનને લાંછન તો નહિ જ લાગવા દેવું જોઈએ.

શ્રી અભયકુમાર હવે શ્રી શ્રેણિક મહારાજાને આવાને કહે છે કે–' હે પિતાજી ! જો હું રાજા થઇશ તો દીક્ષાથી વંચિત રહી જઈશ. કારણ કે–ભગવાન કહે છે કે અન્તિમ રાજર્ષિ ઉદાયન છે. ભગવાન શ્રી મહાવીરદેવ જેવા સ્વામિને અને આપના જેવા પિતાને પામીને પણ જો હું ભવદુ:ખને છેદી શકું નહિ, તો તો પછી મારા જેવો બીજો અધન્ય અને અધમ કોણ ?'

જ્યાં આ વાત આવીને ઉભી રહે છે, એટલે શ્રી શ્રેણિક મહારાજા પહેલાંના આગ્રહને મૂકી દે છે.

દીકરો દીક્ષાનું કહે એટલે ધારણા છોડી દેવાય, એમ ? વિચાર કરો, એ હૃદય કયું હશે ? શ્રી શ્રેણિક મહારાજાના સમ્યક્ત્વના ગુણ કાંઈ ખાલી ગવાતા નથી !

સાચા શ્રાવક બનતું હોય, તો આ દશા કેળવો! વાણીયા મટો અને જૈન બનો! સંયમની અભિલાષાવાળા બનો. આ જીવનમાં સંયમી ન બની શકો, તોય સંયમના રસીયા બનવાનું ચૂકો નહિ. આજે તો સંયમની વાત કરનાર સાધુ ગમે નહિ: પણ યાદ રાખો કે–સાચા સાધુને તમે નમશો કે નહિ, બોલાવશો કે નહિ, તેની પરવા હોતી નથી. તે તો પોતાની ફરજ તરફ જૂએ. આ તો વાતમાં ફાવે નહિ, એટલે કહેશે–સાધુ ક્રોધ કરે છે. સાધુ એટલે માત્ર શાન્તિનો જાપ કરનાર કાયરતાભરેલું પુતળું નહિ. સાધુ શાન્તેય થઈ જાણે અને ગરમેય થઈ જાણે. અવસર મુજબ વર્તી જાણે. ભાવના એક જ કે–શ્રી જિનશાસનને પ્રચારૂં! તમારાથી શ્રી જિનશાસનનો પ્રચાર આમ નહિ થાય. જૈનત્વ કેળવવું પડશે. જૈનત્વમાં મક્કમ બનવું પડશે. તમે સાધુ બનો તો જ જૈન, નહિ તો નહિ જ, એમ નથી કહેતો. સાધુ થવાની ભાવના જોઈએ અને શક્તિ મુજબ ભગવાનની આજ્ઞાને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન જોઈએ.

અપ્રમાદ અશક્ય નથી :

'ભવસ્વરૂપના જ્ઞાતા બનેલા, ભવથી ભયભીત બનેલા અને મોક્ષની અભિલાષાવાળા બનેલા આત્માઓ, સંસારનાં સુખોને લાત મારે અને એકાન્તે અપ્રમાદમય જીવન જીવવાને પ્રયત્નશીલ બને.'–એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી અગર તો 'એ વસ્તુ સર્વથા અશક્ય જ છે'–એમ માનવા જેવું પણ નથી: આ વસ્તુનો ખ્યાલ આપવાને માટે જ્ઞાનિઓ એક તૈલપાત્રધારકનું દૃષ્ટાન્ત આપે છે. ઉંચા પ્રકારની અપ્રમાદસેવા કેમ થઈ શકે, એ બતાવવાને માટે દર્શનાન્તરનાં શાસ્ત્રોમાં પણ તૈલપાત્રધારકનું દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે, એમ શાસ્ત્ર ફરમાવે છે. એ દૃષ્ટાન્ત, ભયભીત બનેલો આત્મા કયી રીતિએ ઈન્દ્રિયો આદિ ઉપર કેટલો બધો કાબૂ જાળવી શકે છે, એ દર્શાવનારૂં છે. એક ધર્મી રાજાએ કયી યુક્તિ કરીને એક શ્રેષ્ઠિપુત્રને અપ્રમત્તતાનો

અનુભવ કરાવવા દ્વારાએ ધર્મ પમાડયો, એની એ કથા છે.

રાજા સ્વયં શ્રી જિનેશ્વરદેવના દર્શનનો શ્રદ્ધાલુ છે, ડાહ્યો છે અને પરોપકાર માટેના ઉપાયો યોજવામાં સ્વભાવથી જ પ્રવીણ છે. એ જિતશત્રુ નામના રાજાએ, પોતાના નગરમાં મોટા ભાગના જન-સમૂહને શ્રી જિનશાસન પ્રતિ અનુરાગવાળો બનાવી દીધો છે. રાજાએ દાન અને સન્માનાદિના ઉપાયો યોજવા દ્વારા પોતાના અમાત્યોને, નગરના શ્રેષ્ઠિઓને અને પ્રજાજનોને મોટે ભાગે ધર્મી બનાવી દીધા છે.

મનમાં એમ નહિ વિચારતા કે–' એ તો એમનાથી બને, આપણાથી નહિ.' રાજાના એ કૃત્યની અનુમોદના કરવી અને પોતાનાથી બને તેટલો પ્રયત્ન, બીજાઓ ધર્મી બને એ માટે, કરવાનો નિશ્ચય કરવો. એ માટે ઉદારતા ગુણને પણ કેળવવો પડશે. કૃપણતા અને મોહમસ્તતા બંનેને હડાવ્યા વિના, ઉદારતા નહિ આવે. દાન અને સન્માન, એ બે વસ્તુઓ સામાને સહજમાં ખીંચી શકે છે. પેટ ભરાય અને સાથે આદર પણ મળે, તે કોણ ન ઇચ્છે? તમારે એ આવડત કેળવવા જેવી છે. તમારી પેઢીના નોકરોને ધર્મી બનાવવાનો કોઈ દિ' પ્રયત્ન તો ઠીક, પણ વિચારેય કર્યો છે? કે પછી ધર્મી નોકર ધર્મ કરવા જાય એથી કામ બગડે છે એવું લાગવાથી ધર્મી નોકર ખટક્યો છે?? પેઢીના નોકરોને ધર્મી બનાવવાની વાત દૂર રાખીએ, પણ તમારા ઘરમાં જેટલાં માણસો છે તે બધાં ધર્મમય બને, એ માટેય જોઈતો પ્રયત્ન કર્યો છે? કોણ ધર્મ નથી પામ્યું, કોણ ધર્મમાં શિથીલ બનેલ છે, કોણ અધર્મના માર્ગે જઈ રહ્યું છે, કોને ધર્મમાં આગળ વધવાની લગની લાગી છે,–એ વિગેરે બાબતોનો વિચાર અને તે પછી ધર્મપ્રાપ્તિ, ધર્મસ્થિરતા અને ધર્મપ્રગતિ માટેના ઉપાયો યોજવા, આટલું પણ તમે તમારા ઘર પૂરતુંય કર્યું છે?

સ૦ એમ કરવું જોઈએ એવો ખ્યાલ જ બહુ થોડાઓને હશે!

કારણ? શું ધર્મી ધર્મ પમાડવાની ઇચ્છા વિનાનો હોય? ધર્મી આત્મામાં મૈત્રી ભાવના હોય કે ન હોય? 'परहितचिन्ता

મૈત્રી ।' બીજા જીવોના હિતની જે ચિન્તા, તેને મૈત્રી ભાવના કહેવાય છે. ત્યારે 'સાચું હિત એક માત્ર ધર્મથી જ થાય છે.'—એ વાતને જાણનારો ધર્મી, બીજાઓને ધર્મ પમાડવા તરફ બેદરકાર કેમ બને ?

સ૦ 'સાચું હિત એક માત્ર ધર્મથી જ સધાય છે.'—આવી દૃઢ માન્યતા તો હોવી જોઈએ ને ?

જેનામાં એ ન હોય, તે ધર્મી શાનો ? ધર્મિપણાના કેવળ વાઘા સજીને ફરનારાઓની આ વાત નથી : પણ હૃદયના ધર્મિઓની આ વાત છે.

ધર્મી કહેવડાવવાને કોણ નાખૂશ છે ? 'ભલે અમે નાસ્તિકો રહ્યા.'—'ભલે અમે ધર્મવિરોધી રહ્યા'—'ભલે અમે પાપી રહ્યા'—'ભલે અમને મોક્ષ મોડો મળે'—આવું આવું રોષથી બોલનારાઓને પણ કોઈ ધર્મી કહે તો તે ગમે છે : એટલું જ નહિ, પણ ભોળા માણસોની પાસે તો આજના એ ધર્મવિરોધિઓ પોતાને ધર્મના રાગી તરીકે ઓળખાવવાનો જ કૂટ પ્રયત્ન કરે છે. પોતાને સાચા ધર્મી તરીકે ઓળખાવવાને માટે એ પાપાત્માઓ સુસાધુઓને અજ્ઞાન, ચારિત્રહીન અને ભારભૂત તરીકે વર્ણવે છે : સુશ્રાવકોને રૂઢિચુસ્ત, ગાડર જેવા, અક્કલ વગરના અને ધર્મહીન કહે છે : તેમજ સુસાધુઓને તથા સુશ્રાવકોને હલકા પાડવાને માટે અને પોતાની પાપક્રિયાને પણ ધર્મ-ક્રિયા રૂપ મનાવવાને માટે સાચા ધર્મનો અપલાપ કરતાં અને પૂર્વાચાર્ય મહાત્માઓને કલંકિત ઠરાવતાં પણ એમનાં હૈયાં કંપતાં નથી. ધર્મદ્રોહ કરવા છતાં પણ અજ્ઞાનવર્ગમાં ધર્મી અથવા તો ધર્મરાગી તરીકેની પોતાની છાપ બેસાડવાને માટે જ્યારે ધર્મવિરોધિઓ આટલી હદ સુધીની અધમતા કરે છે, ત્યારે વિચારો કે—તેમને ધર્મી અગર તો ધર્મરાગી તરીકે ઓળખાવવાની કેટલી લાલસા છે ? એની જ જગ્યાએ જો સાચા ધર્મી બનવાની લાલસા આવી જાય, તો કામ થઇ જાય; પણ ધર્મવિરોધ કરતા જ રહેવું છે અને ધર્મવિરોધી તરીકે જાહેરમાં ઓળખાવાય એ ગમતું નથી, એટલે તે બીચારાઓ પોતાના પાપને ખૂબ પુષ્ટ કર્યા કરે છે.

આપણે તો એ કહીએ છીએ કે–ધર્મી બનો. તમે ધર્મી બનો પછી લોક અધર્મી કહે તેથી અકલ્યાણ નથી અને અધર્મી હો છતાં લોક ધર્મી કહે તો એથી કલ્યાણ નથી. ધર્મિમાં જેમ સ્વહિતની ચિન્તા હોય તેમ પરહિતની પણ ચિન્તા હોય. બીજા પણ જીવોનું કલ્યાણ થાઓ, એવી ધર્મિમાં સ્વાભાવિકી ભાવના હોય. એને બદલે કુટુંબને માટે પણ બેદરકારી, એ શું ? કુટુંબના તો તમે માલિક ગણાઓ ને ? માત્ર માલિક ગણાવું જ છે કે માલિક બનવું છે ? માલિક તરીકેની મહોરછાપ લઈને ફરવું અને માલિક તરીકેની ફરજોથી બેદરકાર રહેવું, એ ઉચિત નથી. રાજા જો પ્રજા પ્રત્યેના ધર્મને ચૂકે છે, તો એને માટે શું શું નથી કહેવાતું ? તેમ ઘરનો માલિક એટલે કુટુંબનો રાજા ખરો ને ? એ પોતાનો ધર્મ કેમ ચૂકી શકે ? તમારા કુળમાં જન્મ પામેલા આત્માઓ, તમારી બેદરકારીના પરિણામે ધર્મથી વંચિત રહી જાય અને અધર્મના માર્ગે દોરાઈ જાય, તો એનો દોષ તમને પણ લાગે જ : માટે એ દોષથી બચવું હોય તો તમારે તમારી ફરજ અદા કરી લેવી જોઈએ. તમે ફરજ બજાવો, છતાં કોઈ આત્મા ધર્મ ન પામે, અધર્મી બને, તોય તમે પેલા દોષથી બચી શકો ! પણ મનમાં એના ઉપર દયા આવવી જોઈએ. 'બીચારો આટલા આટલા પ્રયત્નો મેં કર્યા તે છતાં પણ આવો અધર્મી બન્યો : મહા ભારેકર્મી ! સંસારમાં શું નથી બનતું ?'–આવું આવું વિચારવું અને તેનું પણ ભલું ચિન્તવવું.

આપણે જોઈ ગયા કે–'જિતશત્રુ નામના રાજાએ પોતાના અમાત્યાદિ પ્રજાના મોટા ભાગને, દાનસન્માનાદિના ઉપાયોથી સંતોષવા દ્વારાએ, ધર્મ પમાડ્યો છે.' પણ એ રાજાના નગરમાં એક શ્રેષ્ઠિ-પુત્ર એવો તો મિથ્યાત્વથી ઘેરાએલો છે કે–એને નથી તો રાજાની આ પ્રવૃત્તિ રૂચતી કે નથી તો ધર્મની હકીકતો રૂચતી. એ તો એવું જ માને છે કે–'સુગતિના અર્થિઓએ હિંસા કરવી એ જ ઉચિત છે, પણ દાનાદિ ધર્મ કરવો એ ઉચિત નથી.' વળી એ શ્રેષ્ઠિપુત્ર એમ પણ માનતો હતો કે–'કોઈ માથાની મહા પીડાથી પીડાઈ રહ્યો હોય અને પીડા દૂર કરવાનો ઉપાય પૂછે, ત્યારે તેને મહાનાગની ફણા

ઉપર રહેલા રત્નનો અલંકાર ગળે બાંધવાનું કહેવું, એ ગળે બાંધે એટલે માથાની પીડા મટી જશે એમ કહેવું, તે દુષ્કર હોવાથી જેમ નિરર્થક ઉપદેશ રૂપ છે, તેમ અપ્રમત્તતા માટેનો જિનોક્ત ઉપદેશ પણ કોઈથી ન સ્વીકારી શકાય એવો જ છે. ' શ્રેષ્ઠિપુત્રને એમ જ લાગતું હતું કે—અપ્રમત્તપણું એ તે કાંઇ બને ? વાતો છે, વાતો !

રાજા વિચાર કરે છે કે—' આ અગ્નિ જેવો છે. સ્વયં બળે છે અને બીજાઓને બાળે છે. જ્યાં બેસે છે ત્યાં બાળીને કાળું કર્યા વિના રહેતો નથી. આથી, બળવા સાથે ભયંકર રીતિએ બાળવાનો પણ ધંધો લઈ બેઠેલો અગ્નિ જેમ ઉપેક્ષા કરવા યોગ્ય નથી, તેમ આ શ્રેષ્ઠિપુત્ર પણ ઉપેક્ષા કરવા યોગ્ય નથી. આવું માનીને રાજાએ તે શ્રેષ્ઠિપુત્રને પણ કોઈ પણ રીતિએ ધર્મ પમાડવાનો નિર્ણય કર્યો.

રાજાએ પોતે જ જીવાદિ પદાર્થોમાં જેને નિપુણ બનાવ્યો હતો અને સમ્યગ્દષ્ટિવન્ત બનાવ્યો હતો, તેવા એક યક્ષ નામના આદમીને બોલાવ્યો અને તેને પોતાની મુદ્રિકાના રત્ન રૂપ માણિક્ય આપ્યું.

રાજાના અભિપ્રાયને પામી જઈને તે યક્ષ છાત્ર ત્યાંથી ચાલ્યો ગયો અને પેલા શ્રેષ્ઠિપુત્રને મળ્યો.

શ્રેષ્ઠિપુત્રની પાસે એણે એવી એવી વાતો કરવા માંડી, કે જે શ્રેષ્ઠિપુત્રને ખૂબ ગમી ગઈ. શ્રેષ્ઠિપુત્રને લાગ્યું કે—' આ મારા વિચારોને મળતો છે. ' અને એથી દિવસો જતાં બન્ને વચ્ચે ગાઢ મૈત્રી સંબંધ પ્રવર્તવા લાગ્યો.

રાજાએ ધર્મ ફેલાવેલો હોવાના યોગે આમ શ્રેષ્ઠિપુત્ર લગભગ એકલવાયા જેવો તો હતો જ અને તેમાં આવો વિદ્વાન, બુદ્ધિશાલી, ભણેલો-ગણેલો અને વળી એક સરખા વિચારનો મિત્ર મળી જાય, એટલે શ્રેષ્ઠિપુત્રનો રાગ વિશેષ પ્રકારે વધે, એ સ્વાભાવિક છે.

જ્યારે શ્રેષ્ઠિપુત્રનો બરાબર વિશ્વાસ જામી ગયો, ત્યારે એક વાર અવસર સાધીને પેલા યક્ષછાત્રે, શ્રેષ્ઠિપુત્રના દાગીનાઓની અંદર, તે ન જાણે એવી રીતિએ, રાજાએ આપેલું પેલું માણિક્યરત્ન મૂકી દીધું !

આ પછી, 'રાજાનું આભૂષણ ગુમ થયું છે'-આવો પ્રવાદ શહેરમાં પ્રસરી ગયો. રાજાએ પણ પડહ વગડાવ્યો કે-'જેણે એ આભૂષણ જોયું હોય અથવા તો એ વિષે જેણે કાંઈ સાંભળ્યું હોય, તેણે તે કહી જવું!'

કોણ કહેવા આવે? રાજા અને યક્ષ છાત્ર વિના ત્રીજું કોઇ આ હકીકતને જાણતું નથી અને શ્રેષ્ઠિપુત્રને તો ખબર જ નથી કે-'મારા દાગીનાઓમાં એ છે!' એય પટહ સાંભળે છે, પણ એને બીજો વિચાર જ નથી આવતો: કારણ કે-એને બનેલા બનાવની ગંધ સરખી પણ નથી આવી.

રાજ્યના નોકરોએ જોયું કે-' આ ઠીક નહિ. રાજાનું આભૂષણ તો ગમે ત્યાંથી શોધી કાઢવું જોઈએ.' આથી પ્રત્યેક ઘરની તપાસ કરવાનું કામ શરૂ થયું અને એમાં પેલા શ્રેષ્ઠિપુત્રના ઘરમાંથી, તેની રત્નકરંડિકામાંથી રાજાનું માણિકયરત્ન મળી આવ્યું. રાજના નોકરોને તો કશી વાતની ખબર નથી, એટલે એ બીચારાઓ તો શ્રેષ્ઠિપુત્રને ખરેખરો ચોર જ માને છે: અને રાજાના આભૂષણની ચોરી એ કાંઈ સામાન્ય ગૂન્હો છે? રાજ્યમાં તો એ મોટો ગૂન્હો ગણાય, એટલે રાજનોકરો શ્રેષ્ઠિપુત્રને બાંધીને મારવાનું શરૂ કરે છે.

આ વખતે પેલો યક્ષ છાત્ર આવીને રાજસેવકોને મારતા અટકાવે છે અને કહે છે કે-'આનાથી ગૂન્હો થયો છે અને આની શુદ્ધિ વિચાર કરીને કરાવાશે.'

શ્રેષ્ઠિપુત્રને તો આવું બનવાથી બહુ ભય લાગે છે, કારણ કે-ખૂદ રાજાના આભૂષણની ચોરીનો આરોપ પોતાને માથે આવ્યો છે, મુદ્દામાલ હાથ લાગવાથી ગૂન્હો પૂરવાર થઇ ગયો છે, પોતાને નિર્દોષ પૂરવાર કરવાનો કોઈ ઉપાય નથી અને રાજાની સાથે પોતાને ધર્મવિરોધ છે એટલે એને 'રાજા શું ય કરી નાખશે?'-એવો ભય લાગવો તે પણ સ્વાભાવિક છે.

શ્રેષ્ઠિપુત્ર વિચાર કરે છે કે-'વસ્તુતઃ હું દોષિત નથી, પણ હવે કરવું શું?' પોતાના મિત્ર યક્ષછાત્રને એ વિનંતિ કરે છે કે-'મહેરબાની

કરીને તું રાજાને સમજાવ અને ગમે તે દંડ દઈને પણ મને છોડે એમ કર !'

યક્ષછાત્ર પણ સમજુ છે. એ જાણે છે કે–' આને હેરાન કરવાને માટે આ ઉપાય યોજાયો નથી, પણ એને ધર્મ પમાડીને એનું કલ્યાણ સાધતો બનાવવાને માટે, બીજાઓનું અકલ્યાણ કરતો અટકાવવાને માટે અને બીજાઓને તે જાતે પણ કલ્યાણમાર્ગે દોરવાને ઉદ્યત થાય એવો બનાવવાને માટે જ રાજાએ આ ઉપાય યોજ્યો છે.' શરીર-નિગ્રહની શિક્ષા તો એને કરવાની જ નથી. માત્ર એ જ બતાવવાનું છે કે–'માણસ ધારે અને ખૂબ ભયભીત બની જાય, તો મનોનિગ્રહ તથા ઇન્દ્રિયનિગ્રહ કરી શકે છે અને એથી જિનોક્ત અપ્રમત્તોપદેશ એ નિરર્થક નથી.' આથી યક્ષછાત્ર પેલા શ્રેષ્ઠિપુત્રને કહે છે કે–'તું બેફીકર રહે. શરીરનિગ્રહ સિવાયનું બીજું જે કાંઈ પ્રાયશ્ચિત્ત હશે, તે હું તને રાજાને કહીને અપાવીશ.'

શ્રેષ્ઠિપુત્ર કહે છે કે–' તો તો ઘણું સારૂં ભાઈ ! તારો મોટો ઉપકાર.'

શ્રેષ્ઠિપુત્રનો આ રીતિએ પરિણામ પામીને યક્ષછાત્રે પણ રાજાને પદ્ધતિસર વિનંતિ કરી અને શરીરનિગ્રહ સિવાયનું પ્રાયશ્ચિત્ત આપવાને માટે શ્રેષ્ઠિપુત્રની વતી જણાવ્યું.

રાજાએ કહ્યું કે–' આ શ્રેષ્ઠિપુત્રને જીવતો છોડી દેવાને હું તૈયાર છું, પણ તે એક શરતે ! એને હું એટલી જ શિક્ષા કરૂં છું કે–તેલથી ભરેલું પાત્ર બન્ને હાથોમાં ગ્રહણ કરીને એણે નગરમાં ભમવું. આ પ્રમાણે નગરમાં ભ્રમણ કરતાં, તેલનું જો એક પણ બિન્દુ જમીન ઉપર પડી જવા પામશે, તો નિશ્ચયથી એનો વધ કરવામાં આવશે અને જો તેલનું એક પણ બિન્દુ પડવા નહિ પામે તો બીજી કોઈ પણ શિક્ષા કર્યા વિના એને છોડી મૂકવામાં આવશે !'

• શ્રેષ્ઠિપુત્રને જીવન તો પ્રિય છે. જીવન કોને પ્રિય ન હોય ? દુઃખમાં ડૂબી ગયેલાને પણ મરવું ગમતું નથી. આત્મઘાત કરનારાઓ પણ આવેશમાં આવીને અમુક કૃત્ય કરી બેસે છે, પણ તે પછી એવા

તરફડે છે કે-એમનું દુઃખ એ જ જાણે! એ દુઃખ જોવું પણ બીજા-ઓને ભારી થઈ પડે છે. મરણનો ભય એ જેવો-તેવો ભય નથી. મરણનો ભય જ્યારે માથે આવી પડે છે, ત્યારે જીવ શું નથી કરતો? દુનિયામાં પણ કહેવાય છે કે-'એક મરણીયો સોને ભારી!' કારણ કે-સો જીવિતના અર્થી હોય છે, જ્યારે પેલો ભલે એકલો રહ્યો, પણ જીવિતથી નિરપેક્ષ હોય છે. મહાજ્ઞાનિઓ સમજુ હોવાથી કર્મયોગે આવતા મરણથી મુંઝાય નહિ, પણ મરણનું નિમિત્ત નષ્ટ કરવાને તો તેઓ પણ ઉદ્યત હોય છે. બાકી કોઈ આદમી આવેશવશ મરણીયો બને, એની ગણના ન ગણાય. શ્રેષ્ઠિપુત્રને પોતાનું જીવન તો વહાલું જ છે. બીજાઓની હિંસા એને સારી લાગતી હતી, પણ કાંઈ પોતાની હિંસા થોડી જ સારી લાગતી હતી? પોતાના વધની વાત સાંભળીને તો એ કંપી ઉઠ્યો છે અને એથી રાજાની આજ્ઞાને સાંભળીને શ્રેષ્ઠિ-પુત્ર કહે છે કે-'આપે ફરમાવ્યું તેમ બે હાથમાં તેલના પાત્રને ગ્રહણ કરીને, તેલનું એક બિન્દુ પણ પડવા દીધા વિના જ, નગરમાં ભમવાનો હું યથાશક્તિ પ્રયત્ન કરીશ!'

અહીં એ યાદ રાખજો કે-રાજાએ 'તેલનું એક પણ બિન્દુ પડશે તો વધ કરવામાં આવશે'-એવું કહ્યું છે ખરું, પણ તે કેવળ બીક બતાવવા પૂરતું જ કહ્યું છે. શ્રેષ્ઠિપુત્રને જે ઇન્દ્રિયનિગ્રહ તથા મનોનિગ્રહ કરવાનો છે, તેમાં એ ખૂબ ખ્યાલવાળો બન્યો રહે એ પૂરતી જ ધાક બતાવી છે. રાજા તો ઉદાર છે, ધર્મી છે, એટલે એનામાં ક્રૂરતા સંભવે કેમ? વળી શ્રેષ્ઠિપુત્ર નિર્દોષ છે-એમ પણ રાજા તો જાણે જ છે, એટલે ભવિતવ્યતાના યોગે શ્રેષ્ઠિપુત્રની ભૂલથી તેલનું બિન્દુ પડી જાય, તોય રાજા કાંઈ શિક્ષા કરે જ નહિ! અથવા તો એવું કાંઈ બને તો પણ રાજા સંયોગ મુજબ પરોપકારનો બીજો કોઈ ઉપાય અજમાવે એ બનવાજોગ છે, પણ કેવા પ્રકારનો ઉપાય રાજા અજમાવે, તે કહી શકાય નહિ.

શ્રેષ્ઠિપુત્રે 'યથાશક્તિ પ્રયત્ન કરવાનું' કબૂલ કર્યું, એટલે રાજાએ તે વધારે સાવચેત રહે એ માટે સૈનિકોને આજ્ઞા કરી કે-

'તમારે ઉઘાડી તલવારે આ શ્રેષ્ઠિપુત્રની ચારેય દિશાએ ચાલવું અને જોયા કરવું કે-તૈલપાત્રમાંથી તેલનું એક પણ બિન્દુ પડે છે કે નહિ ? જો શ્રેષ્ઠિપુત્ર તેને કરાએલી શિક્ષા મુજબ વર્તવામાં પ્રમાદ કરે, તો અતીવ નિગ્રહ કરવો !' બીજી તરફ રાજાએ નગરના રસ્તાઓમાં શ્રેષ્ઠિપુત્રના ચિત્તનો વ્યાક્ષેપ કરાવવાને માટે ઉત્સવ કરાવ્યો.

નગરના રસ્તાઓમાં વિવિધ વાજિંત્રો વાગતાં હોય, નાટારંગ ચાલતા હોય અને ઇન્દ્રિયોના વિષયોને લોભાવીને મનને ચલિત કરી નાખે એવાં દૃશ્યો ઠેર ઠેર ગોઠવાયાં હોય, છતાં ક્યાંય દૃષ્ટિ ન જાય અને મન તથા દૃષ્ટિ એકાકાર જેવાં બનીને તૈલપાત્રમાં ચોંટી રહે, એ બને ? પણ બન્યું. મન, વચન અને કાયાના વ્યાક્ષેપના પરિહારપૂર્વક શ્રેષ્ઠિપુત્ર નગરમાં ભમીને રાજાની પાસે આવી પહોંચ્યો.

રાજાએ કહ્યું કે–' તું પોતે જ્યારે આવું અત્યન્ત દુષ્કર કાર્ય પણ જીવિતની પ્રબળ ઇચ્છાના યોગે અને મરણભયના યોગે કરી શક્યો, તો પછી–આ જગતમાં કોઈ અપ્રમાદી નથી–એવું મિથ્યા વચન તું કેમ બોલે છે ?'

શ્રેષ્ઠિપુત્રે કબૂલ કર્યું કે–' આપ કહો છો તે બરાબર છે કે–એક વસ્તુનું જો પ્રબળ અર્થિપણું થઈ જાય અને એના વિના કોઈ મહાભય માથે ઝઝુમી રહેલો છે એમ લાગે, તો કાયિક, વાચિક અને માનસિક સંયમ રહેવો, એ અસંભવિત નથી.'

આ પછી રાજાએ તે શ્રેષ્ઠિપુત્રને ધર્મમાર્ગનો પ્રતિબોધ કર્યો અને કહ્યું કે–' મરણ માત્રના ભયથી જેમ તું દુષ્કર અપ્રમત્તતાભાવને અંગીકૃત કરી શક્યો, તેમ અનન્ત અને અપરિમાણ મરણાદિક દુઃખોથી ત્રાસેલા મુનિવરો, તે દુઃખોથી મૂકાવાને માટે ઉદ્યુક્ત થયા થકા અપ્રમત્તપણાને સેવે છે !' શ્રેષ્ઠિપુત્રને પણ હવે તો લાગ્યું કે–' બરાબર છે.' અને એથી આ નિમિત્તને પામીને તે ધર્મી બની ગયો.

ભવ ભય રૂપ લાગે અને ભયંકર ભવ આત્માને બરાબર ભયભીત બનાવી મૂકે, તો આત્માની જ ચિન્તામાં પડેલો આત્મા, આ રીતિએ ધર્મપ્રવચનમાં અપ્રમાદભાવને પામી શકે છે. ભવની આવી ભીતિ

લાગવી એ મુશ્કેલ છે. એ માટે ભવસ્વરૂપને સમજવાને અને વિચારવાને માટે પ્રયત્નશીલ બનવું જોઈએ. ભવ ભયંકર ભાસે તો જ મુક્તિસુખની કિંમત સમજાય અને મુક્તિસુખની કિંમત સમજાય તો જ મુક્તિમાર્ગની આરાધના કરવાનો તીવ્ર ઉલ્લાસ પ્રગટે. આ ઉપરથી સમજાશે કે-આત્મચિન્તા, એ કેટલી આવશ્યક વસ્તુ છે. આત્મચિન્તા પાપમાં પાંગળા બનાવે. આત્મચિન્તા ધર્મપ્રયત્ન કરવાને પ્રેરે. આત્મચિન્તા વળગી જાય, તો આત્મા સંસારમાં લુખ્ખો બની જાય. આત્મચિન્તા જેટલી તેજ બને, તેટલો વિષયસુખોમાંથી રસ ઉડે. આત્મચિન્તાવાળી દશા, એટલે આત્મવિચારણામય જાગૃત દશા. આત્મચિન્તા ખાતાં, પીતાં, પહેરતાં, ઓઢતાં, ઉઠતાં, બેસતાં, હરતાં-ફરતાં અને વિષયોપભોગોના પ્રસંગોમાં પણ ઝગહગતી હોય, પોતાની થોડીકેય જ્યોત ફેલાવતી હોય, તો આત્મા કદાચ સંસારની ક્રિયાઓ કરે તોય તીવ્ર બન્ધ પડે નહિ : એટલું જ નહિ પણ, વિષયભોગની ક્રિયા કરવાનું ચાલુ હોય એવા પ્રસંગેય જો આત્મા આત્માચિન્તાના યોગે શુભ ધ્યાનમાં આરૂઢ થઈ જાય, તો કર્મબંધને બદલે કર્મનિર્જરા પણ કરી જાય. ભોગોના ભોગવટામાં નિર્લેપ રહેવાની કળા આત્મચિન્તા શીખવે છે. આત્મચિન્તા જેની તેજ છે, એવો આત્મા કયી વખતે અગર તો કયી ક્રિયા કરતાં શુદ્ધ ધ્યાનારૂઢ બની જાય, એ કહી શકાય નહિ.

નાની વહુ જેવા બનજો :

દીક્ષિત બનનાર પણ 'વેષપલ્ટો કરી લેવા માત્રથી જ કલ્યાણ છે'-એમ માને, તો તે મોટામાં મોટી ભૂલ છે. દીક્ષા દેતાં પહેલાં જ કહેવાયું હોય છે કે-દીક્ષા જેવી કોઈ મોક્ષસાધના નથી, પણ દીક્ષાને લઈને પાછળથી પ્રમાદમાં પડીને વિરાધના કરવી એ મહા પાપ છે. આજ્ઞાની આરાધના કરવામાં જ કલ્યાણ છે. આજથી તો વિશિષ્ટ પ્રકારે કલ્યાણસાધના શરૂ થાય છે. 'વેષ લીધો એટલે કલ્યાણ થઈ જ ગયું અને પછી કાંઈ કરવાનું રહેતું નથી.'-એવું માનનારાઓ

અજ્ઞાન છે. વેષ, એ તો ધર્મમર્યાદાનો સૂચક છે, ધર્મપાલનમાં સહાયક છે અને અવસરે સંયમનો ખ્યાલ આપનાર છે. અનેક વાર વેષ પણ પાપથી બચવામાં કારણ રૂપ બની જાય છે. આવાં અનેક કારણોએ અનન્તજ્ઞાની શ્રી અરિહંતદેવો આદિ સમક્ષ, યોગ્ય મુમુક્ષુ આત્માઓને, ગીતાર્થ ગુરૂઓ વેષ આપે છે. લજ્જાળુતાથી પણ કોઈ અવસરે આત્મા પાપ કરતાં અટકે છે. એને થાય છે કે–'આ વેષ મેં કોની સમક્ષ લીધો છે? કોની સાક્ષીએ લીધો છે? હું કોણ?' અને એમ વિચારતાં વિચારતાં, આત્મા પાપવિચારથી પાછો ફરીને વ્રતપાલનમાં સ્થિર થઈ જાય, એ સુશક્ય છે.

દીક્ષિત બનનારે દીક્ષા લેતાં પહેલાં જ હૈયામાંની દુન્યવી વાસનાઓને દૂર કરી દેવી જોઈએ. હૈયામાં સંસારની લપ સાથે લઈને આવનારો, સાધુસમુદાયમાં પ્રાયઃ મરકી ફેલાવનારો બને છે. દીક્ષા લેનારે સમજવું જોઈએ કે–એણે માત્ર ઘર, કુટુંબપરિવાર આદિનો જ ત્યાગ કર્યો નથી, પણ સઘળાંય પાપોનો ત્રિવિધે ત્યાગ કર્યો છે. સંસારમાં જે નામ હતું તે પણ હવે રહેતું નથી. નામપલટાની માફક જ હૃદયપલટો થવો જોઈએ અને એ હૃદયપલટો જાળવવામાં પણ દીક્ષા લેનારે ખૂબ સાવધ રહેવાનું હોય છે. પૂર્વની પાપવાસના ભૂલાઈજવી જોઈએ અને યાદ આવે ત્યારે પશ્ચાત્તાપ સાથે પોતાની દયા પોતાને આવવી જોઈએ. પૂર્વની પાપવૃત્તિનો થોડો-ઘણો અંશ પણ હૈયામાં હોય, તો આ જીવનથી કલ્યાણ સધાવાનું કદાચ રહી જાય અને સંયમજીવન બોજા રૂપ બની જાય, તો નવાઈ નહિ.

દીક્ષા લીધા બાદ જીવનના અન્ત સુધી પોતે લીધેલાં મહાવ્રતોનું જતન કરવું જોઈએ અને ધર્મની આરાધનામાં એવા રત રહેવું જોઇએ, કે જેથી યોગ્ય આત્માઓ ઉપર એની છાયા પડ્યા વિના રહે નહિ. ગ્રહણ કરેલા ધર્મનું એવી રીતિએ પાલન કરવું જોઇએ, કે જેથી પોતાનામાં પોતાના જેવા અનેક સંયમી આત્માઓ પ્રગટાવવાનું સામર્થ્ય પ્રગટે અને નિષ્પાપ ધર્મમય જીવનનો પ્રચાર થાય. આ માટે એક રૂઢ દૃષ્ટાન્ત એક વૃદ્ધ અને તેની ચાર પુત્રવધૂઓનું અપાય છે; તેનો

પણ કાંઈક ખ્યાલ આપી દઉં !

એક બુઢ્ઢાને લાગ્યું કે-'હું જીવું છું ત્યાં સુધી તો આ ઘરનો કારભાર સારી રીતિએ ચાલે છે અને ચાલશે, પણ હવે મારો અન્ત-કાળ બહુ દૂર નથી : માટે મારે એવી વ્યવસ્થા કરવી જોઈએ, કે જેથી મારા મરણ બાદ પણ આ ઘરનો કારભાર સારી રીતિએ ચાલે અને ઘરની શોભા તથા સમૃદ્ધિ વધે.'

બુઢ્ઢો વિચક્ષણ હતો. તેના ચારેય દીકરાઓ વ્યાપારમાં કુશળ હતા. બુઢ્ઢાને ચિન્તા માત્ર ઘરની જ હતી, કારણ કે-ચાર દીકરાની ચાર વહુઓમાં ઝઘડો થાય, તો ભાઈઓ ભેગા રહી શકે નહિ અને આબરૂને બટ્ટો લાગે. આથી તેણે દરેક વહુને સૌ-સૌની બુદ્ધિ મુજબ કાર્ય સોંપવાનો વિચાર કર્યો અને એ માટે ચારેય પુત્રવધૂઓની બુદ્ધિની પરીક્ષા કરવાની એક યોજના બુઢ્ઢાએ નક્કી કરી લીધી.

બુઢ્ઢાએ કુટુમ્બીજનોનો અને જ્ઞાતિજનોનો એક મોટો સમારંભ યોજ્યો. સૌને જમાડ્યા, પહેરામણી આપવા યોગ્યને પહેરામણી આપી અને તે પછી બધાની હાજરીમાં પોતાની ચારેય પુત્રવધૂઓને બોલાવી.

બુઢ્ઢાએ પોતાની પાસે કાંઈ જ રાખ્યું નથી. ડાંગરના માત્ર વીસ દાણા રાખ્યા છે અને પાંચ પાંચ દાણાની ચાર ઢગલીઓ કરી મૂકી છે. ચારેય પુત્રવધૂઓ આવી ગઈ, એટલે બુઢ્ઢાએ દરેકને ડાંગરના પાંચ પાંચ દાણા આપ્યા અને કહ્યું કે-'આને જાળવજો અને જ્યારે હું આ દાણા પાછા માગું ત્યારે મને પાછા આપજો.'

ઘણાઓને એમ થયું કે-'બુઢ્ઢો આ કરે છે શું ?' કેટલાકોએ માન્યું કે-'બુઢ્ઢો વિચક્ષણ છે, માટે આની પાછળ જરૂર કોઈ મોટો ભેદ હોવો જોઈએ.' પણ કોઈ એ ભેદને કળી શક્યું નહિ.

આ પછી, સૌથી મોટા દીકરાની વહુએ વિચાર કર્યો કે-'ખરેખર, બુઢ્ઢાની બુદ્ધિ બ્હેર મારી ગઈ છે. આવડો મોટો સમારંભ યોજ્યો, મોટો ખર્ચો કર્યો અને બધાની વચ્ચે અમને ડાંગરના પાંચ પાંચ દાણા આપ્યા. તેય પાછા સાચવીને રાખવાના અને માગે ત્યારે પાછા આપવાના ! મૂર્ખાઈની તે કંઈ હદ હોય છે ? ઘરમાં ડાંગરની

કોઠીઓ ભરી છે, જોઇએ ત્યારે જોઈએ તેટલા દાણા મળે તેમ છે, તો પછી આને સાચવી રાખવાની જરૂર શી છે?'

આવો વિચાર કરીને મોટી વહુએ તો, એ દાણા જેવા લીધા તેવા જ ફેંકી દીધા.

એનાથી નાની વહુએ પણ લગભગ એવો વિચાર કર્યો; છતાં ફેર એ રહ્યો કે—એણે ફેંકી નહિ દેતાં મોંઢામાં મૂકી દીધા.

હવે એનાથી પણ નાની વહુ વિચાર કરે છે કે—'સસરાજીએ કાંઈ નહિ અને ડાંગરના આ પાંચ દાણા જ આપીને સાચવી રાખવાનું તથા માગે ત્યારે પાછા આપવાનું કહ્યું, માટે જરૂર એમાં કાંઇકિ તાત્પર્ય તો હશે જ. આપણું શું જાય છે? સાચવીને રાખી મૂકીશું. વળી વડિલનું વચન છે માટે જાળવી રાખવા જ, કે જેથી જ્યારે માગે ત્યારે પાછા આપી શકાય.'

આવો વિચાર કરીને તેણે એક લુગડામાં તે પાંચ દાણા બાંધીને ઘરેણાંના ડબ્બામાં મૂકી રાખ્યા.

ચોથીએ પોતાની બુદ્ધિનો બરાબર ઉપયોગ કર્યો. સૌથી નાના દીકરાની વહુ છે, ઉમ્મરે નાની છે, પણ બુદ્ધિમાં સૌથી ચઢીયાતી છે. એ વિચાર કરે છે કે—'સસરાજી બહુ કુશળ છે. આવો સમારંભ યોજીને બધાની વચમાં આ પાંચ દાણા જાળવી રાખવાને માટે આપ્યા, એમાં જરૂર ઉંડો ભેદ છે. વડિલ વહુઓની પરીક્ષા કરવાને ઇચ્છતા હોય એમ લાગે છે. મારે પણ મારી બુદ્ધિ અજમાવવી જોઈએ.

આવો વિચાર કરીને, નાના દીકરાની વહુએ તે પાંચ દાણા પોતાના ભાઈને મોકલી આપ્યા અને કહેવડાવ્યું કે—'આ પાંચ દાણા આપણી જમીનમાં જે રસાળમાં રસાળ ભૂમિ હોય ત્યાં વાવજો. આ પાંચ દાણાનો જે પાક ઉતરે તે જૂદો રાખજો અને બીજા વાવેતરમાં આ પાંચ દાણાના આખાય પાકને વાવજો. એ પછી એના બધા પાકને વાવજો. એમ ફેર ફેર વાવ્યે જજો અને જ્યારે હું કહેવડાવું ત્યારે આ દાણામાંથી વધતાં વધતાં જેટલો પાક થયો હોય, તે બધો પાક મને મોકલી આપજો.

બુઢ્ઢાએ આપેલા પાંચ પાંચ દાણાઓની, ચારેય વહુઓએ, આમ પોતપોતાની બુદ્ધિ મુજબ વ્યવસ્થા કરી દીધી અને તે વખતે તો થોડા દિવસોમાં આ વાત વિસારે પડી ગઈ.

અમુક વર્ષો જવા દીધા બાદ, બુઢ્ઢાએ ફેર તેવો જ સમારંભ યોજ્યો અને કુટુંબીજનોને તથા જ્ઞાતિજનોને નિમન્ત્રણ કર્યું. ભોજન વિગેરે પતી ગયા બાદ સૌ એકત્રિત થયાં એટલે ચારેય વહુઓને બોલાવવામાં આવી અને આપેલા પાંચ દાણાઓની માગણી કરાઈ.

સૌથી નાના દીકરાની વહુ ત્યાં જ ઉભી રહી અને બાકીની ત્રણ લેવા ગઈ. બે વહુઓ, જેણે દાણા ફેંકી દીધા હતા તે અને જે ખાઈ ગઈ હતી તે, કોઠીમાંથી પાંચ પાંચ દાણાઓ લઈ આવી, જ્યારે ત્રીજી ઘરેણાંના ડબ્બામાં બાંધીને મૂકયા હતા ત્યાંથી લઈ આવી.

સૌથી મોટા દીકરાની વહુ પાસેથી અને તેનાથી નાની વહુ પાસેથી ડાંગરના પાંચ પાંચ દાણા લઈને બુઢ્ઢાએ કહ્યું કે–' આ તે દાણાઓ છે નહિ. આ તો કોઠીમાંથી કાઢેલા તાજા દાણા છે, માટે સાચે સાચું કહી દો કે–તમે પેલા પાંચ દાણાઓનું કર્યું શું?'

આખર મોટી વહુએ ફેંકી દીધાનું અને તેનાથી નાની વહુએ ચાવી ખાધાનું કબૂલ કર્યું.

ત્રીજીએ કહ્યું કે–' મેં તો બાંધીને ઘરેણાંના ડબ્બામાં જાળવીને રાખી મૂકયા હતા, તે આ રહ્યા.'

હવે બધાથી નાના છોકરાની વહુનો વારો આવ્યો. એની પાસે બુઢ્ઢાએ દાણા માગ્યા, એટલે એણે કહ્યું કે–' આપના આપેલા પાંચ દાણા હવે હાથમાં સમાય તેવા નથી રહ્યા. મેં તો મારા ભાઈને ત્યાં અનામત રાખ્યા છે. આપ ગાડાં મોકલાવો એટલે તે ભરી મોકલે.'

બુઢ્ઢાએ નાની વહુને શાબાશી આપી. પછી સૌને કહ્યું કે–' મારી પાછળ આ ઘરનો વહીવટ સુઘડપણે ચાલે–એ ઈરાદાથી ચારેય વહુઓની પરીક્ષા કરવાને માટે જ, મેં પહેલાં દરેકને ડાંગરના પાંચ પાંચ દાણાઓ આપ્યા હતા. તે દાણાઓનું દરેકે શું શું કર્યું, તે આપણે જોયું. એ ઉપરથી ચારેય વહુઓની બુદ્ધિની પરીક્ષા થઈ ગઈ છે, એટલે દરેકને હું

તેમની બુદ્ધિ મુજબનું જૂદું જૂદું કાર્ય સોંપી દઉં છું.

મોટી વહુએ પાંચ દાણા લઈને ફેંકી દીધા હતા, માટે તેને ફેંકવાનું કામ સોંપવું જોઈએ : આથી તેને હું આખાય ઘરમાંથી કચરો કાઢવાનું કામ સોંપું છું.

એનાથી નાની પાંચ દાણાઓને ખાઈ ગઈ હતી, આથી તેને હું બધાની રસોઈનું કામ સોંપું છું.

એનાથી નાનીએ પાંચ દાણા બાંધીને ઘરેણાંની જેમ ડબ્બામાં જાળવી રાખ્યા હતા, આથી તેને હું ઘરનાં ઘરેણાં વિગેરે જાળવવાનું કામ સોંપું છું.

અને સૌથી નાની વહુએ સૌથી સારી બુદ્ધિ વાપરી છે, પાંચ દાણામાંથી હજારો દાણા એણે ઉત્પન્ન કર્યા છે, કુળની કીર્તિને એ એવી જ રીતિએ વધારનારી છે, માટે તેને ઘરના વડિલપદે સ્થાપું છું.'

આ તો એક દૃષ્ટાન્ત માત્ર છે, પણ એમાંથી સમજવાનું ઘણું છે. ડાંગરના પાંચ દાણાઓ તરીકે પાંચ મહાવ્રતોને સમજવાનાં છે. એ પાંચ મહાવ્રતોને ગ્રહણ કર્યા બાદ, પેલી મોટી વહુની જેમ તેને જેઓ ફેંકી દે છે, તે આત્માઓ આ સંસારમાં રઝળે છે. મહાવ્રતોને ગ્રહણ કરીને જેઓ ચાવી ખાય છે, તેઓ પણ અધમ કોટિના આત્માઓ છે. વેષ રાખે અને વ્રતોને ચાવી ખાય : એટલે કે–બગલમાં ઓઘો અને શરીર ઉપર સાધુવેષ હોવા છતાં ગાડી આવે તો ગાડી ખપે, મોટર મળે તો મોટર ખપે, પૈસા મળે તો પૈસા ખપે, એ રીતિએ સ્વચ્છન્દી જીવન જીવનારાઓ બહુ અધમ કોટિના આત્માઓ છે. એવાઓ આ પવિત્ર વેષને અને શાસનને લજવનારાઓ છે. કોઈ તેવા પ્રકારના અશુભોદયના યોગે લીધેલાં વ્રતોનું પાલન થાય તેમ ન હોય અને વેષમાં રહીને વેષને અને શાસનને લજવનારી કાર્યવાહી ન કરવી હોય, તો એવાઓ માટે દૂરના અજાણ્યા સ્થળે જઈને વેષ મૂકવાનું શાસ્ત્રકારોએ જણાવેલું છે. વેષને અને શાસનને નહિ લજવવાની બુદ્ધિવાળાઓ એટલા પૂરતા સારા છે, પણ જેઓ વેષ રાખે છે અને વ્રત રાખતા નથી, તે છતાંય સાધુ તરીકે પોતાને ઓળખાવી સાધુતાને માટે લાંછન રૂપ

કાર્યવાહીઓ કરે છે, તેઓ તો સમાજને માટે કેવળ શ્રાપ રૂપ જ છે.

હવે બાકીના બે ઉત્તમ કોટિના ગણાય છે. જેઓ લીધેલાં વ્રતોને જાળવી રાખે છે અને એના પાલનમાં સુસ્થિત રહે છે, તેઓ ઉત્તમ આત્માઓ છે. તેમનાથી પણ ઉત્તમ આત્માઓ તે છે, કે જેઓ સ્વયં બરાબર વ્રતપાલક બની રહીને સંખ્યાબંધ આત્માઓઓને વ્રતમાર્ગે યોજી શાસનની પ્રભાવના કરે છે. સૌથી ઉંચી કક્ષા તે જ પુણ્યાત્માઓની છે. પોતે ગ્રહણ કરેલાં વ્રતોનું સુન્દર પ્રકારે પાલન કરવું અને જગતના આત્માઓને વ્રતપાલનની આવશ્યકતા સમજાવીને યોગ્ય આત્માઓને વ્રતોનું દાન કરવું, એ ચોથી–સૌથી નાની વહુના જેવું કાર્ય છે. આ વ્રતો દેવાયાં છે તે માત્ર પાળવા માટે જ દેવાયાં છે એમ નથી, પરન્તુ એનું એવું પાલન કરવું, કે જેથી આત્મા એના પ્રચારની તાકાતવાળો પણ બની જાય. પાલક અને પ્રચારક–બન્નેય ગુણો તો વિરલ આત્માઓમાં આવે છે, પરન્તુ જેઓ વ્રતપાલનમાં ધીરતા અને વીરતા બતાવે છે, તેઓ પણ ઘણી ઉત્તમ કોટિના આત્માઓ છે. નવદીક્ષિતે સમજવું જોઈએ કે–અત્યારથી તે વ્રતધારી બનેલ છે. એણે ગુરૂતા કેળવવાની છે. ગુરૂતાને કેળવવાને માટે શિષ્યભાવને કેળવવો, એ પરમ આવશ્યક છે. શિષ્યભાવને સારી રીતિએ કેળવનારાઓ જ સુગુરૂ બની શક્યા છે. શાસનના તેવા પ્રભાવક ન થવાય, તો પણ વ્રતપાલક તરીકે તો ઉંચામાં ઉંચી કક્ષાએ પહોંચવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

તીર્થયાત્રા :

પર્વતો ઉપર ઉત્તમ ઉત્તમ મંદિરોની સ્થાપના પૂર્વપુરૂષોએ કરી છે. તેમાં કેટલાંક સ્થાનો તો એવાં છે, કે જે સ્થાનોએ અનન્તાનન્ત પુરૂષોએ આત્મસાધના કરીને મુક્તિ મેળવી છે. જે સંસારી લોક આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલા છે, તે એવી ભૂમિ પર આવી, નિવૃત્તિ મેળવી, રત્નત્રયીની આરાધનાની સન્મુખ થઈ જાય, એ હેતુથી તીર્થયાત્રાનો મહિમા વિશેષ છે.

પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજા, કે જેમને ચોપ્પન વર્ષની વયે રાજ્યગાદી પ્રાપ્ત થઈ હતી અને ૭૦ વર્ષની વયે પહોંચ્યા પછી જેઓ બાર વ્રતધારી શ્રાવક બન્યા હતા, તેમણે એ વયે શ્રી સિદ્ધગિરિજીનો સંઘ કાઢવાનો નિશ્ચય કર્યો. પગે ચાલી, એક વખત ભોજન કરી, સંથારા પર શયન કરી–વિધિપૂર્વક તીર્થયાત્રા કરવાની, એટલી વૃદ્ધ વયે પણ મહારાજા કુમારપાલને ઇચ્છા થઈ: કારણ કે–એ રીતિએ યથાવિધિ યાત્રા કરીને, પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજા, પોતાની સંસારયાત્રાનો અન્ત લાવવાને ઇચ્છતા હતા.

પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાની સાથે તે ઉઘાડા પગે ચાલે છે. ખૂદ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે એક વાર જણાવ્યું કે–' રાજન્! વૃદ્ધ વય છે, પગે ચાલવું મુશ્કેલ હોય તો ઉપાનહ અથવા વાહનનો ઉપયોગ કરી શકાય છે.'

આ વખતે પરમાર્હત શ્રી કુમારપાલે પોતાની મનોભાવના ઘણી જ સુન્દર રીતિએ વ્યક્ત કર્યાનો તેમના ચરિત્ર આદિમાં ઉલ્લેખ છે.

પરમાર્હત શ્રી કુમારપાળ કહે છે કે–' ભગવન્! આજ સુધીમાં મેં બહુ ભ્રમણ કર્યું છે. અનન્તકાલથી આ સંસારમાં હું ભ્રમણ કરૂં છું. એ વાતને દૂર રાખું, તો પણ આ જીન્દગીમાંય પચીસ પચીસ વર્ષો સુધી મેં એ રીતિએ ભ્રમણ કર્યું છે કે–નહોતું ખાવાનું ઠેકાણું કે નહોતું પીવાનું ઠેકાણું! પરંતુ એ મારૂં પરિભ્રમણ નિરર્થક ગયું. હવે તો ભગવાનની આજ્ઞાનુસાર ચાલીને હું શ્રી સિદ્ધગિરિજીની યાત્રા કરીશ: કારણ કે–મારૂં આ ભ્રમણ મારા સંસારભ્રમણને ટાળનારૂં છે!'

રસ્તામાં જોઈને, કોઈ પણ જીવની વિરાધના ન થાય એનો ખ્યાલ રાખીને, વિધિપૂર્વક ચાલીને જે તીર્થયાત્રા કરે, એને એ વખતે શો શો ભાવોલ્લાસ થાય, એનું વર્ણન કરી શકાય એમ નથી. પરમાર્હત શ્રી કુમારપાળને શ્રી સિદ્ધગિરિજીએ પહોંચાડનારા માર્ગ ઉપર પણ ભક્તિ થતી હતી. માર્ગની રજ લઇને તે લલાટે લગાડતા હતા. માર્ગ ઉપર આવવાવાળાં વૃક્ષોને પણ તે હાથ જોડતા હતા. યાત્રિકોની ગરમીને

શમાવનાર હોવાથી એ વૃક્ષો પણ એમને ઉપકારી લાગતાં હતાં. શ્રી સિદ્ધગિરિજી ઉપર એમને કેટલો બધો પ્રેમ હશે? એટલો પ્રેમ આપણને પણ જો તીર્થ ઉપર થઈ જાય, તો જ કાર્યસિદ્ધિ થાય.

અપ્રશસ્ત રાગ-દ્વેષ આદિ સર્વ કષાયોને છોડીને જ તીર્થયાત્રાએ ચાલવાનું છે. સાથે ચાલવાવાળા બધા ધર્મબન્ધુઓ છે. પોતે અગવડ વેઠીને પણ બીજાને સગવડ કરી આપવાની વૃત્તિ રાખવાની છે. શક્તિ અને સામગ્રી આરાધનાના માર્ગે ગોપવ્યા વિના ખર્ચવાની છે. આમ પોતપોતાની ફરજ સમજીને બધા ચાલશે, તો આવા સંઘ રોજ રોજ નીકળે, એમ દુનિયાને થશે. દુનિયાની સઘળી અશાંતિનો અહીંથી જ હોમ થઈ જવો જોઈએ. સંઘમાં આવવાવાળાઓએ ઘર અને પેઢી સાથેનો સાંસારિક પત્રવ્યવહાર પણ છોડી દેવો જોઈએ. સંઘમાં આવવાવાળા પોરિસીથી તો ઓછું પચ્ચખ્ખાણ કરે જ નહિ, એમ કહેવામાં કાંઈ વાંધો છે? એટલુંય ન થાય? ભોજન પણ એક વખત કરવું જોઈએ. અધિક વાર ખાવાથી શરીર સારૂં રહે છે, એ પણ ભ્રાન્તિ છે. ઈન્દ્રિયનિગ્રહપૂર્વક શરીર ચાલે એ માટે સહાયભૂત ભોજન કરે, તે પોતાની તીર્થયાત્રાને અપૂર્વ બનાવી શકે. જ્ઞાનિઓએ ફરમાવેલા વિધિ અનુસાર જે કોઈ યાત્રા કરશે, તેને સારી રીતિએ અનુભવપૂર્વક માલૂમ પડશે કે-દુનિયાદારીના વ્યાપાર અને માનપાનાદિના કાર્યમાં જે સુખ નથી, તે સુખ શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞા મુજબ જીવન ગાળવામાં છે.

દરેક ગામમાં રહેવાવાળા સાધર્મિક બન્ધુઓના અને ગામે ગામનાં શ્રી જિનમંદિરોના દર્શનનો જે લાભ પગે ચાલીને યથાવિધિ યાત્રા કરનારને મળે છે, તે લાભ રેલ્વે યા મોટરમાં યાત્રાએ જનારને કદી પણ મળવાનો નથી. મળેલી લક્ષ્મીનો સદુપયોગ પણ માર્ગમાં થશે. જે સ્થાનોમાં થઈને સંઘ જાય, તે સ્થાનોમાં આવતાં શ્રી જિનમંદિરોમાં જે જિર્ણ હોય તે તેવાં ને તેવાં ન રહે. સાધર્મિકો દુઃખી હોય તો દુઃખી ન રહે. શ્રી વીતરાગપરમાત્માના શાસનને પામેલા પૈસાથી હીન હોય એ બને, પણ એ કંગાલ જેવા ગરીબ તો કદી પણ ન હોય.

બીજાઓની જેમ તે દીનતા દર્શાવનારા કે યાચના કરનારા ન હોય. પાસે લક્ષ્મી હોવા છતાં પણ જેઓ તેનો સદુપયોગ ન કરે, તે ઓછા ગરીબડા નથી. શ્રી જિનમંદિર, ધર્મસ્થાન, સાધર્મિકભક્તિ અને અનુકંપાનાં કાર્યો વિગેરે પ્રતિગ્રામ થાય, એ રીતિએ સંઘો નીકળવા જોઈએ અને એ રીતિએ સંઘો નીકળે તો ધર્મ અને શાસનની પ્રભાવના થાય. આજે એ ઉદારતા નષ્ટ થતી જાય છે. ધર્મકાર્યમાં જેમ ઉદારતા વિગેરે વધારે, તેમ તેનું પરિણામ વધારે સારૂં. ધર્મકાર્યમાં શક્તિ ગોપવવાની ન હોય. ધર્મકાર્યમાં એવો હિસાબ નહિ ગણાવો જોઈએ, કે જેથી ધર્મકાર્યનો હેતુ બર ન આવે અને આરાધના કરતાં વિરાધના વધી જવા પામે. ભગવાનને કહીએ છીએ કે–'તારી સેવામાં તન-મન-ધન બધું ખર્ચી દઈશ.' પણ કહેવા માત્રથી શું વળે? કહીએ તેનો અમલ કરવા માંડીએ તો કામ થાય. 'તારા દાસનો પણ દાસ છું'–એમ કહેવું, અને શ્રી વીતરાગ પરમાત્માના દાસ દુઃખી છે કે સુખી છે એની તપાસ પણ નહિ કરવી, એ તો માત્ર વાગાડંબર છે. એ આડંબર શ્રી વીતરાગપરમાત્માના શાસનમાં ન ચાલે. સાધન હોય અને અવસરે હાથ સંકોચાય, એ ઉદારતાની નિશાની નથી. શ્રી વીતરાગપરમાત્માના શાસનની જયભંભા એવાઓ કદી બજાવી શકે નહિ. ઉદારતાની સાથે કીર્તિના પણ તેટલા જ અનભિલાષી બનવાની જરૂર છે: કારણ કે–કીર્તિની અભિલાષા પણ પરમફળની પ્રાપ્તિમાં વિઘ્નકર જ છે!

અઢાર દેશના માલિક રાજા કુમારપાળે એટલો મોટો સંઘ કાઢ્યો હતો, એટલે તીર્થમાળા પહેરવાનો હક્ક એમનો હતો: છતાં પણ શ્રી સિદ્ધગિરિજી ઉપર આવ્યા પછી, તીર્થમાળા પહેરવાનો લાભ જેને લેવો હોય તે લઈ શકે અને એ નિમિત્તે પણ તીર્થને મોટો લાભ થાય, એ માટે તીર્થમાળાની બોલી બોલવાનો એમણે સ્વીકાર કર્યો. બોલી બોલવાની શરૂઆત રાજા અને મંત્રી વચ્ચે થઈ. ત્યાં 'હું રાજા, મારી સામે મંત્રિથી કેમ બોલાય?'–એ વિચાર જ નહોતો. ત્યાં તો બધા સાધર્મિક હતા અને જેનો ઉલ્લાસ વધે ને શક્તિ હોય, તે લાભ લઈ

શકે છે, એ ભાવના હતી.

શ્રી વાગ્ભટ્ટ મંત્રી તીર્થમાળા પહેરવાના ચાર લાખ સોનૈયા બોલ્યા, એટલે શ્રી કુમારપાળ આઠ લાખ સોનૈયા બોલ્યા: સામે જ શ્રી વાગ્ભટ્ટ મંત્રી સોળ લાખ બોલે છે, એટલે રાજા કુમારપાળ બત્રીશ લાખ બોલે છે. આ રીતિએ તીર્થમાલાનો ચઢાવો ચાલે છે અને ત્યાં બેઠેલા બધા આ સુન્દર યોગની અનુમોદના કરે છે. ત્યાં બેઠેલાઓમાં એક જગડ નામે પુણ્યાત્મા શ્રાવક પણ છે. એ શ્રાવકે એવાં જુનાં કપડાં પહેરેલાં છે કે-એની પાસે કાંઈ હોવાનું કોઈ માની શકે નહિ. તીર્થમાલાની બોલી રાજા અને મંત્રી વચ્ચે ચાલી રહી હતી, તે જ વખતે એ શ્રાવક સવા ક્રોડ સોનૈયા બોલે છે. બધા જોઈજ રહે છે. સવા ક્રોડ સોનૈયા આ આપશે કે કેમ?-એવી સ્હેજ શંકા પ્રસરી જાય છે. રાજા કુમારપાળે મંત્રિનું જરા ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કર્યો, ત્યાં તો ચીંથરામાં રત્ન સમાન એ પુણ્યાત્મા શ્રાવકે ઉભા થઈને સવા ક્રોડનું માણિક્ય રજૂ કર્યું. શ્રી ગિરનારજીમાં તેમજ પ્રભાસપાટણમાં પણ એ પુણ્યાત્મા શ્રાવકે જ સવા સવા ક્રોડ સોનૈયાથી તીર્થમાળા પહેરી. એના બાપે એને સવા સવા ક્રોડની કિંમતનાં પાંચ માણિક્યો આપ્યાં હતાં. તેમાંનાં ત્રણ તો પિતાની આજ્ઞાનુસાર એ પુણ્યાત્માએ આ રીતિએ ખર્ચી દીધાં. હવે બે રહ્યાં. તે પણ મહારાજા કુમારપાળના ચરણમાં ધરી દીધાં અને કહ્યું કે-'હું પાપી છું, આપ ઘણા પુણ્યવાન છો: હજારો જીવોને ધર્મમાં લગાડવાવાળા તમે છો, માટે આને યોગ્ય આપ જ છો.' એ જ વખતે રાજા કુમારપાળે ખજાનચીને હુકમ કરીને એક હાર શ્રી સિદ્ધગિરિજી ઉપર અને એક હાર શ્રી ગિરનારજી ઉપર એ બન્ને માણિક્યોને વચ્ચે જડાવીને મોકલી આપ્યા: તેમજ તે પુણ્યાત્મા શ્રાવકને શ્રી કુમારપાલે યથોચિત સન્માનપૂર્વક કેટલુંક ભેટણું પણ આપ્યું. આ જાતિની ઉદારતા સંઘ કાઢવાવાળામાં પણ હોવી જોઇએ અને સંઘમાં જવાવાળા પણ ઉદાર હોવા જોઇએ. જો બધા કૃપણ જ ભેગા થઈ જાય, તો તે સંઘ સંઘ મટી જાય. જેઓમાં ઉદારતા ન હોય, તેઓ ઉત્તમ પણ પ્રસંગને દીપાવી શકતા નથી.

ગામે ગામ ધર્મની સ્થાપના, નામના અને પ્રભાવના ઠીક ઠી થઈ જાય, એ માટે આવી સંઘયાત્રાઓનું જ્ઞાનિઓએ વિધાન કર્ છે. શક્તિ અનુસાર અવસરને સફળ કરી લેવો,–દેવ, ગુરૂ, ધર્મ, ધર્મિ શક્તિ મુજબ ભક્તિ કરી લેવી, તે સંઘ કાઢનારની અને સંઘમાં જનાર કેટલીક ફરજોમાંની એક ખાસ ફરજ છે. સંઘમાં આનંદ કે મોજ કર ખાતર કે શેઠ બનવા ખાતર જવાનું નથી, પણ ધર્મને સાધવા જવા છે. ઉદારતાની સાથે સદાચાર પણ જોઈએ. મારી આંખ કેવળ દે ગુરૂ–સાધર્મિક આદિના દર્શન આદિ માટે છે, પણ અપ્રશસ્ત દર્શના માટે નથી : મારા કાન શ્રી જિનવાણી આદિનું શ્રવણ કરવા આદિ માટે છે, પણ અપ્રશસ્ત શ્રવણને માટે નથી : મારી જીભ દેવ–ગુરૂ સાધર્મિક આદિના ગુણ ગાવા વિગેરેને માટે છે, પણ નિન્દાદિ અપ્રશસ્તપણે પ્રવર્તાવવાને માટે નથી : આવી રીતિએ ઈન્દ્રિયનિગ્રહપૂર્વ ધર્મસેવનનો નિશ્ચય પ્રત્યેક યાત્રિએ કરી લેવો જોઈએ. સાધુઓ પ સંઘમાં સાથે આવે છે, તે સંઘમાં આવનારને ઈંદ્રિયોનો સદુપયો કરાવવો તથા રત્નત્રયી, તત્ત્વત્રયીની આરાધના કરાવવી વિગેરે હેતુએ વાળા હોય છે. ટૂંકમાં વાત એ જ છે કે–શ્રી વીતરાગપરમાત્મા ફરમાવેલા ધર્મની આરાધનાદિ કરવાને માટે જ આ સંઘની યોજના

ઉદારતા અને સદાચારની સાથે સહનશીલતા પણ એટલી રાખવાની છે. મુશ્કેલીને ભોગવવાને માટે જ તીર્થમાં જવાનું છે. થો દિવસ–મળે તો પણ ઠીક, ન મળે તો પણ ઠીક, એનો અનુભ કરવાને માટે તીર્થયાત્રા છે. સાધુઓ રોજ અનુભવ કરે છે. શ્રી વી રાગપરમાત્માની સાધુતામાં જે સુખ છે, તે દુનિયાની ચક્રવર્તિતા પણ નથી, એનો કાંઈક અનુભવ યથાવિધિ યાત્રા કરનારાઓને થ વિના રહે નહિ. જે આત્માને સાધુતાના સુખનો અનુભવ નથી, એ કશો ખ્યાલ નથી, એને ઇંદ્રતા કે ચક્રવર્તિતામાં સુખ દેખાય એ બ પણ સાધુતાના સુખને જાણનારાને કે તેના અનુભવવાળાને ઇંદ્રતા ચક્રવર્તિતામાં સુખ દેખાય એ શક્ય જ નથી. સંઘમાં આવવાવાળા અડધા સાધુ થવું જોઈએ, કે જેથી એ સુખનો અનુભવ પણ થા

દેવ–ગુરૂ–ધર્મ–સાધર્મિકની ભક્તિ શક્તિ મુજબ કરી લેવી જોઈએ. આ બધું સહનશીલતા સાથે સદ્‌વિચારશીલતા હોય તો બને. 'શરીર ઉપરની, ધન ઉપરની મૂર્ચ્છા કેટલી ઉતારી ? ઇંદ્રિયોને કાબૂમાં કેટલી લીધી ? મનને વશ રાખવાનો કેટલો પ્રયત્ન કર્યો ? '–એ બધાનો તીર્થ-યાત્રા પૂર્ણ થયા પછી હિસાબ કાઢવો જોઇએ. સંઘપતિએ તો આવેલ સૌ કોઈ આરાધનામાં સારી રીતિએ યોજાય, તેની પણ કાળજી રાખવી જોઇએ.

વિવેકની જરૂર :

જેને–હું કોણ તેમજ મારૂં શું અને પારકું શું ?-એ સમજાઇ જાય તથા–મને મારાપણું પામવામાં શું નડતર છે ?–એય સમજાઈ જાય, પછી તેને પારકું છોડતાં અને પોતાનું સ્વીકારતાં લાંબી વાર નહિ લાગે. ધાવમાતા માલિકના બાળકને તેની મા કરતાં ય વધુ સારી રીતિએ કદાચ સાચવે, તે છતાં પણ તે માતા તો પોતાના જ બચ્ચાની છે, પણ માલિકના બચ્ચાની નથી. એ જ રીતિએ, ધર્મને પામેલો આત્મા સંસારમાં રહે તો પણ તે સંસારનો નહિ પણ ધર્મનો જ. તમને થોડા દિવસ માટે પણ ઘર અને ધંધો છોડાવીને સંઘમાં એટલા માટે જ લઈ જવાના હોય છે કે–સ્વપરનો વિવેક વિશુદ્ધ બને તેમજ પરસાધનાથી પર રહી ઉત્તમ પ્રકારે સ્વસાધના થઇ શકે. એક વખત પારકું પારકા તરીકે અને મારૂં મારા તરીકે તમને સમજાઈ જાય તેમજ તમારા યોગે બીજા પણ ઘણા આત્મા-ઓને આ નિમિત્તે એ સમજાઈ જાય, એ જ આ ધર્મપ્રવૃત્તિની મોટામાં મોટી સફલતા છે.

'તીર્થ એટલે આત્મા'--એ વાત તો છેવટની છે. જેમ 'सोऽहं' એટલે 'તે હું.' તે એટલે પરમાત્મા અને હું. હું સ્વયં પરમાત્મા છું, પણ તે ક્યારે ? બહિરાત્મદશા જાય, અંતરાત્મદશા પ્રગટે અને પરિણામે પરમાત્મદશા પ્રાપ્ત થાય ત્યારે ! આત્મા જ પરમાત્મા છે–

એમાં ના નહિ, પણ વર્તમાનમાં તો તે બહિરાત્મા અગર અંતરાત્મા છે ને ? એટલે વર્તમાનમાં અંતરાત્મા કે બહિરાત્મા એ પરમાત્મા નથી, પણ પરમાત્મા થવા માટે પ્રયત્ન કરવાનો છે. તે જ રીતિએ, આત્મા જ્યારે પોતાના સ્વરૂપને પ્રકાશિત કરે, ત્યારે આત્મા એટલે તીર્થ છે. ત્યાં સુધી તીર્થ રૂપ સાધનોને છોડી દે તો તે એમ ને એમ જ ભટકતો રહે. યોગ્ય રૂપમાં સ્વસ્વરૂપ પ્રકાશિત થાય તે પહેલાંથી આત્માને તીર્થ માની લેવો, એ હાથે કરીને અજ્ઞાની બનવા બરાબર છે. એ રીતિએ 'સોऽहं'માં તે અને હું એમ બે પદો છે: તે બેનો ભેદ સમજવો જ જોઇએ. તે એટલે પરમાત્મા અને હું એટલે કાં તો બહિરાત્મા, કાં તો અંતરાત્મા. આટલો ભેદ સમજાઇ જાય, તો જ 'સોऽहं'નો જાપ ફળે. તે એટલે પરમાત્મા, શુદ્ધાત્મા, સૌથી ઉંચામાં ઉંચી કોટિનો આત્મા. વીતરાગ કહેવાય, વીતદ્વેષ કહેવાય, મુક્ત કહેવાય, બુદ્ધ કહેવાય, નિરંજન કહેવાય, નિરાકાર કહેવાય. જેને રૂપ-રસ-ગંધ-સ્પર્શ નહિ એને આકાર હોતો નથી. નિરંજન એટલે મળ વિનાના.

દરેક આત્મા જો શુદ્ધ થાય તો પરમાત્મા થઈ શકે છે. આપણે ત્યાં એવો ઠેકો નથી કે-એક જ આત્મા પરમાત્મા થઇ શકે. સોऽहंનો જાપ કરનારા ડાહ્યા હોય તો એકલો જાપ કરનારા જ ન બને, પરન્તુ પ્રયત્ન કરનારા પણ બને. 'હું તો પરમાત્મા જ છું. એને વળી મંદિરે જવું, સાધુ પાસે જાવું, તીર્થે જાવું, હાથ જોડવા, આ બધું શા માટે ? એ બધા આડંબર એને ન જોઈએ.'-આવું કહેનારા 'સોऽहं'ને સમજ્યા જ નથી. સૌથી મહાન મનાવવાના કોડ 'સોऽहं'થી પતી જતા હોય, તો એવાઓને બાહ્ય ક્રિયાઓની જરૂર જ શી છે ? આવા માણસોએ પાગલ દુનિયાને મુંઝવી છે, કારણ કે-દુનિયા અર્થ-કામની લોલુપ છે. એણે એમ માન્યું છે કે-આવાઓના વચનથી સ્વાર્થની સિદ્ધિ થાય છે. 'સોऽहं' 'સોऽहं' બોલનારા દુનિયાની બધી અનુકૂળતાને ભોગવવાની ઇચ્છા રાખે છે, એ જ એમ બતાવે છે કે-એમનામાં વાસ્તવિક બંધનોથી છૂટવાની તમન્ના જ નથી. અજ્ઞાન

જીવો, ભદ્રિક લોકો આવી ભ્રમણામાં ન ફસાય, એ માટે જ અહીં એવાઓના સ્વરૂપનું દર્શન કરાવવાનો આપણો પ્રયત્ન છે. જ્યાં સુધી આત્મા 'હું'ની કોટિમાંથી છૂટીને 'તે' થઈ શકે તેવી સાધનસંપન્ન દશાને ન પામે, ત્યાં સુધી તેને તીર્થસ્વરૂપ માની લેવાનો નથી. 'સોડ'' જાપ જપનારો 'તે' નથી, પણ 'હું' છે એ વાત તો નિશ્ચિત છે. તે હોય તો 'સોઽહં' જપે નહિ અને 'સોઽહં' જપે તે 'તે' હોય નહિ. નોકરી કરે એ શેઠ નહિ અને શેઠ હોય તે નોકરી કરે નહિ. હું એવી બુદ્ધિ જેને શરીરમાં હોય તે બહિરાત્મા અને આત્મામાં હોય તે અંતરાત્મા.

સ૦ ફરી સમજાવો.

'હું'નો આરોપ શરીરમાં જે કરતો હોય, તે બહિરાત્મા અને હુંનો આરોપ શરીર સિવાય શરીરમાં રહેલા આત્મામાં જે કરે તે, અંતરાત્મા. 'હું'–બુદ્ધિથી શરીરને ગ્રહણ કરે તે બધા બહિરાત્મા અને આત્માને ગ્રહણ કરે તે અંતરાત્મા. હું કહેવાથી શરીર એવું લાગે તો માની લેવું કે-હજુ આપણે બહિરાત્મા છીએ અને આત્મા એવું લાગે તો સમજવું કે–અંતરાત્મા છીએ. 'હુ' કહેવાથી જે શરીરને ગ્રહણ કરતો હોય, એની પ્રવૃત્તિ પૌદ્ગલિક પદાર્થો માટે હોય અને હું કહેવાથી જે આત્માને ગ્રહણ કરતો હોય એની દશા પૌદ્ગલિક પદાર્થો તરફ વિરક્તભાવવાળી હોય. જેનામાં પૌદ્ગલિક યોગને ટાળવાની વૃત્તિ નથી, તેને અન્તરાત્મા કહેવાય જ નહિ. હું અન્તરાત્મદશાને ભોગવું છું, એમ મોઢે કહેવું એ જૂદી વાત છે: અન્તરાત્મપણાનો દેખાવ કરવો એ જૂદી વાત છે: અને અન્તરાત્મદશામાં રમનારા બનવું એ જૂદી વાત છે. સોઽહંના નામે ઠગનારા પણ હોય, માટે જોવું કે–'હું'ને 'તે' બનાવવાનો તેવો જાપ કરનારનો પ્રયત્ન છે કે નહિ ?

એક દૃષ્ટાંત આપું. એક જ્ઞાનયોગી હતો. એના હજારો ભક્તો બન્યા હતા: છતાં દુનિયામાં પણ આત્મલક્ષી માણસો હોય છે અને તે દંભી જ્ઞાનિઓને પકડયા શિવાય રહે નહિ. એવો એક એનો ભક્ત બન્યો.

એ ભક્તે અવસર મેળવીને એના ઘરને પાવન કરવાની પેલા જ્ઞાનયોગિને વિનંતિ કરી.

મહાત્મા તૈયાર જ હતા. ગયા એને ઘેરે. આવ્યા એટલે ગરમ પાણીથી સ્નાન કરવાને કહ્યું.

મહાત્મા કહે છે કે–' જ્ઞાનગંગામાં હંમેશ સ્નાન ચાલુ છે. તેને આ બાહ્યસ્નાનની શી આવશ્યકતા છે ?'

ભોજન કરવા બેસાડયા. સારામાં સારી સામગ્રીઓ પીરસી. ક્રમસર અધિક અધિક સારી વસ્તુઓ મૂકતો ગયો. સારી આવે એ વધારે ખવાય. જ્યારે તે જ્ઞાનયોગી કાંઈ ખાઈ શકે એવો ન રહ્યો, ત્યારે ગરમાગરમ ચણાના આટાનાં ભજીયાં આપ્યાં. જ્ઞાનયોગિએ એ જેમ–તેમ કરીને પણ ખાધાં.

હવે પાણી પીવાની જગ્યા પણ ન રહી. ઉઠવાની પણ તાકાત ન રહી. હાથ પકડીને ઉઠાડી પલંગમાં સુવાડયા. પગચંપી કરવા લાગ્યો. આંખ ઘેરાણી અને છેવટ મીંચાણી.

પેલા જ્ઞાનયોગિએ ઘોરવા માંડયું એટલે પેલો ભક્ત પણ ત્યાંથી ઉઠી, ઓરડા બહાર નીકળી, બારણું બહારથી બંધ કરીને બહાર બેઠો.

જ્ઞાનયોગિને તૃષા લાગી, આંખ ખૂલી, પાણીનું કમંડલું જૂએ છે પણ હાથમાં આવ્યું નહિ. ભક્તને બૂમ મારવા લાગ્યો, ભક્ત તો બહાર નિરાંતે બેઠો છે. બોલતો જ નથી.

પેલો જ્ઞાનયોગી જેમ જેમ વધારે બૂમો મારે છે, તેમ તેમ તેની તૃષા વધતી જાય છે. છેવટ એને ગભરામણ થવા માંડી અને એથી તે રોતા સ્વરે બૂમ પાડવા લાગ્યો.

હવે પેલો ભક્ત પૂછે છે કે–' શું છે ?'

જ્ઞાનયોગી કહે છે કે–' બેવકૂફ ! આટલો વખત તૂં કયાં ગયો હતો ? પાણી વિના કયારનુંય ગળું સૂકાઈ જાય છે તે જોતો નથી ?'

ભક્ત કહે છે કે–' બાવાજી ! જ્ઞાનગંગામાં તૃષા છીપાવી લ્યો.'

બાવાજી કહે છે કે–' મૂર્ખા ! એ જ્ઞાનગંગા બીજી.'

આ ભક્ત પણ કહે છે કે–' બાવાજી ! હવે પાણી આપે એ

પણ બીજા. કેવળ જ્ઞાનથી મુક્તિ નથી થતી, પણ જ્ઞાનને પામીને કરવા યોગ્ય સઘળી ક્રિયા કરવાથી જ મુક્તિ મળે છે, એ વાત કબૂલ કરો તો જ પાણી આપું.'

વાત એ છે કે—આવા જ્ઞાનયોગી બની બેઠેલાઓ પોતે પણ ડૂબે છે અને બીજાઓને પણ ડૂબાવે છે. બહારની કોઈ પણ વસ્તુ આકર્ષણ ન કરે તો જ અંતરાત્મા, બાકી બધા બહિરાત્મા. બહિરાત્મદશાને સાધક પ્રવૃત્તિ છોડે નહિ અને કેવળ મોંઢેથી જ 'હું અંતરાત્મા છું—હું અંતરાત્મા છું'—એમ બોલ્યા કરે, એ કોઈ કાળે પણ પરમાત્મા થયો નથી, થતો નથી અને થવાનો નથી.

એ જ રીતિએ—આત્મા તીર્થ ત્યારે, કે જ્યારે તે સ્વસ્વરૂપનો જ્ઞાનિઓએ જણાવ્યા મુજબ અનુગામી બને. 'આત્મા જ તીર્થ છે'—એમ માનીને ઘેર બેસી રહેવું, બાહ્ય પ્રવૃતિઓ કર્યે જવી અને આત્મ-સ્વભાવની પ્રકાશક ક્રિયાઓ કરવી નહિ, એથી કામ ચાલે? સારી વસ્તુ પણ જેને જ્ઞાન નહિ આપે, એને મિથ્યાભાવમાં ડુબાવનારી વસ્તુ જ્ઞાન આપશે? 'ચંડકોશિયો ભગવાનને ડસવા છતાં જ્ઞાની બન્યો'—એવા દાખલા લઇને ભગવાનને બચકાં ભરવાની વાત કરનારા બેવકૂફ છે. ચંડકોશિયો એટલે એક કાળે સારામાં સારો મુનિ: શ્રી વીતરાગના શાસનનો જાણુ બનેલો. કોઇક દુષ્કર્મે કષાયને એ આધીન થઇ ગયો અને મરીને પરંપરાએ મહાક્રોધી દષ્ટિવિષ સર્પ થયો. જે જંગલમાં એ ઉત્પન્ન થયો, એ જંગલ પણ એના કોપથી વેરાન બની ગયું. એ વખતે ભગવાન શ્રી મહાવીર, ચાર જ્ઞાનના ધણી, સર્પનું હિત પણ જેમની દષ્ટિમાં જ હતું, તે છદ્મસ્થપણામાં હતા. વિહાર કરતા કરતા એ ત્યાં અટવીમાં આવ્યા છે. પેલો સર્પ રહે છે તે બીલની પાસેના ભાગમાં જઇને ધ્યાનમાં ઉભા છે. આદમી જોઇને એ સર્પનો પીત્તો ફાટયો. સૂર્ય સામું જોઇને જ્વાલા ફેંકી. એક વાર, બે વાર, ત્રણ વાર ફેંકી. કાંઈ વળ્યું નહિ એટલે પગના અંગુઠામાં દંશ દીધો. શ્રી અરિહંતદેવના શરીરમાં રૂધિર દૂધ જેવું ધોળું હોય છે. એવું શ્રી અરિહંતદેવના શરીર માટે જ હોય. બીજાને ન હોય. રૂધિરને

ઘોળું જોતાં જ તે દૃષ્ટિવિષ સર્પ વિચારમાં પડી ગયો. વિચારમાં ને વિચારમાં એને જાતિસ્મરણજ્ઞાન થઈ ગયું. એ પ્રતિજ્ઞા કરે છે કે–ચાહે તેટલો ઉપસર્ગ આવે તે સહન કરવો પણ કોઈને દુઃખ નહિ દેવું. બીલમાં મોં નાખીને રહ્યો. પછી તો લોકો એને નમસ્કાર કરવા લાગ્યા અને એનો મહિમા ગવાવા લાગ્યો. જાણે નાગપૂજા શરૂ થઇ. કેટલાકોએ ઘી છાંટયું. ઘીના લીધે કીડીઓ એકઠી થઈ અને તે સર્પના શરીરને સુમાર વિનાની કીડીઓ મહાવેદના ઉપજાવવા લાગી. પંદર દિવસ સુધી મહા તકલીફ ભોગવી, મરીને એ દેવલોકે ગયો. વિચારો કે–ચંડકોશિયો પામ્યો તે ભગવાનને દંશ દેવાથી કે વિવેક પ્રગટવાથી ? માટે સમજો કે–વસ્તુને જાણવી નહિ, વિચારવી નહિ અને ગમે તેમ પકડીને યથેચ્છ પ્રવૃત્તિ કરવી, એ તો આપણે હાથે જ આપણો નાશ કરવાનો ધંધો છે.

દાનમાં ઉદારતા જોઇએ :

દાન, એ લક્ષ્મીની કિંમત ઘટાડનાર છે. સાચા દાતાર જેમ જેમ દાન કરે, તેમ તેમ લેનારના હૈયામાં પણ લક્ષ્મીની કિંમત ઘટતી આવે. લક્ષ્મીની મમતા વધતી જાય, એ દાન નથી. ઉદારતા વિનાના દાતાર, એ દાન દેવામાં પણ મોહની આજ્ઞાનું પાલન કરે છે. ઉદારતાવાળા દાન નહિ દઈ શકવા છતાં પણ ધર્મની આજ્ઞાનું પાલન કરનારા હોઇ શકે છે. 'બહિર્દશામાં રહેલા આત્મા જેટલું સારૂં કરે એ બધોએ પ્રાયઃ મોહનો નાચ છે.'–એ સમજવાને માટે એક દાનનું જ દૃષ્ટાન્ત સમજો.

ઉદારતા વિનાના દાતારનું દાન લક્ષ્મીની મમતા વધારનારૂં છે. દાન ગુણને જ્ઞાનિઓએ ધર્મ એટલા માટે ય કહ્યો છે કે–એ જગતના તુચ્છ પદાર્થોની કિંમત ઓછી કરતો જાય. અંતરદશા ભોગવનારનું દાન જ તુચ્છ પદાર્થોની કિંમત ઘટાડે. આજના ઘણાખરા દાતાઓને લક્ષ્મી જેટલી વહાલી છે, તેટલું દાન વહાલું નથી. અવસરે લક્ષ્મીને

સંગ્રહે અને દાનને લાત મારે. જે દાતા દુનિયાની જે વસ્તુનું દાન દે, તેને મન તે વસ્તુની સારપણા રૂપ કિંમત ન હોવી જોઈએ. કૃપણના દાનથી લેનારને એમ લાગે છે કે–' દાન સારૂં હશે, પણ લક્ષ્મી કરતાં ઓછું !' જ્યારે સાચા દાતારો મહાલોભી યાચકોને પણ સંતોષી બનાવનારા હોય છે.

કૃપણને ઘેર જમવા આવનારાઓને ભૂખ બમણી લાગે છે ? ના, ભૂખ બમણી લાગતી નથી : પેટ તો એનું એ હોય છે : પણ સામો કૃપણ છે એ વિચાર જમવા આવનારના હૃદયમાં અધીરતા પેદા કરી દે છે અને એથી એક વાર આવેલી ચીજ ફરી આવશે કે નહિ એવી શંકાથી જોઈએ તેથી વધારે લેવાની જ વૃત્તિ રહે છે. કૃપણને બમણો વરો એટલા માટે કહેવાય છે. ધરાયેલા પણ ત્યાં ભૂખ્યા હોય તેવા થઈ જાય છે. જનાવરો તળાવમાં પાણી ઓછું પીએ છે અને ડોલોમાં રહેલું પાણી અધિક પીએ છે : કારણ કે–તળાવમાં એ જૂએ છે કે–મારે જોઈએ એથી અધિક છે તેથી એની ઇચ્છા શમી જાય છે. દુનિયાની અસાર વસ્તુઓનું દાન કરતાં, પોતે જે વસ્તુનું દાન કરે છે એની કિંમત જેને અધિક હોય છે, તે ધર્મની પ્રભાવના કદી કરી શકતો નથી. દાન દેવા લાયક દુન્યવી વસ્તુની કિંમત વધવાથી જ લોકમાં અધિક ભૂખમરો પેદા થાય છે.

દાન દાનની રીતિએ દેવાય તો દેનારનો આત્મા મહાન બને તેમાં નવાઈ નથી, પણ લેનારના આત્મામાંય એ વસ્તુ મોહને વધારનારી નિવડવાને બદલે મોહને ઘટાડનારી નિવડે છે. દાન દેવાથી ઓછપ થાય એ વાત હૃદયમાં બીલ્કુલ લાવવા જેવી નથી. શક્તિ હોય તો દાન દેતાં પૂંઠ વાળી જોતા નહિ, એવું કહેવામાં આવે, તો પણ એ શબ્દો તમારા અંતર સુધી પહોંચતા નથી : કારણ કે-મૂર્ચ્છાનો નાશ કરવો છે, મૂર્ચ્છાને કાપવી છે એ વાત હજુ હૈયામાં જચી જ નથી. એથી જ કેટલીક વાર તો એવું પરિણામ પણ આવે છે કે–દાન દીધા પછી એનો પશ્ચાત્તાપ થાય છે, પછી એને ધર્મ ઉપર તિરસ્કાર આવે છે, પણ એવાએ વસ્તુતઃ ધર્મ કર્યો જ છે કયે દિવસે ? ઉલ્ટો

ધર્મ જે રીતિએ કરવો જોઈએ તે રીતિએ નહિ કરવાથી ધર્મને વગોવ્યો છે. સાચી ધર્મવૃત્તિથી દાન દેનારની, પૂર્વનું પાપ ઉદયમાં આવતાં કદાચ ખરાબ સ્થિતિય આવી જાય, તોય તે આત્માને પશ્ચાત્તાપ થતો નથી. એ તો માને છે કે-જંજાળ ગઈ, મોહને વધવાનું કારણ ગયું. દાન દ્વારા પણ સાધવું શું હતું? મૂર્ચ્છારહિતપણું! અને એ તો ખરાબ સ્થિતિમાં પણ આત્મા ધારે તો સાધી શકે. દાન દાન રૂપે થતું નથી, માટે જ આજે ધર્મની જેવી જોઇએ તેવી પ્રભાવના થઈ શકતી નથી અને દાન કરનારાઓ પણ દાનના યોગે જે લાભ મળવો જોઈએ તેનાથી વંચિત રહી જાય છે.

જેટલા અંતરાત્મા એ મોહને ઠગનારા. જેટલા બહિરાત્મા તેટલા મોહથી ઠગાનારા. ભાવદયાનો એ ગુણ છે કે-ગમે તેવા પાપી ઉપર પણ તેને દયા રહે. બહિરાત્મા બહિર્દષ્ટિ મટે, એ દયા ભાવદયાવાળામાં સદા જીવતી જ રહે છે. બહિર્દષ્ટિઓમાં આંતરદષ્ટિઓનાં ડિંડિમ વગાડયે જવાં, એ ભાવદયાવાનનું કાર્ય છે.

આજે કરવા છતાં ઘણું ધોવાઈ જાય છે, એનાં કેટલાંક કારણોમાંનું એક કારણ, જે રીતિએ ક્રિયા કરવી જોઇએ તે રીતિએ થતી નથી, એ પણ છે. આત્મા બહિર્દષ્ટિ હોય ત્યાં સુધી થતો ધર્મ એ વસ્તુતઃ ધર્મ નથી, પણ મોહનો એક પ્રકારનો નાચ છે એમ કહી શકાય. એને ધર્મ તરીકે મનાવનારા ગુરૂ નથી પણ ગોર છે. ગોર એટલે સ્વાર્થી અને ગુરૂ એટલે નિસ્વાર્થી. દાનની કેવળ દેખીતી ક્રિયાથી જ આનંદ પામી જઈએ તો અમે ગુરૂ તરીકે ન ટકી શકીએ. ગુરૂ તો કહે કે-' દીધું એ વધારે ગમ્યું કે લક્ષ્મી છે એ વધારે ગમ્યું? એની પરીક્ષા કર : પછી ધર્મનું માપ કાઢ!' આજના દાતારને દાન ગમે છે કે લક્ષ્મી? જેને લક્ષ્મી ગમે એનું દાન દાન ભલે કહેવાતું હોય, પણ ઉદારતા ન કહેવાય : સખાવત કહેવાય.

ઉદારતા એ આત્માનો ગુણ છે : સખાવત એ દુનિયાદારીની વસ્તુ છે. સખાવત વખતે આત્મા પૌદ્ગલિક ભાવોને અનુભવે છે. સખાવત કરનારમાં દુનિયામાં આગળ આવવાથી વૃત્તિ પ્રધાનપદ ભોગવે

છે. સખાવતી માણસ પોતાની ચાલમાં સંસાર વધારી રહ્યો છે. સંસારને સાચવવાની તીવ્ર ભાવનામાંથી જન્મેલો ગુણ, એનું નામ સખાવત. એ મોહનો મહા નાચ છે. જ્યાં સુધી આ વાત તમને ગળે નહિ ઉતરે, હૈયામાં નહિ ચોંટે, ત્યાં સુધી સખાવતવૃત્તિ જવાની નથી અને ઉદારવૃત્તિ આવવાની નથી. સખાવત ભૂંડી: ઉદારતા સારી. સખાવત એ મોહનો નાચ અને ઉદારતા એ ધર્મનો નાચ.

શ્રી શાલિભદ્રજીના જીવે કરેલું દાન વિચારવા જેવું છે. મા મજુરી કરી કરીને બાળકનું પેટ ભરે છે. બાપ છે નહિ અને પેટ ભરવાની પણ મુશ્કેલી છે. એના ઘરની આજુબાજુ સામાન્ય રીતિએ સુખી ગણાતાઓ વસે છે. મા યાચના નહિ કરતાં મજુરી કરીને બન્નેનું ગુજરાન ચલાવે છે.

એક વાર તહેવારના દિવસે પાડોશીઓને ઘેર ખીર જોઈને, શ્રી શાલિભદ્રજીના જીવને ખીર ખાવાનું મન થાય છે. મા પાસે એ ખીરની માગણી કરે છે.

ખીર કરવાજોગી પણ ઘરમાં સામગ્રી નથી. મા મુંઝાય છે અને છોકરો હઠે ચઢે છે. મા દીકરાનું રોવું જોઈ શકતી નથી. દીકરાની ખીર ખાવાની ઇચ્છાને પણ પૂરી શકાતી નથી, એથી માને બહુ દુઃખ થાય છે. ઘરમાં મા અને દીકરો બેય રડવા માંડે છે. દીકરો ખીર માટે રડે છે અને મા ખીર આપી શકતી નથી માટે રડે છે.

બેયને રડતાં સાંભળીને આજુબાજુ વસતા પાડોશીઓની સ્ત્રીઓ ઘરમાંથી નીકળી એની પાસે આવી. બધી ભેગી થઈને પૂછે છે કે— 'શા માટે રડે છે? દુઃખ હોય તે કહે.' મા સાચી હકીકત કહી દે છે. 'છોકરો ખીર માગે છે અને એ આપવાની તેવડ મારામાં નથી: ઘરમાં એટલી સામગ્રી છે નહિ!'

એક બાઈ બધી સામગ્રી લાવવા તૈયાર થાય છે, પણ બીજી બાઈઓ કહે છે કે—એમ નહિ. બધાં કાંઈક કાંઈક લાવીએ. કોઈ ચોખા લઈ આવી, કોઈ દૂધ લઈ આવી, કોઈ સાકર લઈ આવી, કોઈ એલચી લઈ આવી.

'માણુસ દુઃખી થાય એના કરતાં દૂધ-સાકર કિંમતી છે?'– એ મનોવૃત્તિ તે વખતના લોકોની હતી. આજના પાડોશીઓની વાત કરવા જેવી છે? દિવસે દિવસે ક્ષુદ્રતા બહુ વધતી જાય છે. પૂર્વકાળમાં પાડોશી પ્રત્યે જે મીઠાશ-ભાવ રહેતો, તે હવે નાશ પામતો જાય છે: કારણ કે-ઉદારતા ભૂલાઈ છે. ઉદારતામાં એ સ્વભાવ છે કે-દુર્ગુણ કાઢે અને સદ્‌ગુણ આણે. ઉદારતા એ ગુણ અને સખાવત એ દોષ.

માએ ખીર તૈયાર કરી. છોકરો પણ ખૂશ થયો. એક થાળીમાં કાઢીને મા કારણસર બહાર ગઈ. આ રીતિએ તૈયાર થયેલી અને મહા મુશ્કેલીએ મળેલી ખીર આજ તો બાળક ખાઈ જાય કે કોઈને આપે?

ગુણ કયા આત્મામાં અને કયારે આવે, એનો અહીં વિચાર કરવાનો છે.

એક મહાત્મા તે વખતે તેના ઘેર ભિક્ષાએ આવે છે. છોકરો વિચાર કરે છે કે-આ મહાત્મા છે, રંકનું ઘર છે, મારે ઘેર ખીર ક્યાંથી હોય? અને ખીર હોય એ ઘડી મહાત્મા ક્યાંથી આવે? અને મહાત્મા આવે ત્યારે દેવાની ઇચ્છા કયાંથી થાય?

ભાગ્યશાળી હતો તેથી ખીર ખાવાનું ભૂલી ગયો, એકદમ ઉઠયો, મુનિની પાસે ગયો, પગમાં પડયો અને કહે છે કે-'આપને ઘણા છે. મારે એક જ છો. બીજા સુખી છે, હું ગરીબ છું. બીજાને ત્યાં રોજ હશે, મારે ત્યાં આજે જ છે. પધારો અને પાવન કરો.'

આજના ભણેલા આની આગળ બોઠ છે. ચાનો પ્યાલો એકલા જ પીએ. પ્રાયઃ પાય એને જ પાય. આ અભણ છે. વાણીયો નથી પણ રબારી છે.

ગુણ એ જૂદી ચીજ છે. બાહ્ય વસ્તુની કિંમત ઓછી લાગી, એટલી અંતરદશા આવી છે.

એને ખબર નથી કે-ઘરમાં બીજી ખીર છે. પોતાની થાળીમાં જેટલી ખીર છે તેટલી જ છે, એમ જાણે છે. વિચારવા જેવી વાત છે. સાચી અંતરદશા જન્મ્યા વિના-મહા મુશીબતે ભાગ્યમાં આવેલું, તીવ્ર લાલસાપૂર્વક ખાવા લીધેલું અને બીજું છે નહિ એવો ખ્યાલ

હોવા છતાં સઘળું આપવાની વૃત્તિ ક્યાંથી આવે? આ ગુણ એક જગ્યાએ જોઈએ છે? બધે આ ગુણની જરૂર છે.

આખી થાળી ઉંધી વાળે છે. મુનિ ના કહેતા રહ્યા અને પાત્ર ભરી દીધું. એને એમ થઈ ગયું કે—મારે ઘેર ખીર ક્યાંથી? એમાં આ મહાત્મા ક્યાંથી? એમાં પણ આપવાની ઇચ્છા ક્યાંથી? આ ત્રણેનો યોગ બહુ દુર્લભ છે, માટે બધી દઈ દીધી.

શ્રી શાલિભદ્રજીની ઋદ્ધિ એ આ ખીરના પૈસા નહોતા, પણ આંતરિક પરિણામના યોગે થયેલો શુભ પુદ્ગલોનો જે યોગ—એનો એ વિપાક હતો. જ્ઞાનિઓને મન તો એ વિપાકની કિંમત પણ તુચ્છ છે.

શ્રી શાલિભદ્રજીનું આ દાન ઉદારતામાંથી જન્મ્યું હતું. આખી થાળી ઉંધી વાળ્યા પછી એને એમ થયું કે—'સાચું ભોજન આજ થયું. પેલું ભોજન કચરો થાત, આ ભોજન અમૃત થયું.'

મુનિ ગયા પછી બેઠો બેઠો થાળી ચાટે છે. મા આવી પૂછે છે કે—'ભાઇ! બધી ખાઇ ગયો?' એટલે આ માની સામું જોઈને હસે છે પણ બોલતો નથી.

એની જીભ લાંબી નહોતી, કારણ કે—એનો સંસાર લાંબો નહોતો. આજે તો દાન આપ્યા પછી જીભ લાંબી થાય છે. જીવોના એ લાંબા સંસારને સૂચવે છે. સુકૃત કર્યા પછી જીભ નાની કરવી જોઈએ.

માએ પૂછ્યું કે—'તું બધું ખાઇ ગયો?' છોકરો હસે છે. એમ નથી કહેતો કે—'સાધુ આવ્યા હતા. મેં દઇ દીધું. દાન કર્યું.' એના હૃદયમાં આનંદ માતો નથી અને આપી દીધાનું માને કહેવું નથી એટલે એ બોલી શકતો નથી. માત્ર હસે છે.

માએ માન્યું કે—ખાઈ ગયો હશે. બીજી આપી. એણે ખાધી. અજીર્ણ થયું. રાત્રે અજીર્ણ વધવાથી રોગ વધ્યો.

'ખીર, મુનિ અને દેવાના ભાવ'—એ ત્રણેને યાદ કરતો કરતો એ મરણ પામ્યો. મરીને શ્રી શાલિભદ્ર થયો.

એને મન ખીર કિંમતી નહોતી પણ દાન કિંમતી હતું. આજે તમને કિંમત શાની છે? દાનની કે દાનમાં આપી દેવા લાયક વસ્તુની?

દાન કરતાં લક્ષ્મીની કિંમત જ્યાં સુધી અધિક છે, ત્યાં સુધી શ્રી શાલિભદ્રજી થવા જોગી લાયકાત આવવી નથી. આજની દશા જૂદી છે.

જેનામાં ઉદારતા નથી, એ શ્રી શાલિભદ્રજીના જીવે કરેલા દાનની ઉત્તમતાને નહિ સમજી શકે. એવાને થશે કે–સાધુઓને તે દઈ દેવાય? આજે કેટલાકો સુસાધુઓને સમાજના બોજારૂપ માનતા થઈ ગયા છે અને એવો પ્રચાર પણ ધમધોકાર ચાલી રહ્યો છે. સાધુ સમાજનો બોજો નથી. સાધુ સમાજનો શણગાર છે. જે દિ' સાધુ નહિ હોય તે દિ' આ દેશમાં ધર્મ નહિ હોય. તીર્થની હયાતિ સુધી સાધુઓ રહેવાના જ છે. આ તો આર્યદેશ છે. સંખ્યાબંધ મહાપુરૂષોની આ જન્મભૂમિ છે. આ દેશમાં સુસાધુઓ વિચરે છે, એ જ આ દેશની મોટામાં મોટી ઉત્તમતા છે. આ દેશમાં તમે ઇચ્છો કે ન ઇચ્છો પણ સાધુનાં દર્શન થવાનાં. દેશ જ એવો છે. એ દેશમાં સાધુને શણગાર માનો, એમાં જ તમારૂં ભૂષણ અને કલ્યાણ છે.

બેકારી આવી સાધુના પાપે? નહિ જ, છતાં એવું કહેનારા આજે આ દેશમાં નીકળ્યા છે. ખરી વાત તો એ છે કે–આજે બેકારી કરતાં પણ બકવાદ વધારે છે. જે દેશમાં બેકારી વધારે હોય તે દેશમાં આટલા સીનેમા, આટલી હોટેલો, આટલી મોટરો, આટલી રેલ્વેઓ ટકે શી રીતિએ? કહે છે કે–ચા વિના સુસ્તી કોણ ઉડાડે? તેજ કોણ લાવે? ઝાડો કોણ ઉતારે? ચાર આનાના મજુરને પણ ચા જોઇએ. પંદરના પગારદારને સીગારેટ જોઇએ. પંદરનો પગારદાર કહે છે કે–' પગાર પંદરનો છે, પણ પાકું છું ત્રીસ અને ઇચ્છા છે પીસ્તાલીશની. ' પચીસની વચ્ચે એમ બોલે અને બધા કહે–' હુંશીયાર. ' માબાપ પણ એને હુંશીયાર કહે. બેકારી આદિની બૂમો દુર્વ્યસનોમાંથી જન્મે છે. એમનો ઘોંઘાટ કોઈ બંગલાઓ બાંધે ત્યાં ચાલતો નથી. એમણે જોયું કે–નિંદાનું સાધન આજે ધર્મ જ ઠીક છે. કહે છે કે–શું કામ છે આ દેવમંદિરોનું? એવાઓને કહેવું જોઇએ કે–શું કામ છે તમારા જેવા પાપિઓનું?

દેવમંદિરોથી નુકશાન કેટલું થયું અને એવાઓના યોગે નુક-

શાન કેટલું થયું? કોઇ એમ પૂરવાર કરી શકે છે કે–'દેવમંદિરોથી અધિક નુકશાન થયું છે?' નહિ જ. દેવમંદિરોથી જનતાને લાભ જ થયો છે. અયોગ્ય આત્માઓને ગેરલાભ થયો હોય તે બને, પણ અયોગ્યને કયી સારી વસ્તુથી ગેરલાભ નથી થતો? દેવમંદિર તરફ આંખો બગાડવી, એ ભવાન્તરમાં અંધાપો લાવવા જેવું છે. દેવમંદિર તો શાંતિ આપે છે. પાપને પાપ તરીકે અને પુણ્યને પુણ્ય તરીકે યાદ કરાવનારૂં ધામ એ છે. લોભીયાના પણ લોભને એ છોડાવનાર છે. જ્યાં સુધી બહિર્દશા મટે નહિ, અંતર્દશા આવે નહિ, ત્યાં સુધી આ વાત હૈયે બેસે નહિ: 'મંદિરો તીર્થ છે, સાધુઓ તીર્થ છે.'–એમ પછી અમારે કહેવું નહિ પડે: કારણ કે–જ્યાં તમને માલૂમ પડી જાય કે–'આનાથી લાભ મળે અને સાચો લાભ જ એ છે.'–ત્યાં તમે એની પૂંઠે લાગ્યા વિના રહેવાના નથી.

પેલો પુણ્યાત્મા હસીને ચૂપ રહે છે. જેઓ દાન નહિ પણ સખાવત કરે છે, તેઓ ચૂપ રહી શકતા નથી. આજે ધર્મની વાત કરીને પણ એવાઓ મોહનો જ નાચ કરી રહ્યા છે, એટલે મોહ નિર્ભય છે. મોહને ખાત્રી છે કે–આ લોકો ગમે ત્યાં જાય પણ આપણા જ દાસના દાસ થઇને રહેવાના છે. અંતરદશાથી પરવારી બેઠેલા આત્માઓની આ જ દશા હોય છે.

સ૦ સાહેબ! સાચેસાચું કહો છો. નગ્ન સત્ય છે.

'બુદ્ધિ બડી કે ભેંસ'–એમ પૂછે, ત્યારે ભેંસ જ બડી એમ કહેનારા તાત્કાલિક લાભને જ જોનારા છે. તાત્કાલિક સ્વાર્થને પડતો મૂકાવી, એને ઝેર તરીકે બતાવી, પરિણામે હિત કરનાર વસ્તુ બતાવવા સાથે પરલોકને બતાવીને વશ કરવા એ કામ સહેલું છે? અમારે તો જ્ઞાનિઓના વચનબળે આકર્ષવા રહ્યા. બાવાની મૂઠીમાં કાંક છે, એમ બતાવીને અમારે તમને વશ કરવાના નથી. મૂઠી પણ વાળવી નહિ, ફુંક પણ મારવી નહિ, કાંક છે એમ પણ કહેવું નહિ અને વશ કરવા હોય તો શી રીતિએ વશ કરાય? બાહ્ય વસ્તુમાં મારાપણાની કલ્પના રૂપ ઝેર નીચોવી શકીએ તો! અનાદિકાળનું ભરેલું, ઘણું જુનું

થઈ ગયેલું એ ઝેર નીચોવાય, તો જ જ્ઞાનિઓના માર્ગ પ્રત્યે તમારું આકર્ષણ કરી શકાય: પણ એ કામ બહુ દુષ્કર છે.

આજે કેટલાકો દેખીતી રીતિએ તો ધર્મક્રિયાઓ કરે છે, પણ કેટલાકની ધર્મક્રિયાઓ મોહના નાચ રૂપ હોય છે. કેટલાકો સાધુઓની પાસે આવે છે તે મોહની આધીનતાને લઈને જ. મોહને મારવાના હેતુથી સાધુઓની પાસે આવનારા બહુ થોડા છે. 'ચાલો આ લક્ષ્મી આદિની મમતા ઉતરાવનારા આવ્યા!'–એવું માનીને આવનારાઓની ક્રિયા, એ મોહનો નાચ નથી પણ ધર્મનો નાચ છે. હવે તમે ક્યાં છો, તે તમારે વિચારવાનું છે. કેટલાકો ગુરૂઓને ગોર જેવા માનીને દોડયા આવે છે, પણ જ્યારે ગોર રૂપ માનેલાઓમાંથી કોઈ ગુરૂ નીકળી આવે છે, ત્યારે ગભરાય છે અને કહે છે કે-ધાર્યા એવા ન નીકળ્યા. દુનિયાદારીમાં જ રસ માણી રહેલા માણસો જ્યારે અમને વખાણે, ત્યારે અમને શંકા પડી જાય કે-રખેને આપણે ભૂલ્યા તો નથી! પણ જ્યારે એ કહે કે-આ તો નવો સાધુ નીકળ્યો કોઇ! ત્યારે અમે માનીએ કે-પરીક્ષામાં પહેલા નંબરે પાસ થયા. જે દિવસે સાધુ ઈચ્છે કે-જ્યાં જઈએ ત્યાં અમારી નામના અને પ્રશંસા થાય, તે દિવસે સમજી જ લેવું કે-તે સાધુમાં કાં તો સાધુતા હતી નહિ અગર હશે તો ઓસરતી જવાની, એટલે એ સાધુ તીર્થ રૂપ બની નહિ શકે.

સાધુઓની ઈન્દ્રિયો:

સાધુઓની ઇન્દ્રિયો તો પ્રશસ્તપણે પ્રવર્તનારી જ હોવી જોઇએ. સ્હેજ પણ અપ્રશસ્તતા આવી જાય તો સાધુને કંપારી છૂટે! ગૃહસ્થો પોતાની ઈન્દ્રિયોને કેવળ પ્રશસ્તપણે પ્રવર્તાવનારા ન બની શકે તો પણ અપ્રશસ્તતા મર્યાદિત બની જવી જોઇએ અને પ્રશસ્તતાને જ વધારવાનો પ્રયત્ન ચાલુ હોવો જોઇએ. આ માટે આત્માને એકાન્તમાં પૂછવું. આની જે ચીવટ નહિ રાખે, તે સાધુના વેષમાં હોવા છતાં પણ દુર્ગતિમાં જ જવાના, એમ કહેવામાં પણ હરકત નથી:

કારણ કે-ઇન્દ્રિયોની સ્વચ્છન્દતાનું અંતિમ પરિણામ એ જ છે. ધર્મિના લેબાશમાં ફરવા છતાં પણ દંભિઓ પરિણામે દુર્ગતિમાં જ જવાના, એ વાત સુનિશ્ચિત જેવી જ છે. આ શાસનમાં સૌને માટે ન્યાય સરખો છે. શ્રી વીતરાગ પરમાત્માના શાસનમાં કોઈનીય શરમ રાખવામાં આવી નથી. સાધુ કે ગૃહસ્થ, જે જેટલું પાપ કરે તેને તેટલું ફળ મળે જ, એમ આ શાસનમાં સ્પષ્ટપણે ફરમાવાએલું છે: આમ હોવાથી જ કહેવાય છે કે-શરીરને સંયમનું સાધન બનાવવા માટે ખાવા દેવાની છૂટ છે, પણ સ્વાદની અહીં છૂટ નથી. ઇંદ્રિયોની સ્વચ્છન્દતાને જેટલી પોષી એટલો નાશ જરૂર જ થવાનો, એ સ્પષ્ટ વાત છે.

કર્મસત્તા પાસે ઉપવાસની ગણત્રી રહે છે, તેમ સ્વાદની ગણત્રી પણ રહે છે. સ્વાદ આદિને છોડવાની ઇચ્છા વિનાનો તપ એ લાંઘણ છે. દસ ઉપવાસમાં જેટલાં કર્મ ખપે, એના કરતાં બા કલાકના સ્વાદમાં અનેક ગુણાં બંધાય, એય શક્ય છે. આટલું કર્યું એમ ગણવું નકામું છે, પણ કેટલું ભૂલ્યો એ જ ખાસ જોવાનું છે. ૧૭૦ પગથીયાં ચઢચો, પણ છેલ્લું એક ચૂક્યો તો ૧૭૦ ચઢચાની મહેનત નકામી જાય છે.

એક બ્રાહ્મણને ચિંતામણિ મેળવવાની ઇચ્છા જાગી: કારણ કે-ચિંતામણિના ગુણને એ જાણતો હતો.

એ રત્નદ્વીપમાં ગયો અને ત્યાં જઇને એણે ઉપવાસ આદર્યો. જ્યાં સુધી ચિંતામણિ ન મળે ત્યાં સુધી ખાવું નહિ, એવી પ્રતિજ્ઞા કરી બેઠો.

એકવીસ દિવસ થયા. દેવી આવી. દેવીએ કહ્યું કે-'તારા ભાગ્યમાં ચિંતામણિ નથી.' પણ પેલા બ્રાહ્મણે એ માન્યું નહિ, એટલે દેવીએ તેને ચિંતામણિ રત્ન આપ્યું.

હવે ચિંતામણિ રત્ન લઈને તે પાછો જાય છે. રાત્રે ચંદ્ર ઉગ્યો. જહાજના કિનારે બેસીને વિચાર કરે છે કે-" ચંદ્ર વધે કે મારો ચિંતામણિ?' એમ કરતાં કરતાં ચિંતામણિ ગયો સાગર-

માં. સાગરમાં ગયેલો હાથમાં આવે? મહેનત કેટલી કરી? એ મહેનત ન ગણાય, કારણ કે–તે ફોગટ ગઈ. ભૂલ કરી તે જ ગણાય.

મેં આટલા ઉપવાસ કર્યા, આટલી આંગીઓ રચાવી, હીરાના હાર ચઢાવ્યા, એ ગણ્યા કરો એનો કાંઈ અર્થ નથી. અવસરે જરૂર પડે ને કહેવાય, પણ ગણ્યા કર્યે શો ફાયદો થાય? સાથે એ જોવું જોઈએ કે–કર્યું તે કયા ઉદ્દેશથી કર્યું? આટલું કર્યે આત્મા વધુ શુદ્ધ બન્યો કે નહિ? ગમે તેટલું કર્યું પણ કર્યું શા હેતુથી? વિપરીત ભાવ આવી જતાં દુ:ખ થયું કે નહિ? ઘણું કરવાની શક્તિ છતાં થોડું જ કર્યું કે શક્તિ મુજબ કર્યું? કરીને તેના પરિણામે પૌદ્ગલિક લાલસા વધારી કે નહિ? આ બધું જોતા રહેવું જોઈએ. એક લાખ આયંબીલ કરે અને એક પારણામાં સ્વાદ કરે, તો વખતે પેલા તપની નિર્જરા કરતાં સ્વાદનો બંધ વધી જાય એમેય બને. ઉપવાસ, આયંબીલ વિગેરે ભૂખે મારવા કે શરીરની સુકવણી કરવા માટે નથી, પણ સ્વાદવૃત્તિ આદિની સુકવણી કરવા માટે છે. આવો વિવેકપૂર્ણ વિચાર સાચા સમ્યગ્દષ્ટિને જ આવે. એ ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, માસખમણ આદિને ન ગણે. એ પારણાને જ જૂએ. પારણામાં કોઈ ચીજ એને ખેંચે તો એને આધીન થઈ એ પોતાના તપને ફોગટ કરવાની પ્રવૃત્તિ ન જ કરે. પારણામાં પહોળો જ થાય, એના તપની સાચા તપની કોટિમાં ગણના થતી નથી. અબજોપતિ ભયંકર ગૂન્હામાં પકડાય તો પણ જેલમાં જ જાય અને કાયદાબાજ પણ તેવો ગૂન્હો કરે તો જેલમાં જ જાય, તેમ તપસ્વીઓનો તપ પણ જો તેઓ રસનાના ગુલામ બને તો ગણનામાં આવતો નથી. એ તપ તપ નથી પણ કાયકષ્ટ છે. સાચો તપ તો તે કહેવાય, કે જે તપના યોગે ઈન્દ્રિયનિગ્રહાદિ વધે!

જ્ઞાની તો બધું જાણનારા છે. 'આ જરૂર છે માટે ખાય છે કે સ્વાદ માટે ખાય છે.'–એ જ્ઞાની બરાબર જાણે છે. પ્રાયશ્ચિત્ત લેવા આવે ત્યારે ગીતાર્થ આચાર્ય આદિએ પણ પરીક્ષા કરીને પ્રાયશ્ચિત્ત આપવાનું હોય છે. છદ્મસ્થને અંતરનું સાક્ષાત્ જ્ઞાન નથી હોતું,

પણ આકૃતિ જોઈ લે, ફરી ફરી ત્રણ વાર બોલાવે, ત્રણે વાર એક સરખું બોલે ત્યારે જ સાચું માને. જેટલો મનનો મેલ બાકી રહે, તેટલું પ્રાયશ્ચિત્ત વધે. પાપશુદ્ધિ કરાવવાના વિધિમાં પ્રથમ મનનો મેલ કઢાવવાનો હોય છે.

ઇંદ્રિયોનો વિકાર એ ખરે જ શરીરનો સડો છે અને ઈંદ્રિયોનો સદુપયોગ એ શરીરની શુદ્ધિ છે. દુરુપયોગ એ વિકાર છે અને સદુપયોગ એ વિકાસ છે. સાધુ એટલે નિર્વિકાર અને શ્રાવક એટલે વિકારમાં મર્યાદાવાળા : નિર્વિકાર બનવાના ઇરાદે મર્યાદામાં વધતા જનારા.

શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલાં નવે તત્ત્વોને નિ:શંકપણે માનવાની જેના યોગે રૂચિ થાય, તેને જ્ઞાનિઓ સમ્યગ્દર્શન તરીકે ઓળખાવે છે. આવું સમ્યગ્દર્શન જે આત્મામાં હોય તે આત્માને સ્પષ્ટપણે એમ લાગે છે કે-'જીવની સાથે અનાદિનો અજીવનો યોગ છૂટે એ રીતિએ વર્તવું એ સંસારથી અને દુ:ખ માત્રથી છૂટવાનો ઉપાય છે.' કલ્પનાથી એમ કલ્પો કે-આપણા શરીરને એમ થઈ જવું જોઈએ કે-આવો માલિક ન જોઈએ : કારણ કે-પેટ ભરે છે પણ ડૂચા મારે છે.

સંયમસાધક શરીર માટે આહાર સાધુય કયી રીતિએ લે, એ માટે એક દૃષ્ટાંત સમજવા જેવું છે.

એક વાણીયો હતો. વાણીયો એટલે લોભી. હીરા, માણેક, પન્ના વિગેરે લઈને તેને અટવી ઉલ્લંઘવાની હતી. અટવીમાં ચોર-લુંટારાઓનો ભય, એટલે એણે યુક્તિ કરી.

હીરા-માણેક આદિ એક જગ્યાએ દાટીને પથરા ઉપાડયા. ગાંડાની જેમ પથરાને હીરા-માણેક વિગેરે બોલતો બોલતો ચાલ્યો.

એમ પાંચ-દસ વખત કર્યું અને એ રીતિએ બધા લુંટારાઓને પ્રતીતિ કરાવી કે-આ ગાંડો છે. એની પાસે કાંઈ નથી. હીરા કહે છે પણ પત્થરા જ લઈને ફરે છે. આટલું કર્યા પછીથી તે હીરા વિગેરે લઈને ચાલ્યો અને સહીસલામત પાર પહોંચી ગયો.

આ વખત એને ભય હતો. લુંટારાની અટવીમાં હીરા-માણેક વિગેરે સહીસલામત ઘેર લઈ જવાની જ એને ચિંતા હતી. શું ખાધું-

શું પીધું એનો વિચાર એણે નહોતો કર્યો, પણ માલ ઘેર સહીસલામત પહોંચાડવાના જ વિચારમાં એ હતો. આ રીતિએ સાધુને આહાર કરવાનો છે.

અહીં નિર્દોષપણે ખાવું એ ગૂન્હો નથી, પણ સ્વાદ કરવો એ ગૂન્હો છે. સોનાની દસ પાટો માથે મૂકીને મજુર જાય, પણ એથી એ શ્રીમંત ન જ કહેવાય : તેમ સ્વાદ નહિ કરનાર મુનિ નિર્દોષ ભિક્ષાન્ન ખાય તો પણ ખાનારા ન જ ગણાય. એવા મુનિઓએ પાપિઓને પણ કેવળજ્ઞાન આપ્યાં. અર્થાત્-એવા મુનિઓની સુન્દર આચારશીલતાને જોતાં પાપિઓમાંથી પણ પાપવૃત્તિ ચાલી ગઈ. શ્રી ઇલાચીપુત્રનું આપણે ત્યાં દૃષ્ટાંત છે. નટડી ઉપર મોહ પામીને નૃત્યકળા શીખ્યો. રાજા આગળ નાચ કરે છે. રાજાને પણ એ જ નટડી ઉપર મોહ જાગ્યો. એ મોહના યોગે રાજા શ્રી ઇલાચીપુત્રનો નાશ ઇચ્છે છે. શ્રી ઇલાચીપુત્ર ઘણું નાચે છે, પણ રાજા ઇનામ આપતો નથી. શ્રી ઇલાચીપુત્ર સમજી ગયો કે-જેનો અર્થી હું છું, તેનો જ અર્થી આ રાજા છે. આમ છતાં પણ રાજાનું ઇનામ મેળવીને પોતાની ઇચ્છાને પૂર્ણ કરવાને માટે તે એક વધુ વખત વાંસ ઉપર ચઢે છે.

એક પદ્મિની સ્ત્રી મોદકનો થાળ એક મુનિવર સામે ધરીને વહોરવાની વિનંતિ કરી રહી છે. બહુ જ આગ્રહપૂર્વક તે 'લ્યો, લ્યો.' -એમ કહે છે, પણ મુનિ મોદક લેવાની ના પાડે છે. રમણીનું રૂપ કે મોદકની મીઠાશ, કશુંય મુનિવરને લોભાવી શકતું નથી. મુનિવરની દૃષ્ટિ અતિ પ્રશાન્ત છે.

એ દૃશ્ય શ્રી ઇલાચીપુત્રની આંખે ચઢ્યું. એને વિચાર આવે છે કે-'આ પણ માનવી છે અને હું પણ માનવી છું. ક્યાં તે અને ક્યાં હું ?'

પદ્મિની સામે હોવા છતાં, મુનિની એક રૂંવાટી પણ ફરકતી નથી અને સ્વાદિષ્ટ મોદક વહોરવાનો અતિ આગ્રહ છતાં, મુનિ ના પાડે છે. આ મુનિથી જ બને ને ? ઇન્દ્રિયો ઉપર કેટલો સંયમ હશે ? ઇન્દ્રિયોનો ગુલામ તો કહે કે-કાલે કામ લાગશે.

શ્રી ઇલાચીપુત્ર વિચારે છે કે–મને કજાતને નાટકડી ગમી. એને મેળવવા ખાતર મેં મારા કુળને લજવ્યું. ધન્ય છે આ મહાત્માને અને ધિક્કાર છે મને.' આ વિચારમાંથી તે ધ્યાને ચઢ્યા, શ્રેણિ માંડી અને નાચતાં નાચતાં કેવળજ્ઞાન પામ્યા.

નટડીને પણ રૂપની અસારતા આદિનો વિચાર કરતાં કરતાં કેવળજ્ઞાન થયું.

રાજાની રાણીઓ પણ વિચાર કરે છે કે–જેની સેવા માટે જીંદગી ઘસી નાંખી, તે રાજા કજાતને ચાહે છે. એથી અન્યત્વ આદિ ભાવનાએ ચડતાં રાણીઓને પણ કેવળજ્ઞાન થયું.

ઇંદ્રિયોના વિકારથી બચેલો મુનિ જગત ઉપર કેટલો ઉપકાર કરી શકે છે?–એ અહીં જોવાનું છે. શરીર એ સાધન છે; પણ તે સાધન સડેલું નહિ હોવું જોઇએ, એ આપણી મુખ્ય વાત છે. શરીરના યોગને સાધુ ન છોડે એનો વાંધો નથી, પણ એનો સડો કાઢીને આવે. ખાવા માટે, પીવા માટે, કામ ન કરવું પડે એ માટે સાધુ થવાનું ન હોય. શ્રીવીતરાગ પરમાત્માનો સાધુ એ ન હોય. શ્રીવીતરાગ પરમાત્માના સાધુની દીક્ષા, એ કાંઈ ગરમાગરમ જલેબી જેવી વસ્તુ નથી. સાધુનો વેષ દેખીને ઘરનું હીર કાઢીને આપી દે, એવા પુણ્યાત્માઓ હયાત છે. એ પુણ્યાત્માઓ તો મુનિવરના પાત્રમાં દૂધ અને ઘી રેડશે, પણ વગર જરૂરે ઇન્દ્રિયોને આધીન બનીને લેનાર સાધુને એ નહિ પચે. સડેલા શરીરને ધરનારા સાધુઓ જ્યાં જાય ત્યાં ધર્મ સાફ થઈ જાય. સાધુ જાય અને ખેતરમાં તીડ પડ્યા જેવું લાગે, એ શું સાધુ છે? જે ઘરમાં એ જાય તે ઘરમાંથી એવી રીતિએ લે કે–' રોજ આવા આવજો '–એમ ઘરવાળાને થાય. એવા સાધુને દાન દેતાં દેતાં કેઈકનાં મિથ્યાત્વ ગયાં અને કેઈક પુણ્યાત્માઓ સમ્યક્ત્વ પામ્યા. એ માટે સાધુ મેલો નહિ જોઈએ. કપડાંથી મેલો હોય, બાહ્ય દેખાવમાં મેલો હોય, પણ એની આંખો, એના કાન, એનું નાક, એની જીભ, એ વિગેરેમાં મેલાપણું નહિ જોઈએ. ઇન્દ્રિયોની અપ્રશસ્તતા એ જ મેલાપણું છે. શરીરને કાપી નાખ્યે મેલાપણું જાય એ સંભવિત જ નથી : માટે જ કહેવાય છે

કે-શરીરને સાથે રાખીને એના મેલને કાપવાની મહેનત કરવી એ જ સાર્થક છે. એને બદલે શરીરને કાપવાની મહેનત કરવી એ નિરર્થક છે.

શ્રી ધના સાર્થવાહ :

આ અવસર્પિણીમાં આ ક્ષેત્રમાં જે ચોવીસ શ્રી તીર્થંકરદેવો થઈ ગયા, તેમાં પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ ભગવાન થયા. એ તારકનો જીવ એક કાળે ધના સાર્થવાહ તરીકે જન્મ્યો હતો. પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ ભગવાનનો જીવ ધના સાર્થવાહના ભવમાં સમ્યક્ત્વ પામ્યો હોવાથી, એ તારકનો એ પ્રથમ ભવ ગણાય છે. પૂર્વે એ તારકના આત્માએ અનન્તા ભવો કર્યા, પણ એની ગણના થઈ નહિ. ધના સાર્થવાહના ભવમાં એ તારકનો આત્મા સમ્યક્ત્વ પામ્યો અને તે પણ બીજા જીવોના બોધિ કરતાં ઉત્તમ કોટિના બોધિને પામ્યો. શ્રી તીર્થંકરદેવના આત્માઓ જે સમ્યક્ત્વ પામે છે, તે તારક તીર્થના બીજભૂત હોઇને, બીજા જીવોના સમ્યક્ત્વ કરતાં ઉંચા પ્રકારનું ગણાય છે.

શ્રી ધના સાર્થવાહ જે વખતે સમ્યક્ત્વગુણને પણ પામ્યા નહોતા, તે વખતે પણ તેમનામાં ઘણા ઉત્તમ ગુણો હતા અને એથી જ તેમને અધર્મી તરીકે સંબોધી શકાય તેમ નથી. સમ્યક્ત્વાદિ ગુણોની ગેરહાજરીને અંગે જેમ ધર્મી કહેવાય તેમ નથી, તેમ બીજા કેટલાક ગુણોના યોગે એમને અધર્મી પણ કહી શકાય તેમ નથી. ચૌદ ગુણસ્થાનકોમાંના પ્રથમ ગુણસ્થાનકે મિથ્યાદૃષ્ટિ આત્માઓ હોય છે, પણ તે આત્માઓના મિથ્યાત્વનો ઉદય છતાં ગુણસ્થાનકપણું ભદ્રિકપણા આદિની અપેક્ષાએ કહેવાય છે. મિથ્યાદર્શનનો ઉદય હોવા છતાં પણ ગુણસ્થાનક શબ્દનો પ્રયોગ કરાય છે, તે શ્રી ધનાસાર્થવાહ જેવા પુણ્યાત્માઓને માટે ઘટિત જ છે. શ્રી ધના સાર્થવાહ સંપત્તિના સાગર હતા, પણ એમની સંપત્તિ એમને ઉન્માર્ગે લઈ જનારી નહોતી. અનેક પ્રકારના સદાચારોથી

શ્રી ધના સાર્થવાહ મહીતલને પાવન કરનારા હતા. ઔદાર્ય, ગાંભીર્ય અને ધૈર્ય વિગેરે ગુણો તો તેમનામાં અમોઘ બીજ જેવા હતા. શ્રી ધના સાર્થવાહ ધનિક હતા, ગુણી હતા અને કીર્તિશાલી પણ હતા.

સમ્યક્ત્વગુણની પ્રાપ્તિ પૂર્વેની આ વાત છે. એ મિથ્યાદષ્ટિ જરૂર હતા, પણ મિથ્યાત્વની મંદતા અને સમ્યક્ત્વની સન્મુખતા–એ દશા એ પુણ્યાત્માની હતી. મિથ્યાત્વની મન્દતા થયા વિના શ્રી ધના સાર્થવાહની જે દશા હતી, તેવી દશા પ્રાપ્ત થતી નથી. કોઈનો પણ ગુણ જોતાંની સાથે જ આનંદ થવો જોઈએ. મિથ્યાદષ્ટિ આત્મામાં પણ ગુણ જોઈને આનંદ થવો જોઈએ, પણ વિવેક નહિ ભૂલાવો જોઈએ. કોઈનો પણ ગુણ જોઈને આનંદ થવો, એ ઉત્તમ આત્માનું લક્ષણ છે, પણ ગુણની પ્રશંસા કરવામાં વિવેક બરાબર જળવાવો જોઈએ. ગુણની પ્રશંસા કરતાં ન આવડે તો હાનિ પણ થઈ જાય. ગુણી બે પ્રકારના હોય છે. એક એવા ગુણી કે–જેના ગુણની પ્રશંસાથી ફાયદો જરૂર થાય અને ગેરલાભ બીલ્કુલ ન થાય. કેટલાક ગુણી એવા કે–પ્રશંસા કરનાર ભૂલે તો કદાચ લાભ રહી જાય અને નુકશાન જરૂર થઈ જાય. મિથ્યાદષ્ટિના ગુણોનું વર્ણન કરતી વેળાએ આ સાવધગીરી ખાસ રાખવાની. ગુણો બોલતાં પણ એ મિથ્યાદષ્ટિ છે અને આ ગુણોની સાચી સાર્થકતા તો સમ્યક્ત્વ ગુણ પામ્યા પછીથી જ છે, એ વાત બરાબર ખ્યાલમાં રહે તેમ બોલવું જોઈએ. એવાની પ્રશંસા કદી કરવી પડે તો એવી સાવધાનીથી કરવી કે–એના દોષનો ચેપ કોઈને લાગવા પામે નહિ. આટલો વિવેક નહિ ધરાવનારને માટે મૌન રહેવું એ જ શ્રેયસ્કર છે. વિવેકીનો માર્ગ ન્યારો છે અને નિર્વિવેકીનો માર્ગ ન્યારો છે. વિવેક ન જાગ્યો હોય તો વિવેકી બનવાનો પ્રયત્ન કરવો, પણ વિવેક વિના ડહાપણ ડોળવા નીકળવું નહિ. શ્રી ધના સાર્થવાહ અનેક ઉત્તમ ગુણોના ધામ રૂપ હતા, પણ મિથ્યાદષ્ટિ હતા એ વાતનો ખ્યાલ બરાબર રહે એ માટે આપણે આટલી વાત કરી.

શ્રી ધના સાર્થવાહને એક વાર વ્યાપારાદિ નિમિત્તે વસન્તપુર નામના નગરે જવાની ઇચ્છા થઈ. શ્રીમંત એટલા હતા કે–વ્યાપાર

ન કરે તો પણ ચાલે, પરન્તુ વ્યાપારાદિ પણ આવશ્યક છે એમ મિથ્યાત્વના યોગે લાગવું એ સ્વાભાવિક છે. વ્યાપારી આલમમાં નામાંકિત થવાની ઈચ્છા હોવી, એ પણ એવાઓને માટે શક્ય છે. આપણે તો એ જોવું છે કે–જ્યાં પોતાને વસન્તપુર જવાની ઈચ્છા થઈ, એટલે એમણે વિચાર શો કર્યો ? સામગ્રીસંપન્ન ધર્મી આત્મા પણ તીર્થયાત્રાદિએ જવાની ઈચ્છા થતાં એવી જ ઈચ્છા કરે, પણ તીર્થ હૈયે વસ્યું હોય તો ! વસન્તપુર જવા માટે મોટી અટવીનું ઉલ્લંઘન કરવું પડતું હતું. અટવી પણ ભયંકર હતી. બધા સ્વતન્ત્રપણે આવી અટવીને ઉલ્લંઘીને વસન્તપુર જઈ શકે, એ શક્ય નહોતું. શ્રી ધના સાર્થવાહ તો હરેક રીતિએ સમર્થ હતા, પણ એમને થાય છે કે–સામાન્ય માણસો જે રીતિએ મુસાફરીએ નીકળે છે, તે રીતિએ જો હું પણ નીકળું તો મારામાં અને બીજામાં ફેર શો ? હું એકલો જાઉં એમાં મારી શોભા નહિ. હું જાઉં છું, તો જેને જેને આવવાની ઈચ્છા હોય, તે દરેકને મારે મારી સાથે લઈ જવા જોઈએ. વાત વ્યવહારિક છે, પણ જૂઓ કે–વિચાર કેવો છે ? આવો આત્મા ધર્મ પામે તો શું બાકી રાખે ? ધર્મી પણ તીર્થયાત્રા આદિએ જતાં વિચાર કરે કે–યાત્રા કરવાની જેને ઈચ્છા હોય, તેને હું જરૂરી સામગ્રી પૂરી પાડીને યાત્રા કરાવું ! સામગ્રીસંપન્ન ધર્મિને પણ જો આવી ઈચ્છા જ ન થાય, તો એ ધર્મી જ શાનો ?

શ્રી ધના સાર્થવાહની એ ઈચ્છા વાંઝણી નહોતી તેમજ આડંબર બતાવવા પૂરતી જ તેમની પ્રવૃત્તિ નહોતી. શ્રી ધના સાર્થવાહે પોતાના માણસો પાસે સમસ્ત નગરમાં ઉદ્ઘોષણા કરાવી કે—

‘ધના સાર્થવાહ વસન્તપુર જાય છે, તો જે કોઈને વસન્તપુર જવાની ઈચ્છા હોય તે ધના સાર્થવાહની સાથે ચાલો ! જેની પાસે વાસણો નહિ હોય તેને ધના સાર્થવાહ વાસણો આપશે, જેની પાસે વાહન નહિ હોય તેને ધના સાર્થવાહ વાહન આપશે, જેને સહાયની જરૂર હશે તેને ધના સાર્થવાહ સહાય આપશે અને જેની પાસે ભાતું નહિ હોય, તેને ધના સાર્થવાહ ભાતું આપશે. માર્ગમાં ચોરોના ત્રાસથી

અને હિંસક પશુઓના ઉપદ્રવથી ધના સાર્થવાહ સૌનું રક્ષણ કરશે અને સાથે આવેલા સૌનું પોતાના ભાઈઓની જેમ પાલન કરશે.'

આ ઉદ્‌ઘોષણા વિચારવા જેવી નથી ? મનન કરવા લાયક નથી ? માણસમાં ઉદારતા હોય, તો તે જેને ઈષ્ટ માને છે, તે માટે તે કેટલો ઉદાર બને છે ? શ્રી ધના સાર્થવાહ વ્યાપારે જાય છે, એટલે આપણે તેમની ક્રિયાની અનુમોદના કરવાની નથી, પણ તેમના અન્તરની દશા જોવાની છે અને એ દશા આપણે ધર્મકાર્યમાં લાવીએ એવું વિચારવાનું છે.

સંઘપતિ બનનારમાં આના કરતાં પણ વિશેષ ઉદારતા જોઈએ. પોતાની શક્તિ અને સામગ્રી હોય તો એ એ જ જાહેર કરે કે–'સૌ કોઈ તીર્થની યાત્રાએ મારી સાથે આવજો. રસ્તામાં દરેક પ્રકારની સગવડ હું કરીશ. બીજાની તકલીફ એ મારી તકલીફ બનશે. તીર્થયાત્રામાં આવશ્યક દરેક સાધન હું પૂરૂં પાડીશ !' આવી જાહેરાત કરે એટલું જ નહિ, પણ એ મુજબ વર્તે અને તે છતાં પણ સાથે આવનારાઓ ઉપર મેં ઉપકાર કર્યો છે એમ ન માને. એ તો એ જ માને કે–આ પુણ્યાત્માઓની ભક્તિમાં તથા ધર્મની સેવામાં મારી જે કાંઈ સામગ્રી વપરાય છે, તે જ વાસ્તવિક રીતિએ સાર્થક છે. શ્રી ધના સાર્થવાહની જાહેરાત આપણને ધર્મકાર્યમાં પ્રેરણાદાયી નિવડવી જોઈએ.

સંઘપતિ તરીકેની નામના મેળવવાને માટે ગમે તેટલો ખર્ચ કરો, એનો કાંઈ અર્થ નથી. નામના એ તો તુચ્છ વસ્તુ છે. એની સામે તો નજર પણ નહિ નાખવી. નામના મળે તો જ કાર્ય સફળ થયું, એવું માનનારા અજ્ઞાન છે. નામના તો સત્કાર્યોની ગુલામ છે. સત્કાર્યો કરનારને એ મળે જ છે : છતાં માનો કે–કદાચ તેવા કોઈ કારણે નામના ન પણ મળી, તોય જેણે સાચા ભાવથી જ્ઞાનિઓની આજ્ઞાને આધીન બનીને સત્ક્રિયા કરી છે, તેને એકાન્તે લાભ જ છે. બાહ્ય લાભો તરફ જોવાનું છોડો અને આત્માના લાભોને જોતાં શીખો, તો જ આ વસ્તુ સમજાય અને અન્તરમાં જચે.

શ્રી ધના સાર્થવાહની ઉદ્‌ઘોષણાને સાંભળીને સામાન્ય સ્થિતિવાળા, સામગ્રીહીન અને દીન એવા ઘણા લોકો એમની સાથે જવાને તૈયાર

થયા. શ્રી ધના સાર્થવાહે જાહેર કર્યા મુજબ જેને જે સગવડની જરૂર હતી, તેને તે પૂરી પાડી. આ પછીથી, શુભ મુહૂર્તે રથમાં બેસીને શ્રી ધના સાર્થવાહે નગરની બહાર પ્રયાણ કર્યું. કુલસ્ત્રીઓએ એ વખતે મંગલ કર્યું. પ્રસ્થાન સમયે પણ શ્રી ધના સાર્થવાહે ભેરી વગડાવી અને એથી વસંતપુર જવાની ઇચ્છાવાળા સઘળાય લોકો આવી પહોંચ્યા. શ્રી ધના સાર્થવાહે નગરની બહાર જઈને પડાવ નાખ્યો. આ વખતે, શ્રી ધર્મઘોષ નામના જૈનાચાર્ય, કે જેઓ ધર્મના યોગે પૃથ્વીને પાવન કરી રહ્યા હતા, તેઓ શ્રી ધના સાર્થવાહની પાસે આવ્યા. આ મહાત્માને પોતાની તરફ આવતા જોતાંની સાથે જ, શ્રી ધના સાર્થવાહ એકદમ ઉભા થઈ ગયા. ઉભા થઈ ગયા એટલું જ નહિ, પણ અંજલિ કરવા પૂર્વક શ્રી ધના સાર્થવાહે મહાત્માને વન્દન કર્યું. પછી વિનયપૂર્વક પૂછ્યું કે–' આપ કેમ પધાર્યા છો ? આપના પધારવાનું જે કારણ હોય તે ફરમાવો ! '

મિથ્યાદષ્ટિ પણ આત્માની આ દશાને વિચારો ! અત્યારે શ્રી ધના સાર્થવાહ પૂરા વૈભવ સાથે બહાર નીકળ્યા છે. સંખ્યાબંધ સેવકોથી એ વીંટળાએલા છે. બીજાં પણ સંખ્યાબંધ માણસો ઉપર એમનું સ્વાભાવિક સ્વામિપણું છે. વળી વ્યાપાર નિમિત્તે જાય છે. એ વખતે મહાત્માના આવાગમનથી કોના હૈયામાં ઉલ્લાસ પ્રગટે ? આ શ્રી તીર્થંકરદેવનો જીવ છે. જ્ઞાનિઓ ફરમાવે છે કે–મિથ્યાત્વવાળી દશામાં પણ શ્રી તીર્થંકરદેવોના આત્માઓ દેવ-ગુરૂનું બહુમાન કરનારા હોય છે. સામગ્રીસંપન્ન દશામાં એ તારકોના આત્માઓમાં રહેલી ઉત્તમતા કાર્ય રૂપે પણ દેખા દીધા વિના રહે જ નહિ. મિથ્યાત્વ જેમનું મન્દ પડ્યું છે અને સમ્યક્ત્વગુણની પ્રાપ્તિ જેમને નિકટમાં થવાની હોય છે, એવા બીજા આત્માઓમાં પણ સામાન્ય પ્રકારની ઉત્તમતા તો હોય જ છે. શ્રી ધના સાર્થવાહ મિથ્યાદષ્ટિ છતાં મહાત્માના દર્શનથી ખૂબ પ્રમોદ પામે છે: જ્યારે આજે જૈન ગણાતા પણ એવા કેટલાક છે, કે જેને મહાત્માને દેખતાં જ દુર્બુદ્ધિ થાય છે. વિનય કરવો તો દૂર રહ્યો, પણ અવગણના ન કરે તોય એમનું એટલું ભાગ્ય ગણાય.

શ્રી ધના સાર્થવાહ આવાગમનનું કારણ પૂછે છે, એટલે આચાર્ય-ભગવાન શ્રીમદ્ ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજા કહે છે કે–' તારા સાર્થની સાથે અમે વસંતપુર આવવાને ઈચ્છીએ છીએ.'

આ સાંભળીને તો શ્રી ધના સાર્થવાહનો આનંદ ઓર વધી જાય છે. એમને એમ થઈ જાય છે કે–' આવા મહાત્મા મારા સાર્થની સાથે ક્યાંથી હોય? ભાગ્યવાન આત્માઓને જ આવા મહાત્માઓનો યોગ પ્રાપ્ત થાય.'

આજે તો વ્યાપાર માટે જનારા ઘણાને એમ જ થાય કે–' આ લપ વળી ક્યાંથી વળગી?' મહાત્માનું દર્શનેય એવાઓને અપશુકન રૂપ લાગે છે. ખરેખર, મહાત્માઓનું દર્શન જેમને અપશુકન રૂપ લાગે છે, તે હીણકર્મી આત્માઓ છે અને એવા આત્માઓની અધમ વૃત્તિ જ એવાઓને માટે અશુભકારી નિવડે છે.

શ્રી ધના સાર્થવાહ મિથ્યાત્વથી સહિત હતા, છતાંય આચાર્ય-મહારાજે સાથે આવવાની વાત કરી, એટલે એમને પરમ આનંદ થયો. શ્રી ધના સાર્થવાહ કહે છે કે–' હે ભગવન્! આજે હું ધન્ય છું, કે જેથી આપના જેવા મહાત્મા મારા સાર્થની સાથે આવવાને પધાર્યા છે.'

આચાર્યભગવાન શ્રીમદ્ ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજાને આટલું કહીને, એ જ વખતે શ્રી ધના સાર્થવાહ પોતાના રસોઈયાઓને હુકમ ફરમાવે છે કે–' આ મહાત્માઓને માટે તમારે રોજ અન્નપાનાદિની જોગવાઈ કરવી.'

આવા ઉદ્‌ગાર ક્યારે નીકળે? આત્મામાં કેટલી ઉદારતા હોવી જોઈએ? વિનંતિ કેવળ મૌખિક નહોતી, પણ સર્વ જરૂરીયાતો પૂર્ણ કરવાની એમની તૈયારી હતી. મિથ્યાત્વની હાજરીમાં આટલું ઔદાર્ય અને ઔચિત્ય, એ કાંઈ કમ વાત નથી.

આચાર્યમહારાજ આ સાંભળે છે, એટલે એ કહે છે કે–' હે સાર્થનાથ! શ્રી જિનેશ્વરદેવોના શાસનમાં સાધુઓને તે જ અશનાદિ કલ્પે છે, કે જે અશનાદિ તેઓએ સ્વયં કરેલું ન હોય, બીજાઓની પાસે તેઓએ કરાવેલું ન હોય તેમજ બીજાઓએ વિના સૂચનાદિએ

કરેલું પણ જે તેઓ માટેના સંકલ્પથી રહિત હોય! અર્થાત્-અમારે માટેના સંકલ્પથી બનેલ અશનાદિ પણ અમને ખપે નહિ! વળી અમારે વાવ, કુવા કે તળાવનું અથવા તો અપ્રાસુક જલ પણ કલ્પે નહિ!'

આચાર્યભગવાન શ્રીમદ્ ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજને વસન્તપુર જવાની ઇચ્છા જરૂર છે, પણ પોતાના સંયમને નિષ્કલંક રાખીને જ જવાની ઇચ્છા છે! સંયમને વેચીને વિહાર કરનારા શ્રી જૈનશાસનના સાચા સાધુઓ હોતા નથી.

શ્રી ધના સાર્થવાહને આચાર્યમહારાજના આવા ખૂલાસાથી દુઃખ થતું નથી, પણ દુઃખ થાય તોય એમને ખૂશ કરવાને માટે સાધુ સંયમ-ધર્મને ચૂકે એ ન બને! સંયમને વેચીને પરોપકાર કરવા આદિની વાહીયાત વાતો કરનારાઓએ આ વસ્તુ પણ સમજવા જેવી છે.

આચાર્યમહારાજના મુખેથી આવો આચાર સાંભળતાંની સાથે જ, શ્રી ધના સાર્થવાહની ભક્તિ વધી જાય છે. એમ થઈ જાય છે કે-આ કોઈ અજબ કોટિના મહાત્મા છે. આવા મહાત્મા મેં મારા જીવનમાં આજે જ જોયા. એ જ વખતે ત્યાં શ્રી ધના સાર્થવાહની પાસે પાકી મનોહર કેરીઓથી ભરેલો થાળ કોઈ ભેટ લાવીને મૂકે છે. શ્રી ધના સાર્થવાહને એમ થઈ જાય છે કે-'આ કેરીઓ નથી મહાત્માએ પકાવી કે પકાવરાવી અને એમના સંકલ્પથી પણ આવી નથી, માટે આ મહાત્માને જરૂર ખપશે.' આથી, આવા અવસરે જ આવી વસ્તુ આવી લાગી અને મહાત્માને એ દઈ શકાશે, એમ માનીને શ્રી ધના સાર્થ-વાહને ઘણો આનંદ થયો.

એ આનંદના યોગે શ્રી ધના સાર્થવાહ કહે છે કે-'મહાત્મન્! આ ફળોને આપ ગ્રહણ કરો અને એ રીતિએ મારા ઉપર અનુગ્રહ કરો!'

કેવા સુન્દર શબ્દો છે! સાચી ભક્તિ વિવેકને સ્વાભાવિક રીતિએ જ પેદા કરી દે છે. મહાત્મા લે તેને પોતા ઉપરનો અનુગ્રહ માનવાની બુદ્ધિ, આત્મામાં ઉત્તમતા પ્રગટ્યા વિના, આવતી જ નથી.

આચાર્યમહારાજ શ્રી ધના સાર્થવાહની આ ઉત્તમ મનોદશાને સમજે છે, પણ પોતાના ધર્મનોય એ મહાત્માને બરાબર ખ્યાલ છે.

અત્યારે ના પાડીશ તો આને શું લાગશે, એવું વિચારીને મહાત્મા આચારને મૂકવા કે આચારને છૂપાવવા તૈયાર થતા નથી.

મહાત્મા કહે છે કે–'હે શ્રાદ્ધ! આ ફળોને તો સ્પર્શ કરવો એય અમને કલ્પે નહિ, તો પછી ખાવાની વાત જ ક્યાં રહી?'

આવા ઉત્તરથી શ્રી ધના સાર્થવાહને અપમાન લાગતું નથી. એમ નથી થતું કે–આવવું છે મારી સાથે અને હું જે લેવાનું કહું છું તેની તો ના જ ભણ્યે જાય છે! આજે કેટલાક જૈન કહેવાતાઓનેય, સાધુઓ જો પોતાના ધર્મમાં મક્કમ રહેવાને માટે તેમની વિનંતિ ન માને તો અપમાન લાગે છે, જ્યારે આ તો હજુ મિથ્યાદૃષ્ટિ છે!

શ્રી ધના સાર્થવાહ તો આચાર્યમહારાજનો ઉત્તર સાંભળીને ખૂબ પ્રસન્ન થાય છે અને એમનું હૃદય ભક્તિભાવથી એકદમ ખીલી ઉઠે છે. એ કહે છે કે–'આ રીતિએ વર્તવું એ કેટલું બધું દુષ્કર છે? પ્રમાદિઓ માટે તો આ રીતિએ એક દિવસ પણ રહી શકાવું શક્ય નથી!'

શ્રી ધના સાર્થવાહ વસ્તુતઃ આ રીતિએ મહાત્માના સંયમની અનુમોદના કરે છે અને પોતાને પ્રમાદી કહીને પોતે એક દિવસ પણ આવો ત્યાગ કરી શકે તેમ નથી એવું વ્યક્ત કરે છે! વિચારો કે–આ જાતિના ઉત્કટ ત્યાગને અને ઉત્કટ સંયમને જોઈને, મિથ્યાત્વ દશામાં પડેલા પણ શ્રી ધના સાર્થવાહ–'આવું જીવન જીવવાની પોતાનામાં તાકાત નથી'–એવો વિચાર કરે છે, પણ એમને એવો વિચાર નથી આવતો કે–'આય ખપે નહિ અને તેય ખપે નહિ, તો જન્મ્યા શું કામ અને જીવે છે શું કરવાને?' આજે તો વિપરીત વિચાર જ મોટા ભાગે આવે : કારણ કે–ઘણાઓમાં અન્યોના ગુણોને જોઈને હૃદયમાં પ્રેમ આવવા જોગી લાયકાત રહી નથી. એ લાયકાત તો મિથ્યાત્વને કાઢીને સમ્યક્ત્વને લાવનાર છે.

સુસાધુને દૂરથી જોઈને આનંદ પામનારા આજે વધારે છે કે સાધુને જોઈને મશ્કરી કરનારા વધારે છે? ગાડીમાં ન બેસે અને પગે ચાલે, એની આજના કેટલાક ટીકા કરે છે. મોટરમાં બેસે તે અક્કલમંદ અને ન બેસે તે અક્કલહીન, એમ માને છે. આ કેવું કારમું મિથ્યાત્વ

છે? ગુણો પ્રત્યે અનુરાગ, એ પણ સામાન્ય વસ્તુ નથી. આત્માનો થોડો પણ ખ્યાલ હોય તો આવી વિષમ હાલત હોય નહિ.

શ્રી ધના સાર્થવાહની હાલત એવી તો સુન્દર છે કે–તે થોડા જ વખતમાં મિથ્યાત્વનો નાશ કરી દે અને સમ્યક્ત્વ પમાડી દે! એ કમ શ્રીમન્ત હતા? મોટી નગરીમાં એમણે જે ઉદ્‌ઘોષણા કરાવી, તે ઉપરથી પણ તેમની સંપત્તિશાલિતા કેવી હશે તે સમજી શકાય તેમ છે. આમ છતાં પણ, એમને સાધુઓની મશ્કરી કરવાનું મન થતું નથી. જેમ જેમ ઉત્કટ ત્યાગ અને સંયમ જૂએ છે, તેમ તેમ તેમની ભક્તિ ઘટતી નથી પણ વધે છે.

શ્રી ધના સાર્થવાહ છેલ્લે છેલ્લે કહે છે કે–' હે ભગવન્! આપને આ ન કલ્પે તોય ભલે. આપને જે કાંઈ અન્નપાનાદિ કલ્પશે તે હું આપીશ, પણ આપ કૃપા કરીને આજે મારા સાર્થની સાથે પધારો!'

આ પ્રમાણે વિનંતિ કરીને અને નમસ્કાર કરીને, શ્રી ધના સાર્થવાહે મુનિવરોને વિદાય કર્યા.

ખરેખર, એ વિચારવા જેવું છે કે–ત્યાગની વાત સાંભળતાં જ પોતાની પામરતાનો શ્રી ધના સાર્થવાહને ખ્યાલ આવે છે, પણ મહાત્માની મશ્કરી કરવાનું તેમને મન થતું નથી. પોતા માટે ભોજન બનાવવું કલ્પે નહિ, પોતા માટે બીજાઓ પાસે ભોજનસામગ્રી કરાવવી એય કલ્પે નહિ, પોતાને માટેના સંકલ્પવાળું ભોજન પણ કલ્પે નહિ, આ ફ્લો પણ કલ્પે નહિ અને કાચું પાણી પણ કલ્પે નહિ, એ જાણીને જેને મશ્કરી કરવાનું મન થાય, એ આત્માઓ કેવા? ગાઢ મિથ્યાત્વથી ઘેરાયેલા! પરંતુ જેને આનંદ થાય એવા આત્માઓમાં મિથ્યાત્વ ક્યાં સુધી ટકે? પ્રાયઃ એક જ ઝપાટામાં નીકળી જાય. ત્યાગ કરવાની વૃત્તિ તો દૂર રહી, પણ ત્યાગ કરવાવાળા તરફ પ્રેમની દૃષ્ટિથી જોવા જેટલી પણ લાયકાત જેઓમાં રહી નથી, તે આત્માઓમાં કેટલી બધી કંગાલિયત આજે આવી ગઈ છે? ભાગ્યવાનને આવા ગુણિનો યોગ મળે છે. મહાત્માના આચાર અને ત્યાગને સાંભળીને હાંસી કરવાની ઈચ્છા કે દીલમાં અરૂચિ પણ ન થઈ, પણ પોતાના આત્માની

પામરતાનો ખ્યાલ આવ્યો, એ કેટલી બધી ઉત્તમતા છે એ ખાસ વિચારો!

હવે સાર્થ ત્યાંથી નીકળ્યો. કેટલાય માણસો, કેટલાંય વાહનો, કેટલીય સામગ્રી, એ સર્વની જવાબદારી લઈને એ નીકળ્યા. એ સઘળાની રક્ષા માટેની એમની યોજના પણ ધ્યાનમાં લેવા જેવી છે. શ્રી ધના સાર્થવાહે યોજના કરી છે કે–સાર્થ રક્ષકોના ઘેરાની વચ્ચે રહેશે. અટવી સાર્થ વિના લંઘવી અશક્ય હતી. એ માટે સાર્થની યોજના હતી. સાર્થની આગળ પોતે, પાછળ પોતાનો એક વિશ્વાસપાત્ર મિત્ર, આસપાસ રક્ષકો અને વચમાં સાર્થ–એવી ગોઠવણ હતી. જેવી ઉદ્ઘોષણા કરાવી, એને હરકોઈ રૂપે પૂરી તો કરવી જોઈએ ને? ફરજનો કેટલો ખ્યાલ છે?

એ રીતિએ અટવીનું લંઘન કરે છે, એવામાં એકદમ ગરમીની મોસમ આવી. જલાશયો સૂકાઈ ગયાં. તાપ એટલો પડવા માંડ્યો કે–જાણે અગ્નિ વરસે. જેટલી શક્તિ હતી તે ખર્ચીને વ્યવસ્થા કરવા છતાં પણ પાણી પહોંચતું નથી. કુદરતના કોપ આગળ ચાલે પણ શું? સાર્થવાહને ગભરામણનો પાર ન રહ્યો. ખાડા–ખાબોચીયાં વિગેરે વડે બૂરી હાલતથી ઉષ્ણઋતુ સાર્થના માણસોએ પસાર કરી. ત્યાર બાદ વર્ષાઋતુ આવી. એકદમ વરસાદ વરસવા લાગ્યો. વરસાદના પાણીથી ઉંચી–નીચી પણ ભૂમિ સમાન દેખાવા લાગી. સાર્થે આગળ ચાલવા માંડ્યું, પણ વાહનો કાદવમાં ખૂંચી જવા લાગ્યાં. આગળ વધવું મુશ્કેલ થઈ પડવાથી શ્રી ધના સાર્થવાહે થોડો વખત અટવીમાં વધુ રોકાવાનો નિર્ણય કર્યો. ઘાસની બાંધેલી કુટિરોમાં સાર્થના માણસો રહેવા લાગ્યા. એક જીવરહિત ભૂમિ ઉપર બંધાએલી ઘાસની ઝુંપડીમાં આચાર્યમહારાજ પણ પોતાના મુનિરાજોની સાથે રહ્યા. આ રીતિએ ઘણો સમય થઈ જવાથી અને ઘણું બગડી જવાથી, ખાવાનું પણ ખૂટ્યું અને સાર્થના માણસો કંદ આદિ જે ફાવ્યું તે ખાઈને જીવવા લાગ્યા.

સાર્થની આટલી ખરાબ હાલત થઈ, ત્યારે સાધુઓની શી હાલત થઈ હશે? આમ છતાં એકેય દિવસે સાધુઓએ ફરીયાદ કરી નથી, કારણ કે–એ સાધુઓ હતા. બીજી તરફ શ્રી ધના સાર્થવાહ

સાર્થની આ દશાના દુઃખે રીબાઈ રહ્યા છે. તેમને સાધુઓનો ખ્યાલ નથી રહ્યો. એક વાર ચિન્તાના યોગે એમને ક્ષણમાત્ર ઉંઘ આવી જાય છે. એ રાત્રિએ ચોથા પહોરે એક પ્રસંગ પામીને શ્રી ધના સાર્થવાહને મુનિઓ યાદ આવે છે અને મુનિઓ યાદ આવતાંની સાથે જ તેમના હૃદયમાં સખ્ત આઘાત થાય છે. 'જે મહાત્માઓ કરેલું, કરાવેલું કે અપ્રાસુક અન્ન વાપરવાથી દૂર રહે છે, કંદમૂલ તથા ફલો વિગેરેને અડતા પણ નથી, તે મહાત્માઓની આ દશામાં કયી હાલત થઈ હશે?'–એવી શ્રી ધના સાર્થવાહને ચિન્તા થાય છે. એ વિચારે છે કે–'મેં મૂઢે આ શું કર્યું? મેં તો વાણીમાત્રથી પણ તેમની ખબર નથી પૂછી. હવે હું મારૂં મોઢું કેમ બતાવી શકીશ? આજે જ તેમનું દર્શન કરીને હું મારા પાપને ધોઈ નાખીશ!' વિચારી જૂઓ કે–આ કેટલો ઉત્તમ વિચાર છે? અધમ આત્માઓને તો આવા પ્રસંગે પણ આ જાતિનો વિચાર નહિ આવતાં કોઈક જૂદો જ વિચાર આવે.

આવો વિચાર કરીને સવારના પહોરમાં જ તે આચાર્યમહારાજની પાસે આવ્યા. આચાર્યમહારાજની મુખમુદ્રા તો પૂર્વવત્ પ્રસન્ન જ હતી અને સર્વ સાધુઓ પોતપોતાની સાધનામાં નિમગ્ન હતા. શ્રી ધના સાર્થવાહે આવીને આચાર્યમહારાજને અને મુનિઓને પણ યથાક્રમે વંદન કર્યું. સૌએ ધર્મલાભ દીધો. કોઈ કશી પણ ફરીયાદ કરતું નથી. મુનિઓ આ હાલતમાં પણ પોતાની સાધનામાંથી ચલિત ન થાય, એ જ મુનિઓને માટે યોગ્ય ગણાય. મુનિઓ જો અનુકૂળતાના અર્થી અને પ્રતિકૂળતાના વૈરી હોય, તો આવા પ્રસંગે અનેક આત્માઓને ધર્મથી વિમુખ બનાવી દીધા વિના રહે નહિ. મોટા ઉપાડે સાથે લાવ્યા અને ખબર તો રાખી નહિ, એવો પણ ઉપાલમ્ભ સાચા મુનિઓ દે નહિ. ફરજનો ખ્યાલ આપવાનો હોય, પણ તેય અવસરે! પોતાને તકલીફ પડી તેથી મુનિઓ રોષે ભરાયા–એવું સામાને લાગે, એ પ્રકારનું વર્તન તો મુનિઓ કરે જ નહિ.

આચાર્યમહારાજને અને મુનિઓને વન્દન કર્યા બાદ, શ્રી ધના સાર્થવાહ આચાર્યમહારાજની સન્મુખ આવીને બેસે છે. પછી

ખેદપૂર્વક કહે છે કે-'હે ભગવન્! મેં મારી સાથે આવવાનું આપને આમંત્રણ કર્યું, એ કેવળ દેખાવ જ કર્યો: કારણ કે-તે દિવસથી આરંભીને આજ સુધીમાં મેં ન તો આપની ખબર પૂછી છે, ન તો આપને વાંદ્યા છે અને ન તો આપને અન્ન, પાન, વસ્ત્ર આદિથી સત્કાર્યા છે. જાગવા છતાં ઉંઘી ગયો હોઉં તેમ મેં મૂઢે આટલો લાંબો કાળ આપની અવજ્ઞા જ કરી છે. આમ છતાં પણ, હે ભગવન્! મારા આ પ્રમાદકાર્યને આપ સહો. આપ તો મહાત્મા છો, એટલે સર્વના દોષોને સહો તે સ્વાભાવિક છે.'

શ્રી ધના સાર્થવાહ આવા ભાવનું બોલે છે, એ ઉપરથી ખ્યાલ કરવો જોઇએ કે-એમનું હૃદય કેવું હશે? ભૂલ તો થઈ, પણ ભૂલનો ખ્યાલ આવતાં પશ્ચાત્તાપ કેટલો થયો, એ જ જોવા જેવું છે. ભૂલ થઈ જવી એ તો બનવાજોગ છે, ઉત્તમ આત્માઓથી પણ ભૂલ થઈ જાય, પણ ભૂલનો ખ્યાલ આવતાંની સાથે જ હૈયામાં પશ્ચાત્તાપનો ભાવ પ્રગટે, તો એ આત્મા ઉત્તમ જ છે. એ સાચું કે-ભૂલનો પશ્ચાત્તાપ દંભી નહિ હોવો જોઇએ. દંભીનો તો ઉદ્ધાર જ નથી. શ્રી ધના સાર્થવાહમાં દંભ જેવું કાંઈ છે જ નહિ. એમને તો ખૂબ દુઃખ થયું છે અને એ જ એમણે આચાર્યમહારાજ સમક્ષ પ્રગટ કર્યું છે.

આની સામે આચાર્યમહારાજે જે જવાબ આપ્યો છે, તે પણ ધ્યાનમાં રાખી લેવા જેવો છે. આચાર્યભગવાન શ્રીમદ્ ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-'હે મહામતિ! અમને તેવી કશી તકલીફ પડી નથી, માટે તું ખેદ ન કર! દુષ્ટ હિંસક પશુઓથી અને ચોરોથી રસ્તે તેં અમારૂં રક્ષણ કર્યું છે, તો તેં અમારો કયો સત્કાર નથી કર્યો? વળી તારા જ સાથિકો અમને ઉચિત અન્નપાનાદિ આપે છે.' આ રીતિએ આચાર્યમહારાજ કહે છે.

સંઘમાં સાથે આવનારાઓની કેવી વૃત્તિ હોવી જોઈએ, એ આ ઉપરથી પણ વિચારી શકાય તેમ છે. સંઘમાં આવનાર એક પણ યાત્રિકને કોઈ પણ પ્રકારની અગવડ ન નડે એ જોવાનું કામ જેમ સંઘપતિનું છે, તેમ સંઘમાં પડતી હરેક પ્રકારની તકલીફોને સમ-

તાથી સહી લેવી અને તેમ છતાં પણ જેટલી સગવડ મળે તેને માટે સંઘપતિનો ઉપકાર જ માન્યા કરવો, એ ફરજ યાત્રિકોની છે. આજે તો વૃત્તિ જ ફરી ગઈ છે. ૯૯ ચીજો સારી હોય તેની અનુમોદના કરવાની વૃત્તિ નથી થતી અને એકાદ ચીજમાં ખામી હોય તો એમાં મીઠું-મરચું ભભરાવીને નિન્દા કરવાની વૃત્તિ સ્હેજે થઈ જાય છે. આ ઘણી જ અધમ વૃત્તિ છે, પરન્તુ આજે આવી અધમ વૃત્તિવાળાની સંખ્યા વધારે છે એમ કહીએ તો ચાલે. ઉત્તમ વૃત્તિવાળા યાત્રિકોએ તો પોતાને મળતી સગવડો તરફ જ ધ્યાન આપવું જોઈએ અને બીજાઓની અગવડોને દૂર કરવાનું જો પોતાનાથી શકય હોય તો તેમ કરવાને નહિ જ ચૂકવું જોઈએ. આચાર્યમહારાજને અને સાધુઓને તકલીફ નહિ પડી હોય? પડી જ હશે, પણ એ મહાત્મા હતા. એ મહાત્મા હતા, તો તમે મહાત્માના ઉપાસક તો છો ને? જો હા, તો તમારે પણ આ પ્રકારનો ઉમદા ભાવ આત્મામાં પ્રગટે એવો પ્રયત્ન કરવો જોઈએ.

ઘણી તકલીફો પડવા છતાં પણ, આચાર્યમહારાજે એક પણ તકલીફ કહી નહિ અને જે કાંઈ સારૂં હતું તે જ જણાવ્યું, એથી શ્રી ધના સાર્થવાહના હૃદયમાં મુનિઓ પ્રત્યે જે માન હતું, તે કેઇ ગુણું વધી ગયું. ખરેખર, માણુસ જો સમતાશીલ બને, તો સામાનું પત્થર જેવું કઠોર પણ હૈયું પ્રાયઃ પીગળી જ જાય. તમે તમને પડતી તકલીફોની રાડ પાડવાનું બંધ કરો, તો સામા ઉપર એની અસર ન થાય, એમ માનો છો? તકલીફ દેનારમાં પણ જે ગુણ હોય તે ગુણ ગાવાથી, તકલીફ દેનારો આપોઆપ લજવાઈ જાય છે. ઉત્તમ આત્માઓ આવી રીતિએ પણ સામાને ગુણ પમાડી શકે છે.

હવે આચાર્યમહારાજને શ્રી ધના સાર્થવાહ કહે છે કે—'ખરેખર, સંતપુરૂષો ગુણોને જ જોનારા હોય છે અને એથી જ આપ મારા જેવા દોષિતને માટે પણ આમ બોલો છો. હું મારા પ્રમાદથી એકદમ શરમાઉં છું. આપ કૃપા કરો અને સાધુઓને આહાર માટે મોકલો, કે જેથી હું મારી ઇચ્છા મુજબ આપી શકું!'

શ્રી ધના સાર્થવાહને આચાર્યમહારાજ કહે છે કે-' અમને અકૃત, અકારિત અને અચિત્ત અન્નાદિ ખપે છે, એ તો તું જાણે છે. '

શ્રી ધના સાર્થવાહ કહે છે કે-' જે ખપશે તે આપીશ, પણ મુનિઓને મોકલો. '

આ પ્રમાણેની વિનંતિ કરીને શ્રી ધના સાર્થવાહ વંદન કરીને પોતાના આવાસે ગયા. આચાર્યમહારાજે વહોરવાને માટે એ સાધુઓને મોકલ્યા. હવે એ વખતે સાધુઓને ખપે એવું અન્નપાનાદિ તૈયાર નથી. શ્રી ધના સાર્થવાહ જાતે જ સાધુઓને વહોરાવી શકાય એવી વસ્તુ શોધે છે. એટલામાં એમની દૃષ્ટિ નવા આવેલા તાજા ઘી ઉપર પડે છે. શ્રી ધના સાર્થવાહ એ વહોરાવવાને તૈયાર થાય છે અને અવસરના જાણુ મુનિવર પાત્ર ધરે છે. ' धन्योऽहं, कृतकृत्योऽहं, पुण्योऽहम् '-એવા વિચારથી શ્રી ધના સાર્થવાહની રોમરાજી વિકસ્વર થાય છે અને એ જ ભાવનાપૂર્વક શ્રી ધના સાર્થવાહ સાધુઓને જાતે જ ઘી વહોરાવે છે. એ વખતે શ્રી ધના સાર્થવાહની આંખો પણ આનંદનાં અશ્રુઓથી ભીંજાઈ જાય છે. એ વખતે, શ્રી ધના સાર્થવાહનું મિથ્યાત્વ રૂપ ઝેર નીકળી ગયું. ઘી ખાવાથી ઝેર ચાલ્યું જાય છે એમ કહેવાય છે. અહીં પણ શ્રી ધના સાર્થવાહ વસ્તુતઃ ઘીનું દાન નહોતા દેતા, પણ મિથ્યાત્વ વિષનો નાશ કરવાને માટે જ જાણે ઘી ખાતા હતા! દાન દેવું, એ જ વસ્તુતઃ ખાવું છે. ખાધું, પીધું અને ભોગવ્યું તથા ત્રીજોરીમાં રાખ્યું તે આપણું, બાકી પારકું -એવું માનનારમાં ઉદારતા ક્યાંથી આવે? શ્રી ધના સાર્થવાહે તો એ વખતે મોક્ષતરૂના બીજ સમાન સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું. ' આપણને આ વર્ણન સાંભળતાં સાંભળતાં પણ ઉત્તમ ભાવના આવી જાય તો કામ થઈ જાય. '-એટલી પણ બુદ્ધિ જેનામાં હોય, તેને માટે આ દૃષ્ટાન્ત ઘણું જ ઉત્તમ છે.

શ્રાવકાચારનો ભાવ :

શ્રી જૈનશાસન કહે છે કે-જે ધર્મ સંસારને માટે જ હોય, તે ધર્મ વાસ્તવિક રીતિએ ધર્મ જ નથી. આજે એવી વાત કેટલાકના દીલમાં ઠસી ગઈ છે કે-'સંસારમાં રહેવું એ પણ ધર્મ છે અને સંસારથી છૂટવું એ પણ ધર્મ છે: કારણ કે-ભગવાને બંને પ્રકારના ધર્મ બતાવ્યા છે'-પણ એ એમનો ભ્રમ છે. શ્રી જૈનધર્મ એ મુક્તિનું સાધન છે પણ સંસારનું સાધન નથી, એ જ એની મહત્તા છે. શ્રી જૈનશાસનની સ્થાપના ભગવાન શ્રી અરિહંતદેવોએ મુક્તિને માટે જ કરી છે. શ્રી જૈનધર્મ અનાદિનો છે, પણ એને ભૂલી ગયેલાઓને જાગૃત કરવાને માટે જૂદે જૂદે કાળે થનારા શ્રી અરિહંતદેવો એને ઉપદેશે છે. મુક્તિ જેનું ધ્યેય નથી, એ સાચો જૈન નથી. મુક્તિ એ ધ્યેય અને એ ધ્યેયને પમાડવાની લાયકાત, એ શ્રી જૈનધર્મની અનુપમ કોટિની વિશિષ્ટતા છે.

સ૦ બીજાં દર્શનો પણ મુક્તિનું ધ્યેય રાખે છે.

કેવળ મુક્તિ માટેનો ઉપદેશ શ્રી જૈનધર્મ શિવાય બીજે નથી: એટલે અવસરે તેઓ તેવું ધ્યેય રાખવાનું કહેતા હોય, તો પણ તે વાતો માત્ર છે. મુક્તિ બોલી જવા માત્રથી મુક્તિ મળતી નથી. વાત મુક્તિની કરવી અને સંસારપોષક વસ્તુઓનો પણ ઉપદેશ કરવો, એ ચાલે નહિ. મુક્તિની પ્રધાનતા એકસરખી રીતિએ જૈનધર્મ શિવાય અન્યત્ર નથી. સંસારની પુષ્ટિ થાય, એવું શ્રી જૈનધર્મમાં કોઈ વિધાન જ નથી.

સંસારનું વિધાન કર્યા વિના પણ સંસારમાં સુંદરમાં સુંદર રીતિએ જીવાય, એવો માર્ગ શ્રી જૈનધર્મના અનુયાયિઓને મુક્તિ-માર્ગના વર્ણનથી જ મળી રહે છે. સંસારમાં રહેવા માટે કેમ રહેવું અને શું કરવું એનું સીધું વિધાન શ્રી જૈનશાસન કદી પણ કરતું નથી: પણ સંસારમાં રહેવું જ પડે, સંસારને છોડી શકાય તેમ ન હોય, તો સંસારમાં રહીને પણ સંસારને કાપવાનો તે દશામાં વધુમાં

વધુ શક્ય પ્રયત્ન કયી રીતિએ થઇ શકે, એવાં વિધાનો શ્રી જૈનદર્શને દર્શાવ્યાં છે અને એ પણ એક શ્રી જૈનધર્મની વિશિષ્ટતા જ છે.

સ૦ એ વિષયમાં મને જરા શંકા છે. શ્રાવકાચારનો ઉપદેશ તો જૈનશાસ્ત્રમાં પણ છે.

શ્રાવકાચારનો ઉપદેશ શ્રી જૈનશાસ્ત્રોમાં જરૂર છે, પણ તે કયી પદ્ધતિએ અપાયો છે અને અમારે પણ તે ઉપદેશ કયી પદ્ધતિએ આપવાનો છે, એ વસ્તુ ખાસ સમજી લેવી જોઇએ.

શાસ્ત્રમાં આવતું એક દૃષ્ટાન્ત આ વસ્તુને સમજવામાં ઉપયોગી થઇ જાય તેમ છે, એટલે અત્રે તેનો ભાવ કહેવામાં આવે છે.

એક રાજા કૌમુદી મહોત્સવ ઉજવવા માટે સૂર્યાસ્ત પહેલાં સર્વ પુરૂષોને શહેર બહાર નીકળી જવાનો હુકમ કરે છે. એક રાત માટે કેવળ સ્ત્રીઓ જ શહેરમાં રહે, કોઇ પણ પુરૂષ શહેરમાં ન રહે, એવો રાજા તરફથી હુકમ કરવામાં આવે છે અને તેનો ભંગ કરનારાઓને પકડી પાડવા વિગેરેનો પણ તે પ્રબંધ કરે છે.

એક શેઠના ૭ દીકરાઓ વ્યવસાયની વ્યગ્રતાથી સૂર્યાસ્ત અગાઉ શહેર બહાર નીકળી શકયા નહિ અને પકડાઈ ગયા. રાજાએ તેમને દેહાતદંડની શિક્ષા કરી.

તે છોકરાઓનો બાપ રાજા પાસે જાય છે. જોઇએ તેટલી ઋદ્ધિ લઇને પણ પુત્રના ગૂન્હાને માફ કરવાની માંગણી કરે છે. રાજા માનતો નથી.

શેઠ જૂએ છે કે-છએ ૭ દીકરાઓને જીવતા છોડવાની મારી યાચના રાજા કોઈ પણ રીતિએ સ્વીકારે તેમ લાગતું નથી. આથી તે પોતાની યાચનાને ઢીલી બનાવતો જાય છે. એ આગ્રહપૂર્વક યાચે છે કે-આપ મારા છએ પુત્રોને જીવનદાન ન દઈ શકતા હો, તો પાંચને જીવનદાન દો! રાજા એ યાચના પણ સ્વીકારતો નથી. રાજા જેમ જેમ મક્કમતા બતાવે છે, તેમ તેમ શેઠ ઢીલો થતો જાય છે. શેઠ એ જ નક્કી કરે છે કે-બને તેટલા વધારે છોકરાઓને મારે બચાવી લેવા. આમ વાત પાંચના ચાર ઉપર, ચારના ત્રણ ઉપર,

ત્રણના બે ઉપર અને છેવટ બેના એક ઉપર આવી રહે છે. શેઠની અત્યન્ત આજીજીના યોગે રાજા કાંઈક પીગળે છે અને એથી રાજા પૂછે છે કે–' છમાંથી કોને કોને મારૂં અને કોને બચાવું ?'

એ વખતે બાપે શો ઉત્તર આપવો? છની *રક્ષા કરો, તેમ નહિ તો પાંચની રક્ષા કરો, યાવત્ એકની રક્ષા કરો, એમ શેઠે જરૂર કહ્યું હતું, પણ રાજા પૂછે છે કે–' કોની કરૂં અને કોની નહિ '–એ પ્રશ્નનો ઉત્તર એ શી રીતિએ આપે? એ તો એમ જ કહે ને કે– ' હું તો રક્ષા કરવાની પ્રાર્થના કરૂં છું. કોને મારો એ કહેવા માટે મારી પાસે જીભ નથી. એ નક્કી કરવા માટે મારી પાસે હૃદય નથી. એવું બોલવાની મારામાં તાકાત નથી.'

છના જૂદા જૂદા બાપ હોત તો સૌ એમ કહી દેત કે–' મારા પુત્રની રક્ષા કરો.' પણ આ તો છનો એક જ બાપ હતો. એ શું કહે?

ભગવાન શ્રી જિનેશ્વરદેવ છએ કાયના બાપ છે કે એક કાયના બાપ છે? પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એટલે હાલતા–ચાલતા, એ છએ જીવના જ ભેદો છે. ' એ છમાંથી કોને મારૂં?'–એમ તમે પૂછો, ત્યારે સાચો દયાળુ કોને મારવાનું કહે? બધાની અથવા તો બને તેટલા વધારેની રક્ષા કરવાનું કહે કે મારવાનું કહે? મારવાનું કદી કહે? નહિ જ.

શ્રી જિનેશ્વરદેવ અને એ તારકની આજ્ઞામાં રહેનારાવાળા સુસાધુ એ છએના બાપ છે અને તમે સંસારના રાજા છો. તમારી જેલમાં એ છએ પડ્યા છે. એ છએના બાપ કોને મારવાનું કહે?

આથી સમજો કે–છએની રક્ષા અધિક કેમ થાય, એ જ ઉપદેશ શ્રી જૈનશાસ્ત્રમાંથી મળવાનો. કોઈનો પણ નાશ કરવાનો ઉપદેશ શ્રી જૈનશાસ્ત્રમાંથી મળવાનો નથી. મારવાની વાતમાં શ્રી જૈનશાસ્ત્ર રક્ષાનો ઉપદેશ આપીને મૌન જ રહે છે. રક્ષાના વિષયમાં જ એ બોલી શકે છે.

શ્રી જૈનધર્મમાં વિધાન રક્ષણનું છે, પણ ભક્ષણનું નથી.

'सर्वनाशे समुपस्थिते अल्पमपि रक्षणीयम्'–એ ન્યાય શ્રી જૈનધર્મને સ્વીકાર્ય છે, પણ એનો અર્થ એવો નથી જ કે–બાકીનાઓને મારવાની છૂટ ધર્મ આપે છે. ધર્મ તો રક્ષણનું જ પ્રતિપાદન કરે છે. એકાન્તે રક્ષક ન બની શકે તે અલ્પપણે રક્ષક બને એમ ધર્મ કહે છે, પણ તેમાંય ધર્મનો સંબંધ તો અલ્પ પણ રક્ષાની સાથે જ છે: અને એ જ દૃષ્ટિએ શ્રાવકાચારનો ઉપદેશ છે.

સંસાર દુઃખમય છે, દુઃખફલક છે, દુઃખપરંપરક છે અને મુક્તિ જ એક એવું સ્થાન છે, કે જ્યાં દુઃખનો લેશ પણ નથી. સંયમ વિના એ મુક્તિ પ્રાપ્ત થાય તેમ નથી. સર્વત્યાગ વિના સંયમ નથી. સર્વત્યાગ પણ સંપૂર્ણ અહિંસા અને સંપૂર્ણ સત્ય આદિ વ્રતોવાળો હોવો જોઇએ. આવી રીતિએ અનન્તજ્ઞાનિઓની આજ્ઞા મુજબ સર્વત્યાગી બનવું, એ આત્માનું કલ્યાણ સાધવાનો ઉંચામાં ઉંચો માર્ગ છે. સુસાધુ આ માર્ગ મોક્ષાર્થી જીવને પ્રથમ બતાવે, પણ આ માર્ગને સ્વીકારવાને જે તૈયાર થઇ શકે તેમ ન હોય, તેને પાંચ અણુવ્રતાદિ કહે: જેનામાં એટલા પણ ત્યાગી બનવાની શક્તિ ન હોય, તેને સમ્યક્ત્વને અંગેનો ઉપદેશ આપે. એય સ્થિતિમાં આવવાજોગી સ્થિતિ ન દેખાય, તો માર્ગાનુસારિતા દેખાડે. એ સિવાય બીજો ઉપદેશ આપવાનો જૈનમુનિને અધિકાર જ નથી. આ બધામાં સાધુનો સંબંધ જે પ્રમાણમાં હિંસાવિરમણ આદિ થાય તે પ્રમાણની સાથે જ છે, પણ શેષ હિંસાદિની સાથે સાધુને કશો જ સંબંધ નથી.

મહાવ્રતો એ સાધ્વાચાર છે અને અણુવ્રતાદિ એ શ્રાવકાચાર છે. સર્વ પ્રાણાતિપાતાદિથી વિરામ એ સાધ્વાચાર છે અને સ્થૂલ પ્રાણાતિપાતથી વિરામ એ વિગેરે શ્રાવકાચાર છે: પણ જેટલી રક્ષા એ શ્રાવકાચાર અને જેટલી હિંસા એ પાપાચાર, એ ભૂલવું જોઇએ નહિ. સ્થૂલ હિંસાનો ત્યાગ, એ ધર્માચાર. સૂક્ષ્મ હિંસાનો અત્યાગ, એ પાપાચાર. તમારે એ પાપાચાર કરવો પડે તેમ હોય તો પણ એ પાપાચારનો સાધુ તરફથી ઉપદેશ તો હોય જ નહિ: અને તમારા હૃદયમાં પણ એ પાપાચાર પ્રત્યે ઉપાદેય બુદ્ધિ નહિ જ હોવી

જોઈએ. એ જ રીતિએ-બીજા અણુવ્રતમાં, ત્રીજા અણુવ્રતમાં અને ચોથા અણુવ્રતમાં પણ સમજવું જોઈએ. બીજામાં, ત્રીજામાં અને ચોથામાં પણ બાકી રહેતા પાપનો ઉપદેશ શ્રી જૈનધર્મમાં નથી. ચોથામાં પણ મુનિઓ તરફથી ઉપદેશ તો પરસ્ત્રીત્યાગનો અને સ્વમાં પણ સંતોષનો જ હોય છે. સાધુને સંબંધ સંતોષ સાથે ખરો, પણ દારા રાખવા સાથે કે તેના ભોગવટા સાથે સાધુને કશો જ સંબંધ નહિ. એ દૃષ્ટિએ સંતોષના માલિક સાધુ અને દારાના માલિક તમે. અમારી તો વાત જ એ કે-બને તો સર્વથા બ્રહ્મચારી બનો : એ ન બને તો પરસ્ત્રીના ત્યાગી બનવા સાથે પોતાની પત્નીને વિષે પણ અતિ આસક્ત નહિ બનતાં બને તેટલા વધુ સંતોષી બનો ! 'સ્વદારા-સંતોષ'નો ઉપદેશ આપતાં પણ સાધુઓ તમે દારા રાખી છે તેને કે તેના ભોગને ઠીક માને છે એમ નથી. એને ઠીક માનનારો સાધુ તો તમારા પાપનો ભાગીદાર બને : અર્થાત્-એ કારણે તેને પણ પાપ લાગે. સુસાધુઓ, એ પાપ લાગે નહિ અને તમને બનતી રીતિએ સદાચારી બનાવાય, એવી જ રીતિએ ઉપદેશ આપે. જેમકે-શાસ્ત્રમાં કહ્યું છે કે-લોકાશ્રય વિના સંયમનું પાલન નથી. આહાર-પાણી આદિ સંયમનાં સાધનો લોકાશ્રય વિના પ્રાપ્ત થઈ શકે નહિ, પરંતુ સંયમના સાધન માટે લોકાશ્રય રાખવાવાળા સાધુએ લોકથી કમલની માફક ન્યારા રહેવું જોઈએ. સ્થૂલ હિંસા કરવી નહિ, સ્થૂલ અસત્ય, સ્થૂલ ચોરી, પરદારાગમન, ઘણી મમતા આદિ કરવાં નહિ, ઈત્યાદિ શ્રાવકાચારનું પાલન કરનારો શ્રાવક સંસારમાં પણ કદી દુઃખી નહિ થાય, એ માટે શાસ્ત્ર ખાત્રી આપે છે : પણ તે શિવા-યની જે પ્રવૃત્તિ ગૃહસ્થ કરે છે, એમાં શ્રી જૈનધર્મની અને એની સર્વવિરતિ બનીને ઉપાસના કરનારા સાધુઓની લેશ પણ ભાગીદારી નહિ, એમ શાસ્ત્ર કહે છે.

વેષથી પણ સંરક્ષણ :

આર્યદેશ આદિ સામગ્રીએ સહિત મનુષ્યભવ તમને મળ્યો છે. પુણ્યના ઉદય વિના આવો ભવ અને આવી સામગ્રી મળે નહિ. હવે પુણ્યના બદલામાં મેળવવું છે શું? તમારી પુણ્યની મુડી તો ખચાયે જાય છે, એટલે એ ઉધારખાતું તો ચાલુ જ છે: પણ જમાખાતાની કયી દશા છે? જમાખાતામાં પાપની જ નોંધણી થયે જાય છે કે પુણ્યની નોંધણી થયે જાય છે? પુણ્યની નોંધણી થતી હોય તોય તે પાપાનુબંધી પુણ્યની નોંધણી થયે જાય છે કે પુણ્યાનુબંધી પુણ્યની નોંધણી થયે જાય છે? કેવળ નોંધણી જ થયે જાય છે કે તેમાં કાપ પણ પડતો જાય છે? આપણે તો કર્મનો ચોપડો જ ન રહે, એ દશા જોઈએ છે. પુણ્ય ખર્ચીને પાપની ખરીદી કરનારા મહા દયાપાત્ર છે અને પુણ્યના ભોગવટાની દરકાર કર્યા વિના કર્મક્ષયનો જ પ્રયત્ન કરનારા એકાન્તે પ્રશંસાપાત્ર અને પૂજનીય છે. આ દૃષ્ટિ આવે તો આજે કેટલાકોને સાધુઓ દયાપાત્ર લાગે છે તે ન લાગે, પણ પોતે જ સાચા દયાપાત્ર છે એમ લાગી જાય.

આ વસ્તુનો ખ્યાલ કરવા જેવો છે. આ વસ્તુ ખ્યાલમાં આવી જાય, તો સંસારમાં જે રસ આવે છે તે આવે નહિ. આ વસ્તુ સમજાય તો ઉદાસીનભાવ આવ્યા વિના રહે નહિ. ઉદાસીનભાવ આવે તો પાપકાર્યના યોગે બંધાતા પાપકર્મનો પડતો બંધ તેવો તીવ્ર ન પડે. ઉદાસીનભાવ જેમ જેમ ખીલે, તેમ તેમ આત્મા મોક્ષના માર્ગે વળે. સાચો ઉદાસીનભાવ પ્રગટ્યા પછી સંસાર નહિ છૂટે, તોય સંસાર તેવા પાપનું કારણ નહિ બને. મળેલી સામગ્રીનો ઉપયોગ સંસારની સાધનામાં થશે એ ડંખશે અને મુક્તિની સાધનામાં જ મળેલી સામગ્રીનો ઉપયોગ કરવાની અભિલાષા થયા કરશે. તમે તમારી સામગ્રીનો ઉપયોગ કયે માર્ગે થાય તો રાજી થાવ છો, એ વિચારી જૂઓ! સૌથી પહેલી સાક્ષી આત્માની હોવી જોઇએ.

સ૦ આત્મસાક્ષી હોય પછી અરિહંતાદિની સાક્ષીની શી જરૂર છે?

શ્રી અરિહંતાદિકની સાક્ષી પણ જરૂરી છે. આત્માને ઉત્સાહિત બનાવવાને માટે અને પડતો બચાવવાને માટે, એ વ્યવહાર પણ જરૂરી છે. વ્યવહાર ઇરાદાપૂર્વક ઉડાવવા જેવો નથી. વ્યવહારનું પાલન કરનાર શુદ્ધ ધ્યેયવાળાને નિશ્ચયદશા પ્રાપ્ત થાય છે. એ વિના નિશ્ચયદશાની વાત દંભ માત્ર છે. ખાવું, પીવું, બોલવું, ચાલવું,–એ સર્વ વ્યવહાર કરવો અને ધર્મના વિષયમાં ધર્મવ્યવહારની અવગણના કરીને નિશ્ચયદશાની વાતો કરવી, એ ખૂલ્લો દંભ છે. એવા દંભિઓને શ્રી વીતરાગદેવના શાસનમાં સ્થાન નથી. ધર્મવ્યવહારમાં અજબ તાકાત છે. ધર્મવ્યવહારનું પાલન અવસરે આત્માની બગડેલી પણ ભાવનાને સુધારનાર છે. પાઘડી અને ટોપી પહેરવામાં પણ કેટલો ફેર પડે છે? ટોપીવાળા રસ્તે ચાલતાં લડી પડશે, પણ પાઘડીવાળાથી એકદમ તેમ નહિ થાય. વાત સામાન્ય, પણ ભેદ કેટલો? શુદ્ધ વ્યવહારના પાલનમાં રક્ત બનેલ આત્મા આવેલા ખોટા ગુસ્સાને પણ શમાવી શકે છે અને ફેર પોતાના સ્થાનને શોભતા ભાવમાં લીન બની શકે છે. યોગ્ય સ્થાન અને યોગ્ય વ્યવહાર પણ, આત્માને પાપથી બચાવવામાં મહા સહાયકારક બની શકે છે. શું આ વેષ માત્રમાં જ સાધુતા રહેલી છે? નહિ જ, આવો વેષ પહેરી લેવા માત્રથી જ સાધુતા આવતી નથી: પણ આ વેષ આવેલી સાધુતાના પરિપાલનમાં અને તેને ટકાવવા તથા ખીલવવામાં સારી રીતિએ સહાયક બની શકે છે, માટે વેષની પણ કિંમત છે એ ભૂલવું જોઈએ નહિ.

શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ એક નિમિત્તને પામીને દુર્ધ્યાને ચઢી ગયા હતા અને પોતાના શ્રામણ્યને પણ વિસરી ગયા હતા. તે વખતે દુર્ધ્યાનમાંથી શુક્લધ્યાન ઉપર આરૂઢ થવામાં નિમિત્ત લુંચિત માથું બન્યું હતું.

શ્રી પ્રસન્નચન્દ્ર રાજા પોતાના નાના ભાઈ શ્રી વલ્કલચીરીને જ્યારે ઉજ્વલ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, ત્યારે ત્યાં હાજર હતા અને કેવલજ્ઞાની પરમર્ષિ શ્રી વલ્કલચીરીએ આપેલા ઉપદેશને પરિણામે તીવ્ર વિરાગી બન્યા હતા.

વિરક્તાત્મા શ્રી પ્રસન્નચન્દ્ર રાજાનો પુત્ર બહુ જ નાની ઉંમરનો

હતો, પરન્તુ શ્રી પ્રસન્નચન્દ્ર રાજાને ત્યાગી બનવાની તાલાવેલી લાગી હતી : આથી તેમણે પોતાના નાની ઉંમરના પણ પુત્રને રાજગાદી ઉપર પ્રતિષ્ઠિત કર્યો અને સાર-સંભાલનો બોજો પોતાના વિશ્વાસુ મન્ત્રિઓને સોંપીને શ્રી પ્રસન્નચન્દ્ર રાજાએ દીક્ષા ગ્રહણ કરી.

શ્રી જૈનશાસનને આવી દીક્ષાઓ અમાન્ય નથી. નાની ઉંમરના પુત્રને મૂકીને દીક્ષા ન જ લેવાય, એવું શ્રી જૈનશાસન માનતું નથી. ઔચિત્યને નહિ ચૂકવું એ વાત શ્રી જૈનશાસનને સ્વીકાર્ય છે, પરન્તુ વિરક્તાત્માએ છતી શક્તિએ પણ સંતાનની બાળવય કે પત્નીની યુવાનવય ખાતર દીક્ષિત નહિ બનવું, એવું કોઈ વિધાન કરે તો તે વિધાન શ્રી જૈનશાસનને સ્વીકાર્ય નથી જ !

બાળવયસ્ક પુત્રને રાજગાદી ઉપર પ્રતિષ્ઠિત કરીને શ્રી પ્રસન્નચન્દ્ર રાજા ત્યાગી બન્યા, એથી તે છોકરાના હિતમાં ઘણું નુકશાન થયું છે-એમ દુન્યવી દૃષ્ટિવાળાઓને લાગી જાય અને એથી તેવા અજ્ઞાનો ધર્મની નિન્દા કરે એવો પ્રસંગ પણ બની ગયો છે: પરન્તુ શ્રી જૈનશાસને શ્રી પ્રસન્નચન્દ્ર રાજાના ત્યાગને વખોડ્યો નથી. એ પુણ્યાત્માએ ભૂલ કરી એવું શ્રી જૈનશાસનના કોઈ પણ મહાપુરૂષે કહ્યું નથી.

શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ દીક્ષિત બન્યા બાદ સિદ્ધિસાધનામાં એકતાન બન્યા છે. ખરેખર, અતિ ઉત્તમ આત્માઓની દૃષ્ટિ નિરન્તર સાધ્યસિદ્ધિ તરફ જ હોય છે અને એથી તે પુણ્યપુરૂષો સિદ્ધિસાધનામાં પુદ્ગલની પરવા કર્યા વિના અપ્રમત્તભાવને ભજનારા બની જાય છે. શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ પણ દીક્ષિત બન્યા બાદ સિદ્ધિસાધનાના હેતુથી ઘોર તપ તપી રહ્યા છે.

એ મહાત્મા એક સ્થાને સૂર્યની સામે નેત્રોને સ્થિર કરીને અને પોતાની બન્ને ભુજાઓને ઉંચી કરીને એક પગે ખડા રહી એકાગ્ર મને ધ્યાન ધરી રહ્યા છે. સૂર્યના તાપથી એ મહાત્માનું શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું છે. એ વખતે એ મહાત્મા જાણે કે-શાન્તરસની સાક્ષાત્ મૂર્તિ હોય એવા લાગે છે.

જે સ્થાને આ મહાત્મા આ પ્રકારે તપ તપી રહ્યા છે, તે

સ્થાનની પાસેના રસ્તે થઈને શ્રી શ્રેણિકરાજા ભગવાન શ્રી મહાવીર પરમાત્માને વન્દન કરવાને માટે જઈ રહ્યા છે. શ્રી શ્રેણિકરાજાના સૈનિકો આગળ ચાલે છે. તેમાંના બે સૈનિકો શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિને એકાગ્ર મને ધ્યાન ધરતા જૂએ છે. એ જોઈને એક સૈનિકને એ મહાત્માની અનુમોદના કરવાનું મન થઈ જાય છે. તેના હૃદયમાં શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ પ્રત્યે અત્યન્ત પૂજ્યભાવ પ્રગટે છે અને હૃદયમાં પ્રગટેલા તે પૂજ્યભાવને તે સૈનિક સહજ રીતિએ મુખેથી પ્રકાશિત કરે છે. એ કહે છે કે–" અહો, મુનિઓમાં મતંગજ સમાન આ મહાત્મા વન્દનીય છે, કે જે મહાત્મા આવા પ્રકારે તપને તપે છે! બે ઘડીને માટે પણ કોણ આમ એક પગે ઉભો રહી શકે અને સૂર્ય મણ્ડલને જોઈ શકે? ખરેખર, આ ઘણું જ દુષ્કર કાર્ય છે! ધન્ય છે!"

આત્મામાં થોડી પણ લાયકાત આવી હોય, તો આવા અવસરે આવા ઉદ્ગારો નીકળવા એ સહજ છે. ઉત્તમ આત્માઓની ઉત્તમતાને જોવાને માટે પણ લાયકાત જોઈએ છે. નાલાયક આત્માઓ તો ઉત્તમતાને પણ અધમ રૂપે ઓળખવા અને ઓળખાવવા તત્પર બને છે. પેલો સૈનિક તો શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિની તપોમય ઉત્કૃષ્ટ સાધનાને જોઈને, અનુમોદના કરતાં કરતાં કહે છે કે–" આવા મહાત્માઓને શું સ્વર્ગ કે શું મોક્ષ, એ દૂર નથી : કારણ કે–ઘણા એવા તપથી કયું કયું અસાધ્ય પણ સધાતું નથી?"

આટલી બધી પ્રશંસા હૃદયમાં કેટલો ઉલ્લાસભાવ પ્રગટ્યો હશે, ત્યારે થઇ હશે? પણ તેની સાથેનો સૈનિક આ સાંભળીને બળી જાય છે. એને એમ થાય છે કે–' આને કાંઈ ગમ નથી.'

આથી, તે બીજો સૈનિક કહે છે કે–" હે મિત્ર! તું શું જાણતો નથી કે–આ રાજા પ્રસન્નચન્દ્ર છે? આ જે કરે છે તે ધર્મ નથી. આનો તપ ફોગટ છે. આ તો પોતાના નાની વયના છોકરાને રાજ્યગાદી ઉપર પ્રતિષ્ઠિત કરીને નીકળ્યો છે, પણ મન્ત્રિઓ તો પેલાને આંબા ઉપરથી કાચી કેરીને પાડી નાખવાની જેમ પરાભવ પમાડી રહ્યા છે. આ પ્રસન્નચન્દ્ર રાજાએ પોતાનું રાજ્ય મન્ત્રિઓને રક્ષણ

કરવાને માટે સોંપ્યું, પણ મંત્રિઓ દુષ્ટ નીકળ્યા એટલે બીલાડાઓને સાચવવાને માટે દૂધ સોંપવા જેવું થયું. હવે તે બાળકનો નાશ થયા બાદ આના વંશનો સર્વથા નાશ થવાનો છે અને એથી આ પોતાના પૂર્વજોના નામનો નાશ કરનારો પાપી છે. વળી દીક્ષા લેવાની ઇચ્છાવાળા આણે પોતાની જે પ્રિયાઓને તજી દીધી છે, તે અનાથ અબળાઓની પણ કોણ જાણે શીએ ગતિ થઇ હશે!"

જૂઓ, બેયની દૃષ્ટિને સરખાવી જૂઓ! વંશનાશને પાપ માનવું એ ડહાપણ છે? વંશ ચલાવવાની મહેનત એ પાપ છે કે આત્મકલ્યાણ સાધતાં વંશનું નામ જતું હોય તો જવા દેવું એ પાપ છે? વંશનું નામ રહે તો આત્માનું કલ્યાણ થાય, એમ? વંશ તો કૂતરાં-બીલાડાંનાં પણ કયાં નથી રહેતા? વંશની નામનાને રાખવાને માટે ધર્મને દૂર રાખવાની ઇચ્છા, એ તો પાપેચ્છા છે. આત્માનું કલ્યાણ, એ જ વાસ્તવિક વસ્તુ છે. વંશનું નામ રહી જાય તેથી વડિલોના આત્માને લેશ પણ લાભ થાય છે અને વંશનું નામ જાય તેથી વડિલોના આત્માને લેશ પણ હાનિ થાય છે, એમ માનવું એ કોરૂં અજ્ઞાન જ છે.

પણ એ વાતો શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિના કર્ણકોટરમાં પ્રવેશી ગઈ અને એ કારમી વાતોએ તે મહાત્માના સમાધિ રૂપી વૃક્ષને ભાગી નાખ્યું. સામાન્ય પણ નિમિત્ત કેટલીક વાર મહાત્માઓના પણ ભયંકર અધઃપાતનું કારણ બની જાય છે.

શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ વિચાર કરે છે કે-"અહો, તે કુમન્ત્રિઓનું મેં જે કાંઈ સન્માન કર્યું, તે અગ્નિમાં ઘી હોમવા જેવું થયું! પાપકર્મને કરનારા તે લુચ્ચાઓએ, મારા દૂધપીતા બાળકના રાજ્યનો ઉચ્છેદ કરવાનો પ્રયત્ન આરંભ્યો! ધિક્કાર છે, તે વિશ્વાસઘાતિઓને! જો હું ત્યાં હોત, તો તે દુષ્ટોને નવા નવા નિગ્રહો દ્વારા અનુશાસન કરવાને ચૂકત જ નહિ! ખરેખર, પોતાના પુત્રના પરાભવની વાત કાને આવી, એટલે આ જીવિતથી પણ શું અને આ ઘણા તપથી પણ શું?"

આ રીતિએ શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ અધિકાધિક દુર્ધ્યાન ઉપર જ આરૂઢ થતા ગયા અને ક્રોધ રૂપી ભૂત વડે આવિષ્ટ એવા તે મહાત્મા

પોતાની શ્રમણપણાની સ્થિતિને પણ ભૂલી ગયા. શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ ક્રોધમાં એટલા બધા અન્ધ બની ગયા કે-તેમને પોતાની અવસ્થાનું ભાન સરખુંય રહ્યું નહિ અને પેલા મન્ત્રિઓની સામે જાણે કે-યુદ્ધભૂમિમાં જ ઉભા હોય તેમ તેમણે મનમાં ને મનમાં યુદ્ધ આરંભી દીધું. છેદન, ભેદન આદિ દારૂણ દુષ્કર્મો તે રાજર્ષિએ મનથી જ કરવા માંડ્યાં.

શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ આ પ્રકારે જે વખતે ઘોર દુર્ધ્યાનમાં લીન બન્યા છે, તે જ વખતે શ્રી શ્રેણિકરાજા રસ્તે જતાં એમને તપ તપતા ઉભેલા જૂએ છે. મનમાં યુદ્ધ ચાલે છે, પણ બહારનો દેખાવ તો મહા તપસ્વિપણાનો સૂચક છે ને? શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિને જોઈને શ્રી શ્રેણિકરાજા હાથી ઉપરથી નીચે ઉતરે છે અને ભાવપૂર્વક નમસ્કાર કરે છે. નમસ્કાર પણ એવી રીતિએ કરે છે કે-જાણે ભૂમિ-રેણુથી પોતાના ભાલને તિલક કરતા હોય!

પોતે રાજા છે, પણ શ્રી જિનશાસનના તો સેવક છે ને? શ્રી જિનશાસનને પામેલો ચક્રવર્તી પણ, રંકપણામાંથી તેને તજીને સાધુ બનેલા મહાત્માનેય આ રીતિએ નમસ્કાર કરે: કારણ કે-દુન્યવી સત્તા કે સાહ્યબીની સાચી વિરતિ પાસે કશી જ કિંમત નથી.

શ્રી શ્રેણિકરાજા આ રીતિએ પ્રસન્નતાપૂર્વક નમસ્કાર કરે છે અને મહાત્માની તપઃશીલતાની અનુમોદના કરે છે. તે પછી ભગવાનની પાસે જતાં જતાં પણ રસ્તામાં-'શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિનું તપઃસામર્થ્ય અદ્ભુત છે'-એમ વિચાર્યા કરે છે.

શ્રી શ્રેણિકરાજા અવિરતિના ઘોર ઉદયવાળા હતા, પણ શુદ્ધ સમ્યગ્દષ્ટિ હતા: એ પુણ્યાત્મા સ્વયં ભલે અવિરતિથી પર રહેતા, પણ વિરતિધર પ્રત્યે તેમના અન્તરમાં પૂજ્યભાવ કમ નહોતો. વિર-તિધરને જોતાંની સાથે જ એમના અન્તરમાં ઉલ્લાસ પ્રગટતો. વિરતિ ઉપરના રાગમાં કમીના નહોતી. આવો આત્મા ક્યારે વિરતિધર ન બને? ત્યારે જ, કે જ્યારે વિરતિધર બનવું એ તે આત્માને માટે શક્ય ન હોય! સમ્યગ્દષ્ટિ આત્મા શક્યમાં પ્રવૃત્તિવાળો અને અશ-

કયમાં સદ્દહણાવાળો હોય, એમ જે જ્ઞાનિઓએ કહ્યું છે તે યથાર્થ જ છે, એ વાત સમજાય તો શકયની બેદરકારીનું મૂળ શોધવામાં સરલતા થઇ પડે !

ભગવાનને પંચાંગ પ્રણિપાત કરીને શ્રી શ્રેણિકરાજા વિનયપૂર્વક યથાસ્થાને બેઠા. પછી અવસરે શ્રી શ્રેણિકરાજાએ, ભગવાન શ્રી મહાવીર પરમાત્માને પૂછ્યું કે–"હે ભગવન્! જે સમયે મેં ધ્યાનસ્થ એવા શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિને જોયા, તે સમયે જ જો એ મહાત્માનું દેહાવસાન થાય, તો એ મહાત્માની ગતિ કયી થાય?"

આ પ્રશ્ન શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ પ્રત્યે પ્રગટેલા અતિ ભક્તિભાવના યોગે ઉદ્‌ભવ્યો છે. શ્રી શ્રેણિક રાજાને એમ થઈ ગયું છે કે–આવા ઘોર તપનું કેવુંય સુન્દર ફલ પ્રાપ્ત થાય! પણ ભગવાન જે ઉત્તર આપે છે, તે સાંભળીને શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિની મનોદશાથી અજ્ઞાત આત્મા સ્તબ્ધ જ થઇ જાય તેમ છે.

શ્રી શ્રેણિકરાજાના પ્રશ્નનો ઉત્તર આપતાં, ભગવાન શ્રી મહાવીરપરમાત્મા ફરમાવે છે કે–"હે રાજન્! તે સમયે જો પ્રસન્નચન્દ્ર રાજર્ષિ કાલધર્મને પામે, તો સાતમી નરકે જાય!"

સરલ બુદ્ધિને ધરનાર શ્રમણોપાસક શ્રી શ્રેણિકરાજા વિચારે છે કે–"ઉગ્ર તપસ્વી એવા પણ એ મહાત્માની આ ગતિ કેમ?"

આથી શ્રી શ્રેણિકરાજાની જિજ્ઞાસા વધી પડે છે અને એથી શ્રી શ્રેણિકરાજા ફરીથી ભગવાનને પૂછે છે કે–"હે ભગવન્! આ સમયે જ જો તે મહામુનિ કાલ કરે, તો કયી ગતિને પામે?"

ભગવાન કહે છે કે–"હે રાજન્! મહાતપસ્વી એવા તે રાજર્ષિ વર્તમાનકાળે સર્વાર્થસિદ્ધિમાં જવાને યોગ્ય છે."

આ સાંભળીને શ્રી શ્રેણિકરાજાનું આશ્ચર્ય વધી જવું, એ સ્વાભાવિક છે: પણ ભગવાનની વાણી અન્યથા હોય જ નહિ એવી શ્રી શ્રેણિકરાજાને લેશ પણ શંકાદિથી રહિત ખાત્રી છે. આથી શ્રી શ્રેણિકરાજા ભગવાનને પૂછે છે કે–"હે ભગવન્! સર્વજ્ઞની વાણી મિથ્યા હોતી જ નથી, પરન્તુ હું અજ્ઞાન છું, તો કૃપા કરીને એ

ફરમાવો કે-આવી દ્વિધા વ્યાકૃતિ થવાનું કારણ શું છે?"

ભગવાને ફરમાવ્યું કે-"હે રાજન્! જે સમયે તે રાજર્ષિને તેં વન્દન કર્યું, તે સમયે તે રાજર્ષિ રૌદ્રધ્યાની હતા અને સામ્પ્રત કાલે તે રાજર્ષિ શુકલધ્યાની છે. તે વખતે તે રૌદ્રધ્યાનપરાયણ હોઇને નરકને યોગ્ય હતા અને વર્તમાનમાં શુકલધ્યાનપરાયણ હોઇને સર્વાર્થસિદ્ધિને યોગ્ય છે."

એવા પણ મહાતપસ્વી રૌદ્રધ્યાનપરાયણ કેમ હોઈ શકે? અને થોડી જ વારમાં શુકલધ્યાનપરાયણ કેમ બની શકે?, આવા પ્રશ્નો સરલતાભરી જિજ્ઞાસાના યોગે પ્રગટવા તે સહજ છે.

શ્રી શ્રેણિકરાજા પૂછે છે કે-"હે ભગવન્! તે વખતે તે રાજર્ષિ રૌદ્રધ્યાની શાથી બન્યા હતા અને ત્યાર બાદ તે રાજર્ષિ શુકલધ્યાની શાથી બન્યા?"

ભગવાન કહે છે કે-"હે રાજન્! તારા સૈનિકોમાં આગળ ચાલતા બે સનિકોની વાર્તા દ્વારા પોતાના મન્ત્રિઓ જ દ્વારા પોતાના પુત્રના થએલા પરાભવને સાંભળતાં પુત્રમમત્વથી તે રાજર્ષિ સ્પર્શાયા અને એના યોગે તે રાજર્ષિએ પોતાના ક્રૂર મન્ત્રિઓની સાથે મનથી જ યુદ્ધ આરંભ્યું. તે મન્ત્રિઓ પ્રત્યક્ષ હોય તેમ તેમની સાથે અધિકાધિક યુદ્ધ કરતાં કરતાં તે રાજર્ષિ શસ્ત્રરહિત થઇ જતાં ખેદને પામ્યા. આ વખતે, તેઓ પોતાને વસ્ત્રશસ્ત્રાદિથી સુસજ્જિત માની રહ્યા હતા, એટલે તે રાજર્ષિએ વિચાર્યું કે-'મારા માથાના મુકૂટથી પણ આ લોકોને હણું!' આવો વિચાર કરીને માથાનો મુકૂટ લેવાને માટે તે રાજર્ષિએ માથા ઉપર હાથ નાખ્યો. લોચ કરેલા માથાને સ્પર્શ કરતાંની સાથે જ પ્રસન્નચંદ્ર રાજર્ષિને પોતાના વ્રતનો ખ્યાલ આવ્યો. ખ્યાલ આવતાંની સાથે જ તે રાજર્ષિએ વિચાર્યું કે-'રૌદ્રધ્યાને ચઢેલા મને ધિક્કાર હો, ધિક્કાર હો! નિર્મમ એવા મારે તે પુત્રની સાથે અગર તો મન્ત્રિઓની સાથે શો સંબંધ છે?'-આ રીતિએ ચિન્તવતા તે રાજર્ષિના મોહદુર્દિનનો વિલય થયો અને પુનઃ તેમનામાં વિવેક રૂપી ઝળહળતો સૂર્ય પ્રગટચો. અમે તે રાજર્ષિની પાસે

જ હોઇએ તેમ અમને ભક્તિથી વન્દન કરીને, તે રાજર્ષિ આલો-ચનાદિપૂર્વક પ્રશસ્ત ધ્યાનમાં સ્થિત બન્યા અને દુર્ધ્યાન રૂપી અરણ્યમાં ઉત્પન્ન થએલાં કર્મ રૂપી લાકડાંને તે રાજર્ષિએ શુભ ધ્યાન રૂપ અગ્નિથી બાળીને ભસ્મિભૂત કરી નાખ્યાં!"

ભગવાનના શ્રીમુખેથી આ ખૂલાસો સાંભળતાં, શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિનું જીવન જાણવાની શ્રી શ્રેણિકરાજાને ઇચ્છા થઈ. રાજાએ પૂછયું અને ભગવાને કહ્યું. ભગવાન શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિના જીવનને વર્ણવીને વિરામ પામ્યા, તે જ વખતે શ્રી શ્રેણિકરાજાએ આકાશમાં દેવસમ્પાત જોયો. એ વિષે ભગવાનને રાજાએ પૂછતાં, ભગવાને ફરમાવ્યું કે–" પ્રસન્નચંદ્ર રાજર્ષિ કેવલજ્ઞાન પામ્યા છે અને તેનો મહિમા કરવાને માટે દેવતાઓ જઈ રહ્યા છે."

વેષનું પણ કેટલું મહત્ત્વ છે? કેટલી પતિત દશામાંથી શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિનો એ નિમિત્તે ઉદ્ધાર થાય છે? વેષથી આત્મા પાપમાં શંકિત રહે છે. એને પાપ થઈ જાય તો દુઃખ થાય છે. નામના અને આબરૂનો ભય પણ આદમીને ઓછો નથી. પ્રતિષ્ઠા પણ આદમીને પાપથી રોકે છે, તો વેષ ન રોકે? આથી સમજવું જોઈએ કે–ધર્મવ્યવહાર એ નિરર્થક વસ્તુ નથી, પણ પરમ આવશ્યક વસ્તુ છે. વ્યવહાર એટલે પ્રવૃત્તિ છે અને નિશ્ચય એટલે ધ્યેય છે. ધ્યેયપૂર્વક શુભપ્રવૃત્તિ એ જ સાચો માર્ગ છે.

દિગંબર–મત–સ્થાપક :

દુનિયામાં શ્રી જૈનધર્મના અનુયાયી તરીકે ગણાતા વર્ગમાં માત્ર શ્વેતામ્બર અને દિગમ્બર એમ બે જ વિભાગો છે એમ નથી. તેમાં પેટા વિભાગો તરીકે ગણાતા સ્થાનકવાસી આદિ વિભાગો પણ છે. અત્રે એ બધાજ વિભાગોને અનુલક્ષીને વર્ણન કરવાનું નથી: પરન્તુ શ્વેતામ્બર અને દિગમ્બર એ બે વિભાગોને અવલંબીને જ વિવેચન કરવાનું છે. આત્મકલ્યાણના અર્થી આત્માઓ જિજ્ઞાસુ-

વૃત્તિથી આ વસ્તુને સાંભળીને વિચારશે, સમજવાને પ્રયત્ન કરશે અને કોઇ પણ અનર્થકારી વિચારને અવકાશ નહિ આપે, તો તેવા આત્માઓ આત્મહિતકારક સત્યને પામી, સ્વપરહિતકારક બની, અન્તે શાશ્વત અને અનન્ત સુખના ભોક્તા બની શકશે.

એમ કહેવાય છે કે-" શ્રી વીતરાગ અરિહંત પરમાત્માને 'દેવ' તરીકે અને નિર્ગ્રન્થ મહાત્માઓને 'ગુરૂ' તરીકે માનનારાઓ વચ્ચે માન્યતાભેદ સંભવે કેમ ?" ખરેખર, પોતાને જૈન તરીકે ઓળખાવનાર સૌ કોઇ, પછી તે શ્વેતામ્બર હોય કે દિગમ્બર હોય, એમ જ કહે છે કે-' અમે શ્રી વીતરાગ અરિહંત પરમાત્માને દેવ તરીકે અને નિર્ગ્રન્થ મહાત્માઓને ગુરૂ તરીકે સ્વીકારીએ છીએ.' આમ છતાં પણ પરસ્પરની માન્યતાઓમાં મતભેદો હોય, ત્યારે ઘણાઓને એ ખટકે તે સ્વાભાવિક છે : પરન્તુ દુરાગ્રહ આદિ દોષોના કારણે સજ્જનોને ખટકે એવી પણ પરિસ્થિતિ ઉભી થયા જ કરે છે અને એથી ધર્મ સંબંધી વાસ્તવિક ખ્યાલને પામેલા આત્માઓને આશ્ચર્ય થતું નથી. મતભેદ ઉત્પન્ન થવામાં, મોટા ભાગે એકાદ વ્યક્તિમાં કારમા મિથ્યાત્વના ઉદયથી ઉત્પન્ન થવા પામેલી કારમી દુરાગ્રહશીલતા જ કારણ રૂપ હોય છે. દિગમ્બરોનો ભેદ ઉત્પન્ન થવામાં આવું જ બન્યું છે, એવી શ્વેતામ્બર વર્ગની માન્યતા છે.

આ અવસર્પિણી કાળમાં થએલા ચોવીસ તીર્થપતિઓમાંના ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ બાદ, ૬૦૯ વર્ષે શ્વેતામ્બર વિરૂદ્ધ દિગમ્બર મત ઉત્પન્ન થયો છે. શ્વેતામ્બરો કહે છે કે-' દિગમ્બર મત ઉત્પન્ન થયો. ' અને એની સામે દિગમ્બરો કહે છે કે-' શ્વેતામ્બર મત ઉત્પન્ન થયો. ' દિગમ્બર મત ઉત્પન્ન થયો-એમ માનનારા શ્વેતામ્બરો, પોતાની તે હકીકતને એવી રીતિએ યથાસ્થિતપણે વર્ણવે છે, કે જે જોતાં કોઇ પણ સાચો વિચારક એની વાસ્તવિકતાને સ્વીકાર્યા વિના રહી શકે નહિ.

દિગમ્બરો કહે છે કે–' જેઓ વસ્ત્ર વગર રહી શક્યા નહિ અને શિથિલ બન્યા, તેઓએ શ્વેતામ્બર મત ઉભો કર્યો. ' શ્વેતામ્બરો કહે છે કે–' શિવભૂતિ નામની એક વ્યક્તિ કષાયાધીન બની અને એથી એક વાર પ્રસંગ પામીને તે વ્યક્તિએ દુરાગ્રહવશ દિગમ્બર મત ઉત્પન્ન કર્યો. ' શ્વેતામ્બરોની આ માન્યતાને સમજવાને માટે તે પ્રસંગ જાણવો જરૂરી છે અને એથી અત્રે તે વર્ણવાય છે.

ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીરદેવના અવિચ્છિન્નપણે ચાલ્યા આવતા શાસનમાં એક વ્યક્તિના મતભેદના કારણે જ દિગમ્બર મત ઉભો થયો, એમ જાણનારા અને તે વાત વાસ્તવિક હોઇને તેમ માનનારા શ્વેતામ્બર મતાનુયાયી તરીકે ઓળખાતા ઉપકારી મહાપુરૂષોએ તેનું જે વર્ણન કર્યું છે, તેમાંનું સાર રૂપે જરૂરી વર્ણન અત્રે કરાય છે.

જે વ્યક્તિનો મનોભેદ થયો, તેનું નામ શિવભૂતિ હતું. પોતાના સામર્થ્યના યોગે તે શિવભૂતિ સંસારિપણામાં રાજમાન્ય બનેલ હતો.

રાજમાન્ય બનેલ હોવાના કારણે, નગરમાં રાત્રિ અને દિવસ યથેચ્છપણે ફરવાની છૂટ લેવી, એ તેને માટે અસંભવિત વસ્તુ નહિ હતી. આ છૂટનો તે નિરંતર ઉપયોગ કરતો અને એથી તે રાત્રિના ગમે ત્યારે, મધ્યરાત્રે વહેલો–મોડો પણ ઘેર આવતો.

રાતના શિવભૂતિ ઘેર પાછો ફરે ત્યાં સુધી તેની પત્ની જાગતી રહેતી અને પતિની રાહ જોતી બેસતી: પણ હમેશાં આવું બનતું હોવાથી, તે ઉદ્વિગ્ન બની અને એક વાર તેણીએ પોતાની સાસુ પ્રત્યે કહ્યું કે–' આપના પુત્ર ઘણા મોડા ઘેર આવે છે અને એથી મારે રોજ દુઃખપૂર્વક જાગવું પડે છે. '

આથી શિવભૂતિની માતાએ વિચાર્યું કે–' રાજા તુષ્ટમાન થયો હોય તો પણ મારા પુત્ર માટે આવું ઉચ્છૃંખલપણું સારૂં નહિ, માટે જરૂર હું તેને શિક્ષા આપીશ. ' આ પ્રમાણે વિચાર કરીને માતાએ પોતાની પુત્રવધૂને કહ્યું કે–' આજે તું સુઈ જા અને હું જ જાગીશ. '

આ રીતિએ પુત્રવધૂને સુવાડીને, શિવભૂતિની માતા પણ પોતે ઘરનાં દ્વારોને બંધ કરીને જાગતી સુતી. મધ્યરાત્રિનો સમય થતાં શિવભૂતિ ઘેર આવ્યો અને બારણું ઉઘાડવાને માટે રોજની માફક બૂમ પાડી.

આથી રોષાયમાન થયેલી તેની માતાએ કહ્યું કે–' અહીં તારી પાછળ લાગીને કોઈ મરનાર નથી, માટે આટલા સમયે જ્યાં દ્વારો ઉઘાડાં હોય ત્યાં જા !'

માતાનાં આવાં વચનોથી કોપ પામીને અહંકારથી પ્રેરાયેલ તે ચાલી નીકળ્યો. રાત્રિના ફરતો એવો તે, સાધુઓના ઉપાશ્રય નજદિક આવી પહોંચ્યો. ઉપાશ્રયનાં દ્વારો ઉઘાડાં છે એમ તેણે જોયું. આથી તે ઉપાશ્રયમાં પેઠો. તે ઉપાશ્રયમાં રહેલા સાધુઓ તે સમયે પણ પોતાની ક્રિયાઓમાં રક્ત હતા.

ઉપાશ્રયમાં જઈ, સાધુઓને વંદન કરવાપૂર્વક તે શિવભૂતિએ વ્રતની માગણી કરી.

સાધુઓએ તેની સર્વ હકીકતને સાંભળી લીધા બાદ, ' તે રાજવલ્લભ છે અને માતા આદિથી મુક્ત કરાયેલો નથી. '–એમ જાણીને દીક્ષા આપવાની ના પાડી.

સાધુઓએ દીક્ષા આપવાની ના પાડવાથી, સહસ્રમલ્લ તરીકે પણ ઓળખાતા તે શિવભૂતિએ, સ્વયમેવ લોચ કરી નાખ્યો. આથી– 'નગુરા બનવાની પરમ્પરા ન ચાલે'–એ હેતુથી, સાધુઓએ તેને વેશ આપીને ગ્રહણ કર્યો અને બીજે જ દિવસે સૌએ ત્યાંથી વિહાર કર્યો.

આ પછી, કાલાન્તરે તે મહાત્માઓ તે 'શિવભૂતિ' નામના સાધુને પણ સાથે લઈને તે જ નગરમાં પધાર્યા.

રાજાને પણ માલૂમ પડ્યું કે–' દીક્ષિત થયેલ શિવભૂતિ આવેલ છે.' તેથી તેનું સન્માન કર્યું અને રાજાએ તેને એક બહુમૂલ્ય કમ્બલરત્ન આપ્યું. એવું કિંમતી રત્નકમ્બલ, સાધુઓએ નહિ લેવા લાયક હોવા છતાં પણ, તેને મુનિવેષમાં રહેલા તે શિવભૂતિએ

ગ્રહણ કર્યું.

સમુદાયના માલિક શ્રી આર્યકૃષ્ણ નામના આચાર્યભગવાને શિવભૂતિને કહ્યું કે-'આવું મૂલ્યવાન વસ્ત્ર સાધુઓને કલ્પે નહિ: વળી આવું રત્નકમ્બલ જેવું વસ્ત્ર તો માર્ગાદિમાં પણ અનેક અનર્થોનું કારણ બને છે, માટે તે રાખવું એ યોગ્ય નથી.'

આના ઉત્તરમાં શિવભૂતિએ માત્ર એ જ કહ્યું કે-'રાજાની દાક્ષિણ્યતાથી લીધું છે.'

'આ વાત ગુરૂને પસંદ નથી પડી'-એમ જાણવા છતાં પણ, શિવભૂતિએ તે રાખ્યું અને એના ઉપર મોહ થઈ જવાથી તે, તે કમ્બલરત્નને વાપરતો નહોતો પણ સાચવીને રાખતો હતો અને રોજ તેની સંભાળ લેતો હતો.

આથી, પરમ તારક આચાર્યમહારાજાએ જાણ્યું કે-'આ આના ઉપર મૂર્ચ્છિત થયો છે.' આથી મૂર્ચ્છાના સાધન રૂપ બનેલ તે કમ્બલ-રત્નના, તે ઉપકારી આચાર્યમહારાજાએ ટુકડા કરી નાખ્યા અને સામાન્ય ઉપયોગમાં લઈ લેવાને માટે તે ટુકડાઓ તેઓએ સાધુઓને આપી દીધા. આ વાત બહારથી આવ્યા પછી શિવભૂતિએ જાણી, પણ તે વખતે તો તે કાંઈ બોલી શક્યો નહિ. નહિ બોલવા છતાં પણ, હૃદયથી તે ખૂબ જ કષાયયુક્ત બન્યો અને તેના હૈયામાં ડંખ રહી ગયો.

આવી કષાયયુક્ત અવસ્થામાં તે પોતાનું જીવન પસાર કરે છે. એવામાં કોઇ એક પ્રસંગ એણે પોતાના કોપને વ્યક્ત કરવાને માટે મેળવી લીધો. એ પ્રસંગ એ હતો કે-એક વાર પરમ તારક શ્રી આચાર્યમહારાજાએ પ્રસંગ પામીને, ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ કલ્યાણકામી આત્માઓ માટે પ્રરૂપેલા પાંચ કલ્પો પૈકીના શ્રી જિન-કલ્પનું વર્ણન કરવા માંડ્યું.

આ શ્રી જિનકલ્પ આજ્ઞા મુજબ સ્થવિરકલ્પના સેવનદ્વારા જ થઇ શકે છે. શ્રી જિનકલ્પમાં શ્રી જિનેશ્વરદેવના જેવું, પણ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબનું જ, ઉત્કટ નિરપવાદ સંયમજીવન જીવ-વાનું હોય છે. સ્થવિરકલ્પમાં રહી, ગુરૂકુળમાં વસી, સૂત્ર-અર્થના

અમૂક હદ સુધીના જ્ઞાતા બન્યા વિના અને સંયમજીવનના ઉત્તમ અભ્યાસની તાકાત મેળવ્યા વિના, એ જીવન જીવવાની લાયકાત આવતી નથી.

સાધુઓ સમક્ષ શ્રી જિનકલ્પનું વર્ણન કરતાં, એ ઉપકારી આચાર્યભગવાને એ પણ વર્ણવ્યું કે-'એ મહાત્માઓમાં કોઈ કોઈ એવા પણ મહાત્માઓ હોય છે કે-જેઓ માત્ર રજોહરણ અને મુખ-વસ્ત્રિકા શિવાયની બીજી કશી જ વસ્તુને રાખતા નથી.'

આ વિષયમાં હવે એ વાત પણ ધ્યાનમાં રાખી લેવાની છે કે-'એ બે જ વસ્તુઓ રાખીને વિચરવા માટેની આજ્ઞા તેઓને જ છે કે-જેઓ લબ્ધિસંપન્ન અને અતિશયસંપન્ન હોય. હાથમાં ગમે તેટલું સમાવી લેવાની લબ્ધિ વિનાનાઓને માટે પાત્રત્યાગની અને અતિશયહીનોને માટે વસ્ત્રત્યાગની આજ્ઞા નથી.' સામાન્ય રીતિએ સઘળાય શ્રી જિનકલ્પને સ્વીકારનારાઓમાં અમુક અમુક તાકાત તો જોઈએ જ. છ માસ સુધી ભિક્ષા ન મળે તો પણ તેઓ ગ્લાનિ વિના સહન કરી શકે. સર્વથા દોષ વિનાનું જીવન જીવનારા એ મહાત્માઓ માટે પણ એવા પ્રસંગો આવવાનો સંભવ રહે છે. શ્રી જિનકલ્પનો સ્વીકાર કરનારાઓમાં અહોરાત્રિના સાત પ્રહર રોજ ધ્યાનમાં જ ઉભા રહેવાનું સામર્થ્ય હોવું જોઈએ છે. આહાર, નિહાર અને વિહાર આદિની ક્રિયા દિવસના એક ત્રીજા પ્રહરમાં જ પતાવી લેવાની હોય છે. આહારની જરૂર હોય તો ધ્યાનને છોડીને ત્રીજા પ્રહરે નીકળે અને એ જ પ્રહરમાં તે મહાત્માઓને આહાર, નિહાર અને વિહારની સઘળીય ક્રિયા પતાવી દેવાની જ હોય છે. જ્યાં ચોથો પ્રહર લાગે, ત્યાં જ ધ્યાનમગ્ન બનીને એ મહાત્માઓને ધ્યાનસ્થપણે ઉભા રહેવાનું હોય છે. આ કલ્પ સ્વીકારનારા મહર્ષિઓ વિશિષ્ટજ્ઞાની જ હોવા જોઇએ. નવ પૂર્વની ઉપરનું અને દશ પૂર્વની અંદરનું જ્ઞાન ધરાવનારા મહર્ષિઓ જ એ કલ્પનો સ્વીકાર કરી શકે છે. એ જ્ઞાનથી ઓછું જ્ઞાન ધરાવનારાઓને માટે અગર તો એ જ્ઞાનથી વધુ જ્ઞાન ધરાવનારાઓને માટે પણ, શ્રી જિનકલ્પ સ્વીકારવાની આજ્ઞા નથી.

આ પંચમ કાલમાં, અહીંથી સીધા મુક્તિએ પહોંચી જવાય એવી અનુપમ પ્રકારની સાધના કરવાજોગી સામગ્રી નથી, એ સૌને મંજુર છે. શક્તિ અને સંઘયણ આદિ જરૂરી સામગ્રીના અભાવે જેમ અત્યારે અહીંથી સીધું મુક્તિગમન અહીંના જન્મેલાઓને માટે નથી, એ જ રીતિએ શ્રી જિનકલ્પને માટે પણ સમજવાનું છે: કારણ કે-એના પાલનને માટે જે સામગ્રી જોઈએ તે સામગ્રી આજે આ ક્ષેત્રમાં વિદ્યમાન નથી. વસ્ત્રરહિત બનવા માટે જરૂરી અતિશય અને પાત્રરહિત બનવા માટે જોઈતી લબ્ધિ વિના તેવા બનવાનો આગ્રહ ધરવો, એ સાધક નથી પણ એકાંતે બાધક છે. આ શ્રી જિનકલ્પમાં કઠિન કર્મોને પણ ખપાવવાને માટે અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબનું શ્રી જિનના જેવું પ્રવર્તન કરાય છે, પણ તે માટેની સામગ્રી આદિનો વર્તમાનમાં આ ક્ષેત્રમાં અભાવ હોવાથી, તેનું વિધાન બંધ થયું છે.

આમ છતાં પણ, કમ્બલરત્નના નાશના નિમિત્તે કષાયયુક્ત બનેલા તે શિવભૂતિએ, શ્રી જિનકલ્પના નિરૂપણના તે પ્રસંગને, પોતાના કષાયને સફલ કરવાના સાધનરૂપ બનાવી દીધો!

ખરેખર, કષાયની આધીનતા એ બહુ જ કારમી વસ્તુ છે. ભલભલાને પણ તે અધોગતિમાં ઘસડી જાય છે.

કષાયની આધીનતાના યોગે હૃદયમાં પ્રગટેલી દુર્વૃત્તિથી તે શિવભૂતિએ આચાર્યભગવાનને પૂછ્યું કે-'આજે એ કલ્પને કેમ આચરવામાં આવતો નથી?'

આ પ્રશ્નની સામે પરમોપકારી આચાર્યભગવાને ફરમાવ્યું કે-'ભગવાન શ્રી જમ્બૂસ્વામિજી, કે જે છેલ્લા કેવલજ્ઞાની થયા છે, તેઓ મોક્ષે પધાર્યા ત્યારથી જ, જેમ આ કાલમાં કેવલજ્ઞાન આદિ વસ્તુઓનો વિચ્છેદ થયો છે, તેમ આ શ્રી જિનકલ્પનો પણ વિચ્છેદ થયો છે: અને સંઘયણ આદિનો અભાવ હોવાથી તે આચરવો એ હાલમાં શક્ય જ નથી.'

પરમ ઉપકારી શ્રી આચાર્યમહારાજાએ આ પ્રમાણે સ્પષ્ટપણે કહેવા છતાં પણ, શિવભૂતિએ તો કષાયના યોગે આગ્રહમાં ચઢીને-

'શ્રી જિનેશ્વરદેવના શિષ્યોએ સઘળુંય શ્રી જિનેશ્વરદેવની માફક જ કરવું જોઈએ.'–આ પ્રમાણે કહી દીધું.

પરમ તારક શ્રી આચાર્યમહારાજાએ ઘણું ઘણું સમજાવવા છતાં પણ, શિવભૂતિએ તેઓની તદ્દન યથાર્થ પણ વાતને માન્ય રાખી નહિ અને નગ્ન થઈને તે ચાલી નીકળ્યો. એના પરિણામે દિગમ્બર મત ઉત્પન્ન થયો અને ત્યારથી શ્રી જૈનસમાજ તરીકે ઓળખાતા વર્ગમાં શ્વેતામ્બર-દિગમ્બર એવો ભેદ પડ્યો.

આ પ્રસંગે તમારે એ પણ જાણી લેવું જરૂરી છે કે–'શ્રી જિનેશ્વરદેવનું અનુકરણ જ કહી શકાય એવી રીતિએ સંપૂર્ણપણે વર્તવું, એ તો શ્રી જિનેશ્વરદેવને માટે જ શક્ય છે: પણ બીજાને માટે એ શક્ય જ નથી.' દીક્ષા, લોચ અને દાન, શીલ, તપ તથા ભાવ આદિ ધર્મોનું એ તારકોએ જે પાલન કરેલું, તેનું પાલન શક્તિ મુજબ આપણે પણ જે કરીએ છીએ, તે પણ તે તારકોની આજ્ઞા મુજબનું જ હોવાથી, તે આજ્ઞાપાલનના વિધાનમાં જ આવી જાય છે. આમ છતાં પણ, એ આજ્ઞા મુજબના ધર્મપાલનને એ તારકના આંશિક અનુકરણ તરીકે માની લેવું એ જૂદી વાત છે: પણ આજ્ઞાની પરવા કર્યા વિના એ તારકના અનુકરણની લતમાં પડવું, એ તો એ પરમ તારક શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાના વિરાધક બનીને આપણા હાથે જ આપણો ઈરાદાપૂર્વક નાશ કરવા જેવું છે.

અનન્ત ઉપકારી શ્રી જિનેશ્વરદેવો, એ આ જગતના અજોડ આત્માઓ છે, એમ કહેવું એ સર્વથા યથાર્થ છે. શ્રી અરિહંતપણાને પામીને મોક્ષમાં જવાની લાયકાત અને એના યોગે બીજી પણ અનેક ઉત્તમતાઓ એ આત્માઓની અજોડ જ હોય છે.

એ પરમ તારકના આત્માઓ, જે ભવમાં શ્રી ભાવતીર્થંકર થાય છે, તેના ત્રીજા ભવમાં તે પુણ્યાત્માઓ ભાવદયામાં એટલા બધા મગ્ન થઈ જાય છે કે–એના યોગે, શ્રી જિનેશ્વરદેવનું શાસન મૌજૂદ હોવા છતાં જગતના જીવો વિષયની પરવશતાથી સંસારમાં ભટકે છે, એ તે પુણ્યાત્માઓને બહુ જ ખટકે છે: અને એથી–'બધાને

પ્રભુશાસનના રસિક બનાવીને સંસારભ્રમણમાંથી છોડાવી દઉં '–આવી ઉત્કટ ભાવદયાથી ઉભરાતી ભાવનામાં તે પુણ્યાત્માઓ એકતાન થઈ જાય છે. એ ભાવનાના પ્રતાપે-'શ્રી તીર્થંકરનામકર્મ '–નામની મહા પુણ્યપ્રકૃતિનો નિકાચિત બંધ થાય છે.

એ સર્વોત્તમ પુણ્યના ખીલતા જતા ઉદય વખતે, એ પુણ્યાત્માઓ મહા શક્તિસંપન્ન બની જાય છે. એ પુણ્યાત્માઓનો શ્રી અરિહંત થવાના ભવમાં રાજ્યકુટુંબમાં જ જન્મ થાય છે. પૂર્વકાલની આરાધના એટલી તીવ્ર હોય છે કે–તે પુણ્યાત્માઓ નિર્મળ મતિજ્ઞાન, નિર્મળ શ્રુતજ્ઞાન અને અતીંદ્રિય રૂપી પદાર્થોને પણ મર્યાદામાં પ્રકાશિત કરતું નિર્મળ અવધિજ્ઞાન–એમ ત્રણ જ્ઞાન સાથે લઈને આવે છે. જન્મતાં પણ ચાર અતિશયો એ પુણ્યાત્માઓના અજોડ હોય છે. શ્રી તીર્થંકરદેવના આત્માની આ જાતિની અતિશયસંપન્નતા આદિમાં દિગમ્બરોનો પણ વિવાદ નથી.

આવી અનેક ઉત્તમતાઓના પ્રતાપે એ તારકને જગદ્ગુરૂ મનાય છે. 'શ્રી તીર્થંકરદેવના ભવમાં એ પુણ્યાત્માઓ ભોગ પણ ભોગવે અને રાજ્ય પણ કરે, તોય તે પૂર્વકર્મને ખપાવવાને માટે જ અને એ જ કારણે એ તારકો જાગૃત હોઈને સંસારની પ્રત્યેક પ્રવૃત્તિમાં અંતરથી નિર્લેપ જ હોય છે. '–આ વાતમાં પણ કોઈનો મતભેદ નથી. સંસારની કોઈ પણ પ્રવૃત્તિ આદિમાં જેવું પોતાના જ્ઞાનમાં જોતા તે રીતિએ એ તારક કરતા હતા.

આ રીતિએ જ્ઞાનપ્રધાન જીવનને જીવતા એ પુણ્યાત્માઓના જીવનને અંગે મોહોદયની આધીનતા કે અનુચિતતા આદિની કલ્પના કરવી, એ પણ શ્રી જિનશાસનમાં મહાપાપ મનાય છે. એ તારકો જેવું જ બધું કરવાની તાકાત તો એ તારકો શિવાયના અન્ય કોઈમાં પણ હોતી જ નથી.

એ તારકોના આત્માઓને માટે સંયમનો અવસર આવવાનો જાણીને લોકાંતિક દેવો–'હે નાથ! જગતનો ઉદ્ધાર કરવાને ધર્મતીર્થને પ્રવર્તાવો '–એવી પ્રાર્થના કરે છે. ત્યાર બાદ સૂર્યોદયથી

માંડીને ભોજનનો સમય થાય ત્યાં સુધી, 'જેને જે જોઈએ તે માગો'-આવી ઉદ્‌ઘોષણાપૂર્વક દાન દેવાની એ તારકો શરૂઆત કરે છે. આ પ્રકારે એક વર્ષ સુધી દાન દઈને, એ તારકો દીક્ષિત થવાને માટે તૈયાર થાય છે. તે વખતે પણ ઇંદ્રાદિ તે તારકની દીક્ષાનો મહોત્સવ કરે છે. એ કરવામાં આવતા મહોત્સવપૂર્વક ઉદ્યાનમાં જઈને તે તારકો સ્વયં દીક્ષા અંગીકાર કરે છે. ઇંદ્ર એ તારકના સ્કંધ ઉપર દેવદુષ્ય સ્થાપે છે.

દીક્ષિત થતાંની સાથે જ એ તારકોને ચોથું 'મનઃપર્યવ' નામનું જ્ઞાન પ્રગટ થાય છે. એ તારકોના શરીરમાંથી એવો તેજઃપુંજ પ્રગટ્યા કરતો હોય છે અગર પ્રગટેલો હોય છે, કે જેથી તે તારકો વસ્તુતઃ વસ્ત્રહીન હોવા છતાં પણ-'તેઓ વસ્ત્રરહિત છે'-એમ ચર્મચક્ષુવાળાઓને જોતાં લાગતું નથી.

દીક્ષા બાદ કેવળજ્ઞાન થયા પહેલાં, તે તારકો પ્રાયઃ નથી તો કોઈને ઉપદેશ દેતા, નથી તો બોલતા કે નથી તો જમીન ઉપર બેસતા! મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન-એ ચાર જ્ઞાન હોવા છતાં પણ, જ્ઞાનની એ પરિપૂર્ણ દશા નથી. સર્વ જીવો અને સર્વ અજીવોનું ત્રણે કાળનું સંપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ દર્શન સમયે સમયે કરાવનાર કેવળજ્ઞાન અને કેવળદર્શન જ્યાંસુધી પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી ઉપયોગથી ચ્યુત થવાનો પૂરો સંભવ છે; એટલા માટે તેઓ પ્રાયઃ મૌનને સ્વીકારીને, નથી તો ધર્મોપદેશ આપતા કે નથી તો કોઈને દીક્ષિત કરતા. એ વખતે તો એ તારકો એક જ કાર્ય વિશિષ્ટપણે કરે છે અને તે આત્મસાધનાનું! એટલા જ માટે કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી તે તારકો જમીન ઉપર બેસતા પણ નથી. એ તારકોનું સંયમ અજોડ સંયમ કહેવાય છે. એને તેઓ જ પાળે.

ભગવાન શ્રી ઋષભદેવસ્વામિજીને દીક્ષા અંગીકાર કર્યા પછીથી ૧૦૦૦ વર્ષે અને ભગવાન શ્રી મહાવીરદેવને દીક્ષા અંગીકાર કર્યા પછીથી ૧૨॥ વર્ષ અને પંદર દિવસે કેવળજ્ઞાન થયું છે. એટલા કાળ સુધી ચાહે તેટલા ઉપસર્ગો આવે, ચાહે તેટલા પરિષહો આવે અને

ચાહે તેટલી તકલીફો આવે, તે સર્વને તે તારકો ઉત્તમ ધૈર્ય આદિને ધારણ કરીને સહન કરે છે. ભગવાન શ્રી ઋષભદેવ તો જગતના પિતામહ હતા. એ તારક ભિક્ષાએ જતા, પણ ભગવાનને ભિક્ષા કેમ દેવી એને નહિ સમજતા લોકો, એ તારકને હાથી, ઘોડા, કન્યા, હીરા, માણેક, પન્ના આદિ આપવાને તૈયાર થતા. ભગવાન તો એને લીધા વિના જ ચાલ્યા જતા એટલે લોકો દુ:ખી થઈ જતા, પણ ભગવાન બોલતા નહોતા. એ હાલતમાં એક દિન નહિ પણ ૧૩–૧૩ મહિનાથી પણ અધિક જેટલા દીર્ઘકાળ પર્યન્ત પ્રસન્નતાપૂર્વક આહાર કે પાણી વિના સંયમનિર્વાહ કરવાની તાકાત તે તારક ધરાવતા હતા. આ રીતિએ છદ્મસ્થકાળમાં અનેક તરેહનાં કષ્ટોને સહન કરીને, એ તારકોના આત્માઓ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી લેતા હતા.

એટલા સમય સુધીમાંની એ પરમ તારકની નિદ્રાનો કાળ પણ શાસ્ત્રકારોએ ગણાવ્યો છે. ૧૦૦૦ વર્ષોમાં ભગવાન શ્રી ઋષભદેવની નિદ્રા છૂટક છૂટક આવી ગયેલી એકઠી કરવામાં આવે તો તેનો કાળ એક અહોરાત્રિથી અધિક નહિ. એટલી જાગૃત અવસ્થા એ મહાપુરૂષો કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ભોગવે છે. કેવળજ્ઞાન પામ્યા બાદ તો ઘાતી-કર્મનો ક્ષય થવાથી નિદ્રા હોતી જ નથી. અને ભગવાન શ્રી મહાવીર-દેવનો ૧૨।। વર્ષ અને ૧૫ દિવસમાં નિદ્રાકાળ એક મુહૂર્ત ! એ રીતિએ શરીરને બીલ્કુલ આરામ નહિ આપતા એ મહાપુરૂષો સર્વ ઘાતીકર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે.

આવું ઉત્કટ સંયમપાલન શરૂથી કેવલજ્ઞાન પ્રાપ્ત કરવા સુધી બીજાઓને માટે શક્ય નથી. એટલા માટે એ તારકની આજ્ઞા એ જ ધર્મ છે, એમ સમજીને વર્તવાનું જ ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે. 'એ તારકે શું કર્યું ?'–એ આજ્ઞાહીનપણે વર્તવાને માટે જોવાનું હોતું નથી. આથી સ્પષ્ટ છે કે–'માત્ર એ તારકે જે માર્ગ બતાવ્યો તેનો અમલ કરવામાં સઘળીય શક્તિ અને સામગ્રી ખર્ચવામાં અપ્રમત્ત બનવાનો પ્રયત્ન કર્યા કરવો, એ જ કલ્યાણનો વાસ્તવિક માર્ગ છે.'

વસ્તુસ્થિતિ આવી હોવા છતાં પણ, એક કમ્બલરત્નના નાશના

નિમિત્તથી કષાયયુક્ત બનેલા શિવભૂતિએ–' શ્રી જિનેશ્વરદેવના શિષ્યોએ શ્રી જિનેશ્વરદેવે જે કર્યું એ જ કરવું જોઈએ '–એવો દુરાગ્રહ ધરી, વસ્ત્રપાત્રરહિતપણું સ્વીકાર્યું અને દિગમ્બર મત ઉભો કર્યો. ખરેખર, દુરાગ્રહે ચઢનારા આત્માઓ, ગમે તેવા જ્ઞાની કે સમર્થ ગણાતા હોય તો પણ, અનંત ઉપકારિઓની આજ્ઞાને ધ્યાનમાં નહિ લેવાના કારણે, ઘણી જ વિપરીત સ્થિતિ પોતાને માટે તેમજ તેઓના વિશ્વાસમાં રહેનારાઓને માટે ઉભી કરી દે છે. ' વસ્ત્રપાત્રરહિત જ બનવું જોઈએ ' –એ પકડનારે વસ્ત્રરહિત બનવાને માટે કેવો અતિશય જોઇએ અને પાત્રરહિત બનવાને માટે કેવી લબ્ધિ જોઈએ, એનો વિચાર કર્યો હોત, તો આજે જે વિષમ પરિસ્થિતિ ઉભી થઈ છે તે ન થાત, પણ થાય શું ? વસ્ત્રરહિત નિર્ગ્રંથ થવાને ઇચ્છનારાએ વસ્ત્રરહિત નહિ દેખાવા જોગો અતિશય પ્રાપ્ત કરવો જોઈએ અને પાત્રરહિત નિર્ગ્રન્થ થવાને ઇચ્છનારે અંજલિમાં સાગરના સાગર સમાવવા જેવી લબ્ધિ મેળવવી જોઇએ.

સ૦ આ વાત અક્કલમાં આવે એવી નથી.

અક્કલમાં આવે એ અતિશય નહિ. અતિશય એનું જ નામ કે–સામાન્ય માણસને અજાયબી પેદા કરનાર ગુણ. લોકાલોકને પ્રકાશિત કરનાર કેવળજ્ઞાનને માનનારને મન આ કોઈ મોટો ગુણ નથી.

અસ્તુ. પણ આ બધી વસ્તુઓનો વિચાર કષાયની આધીનતાએ શિવભૂતિને ન કરવા દીધો અને એના પરિણામે–' શ્રી જિનેશ્વરદેવોએ કર્યું એ જ કરવું '–એવા આગ્રહના યોગે, એ પરમ તારકની આજ્ઞાને આઘે રાખી, તેણે એવો જ મત જાહેર કર્યો કે–' શ્રી જિનેશ્વરદેવના સાધુઓ વસ્ત્રપાત્રથી રહિત જ હોવા જોઇએ. ' આટલાથી તમે સૌ સમજી શકયા હશો કે–' શ્વેતામ્બર અને દિગમ્બર ' એવો ભેદ કેમ પડયો ? વિચાર કરનારને આ જ વાત યુક્તિસંગત લાગે તેમ છે, પણ આજે નિષ્પક્ષપાતપણે વિચાર કરનાર વર્ગ ઘણો ઓછો છે અને આગ્રહમાં પડયા પછી વિચાર કરીને સાચા–ખોટાનો નિર્ણય કરવાની વૃત્તિ કોઈ વિરલ જ ધરાવી શકે છે. જે માનવી વિવેકના યોગે મુક્તિને પામી

શકે છે, તે જ માનવી અવિવેકી થવાથી સંસારમાં ભટકે છે. આ વિષયમાં પણ સૌ અવિવેકથી મુક્ત થાઓ, સુવિવેકી બનો અને આત્માનું કલ્યાણ સાધનારા બનો, એવી આશા રાખવા સિવાય કશું જ શક્ય જણાતું નથી.

એક બાદશાહ :

જે સુખને મેળવવાને માટે અને ભોગવવા આદિને માટે પર વસ્તુની જરૂરીયાત હોય, એ સુખને વાસ્તવિક કે સાચું સુખ ન કહેવાય. વસ્તુ મેળવવાની ઈચ્છા જાગી અને તે મેળવવાને માટેના પ્રયત્નો કરીશું તો તે નિયમા મળી જવાની છે એ નક્કી હોય, તો તો મુશ્કેલીઓ વેઠી પણ પ્રમાણ ગણાય, પણ અહીં તો ઈચ્છા છતાં અને પ્રયત્નો કરવામાં કમીના નહિ રાખવા છતાં પણ, ઈચ્છિત વસ્તુ મળતી નથી. કદાચ મળી પણ જાય, તો પણ તે ટકી જ રહે એવું કાંઈ નક્કી નથી. કદાચ મળી પણ જાય અને ટકી પણ જાય, પરન્તુ તે ભોગવી શકાય એ પણ નક્કી નથી. સુખપૂર્વક તે વસ્તુનો ઉપભોગ કરવો, એ પણ આપણે આધીન નથી. આજના વેપારની-ઘરની-કુટુંબની દશા વિચારવામાં આવે તો તદ્દન સ્પષ્ટ રીતિએ આ વસ્તુ સમજાઈ જાય તેમ છે. કેટલાએ સાધનસંપન્ન આત્માઓ, મળેલી વસ્તુને ભોગવી પણ શકતા નથી: ઉલ્ટું તેમને દેખવાનું ને દાઝવાનું થાય છે. એક રોટલી ખાય ને ચાર વાર ઝાડે ફરવા જવું પડે! અરે, એવી સ્થિતિ પણ થાય છે કે-ખાવાની સંખ્યાબંધ વસ્તુઓ મળી હોય, એ વસ્તુઓને ખાવાની તીવ્ર ઈચ્છા હોય, છતાં ગળે જ ઉતરે નહિ! ઘરમાં કજીયો એવો ચાલતો હોય કે-છતી સામગ્રીએ હૈયામાં હોળી સળગતી જ હોય, એમ પણ બને છે. ઘરનું કોઈ માણસ જ એવું નીકળે કે-દુનિયાને મોઢું દેખાડવું મુશ્કેલ થઈ પડે. આ બધું શું સૂચવે છે? એ જ કે-નાશવંત વસ્તુ મેળવવી એ પણ આપણે આધીન નથી, એ મળી જાય તોય તેને ટકાવવી એ પણ આપણે

આધીન નથી અને ટકી જાય તો પણ એનો ઐચ્છિક ઉપભોગ કરવો, એ પણ આપણે આધીન નથી. જ્ઞાનિઓ કહે છે કે–જે આત્માઓ આવા કૃત્રિમ સુખને જ વાસ્તવિક સુખ માની લે, તે આત્માઓને સાચા સુખની પ્રાપ્તિ થવી મહા દુર્લભ છે. વળી એ વસ્તુ મળી ગયા પછી, ટક્યા પછી, ભોગવ્યા પછી પણ એનો સંયોગ ક્યાં સુધી? છેવટ એ તો નક્કી જ છે કે–તેના માલિકને તે છોડીને ચાલ્યા જ જવાનું છે. એટલે આદમી પોતાને ભાગ્યયોગે પ્રાપ્ત થઈ ગએલી વસ્તુને ચાહે છોડવાને ઇચ્છે કે ચાહે છોડવાને ન ઇચ્છે, તો પણ એને એથી વિખૂટા તો પડવાનું જ છે. વસ્તુ ન જાય તો વસ્તુના માલિકને તો ગયા વિના છૂટકો જ નથી. નાશવંત વસ્તુઓના યોગમાં જ સુખ માનનારની આવી વિષમ હાલત છે. વસ્તુની ઇચ્છા થાય અને તે ન મળે તોય દુઃખ, તે મળે અને ટકે નહિ તોય દુઃખ, તે મળે ને ટકે પણ ભોગવાય નહિ તોય દુઃખ અને કદાચ માનો કે–તે મળી પણ જાય, ટકી પણ જાય અને તેનો ઉપભોગ પણ થઈ શકે, છતાં છેવટ એ વસ્તુને છોડીને તો ચાલતા થવું જ પડે એટલે એ પણ દુઃખ! આવી રીતિએ છતી ઇચ્છાએ અને છતા પરિશ્રમે પણ માત્ર ભાગ્યયોગે જ મળતી, ટકતી અને ભોગવાતી વસ્તુઓ, કે જે છેવટ છૂટવાની જ છે અથવા તો છોડવી જ પડવાની છે, તેને મેળવવાને માટે જીવનને બરબાદ કરી દેવું, એની જ પાછળ જીવનની સર્વ શક્તિઓને ખર્ચવી, એ કેટલે અંશે યોગ્ય ગણાય? આ બધી સ્થિતિ જો વિચારાય, સમજાય, બરાબર હૈયામાં ઉતારાય, તો–'સાચું સુખ ક્યાં છે? અને સાચું સુખ કયી રીતિએ મેળવાય?'–એની શોધ કરવાની આપોઆપ પ્રેરણા જાગે અને એ પ્રેરણાના પ્રતાપે, સત્યને સમજીને પ્રયત્ન કરનાર આત્માને સાચા સુખનું સાધન જ માત્ર નહિ, પણ સાચું સુખ પણ મળી જ જાય છે.

'સાચું સુખ ક્યાં છે?'–એ અને 'દુનિયાએ માની લીધેલી વસ્તુઓમાં સાચું સુખ નથી જ.'–એ સમજાવવાને માટે એક દૃષ્ટાન્ત અત્રે કહેવાય છે. 'એવું બન્યું જ છે કે નહિ.'–એ વિષયમાં આપણે

ઊંડા નહિ ઉતરીએ. એવું ન બન્યું હોય તો પણ ધારો કે-'એવું બની જાય તો આપણે એ ઉપરથી શો બોધ લેવો જોઈએ?' આપણો કહેવાનો આશય માત્ર વસ્તુનો ખ્યાલ આપવા પૂરતો જ છે.

એક બાદશાહ હતો. વિશાળ પ્રદેશ ઉપર તેની સત્તા હતી. અઢળક સમૃદ્ધિ તેની પાસે હતી. તેને લાગતું કે-'હું જે ઇચ્છું તે કરી શકું.' તે માનતો કે-'હું બાદશાહ છું માટે ગમે તે ભોગે મારી ઇચ્છાઓ પૂરી કરવાનો મને અધિકાર છે.' અને એથી જ તે પોતાની ગમે તેવી પણ ઇચ્છાને અમલમાં મૂકતાં, બીજાને એથી કેટલું નુકશાન થશે, એનો વિચાર જ કરતો નહિ.

એક વાર એને ઇચ્છા થઈ કે-'હું બાદશાહ અને મારા રાજમહેલમાં જગદ્‌ભરની સારામાં સારી વસ્તુઓ શા માટે ન હોય?' તરત જ હુકમ છૂટયા: ગમે તે રીતિએ, ગમે તેમ કરીને, જરૂર પડે તો જૂલ્મો ગૂજારીને-ત્રાસ વર્તાવીને-ખૂન કરીને પણ દુનિયાભરની દરેકે દરેક સારી વસ્તુ અહીં હાજર કરો!

પ્રજામાં ત્રાસ વર્તી રહ્યો. રાજા તરફ તિરસ્કાર-તિરસ્કાર ફેલાઈ ગયો. પણ બાદશાહ તો નવી નવી સુન્દર વસ્તુઓ મહેલમાં આવતી જોઇને આનંદ પામતો હતો. પોતાના આનંદ ખાતર, તે પ્રજાને માથે વર્તતા ત્રાસને જાણવા છતાં, તેની લેશ પણ દરકાર કરતો નહિ.

પણ રાજા હો કે રંક હો, એક દિવસ સૌનું શરીર મૃત્યુ પામીને સન્મુખું થઈ જાય છે. મૃત્યુ સામે કોઇથી થઈ શકાયું નથી અને થઈ શકાવાનું પણ નથી.

બાદશાહને વખત જતાં એક રોગ લાગુ પડયો. ઘણા ઘણા વૈદ્યો અને હકીમો આવ્યા: ઘણી ઘણી ઉત્તમ દવાઓની અજમાયશ કરી: પણ બાદશાહનો એ વ્યાધિ અસાધ્ય નિવડયો.

જીવનમાં પહેલી જ વાર બાદશાહને એમ થયું કે-'આટલી આટલી સામગ્રી છતાં પણ મરણથી બચવું, એ મારા જેવા જબ્બર બાદશાહને માટે પણ એક રંકની માફક જ અશકય છે.'

બાદશાહે જીવનભરમાં એકત્રિત કરેલી સુન્દર સુન્દર વસ્તુઓ

રીતસર જે વિશાલ કમરામાં ગોઠવાવી હતી, તે જ કમરામાં તેની શય્યા હતી. હવે તેની નજર એ એક એક વસ્તુઓ ઉપર પડવા લાગી. એ વસ્તુઓને મેળવવાને માટે એણે જે સીતમો ગુજાર્યા હતા, જે ત્રાસ વર્તાવ્યો હતો, જે અન્યાય કર્યો હતો, તે બધું ક્રમશઃ તેની દૃષ્ટિ સમીપ ખડું થવા લાગ્યું.

આ બધા સિતમો યાદ આવતાં એનું અન્તર કકળી ઉઠયું. એનો આત્મા પોકારી ઉઠયો કે–' એક ક્ષણિક આનંદને માટે આ મેં શું કર્યું ! આ બધું જ અહીંનું અહીં રહેવાનું અને મારે ચાલ્યા જવાનું !' એની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. જેમ જેમ એની દૃષ્ટિ ફરતી ગઈ, તેમ તેમ એક એક વસ્તુ પાછળ રહેલી ભયંકર ત્રાસકથાએ એના અંતરમાં જબરો વલોપાત ઉત્પન્ન કર્યો. જીવનનાં સઘળાં પાપો તેની યાદમાં ઉભરાયાં.

બાદશાહને રૂદન કરતો જોઈને હકીમો ગભરાયા. વારંવાર આશ્વાસન આપવા લાગ્યા. તેઓ જેમ જેમ આશ્વાસન આપતા ગયા, તેમ તેમ બાદશાહનું રૂદન વધતું ગયું. બાદશાહનો પશ્ચાત્તાપ વધતો જતો હતો. એ વિચારતો હતો કે–

'મારાથી મોટો કોઈ બાદશાહ હોય અને મેં કરેલા ગૂન્હાઓને માટે તેને ન્યાય આપવાનો હોય, તો તે મને કયી શિક્ષા કરે ? એક એક વસ્તુને મેળવવાના એક એક ગૂન્હાને માટે ફાંસીની સજા કરે. ખેર, મારે માથે બાદશાહ નહિ હોવાથી આ દુનિયામાં ભલે મને શિક્ષા ન થઈ, પરન્તુ મેં કરેલાં પાપોની સજા તો મારે ભોગવવાની જ છે.'

પાપોની સજાનો વિચાર બાદશાહને ખૂબ મુંઝવે છે. એ મુંઝવણ બાદશાહ જેવા બાદશાહને પણ રડાવે છે. પાસે ઉભેલા હકીમો એના અન્તરના વિચારોને જાણતા નથી, એટલે રૂદનનું કારણ પૂછ્યા કરે છે. આખરે બાદશાહ કહે છે કે–' તમે હવે દૂર હઠી જાઓ. મારા રોગનો ઈલાજ તમારા કોઈનીય પાસે નથી.'

પછી બાદશાહ પોતાના ધર્મગુરૂને–ફકીરને બોલાવવાની આજ્ઞા

કરે છે. ફકીર આવે છે. બાદશાહની નજરને એક એક વસ્તુ ઉપર ફરતી જોઈને અને તે વખતે આંખમાંથી ટપકતાં અશ્રુઓને જોઈને, ફકીર સમજી ગયો કે-'બાદશાહના દીલમાં આખર પણ સદ્‌બુદ્ધિ જાગૃત થઇ છે.'

બાદશાહે પોતાના ધર્મગુરૂને કહ્યું કે-'તમે જાણો છો કે-અત્યારે મેં તમને શા માટે બોલાવ્યા છે?'

ફકીરે કહ્યું કે-'આપની દષ્ટિ ઉપરથી સર્વ કળી શકાય છે. આપને જે કહેવું હોય તે કહો.'

બાદશાહે કહ્યું-'જૂઓ, હવે હું વધુ વખત જીવવાનો નથી, પરન્તુ મારી ઇચ્છા એવી છે કે-મારા જીવનથી લોકોને કાંઈક જાણવાનું મળે. બનવાની વસ્તુ બની ગઇ છે, મારે પાપનો બદલો ભોગવ્યા સિવાય છૂટકો નથી, જગતની કોઈ પણ વસ્તુ કે શક્તિ મને બચાવી શકે તેમ નથી, પણ મારી અન્તિમ ઇચ્છા એટલી જ છે કે-મારૂં શબ કોઈ જૂદી જ ઢબે નીકળવું જોઇએ. મારા બન્ને હાથ ઉઘાડા ને ખૂલ્લા રાખવા: મારી પાલખી હકીમો પાસે જ ઉપડાવવી: તેમજ મારી આખીએ સેના ઉઘાડાં હથીયારે શબની સાથે ચાલે એવી વ્યવસ્થા કરવી.'

બસ, આટલું બોલીને બાદશાહે છેલ્લો શ્વાસ લીધો. બધા આભા બનીને જોઈ રહ્યા. રાજકર્મચારિઓ કે હકીમો બાદશાહની આજ્ઞાના મર્મને સમજી શક્યા નહિ, પણ ફકીરે તે મુજબ સઘળી ગોઠવણ કરાવી.

બાદશાહનું શબ એ જ ઢબે નીકળ્યું. બાદશાહના મરણની વાત સાંભળીને લોકોએ સંતોષનો દમ ખેંચ્યો. સૌને થયું કે-'દુનિયામાંથી પાપ ઓછું થયું.'

પરન્તુ તમાશાને તેડું ન હોય: નવીન ઢબે શબને નીકળતું જોઈને લોકો તે જોવાને ટોળે મળ્યા. રસ્તામાં ફકીરે ઠેર ઠેર માંચડાઓ ઉભા કરાવ્યા હતા. એના ઉપર ચઢીને તે-'આ રીતિએ શા માટે મૃતદેહને કાઢવામાં આવ્યો છે અને એમાંથી શો બોધ

લેવાનો છે?'–એ બધી હકીકત લોકોને સમજાવતો હતો.

તે કહેતો કે–

"બાદશાહે જીવતાં તમારૂં ભલું કર્યું નથી, પણ અન્તિમ ક્ષણે બાદશાહને એ માટે પશ્ચાત્તાપ થયો હતો અને તેથી જ તેમની આજ્ઞાથી આ વિલક્ષણ પદ્ધતિથી તેમનું શબ કાઢવામાં આવ્યું છે.

"હાથ ખૂલ્લા રાખવામાં આવ્યા છે, એ દર્શાવે છે કે–સારી સારી વસ્તુઓ રાજમહેલમાં એકઠી કરવાને માટે આ હાથોએ અનેક પ્રકારના જૂલ્મો ગુજાર્યા છે. ત્રાસ વર્તાવવામાં આ હાથોએ કમીના રાખી નથી. જન્મ્યો ત્યારે મુટ્ઠી બંધ હતી અને મરતી વખતે આ હાથોએ ભેગું કરેલું કાંઈ પણ સાથે લઈ જઈ શકાતું નથી. દરેકને માટે ગમે તેવી વસ્તુ પણ અંતે અહીં જ મૂકીને જવાનું છે એ નક્કી છે. એટલે એ વસ્તુઓને મેળવવા પાછળ મહેનત કરવી–પાપ કરવું, તે કોઈ પણ પ્રકારે યોગ્ય નથી.

"હકીમો પાસે પાલખી ઉંચકાવવામાં આવી છે, એ દર્શાવે છે કે–રોગ આવ્યો ત્યારે સેંકડો હકીમો અને વૈદ્યો બાદશાહની સેવામાં હાજર હતા. રાત–દિવસ અખંડ હાજરી આપતા હતા. ક્ષણે ક્ષણે નાડી તપાસતા હતા. છતાં પણ તેઓ બાદશાહના મૃત્યુને અટકાવી શકયા નથી. આથી સમજો કે–મરણ વખતે સેંકડો હકીમો કે વૈદ્યો નકામા જ છે.

"આજે મરણ જેવા શોકના પ્રસંગે સેનાનાં હથીઆર મ્યાન કરેલાં રાખવાને બદલે ખૂલ્લાં રખાવાયાં છે, એ દર્શાવે છે કે–બાદશાહ એકલા નહોતા, રક્ષણ કરનારૂં કોઈ હતું નહિ એમ પણ નહિ, પરન્તુ રક્ષણ માટે હજારો સૈનિકો ખૂલ્લા હથીયારે હાજર હોવા છતાં પણ મૃત્યુના મુખમાંથી બાદશાહને બચાવવાને માટે કોઈ પણ સમર્થ નિવડ્યું નથી.

"એટલે જગતની કોઇ પણ વસ્તુ, મોટામાં મોટા હકીમ કે સેંકડો વીરોની સેના,–એમાંનું કોઈ જ મૃત્યુથી બચાવી શકતું નથી."

ફકીરના આવા પ્રકારના કથનને સાંભળતાંની સાથે જ બાદશાહ

પ્રત્યેનો લોકોનો તિરસ્કાર ભાગી ગયો. લોકોના હૃદયમાં રહેલો દુર્ભાવ શમી ગયો અને સદ્ભાવ પેદા થયો. જે પ્રજાજનો બાદશાહના મૃત્યુના સમાચાર સાંભળીને એમ કહેતા કે-'સારૂં થયું, પાપ ગયું.'-તે જ પ્રજાજનો તેના મૃતદેહને હાથ જોડવા લાગ્યા. જીવનભરમાં બાદશાહે ત્રાસ વર્તાવીને પોતાને માટે જે તિરસ્કારની લાગણી પ્રજાજનોના અંતરમાં ફેલાવી હતી, તે આ રીતિએ કરવાથી દૂર થઈ ગઈ.

આ દૃષ્ટાંત શું સૂચવે છે? એક બાદશાહને પણ, આટલી આટલી સામગ્રી મળવા છતાં અનિચ્છાએ રોતે રોતે ચાલ્યા જવું પડયું, તો પછી એવી વસ્તુઓમાં સુખ માનવું, એ કયા બુદ્ધિશાલિને શોભે તેમ છે? સ્હેજે દેખાય છે કે-એ પદાર્થોમાં સુખ આપવાની તાકાત નથી. બાદશાહને કયી વસ્તુની કમીના હતી? સત્તા હતી, સમૃદ્ધિ હતી, સ્વજન-પરિવાર હતો, ખડે પગે ઉભા રહેનારા આજ્ઞાંકિત સેવકો હતા, સંખ્યાબંધ હકીમો હતા અને દુનિયાની સુન્દરમાં સુન્દર વસ્તુઓ તેની પાસે હતી: છતાં એ સર્વને તજીને-મૂકીને એને જવું પડ્યું. આવી વસ્તુઓમાં સાચું સુખ આપવાની તાકાત ક્યાંથી હોય? છતાં પણ એવી વસ્તુઓમાં સુખની કલ્પના કરવી અને જીવનભર એ વસ્તુઓને મેળવવાને જ મથવું, એ શું વ્યાજબી છે? એ શું સુખપ્રાપ્તિની સાચી દિશા છે? જો ના, તો કહો કે- આજે દુનિયા સુખની તીવ્ર ઇચ્છા હોવા છતાં અને તે મેળવવાને માટેની સતત્ પ્રવૃત્તિ કરતી હોવા છતાં, અજ્ઞાનથી ઉંધે રસ્તે ચાલી રહી છે: એ જ એક કારણ છે કે-તેની ઇચ્છા ને પ્રવૃત્તિ ફળતી નથી.'

મુનિવર શ્રી આષાઢભૂતિ :

શ્રી આષાઢભૂતિ નામે એક મોટા મુનિવર થયા છે. એ મુનિવર શ્રી ધર્મરૂચિ નામના સૂરિપુરંદરના શિષ્ય હતા. તેઓ પોતાના ગુરૂદેવ સાથે એક વખત રાજગૃહી નગરીમાં પધારેલા.

તે સમયે રાજગૃહી નગરીમાં સિંહરથ નામનો રાજા હતો અને

વિશ્વકર્મા નામનો એક નટ વસતો હતો. એ નટને સઘળાં અંગોપાંગોથી સુંદર બે પુત્રીઓ હતી.

મુનિવર શ્રી આષાઢભૂતિ ગુરૂઆજ્ઞાથી ભિક્ષા માટે ફરતા ફરતા એ વિશ્વકર્મા નામના નટને ઘેર પહોંચી ગયા. ત્યાં એ મુનિવરને ભિક્ષામાં એક મોદક મળ્યો.

ખરે જ, કર્મનો ઉદય કોઇ વિચિત્ર જ હોય છે. એ વિચિત્ર કર્મના ઉદયને આધીન થઇને, એ મુનિવરે બહાર નીકળીને વિચાર્યું કે–' આ મોદક સૂરીશ્વરજી મહારાજ માટે ઉપયોગમાં આવશે. ' આથી પોતા માટે લેવા ખાતર–' રૂપનું પરાવર્તન કરી બીજો મોદક લઈ આવું '–આ પ્રમાણે વિચારી, પોતાનું રૂપ એક આંખે કાણું બનાવ્યું અને ફરીથી એ નટના ઘરમાં પેઠા અને બીજો મોદક મેળવ્યો.

તે પછી બહાર નીકળીને ફરીથી પણ વિચાર્યું કે–' આ બીજો મોદક તો ઉપાધ્યાયજી મહારાજના ઉપયોગમાં આવશે. ' આમ વિચારીને પોતાનું કુબડું રૂપ બનાવ્યું અને ફરીથી પણ તે જ નાટકીયાના ઘરમાં પ્રવેશ કર્યો અને ત્રીજો મોદક પણ મેળવ્યો.

તે પછી પણ વિચાર્યું કે–' આ મોદક પણ બીજા સંઘાટકના સાધુના ઉપયોગમાં આવશે. ' આ પ્રમાણે ચિંતવીને કુષ્ઠિ રૂપ કરીને ચોથી વેળા પણ એ મુનિવરે એ નટના ઘરમાં પ્રવેશ કર્યો.

આ રીતિએ વારંવાર રૂપનું પરાવર્તન કરતા મુનિવરને, માળ ઉપર રહેલા એ વિશ્વકર્મા નામના નટે જોયા અને એણે વિચાર્યું કે–' અમારા બધાની અંદર આ નટ સારો થાય, પરંતુ કયા ઉપાયે આને વશ કરવો ? '

આ પ્રમાણે વિચારતાં વિચારતાં તે નટને એવી બુદ્ધિ ઉત્પન્ન થઈ કે–' મારી દીકરીઓ દ્વારા ક્ષોભ પમાડીને આને વશ કરવો. ' આ બુદ્ધિથી એકદમ તે નીચે ઉતર્યો અને આદરપૂર્વક મુનિવરને બોલાવીને આખુએ પાત્ર ભરાઈ જાય તેટલા મોદકો તેણે મુનિવરને વહોરાવ્યા.

મોદકો વહોરાવ્યા બાદ તે નટે મુનિવરને આદરપૂર્વક કહ્યું કે–

'હે ભગવન્! હમેશાં અમારાં જ ભોજન-પાણી ગ્રહણ કરીને અમારા ઉપર અનુગ્રહ કરશો.'

આ પછી મુનિવર શ્રી આષાઢભૂતિ પોતાના ઉપાશ્રયે ચાલ્યા ગયા. પેલા નટે પણ મુનિવરના રૂપપરાવર્તનની વાત પોતાના કુટુંબને કહી અને પોતાની દીકરીઓને કહ્યું કે-'તમારે આ મુનિનો દાન અને સ્નેહદર્શન આદિ દ્વારા એવો આદર કરવો, કે જેથી તે તમારે આધીન થઈ જાય.'

આ પછી કર્મને આધીન થયેલા એ મુનિવર હમેશાં ભિક્ષા માટે ત્યાં આવે છે અને નટની દીકરીઓ પણ એ મુનિવરની પોતાના પિતાની આજ્ઞા પ્રમાણે સેવાભક્તિ કર્યા કરે છે.

આ સેવાભક્તિના યોગે મુનિ પોતામાં અત્યંત રક્ત બની ગયા છે-એમ જાણીને, તે નટની દીકરીઓએ એ મુનિવરને એકાંતમાં કહ્યું કે-'અમે આપની ઉપર અત્યંત અનુરક્ત છીએ, માટે આપ અમને પરણો અને ભોગવો.'

આ જગાએ શાસ્ત્ર કહે છે કે-'આ જ અવસરે તે મુનિવરને ચારિત્રાવરણીય કર્મ ઉદયમાં આવ્યું અને એના યોગે એ મુનિવરના અંતરમાંથી ગુરુનો ઉપદેશ ગળી ગયો, વિવેક નાશ પામી ગયો અને કુલ તથા જાતિનું અભિમાન પણ દૂર ભાગી ગયું.'

આથી જ તે મુનિવર બોલ્યા કે-'એમ હો.'

આવી દશામાં પણ આ મુનિવરના હૃદયમાંથી ગુરુભક્તિ નાશ નહોતી પામી ગઈ, એથી જ તે મુનિવરે વચનમાં કહ્યું કે-'હું મારા આ વેષને ગુરુચરણે મૂકીને પછી આવું.'

આ પ્રમાણે કહીને આ મુનિવર ગુરુ પાસે ગયા: ગુરુદેવના પાદયુગલમાં ઝુકી પડ્યા અને પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યો.

શ્રી આષાઢભૂતિ જેવા મુનિવરના તે પ્રકારના અભિપ્રાયને સાંભળીને, ગુરુમહારાજ તે મુનિવરને કહેવા લાગ્યા કે-'હે વત્સ! તમારા જેવા વિવેકરત્નાકર અને સકલ શાસ્ત્રાર્થોનું અવગાહન કરનારાને માટે, ઉભય લોકમાં નિંદિત એવું આ આચરવું એ ઉચિત નથી. વળી

હે વત્સ ! દીર્ઘકાળ સુધી શીલને પાળ્યા પછી વિષયોમાં રમ નહિ: કારણ કે-એવો કોણ મૂર્ખ હોય, કે જે બાહુથી સાગરને તરી ગયા પછી, ગાયના પગ જેટલા ખાબોચીયામાં ડૂબી જાય ?'

આ પ્રકારની ગુરૂમહારાજાએ ફરમાવેલી હિતશિક્ષાને સાંભળીને, શ્રી આષાઢભૂતિ બોલ્યા કે-' હે ભગવન્! આપ જે ફરમાવો છો તે યથાર્થ જ છે: પણ કેવલ પ્રતિકૂલ કર્મના ઉદયથી મારો આત્મા ઉલ્ટી જ ભાવનાઓના યોગે ઘણો દુર્બલ થઈ ગયો છે: એ જ કારણે, ત્રાસ પામતા હરણીયાના જેવાં નેત્રોવાળી રમણીઓના કટાક્ષ રૂપ બાણોને મારનાર કામદેવ રૂપી ભીલે મારા હૃદયને સેંકડો વાર જર્જરીભૂત કરી નાખ્યું છે.'

આ પ્રમાણે કહેવા સાથે ગુરૂદેવનાં ચરણોમાં નમીને, શ્રી આષાઢભૂતિએ પોતાનું રજોહરણ તે તારકની પાસે મૂકી દીધું. તે પછી પણ–

'વગર ઉપકાર કર્યે ઉપકારના કરનારા અને અપાર સંસારસાગરમાં ડૂબી જતા જીવોનો ઉદ્ધાર કરવાની જ એક ભાવનાવાળા, એ જ કારણે સકલ જગત્‌ના પરમ બંધુસમા એવા ગુરૂમહારાજને હું પુંઠ કેમ કરૂં ?'

–આ પ્રકારના સદ્‌વિચારથી, પાછલા પગે ચાલતા તે આષાઢભૂતિ–' આવા પ્રકારના ગુરૂમહારાજના ચરણકમલને ફરી પણ હું કેવી રીતિએ પામીશ ?'–આવી ચિંતા કરતા કરતા, ઉપાશ્રયથી નીકળીને વિશ્વકર્મા નામના નટના મકાને ચાલ્યા ગયા અને ત્યાં જઈને એ બન્નેય નટપુત્રીઓને પરણ્યા.

મુનિવર શ્રી આષાઢભૂતિ આ રીતિએ કોઈ તીવ્ર દુષ્કર્મના ઉદયે સંયમભ્રષ્ટ થયા, તે છતાં પણ તેમનો માર્ગ પ્રત્યેનો રાગ તો અખંડિત જ રહ્યો. એના યોગે તેઓ સંયમભ્રષ્ટ દશામાં પણ પોતાના પરમ ઉપકારી ગુરૂદેવનું વારંવાર સ્મરણ કર્યા વિના રહી શકતા નથી.

આથી નટે પણ પોતાની પુત્રીઓને કહ્યું કે-' નક્કી આ ઉત્તમ પ્રકૃતિનો પુરૂષ છે: કારણ કે-આવી અવસ્થાને પામવા છતાં પણ તે ગુરૂદેવને સંભાળ્યા કરે છે, માટે તમારે આના ચિત્તને વશ રાખવાને

માટે કદી પણ મદ્યપાન કરવું જ નહિ અને બહુ જ શુદ્ધ રીતિએ રહેવું : અન્યથા, વિરક્ત એવો આ ચાલ્યો જ જશે.'

આ પછી તે નટની પુત્રીઓ પણ એ મુજબ વર્તવા લાગી અને આષાઢભૂતિ પણ સઘળાય નટોમાં અગ્રણી નટ થયો. પોતાની સર્વોત્તમ નટકલાથી તે ઘણું જ દ્રવ્ય તથા વસ્ત્રો અને અલંકારો મેળવવા લાગ્યો.

કોઇ એક દિવસે રાજાએ નટોને આદેશ કર્યો કે-'આજે સ્ત્રી વિનાનું નાટક કરવું.' આથી સઘળાય નટો પોતપોતાની યુવતિને પોતપોતાને ઘેર મૂકીને રાજકુલમાં ગયા : એ રીતિએ આષાઢભૂતિ પણ રાજકુલમાં ગયા. તેમના ગયા પછી, તેમની ભાર્યાઓએ વિચાર્યું કે-"આજે આપણો ભર્તા રાજકુલમાં ગયો છે, માટે તેમની આખીએ રાત્રી ત્યાં જ પસાર થશે, તેથી આજે ઇચ્છા મુજબ મદીરાનું પાન કરીએ."

આ પ્રમાણે વિચારીને તેણીઓએ મદિરાનું પાન કર્યું અને એના મદની વિવશતાથી વસ્ત્રરહિત થઇને તેણીઓ બીજા માળની ઉપર જઈને સૂઈ ગઈ.

આ બાજુ, પર રાષ્ટ્રનો દૂત આવવાથી રાજાનું ચિત્ત વ્યાક્ષિપ્ત થયું અને તેથી-'અત્યારે અવસર નથી.'-એમ કહીને રાજાના પ્રતિહારે નટોને પાછા ચાલ્યા જવાની રજા આપી. આથી સઘળાય નટો પોતપોતાના મકાને પાછા આવ્યા.

આષાઢભૂતિ પણ પોતાના આવાસે આવીને જેવો બીજી ભૂમિકાએ ચઢ્યો, ત્યાં જ તેણે વસ્ત્રરહિત હોવાથી બિભત્સ દેખાતી પોતાની બન્નેય ભાર્યાઓને જોઈ. જોતાંની સાથે જ મહાત્મા આષાઢભૂતિએ વિચારવા માંડ્યું કે-'જે મેં અશુચિના કરંડીઆ જેવી અને અધોગતિમાં કારણ રૂપ એવી આ સ્ત્રીઓના કારણે પરમ પવિત્ર, આ લોક અને પરલોકની કલ્યાણપરંપરાને પેદા કરનાર અને વિના વિલંબે મુક્તિપદને અપાવનાર એવા સંયમનો ત્યાગ કર્યો, તે મારી મૂઢતા પણ ખેદજનક છે, નિર્વિવેકિતાય ખેદજનક છે અને મારૂં દુર્વિલસિત પણ ખેદજનક છે. અસ્તુ. હજુ પણ મારૂં કાંઈ જ નાશ નથી પામી

ગયું, તો હવે પણ હું પૂજ્ય ગુરૂદેવની સેવામાં જાઉં, ચારિત્રને અંગીકાર કરૂં અને પાપ રૂપ પંકને ધોઈ નાખું.'

આ પ્રમાણે વિચારીને આષાઢભૂતિ ઘરમાંથી નીકળી ગયા. એમને નીકળતાં કોઇ પણ રીતિએ વિશ્વકર્માએ જોઈ લીધા અને ઈંગિત આદિથી જાણી લીધું કે–'વિરક્ત થઇને આ ચાલ્યો જાય છે.'

આથી એકદમ તેણે પોતાની પુત્રીઓને ઉઠાડી અને નિર્ભર્ત્સના કરતાં કહ્યું કે–'હે હીનપુણ્ય દુરાત્માઓ! તમારા આવી જાતિના વિલાસને જોઇને સકલ નિધાનભૂત એવો તમારો પતિ વિરાગી થઈને ચાલ્યો જાય છે, માટે જો તેને પાછો વાળવાની શક્તિ ધરાવતી હો તો તેમ કરો અને જો તે શક્તિ ન હોય, તો તેની પાસે આજીવિકાનું સાધન માગો.' આ પ્રમાણેના પોતાના પિતાના કથનને સાંભળીને, એકદમ તેણીઓએ પણ સંભ્રમપૂર્વક વસ્ત્રો પહેરી લીધાં અને પાછળ દોડીને, જતા એવા પોતાના પતિના પગોમાં પડીને કહેવા લાગી કે–'હે સ્વામિન્! અમારા એક અપરાધની ક્ષમા કરો, પાછા ફરો તથા આપનામાં જ અનુરક્તા એવી અમારો આપ કોઇ પણ રીતિએ ત્યાગ કરો નહિ!'

આ પ્રમાણે કહેવા છતાં પણ, જ્યારે પોતાના પતિને એક સહજ પણ રાગી બનતો ન જોયો, ત્યારે તેણીઓ બોલી કે–'હે સ્વામિન્! જો એમ જ છે, એટલે કે–આપને પાછા નથી જ ફરવું, તો અમને અમારી આજીવિકા કરી આપો, કે જેથી પાછળથી પણ અમે આપની મહેરબાનીથી સુખપૂર્વક જીવી શકીએ.'

આથી કેવલ દાક્ષિણ્યતાના યોગે જ એ વાતને આષાઢભૂતિએ માની લીધી અને પોતે પાછા ફર્યા.

તે પછી તેમણે શ્રી ભરતચક્રવર્તિના ચરિત્રને પ્રકાશિત કરતા 'રાષ્ટ્રપાલ' નામના નાટકની રચના કરી.

આ નાટકની રચના થઇ ગયા પછી, વિશ્વકર્મા નટે રાજા સિંહરથને વિજ્ઞપ્તિ કરી કે–"હે દેવ! આષાઢભૂતિએ 'રાષ્ટ્રપાલ' નામના નાટકની રચના કરી છે, તે નાટક હાલ આપ કરાવો: પરંતુ

એ નાટકમાં આભરણોથી ભૂષિત પાંચસો રાજપુત્રોની જરૂર પડશે.”

આ વિનંતિનો રાજાએ સ્વીકાર કર્યો અને પાંચસો રાજપુત્રો આપ્યા. એ પાંચસોય રાજપુત્રોને આષાઢભૂતિએ એ નાટક શીખવ્યું. તે પછી એ નાટક કરવાનો આરંભ કર્યો. એ નાટકમાં ભરતચક્રવર્તી પોતે થયા અને પાંચસો રાજપુત્રોને યોગ્યતા મુજબ સામંત વિગેરે બનાવ્યા. આ પછી એ નાટકમાં જેમ શ્રી ભરતચક્રવર્તિએ ૭ ખંડ સાધ્યા, ચૌદ રત્નો અને નવ નિધિઓ પ્રાપ્ત કર્યા તથા તેમને આદર્શ-ઘરમાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું અને જે રીતિએ પાંચસોના પરિવાર સાથે તેમણે પ્રવ્રજ્યા અંગીકાર કરી, તેમ બધું જ કરી બતાવ્યું.

આથી ખૂશ થઈને રાજાએ તથા લોકોએ શક્તિ પ્રમાણે હાર, કુંડલ આદિ આભરણો અને ઘણા જ સોનૈયા તથા વસ્ત્રો તેની ઉપર ફેંકયાં, પણ આ તો પાંચસોનાય પરિવારની સાથે સઘળાય લોકોને ધર્મલાભ આપીને ચાલવા જ માંડયા.

આ રીતિએ આષાઢભૂતિને ચાલી નીકળતા જોઈને રાજા તેમને તેમ કરતાં રોકવા લાગ્યો : ત્યારે શ્રી આષાઢભૂતિ કહેવા લાગ્યા કે– ‘શું ભરતચક્રવર્તી દીક્ષા લીધા પછી પાછા ફર્યા હતા, કે જેથી હું પાછો ફરૂં ?’

આ પ્રમાણે કહીને તે પાંચસોનાય પરિવારની સાથે ગુરૂદેવની પાસે ગયા અને વસ્ત્ર, આભરણ વિગેરે પોતાની ભાર્યાઓને આપ્યું. આ રીતિએ ભાર્યાઓની આજીવિકા થઈ ગઈ અને શ્રી આષાઢભૂતિએ પાંચસોય રાજપુત્રોની સાથે દીક્ષા ગ્રહણ કરી.

આ પછી એ નાટક વિશ્વકર્મા નામના તે નટે ‘કુસુમપુર’ નગરમાં કરવા માંડયું. ત્યાં પણ પાંચસો ક્ષત્રિયોએ દીક્ષા અંગીકાર કરી. આ રીતિએ ક્ષત્રિયોને દીક્ષા અંગીકાર કરતા જોઈને, લોકોએ વિચાર્યું કે–‘જો આમ ને આમ ક્ષત્રિયો દીક્ષા અંગીકાર કરશે, તો પૃથ્વી ક્ષત્રિયો વિનાની બની જશે.’ આ પ્રમાણે વિચારીને અજ્ઞાન લોકોએ એ નાટકના પુસ્તકને જ અગ્નિમાં નાખીને બાળી મૂકયું.

શ્રી ઢંઢણકુમાર :

જે બાહ્ય નિમિત્તને આધીન ન થાય, તેને દીનતા ન થાય. દાતારને ત્યાં યાચક પણ માગવા જાય અને મુનિ પણ જાય. યાચકને ન આપે તો તે દીન થાય, પણ ન આપવાથી મુનિ દીન થાય? નહિ જ, કારણ કે-યાચકમાં દીન થવાની કુટેવ છે, પણ મુનિમાં તેવી કુટેવ નથી. માગવું તો બેયને સરખું છે, પણ મુનિને તો દેનાર ન દે, એટલું જ નહિ પણ ધક્કો મારે કે ગાળ દે, તો પણ એ તારકની પ્રસન્નતા તો એની એ જ રહે, પણ પેલો યાચક તો માગતાં અન્નદાતા કહે અને ન આપે તો મોંઢું બગાડે, રૂએ, ગાળો દે, બધું કરે. નિમિત્ત તો બેયને સરખાં છે, છતાંય ગાળ દેવાથી ભિખારી ગુસ્સે થાય પણ મુનિ ગુસ્સે ન થાય : કારણ કે-ભિખારી રોટલાને આધીન છે અને મુનિ રોટલાને આધીન નથી. મુનિ તો માને છે કે-'દેશે તો સંયમપુષ્ટિ છે અને નહિ દે તો તપોવૃદ્ધિ છે: મળે તોયે લાભ છે અને ન મળે તોયે લાભ છે.' આ માન્યતાને લઈને મુનિને દીનતા આવતી નથી.

આ વિષયમાં શ્રી કૃષ્ણ મહારાજાના પુત્ર અને ત્રણ લોકના નાથ ભગવાન શ્રી નેમનાથસ્વામિજીના શિષ્ય શ્રી ઢંઢણ ઋષિનું દૃષ્ટાંત અનુપમ છે. શ્રી ઢંઢણ ઋષિ જેવા મહાપુરૂષને પણ, મોટા શેઠીયાઓ તથા ધાર્મિક અને ઉદાર લોકોથી ભરેલી દ્વારિકા નગરીમાં અંતરાયના ઉદયથી ભિક્ષા મળતી નહોતી.

એ અંતરાયનો નાશ કરવાને માટે, એ મહાપુરૂષે એવો અભિગ્રહ અંગીકાર કર્યો હતો કે-'હું પરની લબ્ધિથી ભોજન નહિ કરું.'

આ અભિગ્રહના પાલન માટે અલાભપરીષહને સહન કરતા અને પરની લબ્ધિથી મળેલા આહારને નહિ કરતા એ મહામુનિવરે કેટલોક કાળ પસાર કર્યો.

એ રીતિએ એ મહામુનિવર પોતાનો કાળ પસાર કરતા હતા, એ અરસામાં કોઈ એક દિવસ શ્રી કૃષ્ણ મહારાજાએ ભગવાન શ્રી

નેમનાથસ્વામિજીને પ્રશ્ન કર્યો કે–' આ મહર્ષિઓની અંદર દુષ્કર કરનાર મહર્ષિ કોણ છે ?' આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન શ્રી નેમનાથ-સ્વામિજીએ ફરમાવ્યું કે–' આ સઘળાય મહર્ષિઓ દુષ્કરને કરનાર છે, પણ તે સઘળાય મહર્ષિઓમાં ઢંઢણ ઋષિ અતિશય દુષ્કરને કરનાર છે.' આ પ્રમાણે સાંભળીને શ્રી કૃષ્ણ મહારાજા અતિશય પ્રસન્ન થયા.

સમ્યગ્દષ્ટિ આત્મા કોઈ પણ આત્માની અધિક આરાધનાને જોઈને આનંદ પામે, તો પછી પોતાના જ પુત્રરત્નની અધિક આરાધનાને જોઈને કેમ આનંદ ન પામે ? શ્રી ઢંઢણકુમાર શ્રી કૃષ્ણ મહારાજાના પોતાના પુત્ર છે, તો પોતાના પુત્ર માટે સાક્ષાત્ પ્રભુના શ્રીમુખે, આવી પ્રશંસાના શબ્દોને સાંભળીને, શુદ્ધ સમ્યક્ત્વના સ્વામી શ્રી કૃષ્ણ મહારાજાને અતિશય આનંદ થાય, એમાં આશ્ચર્ય શું છે ?

'કોઈ પણ આત્મા મુક્તિમાર્ગનો આરાધક બને, એવી મનોદશાવાળા આત્માને પોતાનો પ્રેમપાત્ર કોઈ આત્મા મુક્તિમાર્ગનો આરાધક બને, એમાં આનંદ થયા વિના રહે જ નહિ.'–એ ન્યાયે અતિશય આનંદને પામેલા પરમ ધર્મશીલ શ્રી કૃષ્ણ મહારાજા ભગવાન શ્રી નેમિનાથસ્વામિજીને નમસ્કાર કરીને, પોતાની દ્વારિકાનગરી તરફ ચાલ્યા. નગરીમાં પ્રવેશ કરતાં જ, શ્રી કૃષ્ણ મહારાજાએ ભિક્ષાચર્યા માટે જતા શ્રી ઢંઢણ ઋષિજીને જોયા. જોતાંની સાથે જ દર્શન માટે તલસતા શ્રી કૃષ્ણ મહારાજા એકદમ હાથી ઉપરથી નીચે ઉતરી પડચા અને તે ઋષિપુંગવને તે નરવરે અતિશય ભક્તિપૂર્વક નમસ્કાર કર્યો.

આ રીતિએ શ્રી કૃષ્ણ મહારાજાને નમસ્કાર કરતા જોઈને, એક શ્રેષ્ઠિએ વિચાર કર્યો કે–' જે શ્રી કૃષ્ણ દ્વારા પણ આ રીતિએ પૂજાય છે, તે ખરે જ કોઈ ધન્ય આત્મા છે.' આ વિચારથી પોતાના ઘરે પધારેલા તે ઋષિપુંગવને તે શેઠીયાએ બહુમાનપૂર્વક મોદકથી પ્રતિલાભ્યા. આથી તે ઋષિપુંગવે પણ આવીને અને નમીને ભગવાનને વિનયપૂર્વક પ્રશ્ન કર્યો કે–' શું મારું અંતરાયકર્મ ક્ષીણ થયું, કે જેથી મને ભિક્ષા મળી ?'

આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાને ફરમાવ્યું કે–' તારૂં અંતરાય-કર્મ ક્ષીણ થયું નથી અને આ લબ્ધિ તો કૃષ્ણ વાસુદેવની છે: કારણ કે–કૃષ્ણે તને વંદન કર્યું એ કારણે શેઠીયાએ તને પ્રતિલાભ્યો છે, એટલે કે–વહોરાવ્યું છે !'

વિચારો કે–આવે સમયે આવા કથનથી અજાગૃત આત્માને શું થાય ? રોજ ભિક્ષા માટે ફરવું છતાં ભિક્ષા ન મળે, લાંબા કાળની તપશ્ચર્યા પછી આહાર મળે અને ભગવાન કહી દે કે–' એ આહાર તારી લબ્ધિનો નથી. '–ત્યાં શું થાય ? આવેશ, દીનતા કે ગુસ્સો વિગેરે આવે કે નહિ ? હાલ અને હરેક કાળમાં પુદ્ગલાધીન જીવને ગુસ્સો આવે, પણ આ શ્રી ઢંઢણ તો મહામુનિ હતા. સંયમ અને તપથી રંગાએલા હતા. એ મહાપુરૂષને આહાર સાથે સંબંધ નહોતો. પોતે તપોવૃદ્ધિ માની અને આ પરલબ્ધિ છે એમ જાણી, રાગાદિથી રહિત એવા તે ઋષિપુંગવે એ ભિક્ષાને યોગ્ય ભૂમિમાં પરઠવવા માંડી અને પરઠવતાં પરઠવતાં–' ખેદની વાત છે કે–જીવોને પૂર્વે પેદા કરેલાં કર્મો દુ:ખે કરીને ક્ષય પામનારાં હોય છે ! '–આ પ્રકારના સ્થિર ધ્યાનને ભજનારા તે ઋષિપુંગવને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

આથી સમજો કે–દીનતાના પ્રસંગો તો પ્રાય: બધાને આવે : શ્રી ઢંઢણ મુનિને પણ પ્રસંગ આવ્યો, પણ આત્મા જાગતો હતો. જાગેલો આત્મા મુંઝાતો નથી, પણ સંપત્તિ તથા આપત્તિને શુભાશુભનું કારણ માને છે. શુભ તથા અશુભ કર્મનું એક જ કામ કે–સારા અથવા નરસા સંયોગો લાવીને ખડા કરે. ત્યાં મિથ્યાદૃષ્ટિ તો અજ્ઞાનના યોગે મુંઝાય, પણ સમ્યગ્દૃષ્ટિ આત્મા મુંઝાય નહિ. શ્રી ઢંઢણ મુનિનો કેવો કઠિન તપ ? મોટામાં મોટો અભિગ્રહ, ઘણે દિવસે ભિક્ષા મળે, પણ ભગવાન પોતે જ એ આહાર બીજાની લબ્ધિનો છે એમ કહે, એ વખતે સમતા રહેવી, એ શું નાનીસુની વાત છે ?

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।

પૂ. પરમ શાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્

વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજનાં

અતિ મનનીય પ્રવચનોનું સારભૂત અવતરણ પ્રગટ કરનારૂં

શ્રી જૈન પ્રવચન

અઠવાડિક દર રવિવારે પ્રગટ થાય છે. પરમ તારક શ્રી જિન-શાસનના સિદ્ધાન્તોના રહસ્યને સમજવાની ઇચ્છા હોય તો "શ્રી જૈન પ્રવચન"ના આજેજ ગ્રાહક બનો!

વાર્ષિક લવાજમ – રૂા. ૪-૮-૦

આપનું લવાજમ નીચેના ઠેકાણે ભરો—

શ્રી જૈન પ્રવચન કાર્યાલય

ઠે. ટંકશાળની પોળ—અમદાવાદ